1 **સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦.**
**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧.**
**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૩.**

| | | | | |
|---|---|---|---|---|
| GJBK010029172020 | દાખલ તારીખ | ૧૪/૧૨/૨૦૨૦ | | |
| | રજીસ્ટર્ડ તારીખ | ૧૪/૧૨/૨૦૨૦ | | |
| | નિકાલ તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૫ | ૦૬ | ૨૪ |

सत्यमेव जयते

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર-VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

FORM-A

**પાલનપુરના મે. છઠ્ઠા અધિક સેશન્સ જજ તથા સ્પે. જજ (એન. ડી. પી. એસ.) સાહેબ શ્રી (ડી. એસ. શ્રીવાસ્તવ)ની અદાલત સમક્ષ. મુ. પાલનપુર.**
**(ચુકાદાની તા. ૦૭/૦૭/૨૦૨૬)**

**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ. કેસ નં. ૧૦/૨૦૨૦.**

**આંક- ૨૫૬**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::-**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૦૦૭૧૪/૨૦૨૦ |
| ગુન્હો | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨) (સી), ૨૯ |
| તહોમતનામાં મુજબ તહોમત | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨) (સી), ૨૯ |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મૂળ ફરીયાદી :- એમ. એસ. ત્રીવેદી. એસ. ઓ. જી. કચેરી, પાલનપુર) |
| વિ.એ.પી.પી.શ્રી | ડી. કે. પુરોહિત |
| આરોપી નં.૧ | **ફહીમ અજીમ બેગ**<br>ઉ.વ.આ.૩૧, ધંધો. ડ્રાઈવીંગ,<br>રહે. એ-૩૫, લોહારચાલ, ગ્રાઉન્ડ ફલોર નોવેલ્ટી ટાવર સામે, માહીમ, મુંબઈ. |
| આરોપી નં.૨ | **સમીર અહેમદ શેખ**<br>ઉ.વ.આ.૨૭, ધંધો. મજુરી,<br>રહે. ૧૩૪, હિન્દુસ્તાન કિરાણા પાસે, હરસુલ જહાંગીર કોલોની, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) |

| | |
|---|---|
| આરોપી નં.૩ | **ઇમરાન ઉર્ફે ઇમો સલીમભાઇ મલેક (શેખ)**<br>ઉ.વ.આ.૩૪, ધંધો. વેપાર,<br>રહે. ૨૪, રહીમનગર, વટવા કેનાલ, નારોલ<br>અમદાવાદ. |
| આરોપી નં. ૧<br>તરફે વિ. વકીલ શ્રી | ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૯૯ મુજબ ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ તા. ૧૧–૧૨–૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. |
| આરોપી નં. ૨<br>તરફે વિ. વકીલશ્રી | બી. એ. તુંવર. |
| આરોપી નં. ૩ તરફે વિ. ચીફ એલ.એ.ડી.સી.શ્રી | પી. પી. ઠાકોર. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| GJBK010012782021 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૧ | | |
| | | રજીસ્ટર્ડ તારીખ | ૧૬/૦૩/૨૦૨૧ | | |
| | | નિકાલ તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૫ | ૦૩ | ૨૦ |

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

## FORM-A

**પાલનપુરના મે. છઠ્ઠા અધિક સેશન્સ જજ તથા સ્પે. જજ (એન. ડી. પી. એસ.) સાહેબ શ્રી (ડી. એસ. શ્રીવાસ્તવ)ની અદાલત સમક્ષ. મુ. પાલનપુર.**
**(ચુકાદાની તા. ૦૭/૦૭/૨૦૨૬)**

**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨/૨૦૨૧.**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૦૦૭૧૪/૨૦૨૦ |
| ગુન્હો | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ |

| | |
|---|---|
| | (બી)(૨) (સી), ૨૯ |
| તહોમતનામાં મુજબ તહોમત | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨) (સી), ૨૯ |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મૂળ ફરીયાદી :– એમ. એસ. ત્રીવેદી.<br>એસ. ઓ. જી. કચેરી, પાલનપુર) |
| વિ.એ.પી.પી.શ્રી | ડી. કે. પુરોહિત |
| આરોપી નં. ૪ | **આરીફ અહેમદ ઉર્ફે મુખત્યાર આરીફ અબ્દુલ મજીદ ગુલામમહંમદ લોન**<br>ઉ.વ. આ. ૩૨, ધંધો. ડ્રાઈવીંવ,<br>રહે. બોનપોરા, સેમનાથ, તા.બેઝબ્હારા,<br>જિલ્લો. અનંતનાગ (જમ્મુ–કાશ્મીર) |
| આરોપી નં.૪ તરફે વિ. વકીલશ્રી | એ. એ.બિહારી. |

<table>
<tr><td rowspan="5">GJBK010009702023</td><td rowspan="5">સત્યમેવ જયતે</td><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૭/૦૩/૨૦૨૩</td></tr>
<tr><td>રજીસ્ટર્ડ તારીખ</td><td colspan="3">૨૭/૦૩/૨૦૨૩</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૦૭/૦૭/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય ગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૩</td><td>૦૩</td><td>૧૧</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલનાં ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

FORM-A

**પાલનપુરના મે. છઠ્ઠા અધિક સેશન્સ જજ તથા સ્પે. જજ (એન. ડી. પી. એસ.) સાહેબ શ્રી (ડી. એસ. શ્રીવાસ્તવ)ની અદાલત સમક્ષ. મુ. પાલનપુર.**
**(ચુકાદાની તા. ૦૭/૦૭/૨૦૨૬)**

**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨/૨૦૨૩.**

**એફ.આઈ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૦૦૭૧૪/૨૦૨૦ |

**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦.**
**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧.**
**સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૩.**

| | |
|---|---|
| ગુન્હો | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨), ૨૯ |
| તહોમતનામાં મુજબ તહોમત | એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨) (સી), ૨૯ |
| ફરીયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મૂળ ફરીયાદી :- એમ. એસ. ત્રીવેદી.<br>એસ. ઓ. જી. કચેરી, પાલનપુર) |
| વિ.એ.પી.પી.શ્રી | ડી. કે. પુરોહિત |
| આરોપી નં.૫ | **અબ્દુલકયુમ ઉર્ફે મુનાવર ઉર્ફે નટવર અકબર શેખ**<br>ઉ.વ. આ. ૩૪, ધંધો. વેપાર,<br>રહે. પ્લોટ નં.૧, રૂમ નં. ૧૩૫ શાસ્ત્રીનગર,<br>સમીર બસ સ્ટોપ પાસે, બાન્દ્રા-મુંબઇ.<br>હાલ રહે. શાનુરવાડી કબ્રસ્તાનની નજીક,<br>ઔરંગાબાદ. |
| આરોપી નં. ૫ તરફે વિ. વકીલશ્રી | એ. એ.બિહારી. |

## FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૩/૧૦/૨૦૨૦ |
| ફરીયાદની તારીખ | ૧૩/૧૦/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ<br>પૂરવણી ચાર્જશીટ તારીખ<br>પૂરવણી ચાર્જશીટ તારીખ | ૧૪/૧૨/૨૦૨૦<br>૧૬/૦૩/૨૦૨૧<br>૨૭/૦૩/૨૦૨૩ |
| કેસ કમીટ કર્યા તારીખ | ----- |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૩/૧૦/૨૦૨૧<br>૨૭/૦૪/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૫/૦૪/૨૦૨૨ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોઇ તો | આખરી હુકમ મુજબ |

5 **<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦.</u>**
**<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧.</u>**
**<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૩.</u>**

**આરોપીની વિગત :-**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો. કોડ ની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફહીમ અજીમ બેગ | ૧૪/૧૦/૨૦૨૦ | તા. ૨/૧૧/૨૩ ના રોજ વચગાળાના જામીન ઉપર મુકત થયા બાદ પરત ફરેલ નથી. | એન.ડી.પી. એસ. એકટ ની કલમ ૮(સી), ૨૦ (બી) (૨)(સી), ૨૯ | નાસ્તા ફરતા હોય તેમનો પુરતો કેસ પેન્ડીંગ રાખેલ છે. | --- | --- |
| ૨ | સમીર અહેમદ શેખ | ૧૪/૧૦/૨૦૨૦ | યુ.ટી.પી. | '' | દોષીત | આખરી હુકમ મુજબ | સજા વોરંટમાં જણાવ્યા મુજબ |
| ૩ | ઇમરાન ઉર્ફે ઇમોસ સલીમભાઇ મલેક (શેખ) | ૦૬/૦૨/૨૧ | યુ.ટી.પી. | '' | નિર્દોષ | - | - |
| ૪ | આરીફ અહેમદ ઉર્ફે મુખત્યાર આરીફ અબ્દુલ મજીદ ગુલામ મહંમદ લોન | ૦૬/૦૨/૨૦૨૧ | યુ.ટી.પી. | '' | નિર્દોષ | - | - |
| ૫ | અબ્દુલકયુમ ઉર્ફે મુનાવર ઉર્ફે નટવર અકબર શેખ | ૨૮/૦૧/૨૦૨૩ | યુ.ટી.પી. | '' | નિર્દોષ | - | - |

## <u>FORM-C</u>

ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ :-

**(એ) ફરીયાદપક્ષ તરફે :-**

| સાહેદ નં. | સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | નરેશભાઇ ચેલાભાઇ કોરોટ | બાતમી વાળા વાહન તથા આરોપી ફહીમબેગ અને સમીર શેખની અંગઝડતી કર્યાના પંચસાહેદ | ૨૯ |
| ૨ | શેખ મહંમદજાકીર | આરોપી ઇમરાન મલેકના ઘરેથી મોબાઇલ તથા લાઇટબીલ કબજે કર્યાના પંચસાહેદ | ૪૯ |
| ૩ | આમીરભાઇ ઇસરારભાઇ અંસારી | આરોપી ઇમરાન મલેકના ઘરેથી મોબાઇલ તથા લાઇટબીલ કબજે કર્યાના પંચસાહેદ | ૫૧ |
| ૪ | મિતેશકુમાર સુરેશભાઇ ત્રીવેદી | ફરીયાદી | ૯૧ |
| ૫ | ચેતનકુમાર રતીલાલ જાદવ | ત.ક.અ. | ૧૧૧ |
| ૬ | મુકેશભાઇ કાનજીભાઇ વણસોલા | આરોપી આરીફ અહેમદ લોનની અંગઝડતીના પંચસાહેદ | ૧૩૮ |
| ૭ | પ્રવિણભાઇ લવજીભાઇ ચૌહાણ | આરોપી આરીફ અહેમદ લોનની અંગઝડતીના પંચસાહેદ | ૧૪૧ |
| ૮ | ભૂમિકાબેન પ્રહલાદભાઇ પટેલ | પી. એસ. ઓ. | ૧૪૩ |
| ૯ | ભગવાનભાઇ રાજસંગભાઇ | મુદ્દામાલ એફ. એસ. એલ. કચેરી ખાતે લઇ જનાર પોલીસ સાહેદ | ૧૪૬ |
| ૧૦ | મહાવિરસિંહ કાળુસિંહ ઝાલા | ત.ક.અ. | ૧૪૯ |
| ૧૧ | દિલીપકુમાર રામસિંહ ગઢવી | ત.ક.અ. | ૧૯૪ |
| ૧૨ | જયપાલસિંહ જીલુભાઇ રાઠોડ | ત.ક.અ. | ૨૩૩ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–**

**:: દસ્તાવેજી પુરાવાઓ ::**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપી ઇમરાન મલીકના ઘરનું ઝડતી પંચનામું | ૫૦ |
| ૨ | માદક પદાર્થનો જથ્થો કબજે કર્યા અંગેનું પંચનામું | ૬૧ |
| ૩ | સમજપત્ર | ૬૨ |
| ૪ | એન. ડી. પી. એસ. એકટની કલમ ૪૨ મુજબનો જડતી ઠરાવ | ૬૩ |
| ૫ | એન. ડી. પી. એસ. એકટની કલમ ૫૦ મુજબ સમજ કર્યા અંગેની નોટીસ | ૬૪ |
| ૬ | નજરકેદ રાખવા બદલ સમજપત્ર | ૬૫ |
| ૭ | સીઝરમેમો | ૬૬ |
| ૮ | ઇન્વેન્ટરી રિપોર્ટ | ૬૮ |
| ૯ | પંચોની સહીઓ વાળી કાપલીઓ | ૬૯ થી ૭૧ |
| ૧૦ | ફરીયાદ | ૯૨ |
| ૧૧ | વજન કરનાર મહાશ્યને કરેલ યાદી | ૯૩ |
| ૧૨ | મુદ્દામાલ વજન કર્યા અંગેનું પ્રમાણપત્ર | ૯૪ |
| ૧૩ | મુદ્દામાલનું સ્થળ પરીક્ષણ કરવા માટેની યાદી | ૯૫ |
| ૧૪ | મુદ્દામાલ સંભાળવા અંગેનો રિપોર્ટ | ૧૨૧ |
| ૧૫ | ગાડી નં. જી.જે.૦૧.જી.એ.૦૪૮૭ના ફોર્મ–બી ના ઉતારાની નકલ | ૧૨૨ |
| ૧૬ | એફ. એસ. એલ. સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૨૩ |
| ૧૭ | એન. ડી. પી. એસ. ની રેઇડ માટે પંચો ફાળવવા અંગેની યાદી | ૧૨૪ |

| | | |
|---|---|---|
| ૧૮ | ઉપરી અધિકારીને બાતમી અંગેનો જાણ કરતો રિપોર્ટ | ૧૨૫ |
| ૧૯ | ઉપરી અધિકારીને રેડઇ સફળ થવા જાણ કરતો રિપોર્ટ | ૧૨૬ |
| ૨૦ | બાતમી હકીકતની નોંધ | ૧૩૩ |
| ૨૧ | બાતમી રજી.માં કરેલ નોંધની નકલ | ૧૩૪ |
| ૨૨ | સ્ટેશન ડાયરી નોંધ | ૧૩૫ |
| ૨૩ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતની યાદી | ૧૩૬ |
| ૨૪ | આરોપી નં. ૪ આરીફ અહેમદ લોનની શરીર સ્થિતિનું પંચનામું | ૧૩૯ |
| ૨૫ | સુચીપત્ર | ૧૪૪ |
| ૨૬ | એફ. એસ.એલ. પહોંચ | ૧૪૭ |
| ૨૭ | ફેકસ મેસેજ | ૧૫૦ |
| ૨૮ | આરોપી નં. ૧ તથા ૨ નો અટકમેમો | ૧૫૧ |
| ૨૯ | સી. ડી. આર. ફોર્મ | ૧૫૨ |
| ૩૦ | એફ. એસ. એલ. માં મુદ્દામાલ મોકલવા અંગેનો રવાનગી પત્રક | ૧૫૩ |
| ૩૧ | મુદ્દામાલ એફ. એસ. એલ. માં મોકલવા માટે પોલીસ કર્મચારીને ફાળવી આપવાનો રિપોર્ટ | ૧૫૪ |
| ૩૨ | આરોપી નં.૩ નો અટકમેમો | ૧૫૫ |
| ૩૩ | મારૂતી વેગનાર કાર નં. એમ. એચ.૦૪.એચ.એન. ૫૦૭૧ ની વિમા પોલીસી, ફીટનેશ સર્ટી, રીન્યુઅલ ઓફ ઓથોરાઇઝેશન ફોર્મ, ફીટનેશ સર્ટી, કાર માલિકનું આધારકાર્ડ–સેફટી અંગેનું સર્ટી, વેચાણ અંગેનો કરાર, પી.યુ.સી. સર્ટી, માલિકી અંગેનું ફોર્મ, પરમીટ, વિમા પોલીસી તથા આર. સી. બુકની ઝેરોક્ષ નકલ | ૧૫૬ થી ૧૬૭ |
| ૩૪ | આરોપી નં.૧ના આધાર કાર્ડની તથા રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ | ૧૬૮, ૧૬૯ |
| ૩૫ | આરોપી નં.૧ ના પિતાની બેંક પાસબુક | ૧૭૦ |
| ૩૬ | આરોપી નં.૧ના પિતાના ઘરનું લાઇટબીલ | ૧૭૧ |
| ૩૭ | મારૂતી વેગનાર કાર નં. એમ. એચ.૦૪.એચ.એન. | ૧૭૨ |

| | | |
|---|---|---|
| | ૫૦૭૧નું ફોર્મ નં. ૩૦ | |
| ૩૮ | આરોપી નં.૩ના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ | ૧૭૩ |
| ૩૮ | મેડિકલ યાદીઓ | ૧૭૪,૧૭૫ |
| ૩૯ | કોલ ડિટેઈલ માટે કરેલ યાદીઓ | ૧૭૬ થી ૧૮૪ |
| ૪૦ | આરોપી નિતીનના ગુગલ એકાઉન્ટ, લોકેશન તથા મોબાઈલ નંબર મેળવવા અંગેની યાદી | ૧૮૫ |
| ૪૧ | આરોપી નિતીનની તપાસ અંગેનો રિપોર્ટ | ૧૮૬ |
| ૪૨ | રેઈડ દરમ્યાન પાડેલ ફોટોગ્રાફ્સ (કુલ–૮) | ૧૮૭ |
| ૪૩ | રાજય બહાર તપાસમાં જવા અંગેની રિપોર્ટ | ૧૮૮ |
| ૪૪ | કોલ ડિટેઈલ મેળવવા અંગેની યાદીની | ૧૮૯ |
| ૪૫ | આરોપી નં.૩ ના ઘરનું લાઇટ બીલ | ૧૯૦ |
| ૪૬ | એફ. એસ. એલ. અધિકારીને કરેલ રિપોર્ટની સ્થળપ્રત | ૧૯૫ |
| ૪૭ | ઈમેલની માહિતી માટે કરેલ રિપોર્ટ | ૧૯૬ |
| ૪૮ | સી. આર. પી. સી. કલમ ૭૦ મુજબનું વોરંટ | ૧૯૭,૧૯૮ |
| ૪૯ | આરોપી નં.૪ ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૧૯૯ |
| ૫૦ | વોટસએપ ચેટની તેમજ દસ્તાવેજોની નકલો | ૨૦૩ થી ૨૦૫ |
| ૫૧ | આરોપી નં.૪ નો અટકમેમો | ૨૦૬ |
| ૫૨ | આરોપીઓની કોલ ડિટેઈલ તથા ભા. પુ. ધા. ની કલમ ૬૫ (બી) (૪)(સી) નું સર્ટી. મેળવવાની યાદીઓ | ૨૦૭ થી ૨૦૯ |
| ૫૩ | એફ. એસ. એલ. પત્ર | ૨૧૦ |
| ૫૪ | એફ. એસ. એલ. રિપોર્ટ | ૨૧૧ |
| ૫૫ | એફ. એસ. એલ. નાર્કોટિકસ ડિપાર્ટમેન્ટનો રિપોર્ટ | ૨૧૨ |
| ૫૬ | કોલ ડિટેઈલસ | ૨૧૩ થી ૨૧૯ |
| ૫૭ | ભા. પુ. ધારની કલમ ૬૫ બી નું સર્ટી. | ૨૨૦, ૨૨૧ |
| ૫૮ | સીમકાર્ડ અંગેનું ફોર્મ | ૨૨૨, ૨૨૩ |
| ૫૯ | કોલ ડિટેઈલ | ૨૨૪ |

| | | |
|---|---|---|
| ૬૦ | આરોપીએ સીમ મેળવવા ભરેલ ફોર્મ તથા આધારકાર્ડની નકલ | ૨૨૫, ૨૨૬ |
| ૬૧ | આરોપી નિતીને સીમકાર્ડ મેળવવા ભરેલ ફોર્મ | ૨૨૭ |
| ૬૨ | કોલ ડિટેઈલ | ૨૨૮ |
| ૬૩ | આરોપી નં.૫ ની બાતમીને આધારે અટક કરવા અંગેનો રિપોર્ટ | ૨૩૪ |
| ૬૪ | આરોપી નં.૫ નું અટક અંગેનું પંચનામું | ૨૩૫ |
| ૬૫ | ટેલીફોન વર્ધી | ૨૩૬ |
| ૬૬ | આરોપી નં. ૫ ના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ | ૨૩૭ |
| ૬૭ | આરોપી નં.૫ ના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ | ૨૩૮ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત :–**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | મુ.પા.નં.૧૫૬/૨૦૨૦ | અનુ.નં. ૧ માં (નં. ૧ થી ૫૧) માં જણાવ્યા મુજબ સેમ્પલ અર્થે કબજે લીધેલ મુદ્ધામાલ માદક પદાર્થ ચરસ |
| ૨ | મુ.પા.નં.૧૫૬/૨૦૨૦ | અનુ.નં.૨ તથા ૩ માં (નં. ૫૨ થી ૫૩) જણાવેલ આરોપી નં.૧ તથા ૨ પાસેથી કબજે લીધેલ મોબાઇલ ફોન |
| ૩ | મુ.પા.નં.૧૫૬/૨૦૨૦ | અનુ.નં.૪ માં (નં. ૫૪) જણાવેલ આરોપી નં.૧ તથા ૨ પાસેથી કબજે મારીતી વેગનાર કાર નં. એમએચ.૦૪. એચએન.૫૦૭૧ |

**<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦.</u>**
**<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧.</u>**
**<u>સ્પેશ્યલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૩.</u>**

| | | |
|---|---|---|
| ૪ | મુ.પા.નં.૧૫૬/૨૦૨૦ | અનુ.નં.૫ માં (નં.૫૫)જણાવેલ ચરસના પેકેટો તોડેલ છે તે સેલોટેપના ટુકડા તથા ન્યુઝ પેપરના ટુકડા તથા મીણીયાના શીલબંધ થેલા |
| ૫ | મુ.પા.નં.૧૫૯/૨૦૨૦ | અનુ.નં.૧ (નં. ૫૬) માં જણાવેલ ઓપો કંપનીનો કાળા કલરનો ફોન |
| ૬ | મુ.પા.નં.૧૫૯/૨૦૨૦ | અનુ.નં.૧ (નં. ૫૭) માં જણાવેલ વીજબીલ ટૉરેન્ટ પવાર કંપનીનું |
| ૭ | મુ.પા.નં.૧૫૯/૨૦૨૦ | અનુ.નં.૧ (નં. ૫૮) માં જણાવેલ વીવો ૧૯૦૬ મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ |

## -:: જજમેન્ટ ::-

**(૧)** આ કામના આરોપીઓ વિરૂધ્ધ ધી એન. ડી. પી. એસ એકટની કલમ – ૮(સી), ૨૦(બી)(૨)(સી) તથા ૨૯ મુજબના ગુનાનું ચાર્જશીટ સ્પે. એડીશનલ સેશન્સ જજ સાહેબ શ્રી, પાલનપુર કોર્ટમાં રજૂ કરવામાં આવેલ, જે સ્પેશીયલ એન. ડી. પી. એસ કેસ નં. ૧૦/૨૦૨૦, ૨/૨૦૨૧ તથા ૨/૨૦૨૩ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ સદર કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા સારૂ અત્રેની કોર્ટને ટ્રાન્સફર કરવામાં આવેલ હતો.

**(૨)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ખાનગી બાતમી આધારે તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ ૧૩–૨૦ વાગ્યાના સુમારે પોલીસ કર્મચારીઓ, પંચો તથા રેડિંગ પાર્ટીના અધિકારીઓ આબુરોડ રોડ ઉપર આવેલ ટોલટેક્ષના નાકા પહેલાં જમણી તરફ વળી હોટલ મહાકાલ આગળ વોચમાં હતા તે દરમ્યાન મારૂતી વેગનઆર કાર નં. એમએચ. ૦૪. એચએન. ૫૦૭૧ માં આરોપી નં. ૧ ફહીમ સ/ઓ અઝીમ બેગ કાર ચાલક તથા તેની બાજુની સીટમાં બેઠલ આરોપી નં. ૨ સમીર સ/ઓ અહેમદ શેખ નાઓ વગર પાસ પરમીટનો ગે.કા. નો માદક પદાર્થ ચરસ ૧૬.૭૫૩ કિ.ગ્રા.

કિં. રૂા. ૧,૦૦,૫૧,૮૦૦/– નો રાખી પસાર થતાં રેઈડ દરમ્યાન મળી આવતાં, કારમાં માદક પદાર્થ ચરસનો જથ્થો ભરી લાવવા બદલ પાસ–પરમીટ માંગતા ન હોવાનું જણાવતાં આરોપીઓ સામે જરૂરી કાર્યવાહી કરી આરોપીઓને અટક કરી આગળની તપાસ દરમ્યાન આરોપી નં. ૩ ઈમરાન ઉર્ફે ઈમો સ/ઓ સલીમભાઈ મલેક તથા આરોપી નં. ૫ અબ્દુલ કયુમ ઉર્ફે નટો ઉર્ફે મુનાવર સ/ઓ અકબરભાઈ શેખ તથા અન્ય નાસતા ફરતા આરોપી નીતીન શિવજી નાઓએ ચરસ લેવા લુધિયાણા ખાતે આરોપી નં. ૧, ૨ નાઓને મોકલી આપી મુદ્દામાલ ચરસનો જથ્થો મંગાવેલ હોય જે મુદ્દામાલ ચરસનો જથ્થો લુધીયાણા (પંજાબ) સબજી મંડી ખાતે તા. ૧૧/૧૦/૨૦૨૦ ના રોજ આરોપી નં. ૪ આરીફ અહેમદ ઉર્ફે મુખત્યાર આરીફ સ/ઓ અબ્દુલમજીદ ગુલામમહંમદ લોન વાળાએ આપેલ હોય. આમ તમામ આરોપીઓ એકબીજાથી મોબાઈલ સંપર્કમાં રહી પોતાના આર્થિક ફાયદા સારૂ આંતરરાજય હેરાફેરી કરતાં પકડાઈ જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ધી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી) તથા ૨૯ મુજબનો ગુનો કર્યા અંગેની હાલની ફરીયાદ, ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં. ૧૧૧૯૫૦૩૫૨૦૦૭૧૪/૨૦૨૨૦ થી ગુનો રજીસ્ટરે લઈ ત.ક.અ. શ્રીએ તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન જરૂરી પંચનામાંઓ કરી, એન. ડી. પી. એસ. એકટ અન્વયે જરૂરી કાર્યવાહીઓ કરી, લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા. ત્યારબાદ, તપાસને અંતે ત. ક. અ. શ્રીએ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતાં ઉપરોકત ગુનાનું પ્રથમ સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ નું ચાર્જશીટ દાખલ કરેલ છે. ત્યારબાદ પુરવણી ચાર્જશીટ સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧ તથા ૦૨/૨૦૨૩નું દાખલ કરેલ છે.

(૩) સદર કામે, આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કરી તેમજ આરોપીઓને બચાવ માટે સરકારી વકીલની જરૂર

છે કે કેમ ? તેની ખાત્રી કરતાં, આરોપીઓએ પોતાના ખર્ચે વકીલ રોકેલા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સ્પેશીયલ અદાલતને હોઈ, વિ. સ્પેશીયલ એડી. સેશન્સ જજ સાહેબશ્રી, પાલનપુરનાઓ સમક્ષ ચાર્જશીટ રજૂ થયેલ, જે સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ થી તથા ત્યારબાદ પુરવણી ચાર્જશીટ સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧ તથા ૦૨/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

(૪) સદરહું કામે જોતાં વિ. એડી. પી. પી. તરફશ્રી ડી. કે. પુરોહિત ધ્વારા આંક. ૫૮ થી સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ તથા સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૦૨/૨૦૨૧ તથા ૦૨/૨૦૨૩ ત્રણેય કેસો એક જ ગુનાના કેસો હોઈ તમામ કેસો એક સાથે ચલાવી ભેગા કરવા અરજી આપવામાં આવેલી જે અરજી કોર્ટ ધ્વારા તા. ૨૭/૦૪/૨૦૨૩ના રોજ મંજૂર કરવામાં આવેલી અને ત્યારબાદ સદરહું ત્રણેય કેસો ભેગા કરી ચલાવવામાં આવેલ અને તમામ કેસોના કામે એક સાથે પુરાવો નોંધવામાં આવેલ તેથી ત્રણેય કેસોના સંદર્ભે સદરહું કોમન જજમેન્ટ આપવામાં આવેલ છે.

(૫) આ કામના આરોપીઓ વિરૂધ્ધ મારા પુરાગામી ન્યાયાધીશશ્રીઓ ધ્વારા ધી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી) તથા ૨૯ મુજબના ગુનાનું સ્પેશીયલ (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ તથા ૦૨/૨૦૨૧ નું સંયુકત તહોમતનામું આંક.૧૨ થી તારીખ ૧૩/૧૦/૨૦૨૩ ના રોજ ફરમાવી અનુક્રમે આંક–૧૩ થી ૧૬ મુજબ આરોપીઓનો જવાબ લેવામાં આવેલ છે તથા આંક. ૦૬ થી સ્પેશ્યલ (એન.ડી.પી.એસ) કેસ નં. ૦૨/૨૦૨૩ તારીખ ૨૭/૦૪/૨૦૨૩ ના રોજ તહોમતનામું ફરમાવી આંક. ૦૭ થી આરોપીનો જવાબ લેતાં, તમામ આરોપીઓએ ગુનો કબુલ કરેલ નથી અને કેસ આગળ ચલાવવા માંગે છે તેમ

જણાવેલ છે. જેથી ફરીયાદપક્ષને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૧ મુજબ તારીખ નકકી કરી પુરાવો રજૂ કરવા માટે જણાવતા ફરીયાદપક્ષે પુરાવો રજૂ કરેલ છે.

હાલના કામે આરોપી નં. ૧ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હતી ત્યારે આરોપી નં. ૧ ફહીમ અઝીમ બેગ નાઓએ વચવાળાના જામીન પર મુકત થવા માટે અદાલતમાં અરજી દાખલ કરેલ. અદાલતે તેના પિતાની માંદગીને ધ્યાને રાખી અરજી અંશત: મંજુર કરેલ અને તેને વચગાળાના જામીન ઉપર ૭-દિવસ માટે મુકત કરેલ. આરોપીને તે હુકમની જાણ હોવા છતાં અને તેણે તે શરતનો હુકમ સ્વીકારેલ હોવા છતાં તે વચવાળાના જામીન ઉપર મુકત થયા બાદ, હુકમની શરત મુજબ જેલ ઓથોરીટી સમક્ષ સરેન્ડર થયેલ ન હોવાથી, જેલ ઓથોરેટીએ અત્રેની અદાલતને તે અંગેનો રીપોર્ટ કરેલ છે. આ કામમાં અન્ય સહ આરોપી નં. ૨, ૩, ૪ અને ૫ નાઓ અન્ડર ટ્રાયલ પ્રિસનર તરીકે છે. ત્યારબાદ આ કામે વિ.વ.શ્રી બી.એ.તુવરે રજૂઆત કરેલ કે, એક માત્ર આરોપીની ગેર હાજરીના કારણે કેસ આગળ ચલાવવામાં ન આવે તો, અંડર ટ્રાયલ પ્રિસનર તરીકે જે અન્ય આરોપી રહેલા છે તેમના પૂરતો કેસ લંબાય જાય તેમ છે. આ સંજોગોમાં અદાલત પાસે બે વિકલ્પો રહેલા છે. ૧. આરોપી ફહીમ અઝીમ બેગનો કેસ અલગ કરવો અથવા ૨. આરોપી ફહીમ અઝીમ બેગ વિરુધ્ધનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે અન્ય આરોપીઓની સાથે જ આગળ ચલાવવો. જે રજૂઆત ધ્યાને લઈ અદાલતે તા. ૧૧/૧૨/૨૦૨૩ ના રોજ આરોપી નં. ૧ ફહીમ અઝીમ બેગ વિરુધ્ધ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે તેની ગેરહાજરીમાં આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદ પક્ષ તરફે ફોર્મ-સી માં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલ છે.

(૭) ઉપર મુજબનો પુરાવો નોંધાવ્યા બાદ, ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રીએ આંક. ૨૪૦ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરતાં

ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ.

**(૭.૧)** આ કામે પેરા નં. ૫ ના છેલ્લા ફકરામાં જણાવ્યા મુજબ અત્રેની અદાલતે તા. ૧૧/૧૨/૨૦૨૩ ના રોજ આરોપી નં. ૧ ફહીમ અઝીમ બેગ વિરુધ્ધ કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૯૯ અન્વયે તેની ગેરહાજરીમાં આગળ ચલાવવાનો હુકમ કરેલ હોવાથી તેઓનું વિશેષ નિવેદન પણ નોંધી શકાયેલ નથી.

**(૭.૨)** ત્યારબાદ આરોપીઓ પૈકી આરોપી નં. ૨ થી ૫ નાઓનું ક્રિમી. પ્રોસી. કોડની ક.૩૧૩ હેઠળ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષે રજૂ કરેલ આક્ષેપિત પુરાવાનો મહદઅંશે ઈન્કાર કરેલ છે અને વિશેષમાં આરોપી નં. ૨ તરફે જણાવેલ છે કે, '' મને આ કેસમાં ખોટી રીતે સંડોવેલ છે. મારું કથન છે કે, હું ગરીબ માણસ છું. હું ઓરંગાબાદમાં મારી પત્ની સાથે હરસુલ જહાંગીર કોલોનીમાં રહું છું. મારી માતા તથા બહેનો ઈલાયદા રહે છે. હું છુટક મજુરી કરી ગુજરાન ચાલવું છું. આ કામના આરોપી નં. ૧ મારો સગો નથી, પરંતુ મારા રહેઠાણની એક ચાલી છોડી, જહાંગીર કોલોનીની ચાલીમાં તેના સસરા મોઇનભાઇ શેખ તેમના કુટુંબ સાથે રહે છે તેની દીકરી સાજેદા બેન સાથે ફહીમના લગ્ન થયેલ હોય મહોલ્લાના નાતે ઓળખણ થયેલી હતી તે સિવાય મારે તેની સાથે કોઇ સગપણ કે ધંધાનો સંબંધ નથી.

વધુમાં મારું કથન છે કે, આરોપી નં. ૧ ફહીમ તેની પત્ની સાજેદાની ડીલેવરી પ્રસંગે તેણીના પિયર લઇને આવેલ ત્યારે સાજેદાને ઐરંગાબાદની સુમેરા હોસ્પિટલમાં ડીલીવરી માટે દાખલ કરેલ તેથી તેના સસરાના ઘરે અમારા મહોલ્લામાં આવતા અમો હતા તેથી તા. ૭/૧૦/૨૦૨૦ ના રોજ આરોપી ફહીમે અજમેરની અર્જન્ટ વર્ધી આવેલાનું કહી, લાંબો રસ્તો હોઇ સાથે આવવા તથા મને મહેનતાણું આપવા વિનંતી કરતા હું મજુરી કમાણી થશે તેમ માની તેની સાથે જવા તૈયાર થયેલ અને તે દિવસ રાત્રે ઔરંગાબાદ થી ગેલેક્ષી ટુર એન્ડ ટ્રાવેલ્સમાં બેસી બીજા દિવસે મુંબઇ તેના ઘરે ગયેલ ત્યારબાદ ગૅરેજમાંથી કલરકામ બાકી છે તે તેની ટેક્ષીનું કામ કરાવી આવવાનું

કહીને ગયેલો અને ઘરે આવી તેના કોઇ પેસેન્જરો લઇ, તા. ૦૮/૧૦/૨૦૨૦ ના રોજ અજમેર જવા રવાના થયા ત્યારબાદ તા. ૦૯/૧૦/૨૦૨૦ ના રોજ અજમેર સવારે ૮–૯ વાગે પોહંચેલ અને ત્યાંથી થોડે દુર ગોગલ નામના ગામે પેસેન્જર ઉતારી તેણે એક હોટલમાં રોકાવા કહ્યું. સવારે મુંબઇ જઇશું તેથી ત્યાં આરામ કરેલ પરંતુ રાત્રે તેણે એક બીજી વરધી આવેલ છે તેવું કહી મને ત્યાં રોકવાનું કહીને ગયેલ તે વખતે હોટલવાળાનો ખર્ચ રકમ ચુકવેલ છે તે તેવું કહીને ગયેલ. ત્યારે મારી પાસે જે પૈસા હતા તે પણ વપરાઇ ગયેલ. ફોન પણ બંધ થઇ ગયેલ તેથી બે સહારા હાલતમાં ત્યાં રોકાયેલ. તેથી રાહ જોતાં જોતાં તે તા. ૧૧/૧૦/૨૦ ની રાત્રીએ મોડો આવેલ. બાદ થોડીવાર આરામ કરી વહેલી સવારે ગાડીમાં મને સાથે લઇને નિકળેલ તે વખતે બીજા પેસેન્જરોની શોધમાં મોડું થશે તેવું જણાવેલ તેથી હું દરગાહ ઉપર જઇ આવેલ. ત્યારબાદ પેસેન્જર લઇ મને ઉતારેલ તે જગ્યાએ આવતાં અમો રવાના થયેલ બાદ તા. ૧૨/૧૦/૨૦ અને તા. ૧૩/૧૦/૨૦ ની રાત્રે અમીરગઢ ચેક પોસ્ટથી રાજસ્થાન બાજુ પોલીસે રોકતાં હું જાગી ગયેલ તો પોલીસના માણસોએ બેસેલ પેસન્જરોની પુછપરછ કરી ડીકીમાંથી સફરજનના બોક્ષ સાથે ગુનામાં પકડાયેલનું જણાવી તેમને મારકુટ કરી મોડેથી પૈસા લઇ તે પેસેન્જરોને જવા દીધેલ અને સફરજન પેકેટ પોલીસ લઇ ગયેલ. ત્યારબાદ રાજસ્થાન તરફથી પાછા ચેક પોસ્ટ ઉપર લાવી ફહીમ પાસે પૈસા માંગી બંનેને મારમારી છોડી દીધેલ ત્યારે પાલનપુર તરફ જતાં હોટલ મહાકાલ કહે છે ત્યાં પાલનપુરની પોલીસે રોકેલ અને ત્યાં માર મારેલ પછી અમોને થોડીવાર હોટલ પાછળ બેસાડી ગાડી ત્યાં જ રાખી એસઓજી ઓફીસ લઇ ગયા ત્યાં જાદવ સાહેબ વિગેરે આવેલ મને હાથકડી પહેરાવી પાછા મહાકાલ હોટલે લઇ જઇ ગાડીમાં બેસાડી, જાદવ સાહેબ અમીરગઢ જવાનું પોલીસને કહી ગયેલા. ત્યારબાદ પાછા આવી બધાને મળી ખોટી કાર્યવાહી કરી હું નિર્દોષ હોવાનું માનેલ છતાં આ ભારે ગુનામાં ખોટી રીતે સંડોવેલ છે. હું ગરીબ માણસ છું. હું આ ચરસ અંગે અજાણ છું. ''

(૭.૩) તેમજ આરોપી નં. ૩ તરફે જણાવેલ છે કે, '' આ કામે અમારી

ખોટી સંડોવણી કરવામાં આવેલી છે. આ તહોમતનામાં મુજબ અમોએ કોઇ ગુનો કરેલો નથી. અમો નિર્દોષ છીએ. અમો કપડાં તથા ગરમ જેકેટ મારે અલગ અલગ રાજયમાં જઇ હોલસેલ જથ્થો લાવી તેનું વેચાણ કરું છું અને વેચાણ અંગે ઘણા બધા લોકોથી વાતચીત થતી રહે છે. આમ શું વાતચીત થયેલી તે હાલમાં મને યાદ નથી તેમજ બનાવ સમયે કયા કયા વિસ્તારમાં વેચાણ માટે ફરેલો તે મને યાદ નથી. અમારા વિરૂધ્ધ કોઇ કારણો ન હોવા છતાં કારણો દર્શાવ્યા સિવાય અને ખોટી રીતે અટક કરેલ અને રેકર્ડ ઉપર ખોટા પંચના કાગળો દર્શાવેલ છે અને ખોટી રીતે મારા વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. ''

**(૭.૪)** તેમજ આરોપી નં. ૪ તરફે જણાવેલ છે કે, '' અમો આરોપી સદરહું ગુનાના કામે કોઇ પણ પ્રકારનું સહઆરોપી સાથે કાવતરૂ તેમજ ષડયંત્ર રચેલ નથી. તેમજ કોઇપણ પ્રકારની મદદગારી કરેલ નથી. તેમ છતાં અમો આરોપી વિરૂધ્ધ કોઇ જ પુરાવો નથી. સદરહું ગુનામાં ત. ક. અમલદારે અમારી ખોટી સંડોવણી કરેલ છે. હું નિર્દોષ છું.''

**(૭.૫)** તેમજ આરોપી નં. ૫ તરફે જણાવેલ છે કે, '' અમો આરોપી સદરહું ગુનાના કામે કોઇ પણ પ્રકારનું સહ આરોપી સાથે કાવતરૂ તેમજ ષડયંત્ર રચેલ નથી તેમજ કોઇપણ પ્રકારની મદદગારી કરેલ નથી તેમ છતાં અમો આરોપી વિરૂધ્ધ કોઇપણ પ્રકારના પુરાવા ન હોઇ તપાસ કરનાર અમલદારે સદરહું ગુનામાં અમારી ખોટી સંડોવણી કરેલ છે. હું નિર્દોષ છું.

**(૮) ફરીયાદપક્ષની દલીલોઃ–**

**(૮.૧)** ફરીયાદપક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી પુરોહિતે દલીલ કરેલ છે કે, હાલના કામે આરોપીઓ સામે ધી એન. ડી. પી. એસ એકટની કલમ – ૮(સી), ૨૦(બી)(૨)(સી) તથા ૨૯ મુજબના ગુનાઓ સબબ ફરમાવવામાં આવેલ છે. આરોપીઓએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરતા ફરીયાદપક્ષે સાહેદો તપાસવામાં આવેલ છે. સદર કામે ફરીયાદપક્ષના કેસની હકિકત જોવામાં આવેતો એ. ટી. એસ., અમદાવાદના પી. આઇ. શ્રી સી. આર. જાધવનાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે માહિમ મુંબઇના ફઇમ બેગ તથા

સમીર નામના માણસો એક ડાર્ક ચોકલેટી મેટાલીક કલરની મારુતી વેગન આર કાર નં. એમએચ ૦૪ એચએન ૫૦૭૧ માં માદક પર્દાથ ચરસનો જથ્થો રાખી આબુરોડ તરફથી પાલનપુર હાઇવે ઉપર કલાક ૧૨-૦૦ થી ૧૭-૦૦ દરમ્યાન નિકળવાના છે જે બાતમીની હકિકત તેઓએ કોરા કાગળમાં લખી લઇ તેની બાતમી રજીસ્ટરે નોંધ કરી તેઓના ઉપલા અધિકારીને બાતમીની લેખીત જાણ કરેલી. આ બાબતે તેઓ દ્વારા રેઇડ બાબતનું આયોજન કરેલ અને પ્રથમ પાલનપુર એસ. ઓ. જી. કચેરી આવેલ અને ત્યાંના સ્ટાફને સાથે રાખી તાલુકા પંચાયતની કચેરીએ જઇ બે સરકારી પંચો મેળવવા યાદી આપતા, બે પંચો ફાળવવામાં આવતા તેઓને બાતમી હકિકતની જાણ કરેલ અને ટોલનાકાથી યુ ટર્ન લઇ પાલનપુર તરફ મહાકાળ હોટલ પાસે વોચમાં ગોઠવાયેલ તે દરમ્યાન બાતમી વાળી ગાડી આવતા તેને રોકી લીધેલ અને તેનું સર્ચ કરતા તેમની પાસેથી ૧૬ કિલો અને ૭૫૩ ગ્રામ ચરસનો જથ્થો કે જેની કિ. રુ. ૧,૦૦,૫૧,૮૦૦/- ની કિંમતનો મુદ્દામાલ પંચો રુબરુ રીકવર કરવામાં આવેલ. એન. ડી. પી. એસ. એકટ મુજબની સમગ્ર કાર્યવાહી કરવામાં આવેલ અને સદર બાબતની જાણ ઉપલા અધિકારીને કરવામાં આવેલ તથા ફરીયાદ એ. ટી. એસ. તરફે રેઇડમાં હાજર એવા પી. એસ. આઇ. શ્રી એમ. એસ. ત્રીવેદીએ આપેલ અને મુદ્દામાલ પી. એસ. ઓ. ને જમા કરાવેલો. વધુમાં રેઇડ તથા સીઝર અંગેના સાધનીક કાગળો પણ જમા કરાવેલા. હાલના ગુનાની તપાસ પી. એસ. ઓ. દ્વારા ત. ક. અધિકારીને સોંપતા તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ હતુ.

(૮.૨) સદર કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નરેશભાઇ ચેલાભાઇ કોરોટને આંક - ૨૯ થી તપાસેલ છે તેઓએ પોતાની સરતપાસમાં પંચનામાને સર્મથન કરતી હકિકતો જણાવેલ છે અને પંચનામામાં પોતાની સહિ તથા મુદ્દામાલ અને આરોપીઓને પણ ઓળખી બતાવેલ છે. સદર પંચસાહેદની ઉલટ તપાસ જોવામાં આવેતો આરોપીઓના બચાવને મદદકર્તા થાય તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ઉલટ તપાસથી પણ કબજે કરેલ મુદ્દામાલ આરોપીઓ પાસેથી રેઇડ સમયે કબજે કરેલ હોવાનું

રેકર્ડ ઉપર આવે છે. આમ, ફરીયાદપક્ષે સદર પંચસાહેદની જુબાનીથી પંચનામું શંકાથી પર પુરવાર કરેલ છે.

(૮.૩) ત્યારબાદ પુરવણી ચાર્જશીટના આરોપીઓ પાસેથી મોબાઇલ કબજે કર્યાના પંચસાહેદ શેખ મહંમદજાકીર મહંમદ ઉંમરને આંક – ૪૯ થી તથા બીજા પંચસાહેદ અંસારી આમીરભાઇ ઇસરારભાઇને આંક – ૫૧ થી તપાસેલ છે. તેઓએ પંચનામાની હકિકતને સર્મથન કરેલ નથી, પરંતુ ત. ક. અધિકારીની જુબાનીથી સદર હકિકત ફરીયાદપક્ષે સાબીત કરેલ છે.

(૮.૪) ત્યારબાદ સાહેદ નં. ૪ થી ફરીયાદી એવા એમ. એસ. ત્રીવેદીને આંક – ૯૧ થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદઉપરની જુબાનીમાં ફરીયાદ તથા પંચનામાની વિગતોને સંપુર્ણ સર્મથન કરતી વિગતવાર હકિકતો જણાવેલ છે. આરોપીઓ તથા મુદ્દામાલને પણ ઓળખી બતાવેલ છે અને સદર બાબતે તેઓએ ફરીયાદ કરેલી જે હાલના કામે આંક – ૯૨ થી રજુ રાખેલ છે અને તેમાં પોતાની સહિ ઓળખી બતાવેલ છે. સદર ફરીયાદીની બચાવપક્ષે વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ બચાવપક્ષને મદદકર્તા અને ફરીયાદપક્ષના કેસને ઘાતક હોય તેવી કોઇ હકિકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૮.૫) ત્યારબાદ હાલના કામે જેઓને બાતમી મળેલ અને રેઇડનું આયોજન કરનાર અધિકારી શ્રી સી. આર. જાદવનાઓને આંક – ૧૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પણ પોતાની સોગંદઉપરની જુબાનીમાં તેઓને મળેલ બાતમી, તેઓ દ્વારા કરવામાં આવેલ કાયદા મુજબની કાર્યવાહી, રેઇડનું ઓયોજન તથા પંચનામું અને રીકવરી વિગેરે બાબતે ઝીંણવટપુર્વક સોગંદઉપર જુબાની આપેલ છે તથા પોતાની સોગંદઉપરની જુબાનીમાં સબંધીત દસ્તાવેજો જેવાકે લેખીત બાતમી, ઉપરી અધિકારીને જાણ કરેલ હોય, પંચનામું, ફરીયાદ, કલમ – ૪૨ મુજબનો ઠરાવ, કલમ – ૫૦ મુજબનો ઠરાવ, સમજ પત્રક, એફ. એસ. એલ. અધિકારીને કરેલ યાદી તથા પરીક્ષણ અહેવાલ, વજન કરનાર વેપારીને કરેલ યાદી તથા પ્રમાણપત્ર, સીઝર મેમો વિગેરે તમામ દસ્તાવેજો પોતાની જુબાનીમાં રીફર કરી રજુ રાખેલ

છે અને તે તમામ દસ્તાવેજો ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરેલ છે. સદર સાહેદે પણ મુદ્દામાલ તથા આરોપીઓને ઓળખી બતાવેલ છે.

(૮.૬) ત્યારબાદ પુરવણી ચાર્જશીટના આરોપીઓ પાસેથી મોબાઇલ કબજે કર્યાના પંચસાહેદ મુકેશભાઇ કાનજીભાઇ વણસોલાને આંક – ૧૩૮ થી તથા બીજા પંચસાહેદ પ્રવિણભાઇ લવજીભાઇ ચૌહાણને આંક – ૧૪૧ થી તપાસેલ છે. તેઓએ પંચનામાની હકિકતને સર્મથન કરેલ નથી, પરંતુ ત. ક. અધિકારીની જુબાનીથી સદર હકિકત ફરીયાદપક્ષે સાબીત કરેલ છે.

(૮.૭) ત્યારબાદ પી. એસ. ઓ. ભુમિકાબેન પ્રહલાદભાઇ પટેલને આંક – ૧૪૩ થી તપાસેલ છે. તેઓએ પોતાની ફરજના ભાગરુપ કરેલ કાર્યવાહીનું પોતાની સોગંદઉપરની જુબાનીમાં વર્ણન કરેલ છે અને ફરીયાદ તેઓની પાસે આવતા ગુનો રજીસ્ટર કરેલ તથા મુદ્દામાલ તથા સાધનીક કાગળો તેમને સોંપતા સંભાળી લીધેલ અને પી. આઇ. શ્રી એમ. કે. ઝાલાનાઓને તપાસ માટે સોંપેલ કરેલ તથા હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ તેઓએ રાઇટર હેડને સુપ્રત કરેલ હતો. જે મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી પણ સાબીત થાય છે.

(૮.૮) ત્યારબાદ હાલના કામે પોલીસ સાહેદ ભગવાનભાઇ રાજસંગભાઇને આંક – ૧૪૬ થી તપાસેલ છે. તેઓએ હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ રાઇટર હેડ દ્વારા એફ. એસ. એલ. કચેરીમાં સોંપવા સારુ તેમને આપતા તેઓએ એફ. એસ. એલ. કચેરીમાં જમા કરાવેલ અને તેની પહોંચ લાવી રાઇટર હેડને જમા કરાવેલી. જે હાલના કામે આંક – ૧૪૭ થી રજુ રાખેલ છે. તેઓની ઉલટતપાસમાં પણ કોઇ બચાવપક્ષને મદદકર્તા હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી અને સીલબંધ હાલતમાં મુદ્દામાલ એફ. એસ. એલ. કચેરી પહોંચાડવામાં આવેલ તે હકિકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

(૮.૯) ત્યારબાદ હાલના કામે ત. ક. અ. શ્રી એમ. કે. ઝાલાનાઓને આંક – ૧૪૯ થી તપાસેલ છે. તેઓને સદર ગુનાની તપાસ સોંપવમાં આવતા પોતાની ફરજના ભાગરુપ કામગીરી કરેલી તેનું વિગતવાર વર્ણન કરેલ છે. તેઓએ આરોપીઓના પો. કસ્ટડી રીમાન્ડ માટેની તજવીજ કરેલી.

સદર કામે પુરવણી ચાર્જશીટના આરોપી ઇમરાનભાઇ પાછળથી મળી આવતા તેઓને પણ અટક કરી રીમાન્ડ માટેની તજવીજ કરેલી. તેઓએ તપાસના કામે જરુરી સાહેદોના નિવેદનો નોંધેલા. આરોપીઓની તપાસ કરેલી, આરોપી ઇમરાનના ઘરેથી મોબાઇલ મળી આવેલ જે તપાસના કામે કબજે કરેલ. રેઇડ વખતે મળેલ ગાડીના દસ્તાવેજો આરોપી ફઇમના ઘરેથી મળી આવેલ તે તપાસના કામે સામેલ રાખેલ. સદર ગુનાના કામે આરોપી ફઇમને સાથે રાખી જમ્મુ ખાતે તપાસમાં ગયેલ, કોલ ડિટેઇલ તપાસના કામે મેળવેલ. ત્યારબાદ આગળની તપાસ પી. આઇ. શ્રી ડી. આર. ગઢવીનાઓને સોંપવામાં આવેલી જેઓએ કાગળોનો અભ્યાસ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ ફાઇલે કરેલુ. હાલના કામે એફ. એસ. એલ. નો રીપોર્ટ આંક – ૨૧૦ થી આંક – ૨૧૨ મુજબ રજુ રાખેલ છે જે વંચાણે લેતા પણ કબજે કરેલ જથ્થો ચરસ હોવાનું ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે.

**(૮.૧૦)** હાલના કામે ચાર્જશીટ કરનાર ત. ક. અધિકારી શ્રી ડી. આર. ગઢવીનાઓને આંક – ૧૯૪ થી તપાસેલ છે. તેઓએ પણ પોતાની ફરજના ભાગરુપ કરેલ કાર્યવાહીનું વર્ણન કરેલ છે અને આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલાની હકિકત જણાવેલ છે. તેઓએ પણ તપાસના કામે સી. ડી. આર. તથા અન્ય સબંધીત દસ્તાવેજો મેળવેલ છે તેના સર્મથનમાં પુરાવો રજુ રાખેલ છે. તેઓની ઉલટ તપાસથી પણ બચાવપક્ષને મદદકર્તા કોઇ હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૮.૧૧)** ત્યારબાદ ત. ક. અધિકારી શ્રી જે. જી. રાઠોડને આંક – ૨૩૩ થી તપાસેલ છે તેઓએ હાલના કામે નાસતા ફરતા આરોપીઓને ક્રાઇમ બ્રાંચ અમદાવાદ દ્વારા પકડેલ તેઓને પંચનામાની વિગતે અટક કરી, તેઓનો કબજો મેળવેલ અને રીમાન્ડની તજવીજ કરેલ અને તે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા તેમના પુરતુ ચાર્જશીટ દાખલ કરેલ જેને સર્મથન કરતો પુરાવો રજુ રાખેલ છે.

**(૮.૧૨)** આમ, સમગ્રપણે જોતા હાલના કામે ફરીયાદી તથા ફરીયાદપક્ષે રેઇડ કરનાર અધિકારીશ્રીની સોગંદઉપરની જુબાની તથા રજુ

રાખેલ દસ્તાવેજી પુરાવાઓથી ધી એન. ડી. પી. એસ. એકટની આદેશાત્મક જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હોવાનું પુરવાર કરેલ છે અને સમગ્ર રેકર્ડ જોતા કોઇ આદેશાત્મક જોગવાઇઓનો ભંગ થયેલ હોય તેવુ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. સદર કામે કલમ – ૫૨(એ) મુજબ ઇન્વેન્ટરી પણ કરવામાં આવેલ છે. જે ન્યાયીક અધિકારી સમક્ષ કરવામાં આવેલ છે તે પુરાવાનો પણ ઇન્કાર કરી શકાય તેમ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ છે. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવી યોગ્ય નશ્યત કરવા અરજ કરેલ છે.

**(૮.૧૩)** સરકાર તરફે વિ. એ. પી. પી. શ્રી એ બચાવપક્ષની દલીલોનો ખુલાસો કરતા જણાવેલ છે કે, બાતમી બાબતે મેન્ડેટરી જોગવાઇઓનો ભંગ થાય છે તેવી દલીલ કરેલ છે, પરંતુ રેકર્ડ જોતા તેવો કોઈ ભંગ થતો નથી અને આંક – ૧૨૫ થી ઉપરી અધિકારીએ રીસીવ કરેલ છે. સદર અધિકારી એડી. ડી. જી. કક્ષાના આઇ. પી. એસ. અધિકારી છે તેઓએ રીસીવ અને સીન કરેલ હોય કલમ – ૪૨ નો ભંગ થતો નથી. દસ્તાવેજો પાછળથી રજુ થયેલ છે તેવી તકરાર લીધેલ છે, પરંતુ અગાઉના એ. પી. પી. શ્રી દ્વારા શરતચુકથી રજુ કરવાના રહી ગયેલ અને તહોમતનામું ફરમાવતા પહેલા રજુ કરેલ છે અને જે તે વખતે તપાસના દસ્તાવેજો છે અને ત. ક. અધિકારીએ તપાસના કામે મેળવેલ છે. માણસનું નામ ખબર નથી, પરંતુ એ. ટી. એસ. માંથી લીધેલ છે તેવો સ્પષ્ટ જવાબ આપેલ છે. કબજા બાબતે તકરાર લીધેલ છે, પરંતુ બાતમી બંન્ને આરોપીઓના નામ જોગ અને ગાડી નંબર સહિત છે. આરોપીઓ તરફે જે અમીરગઢ ચેક પોસ્ટ રોકેલ અને માર મારેલ વિગેરે તકરાર લીધેલ છે, પરંતુ તેના સર્મથનમાં કોઈ પુરાવો રજુ રાખેલ નથી. એ. ટી. એમ. માંથી પૈસા કઢાવેલ તેવો બચાવ લીધેલ છે તેનો પણ કોઇ પુરાવો રજુ રાખેલ નથી. બંન્ને આરોપીઓ સાથે જ ગયેલ અને સાથે જ મુદ્દામાલ લઇને આવેલ જેથી બંન્નેનો કબજો હોવાનું સ્પષ્ટ થાય છે. પંચસાહેદની જુબાની જોતા પણ તેમને બાતમીની તમામ હકિકત જાણ કરવામાં આવેલ હતી. વધુમાં એવી પણ તકરાર લીધેલ છે કે ગુજરાતીમાં અમીરગઢ લખેલ થેલો હતો પણ આરોપીઓ

અમીરગઢ તરફથી આવેલ હતા તેઓએ લીધેલ હોય અને તેનો ખુલાસો તેઓએ કરવાનો થાય. વધુમાં સેમ્પલીંગ અને સીલીંગ બાબતે તકરાર લીધેલ છે, પરંતુ તેમાં મેજી. શ્રી રુબરુ જે પંચનામા સમયે સીલ થયેલ તેમાં કોઇ ફેરફાર થયેલ નથી. કલમ – પ૨એ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે. મુદ્દામાલ નાશ થયેલ છે તે એફ. એસ. એલ. માંથી રીપોર્ટ આવ્યા બાદ નાશ થયેલ છે. ચેઇન ઓફ કસ્ટડી પણ પુરવાર થાય છે. એફ. એસ. એલ. નો રીપોર્ટ વિલંબથી આવેલાની તકરાર છે, પરંતુ તેમાં ત. ક. અધિકારીનો કોઇ રોલ નથી અને વિલંબના કારણે પરીક્ષણમાં કોઇ ફેર પડેલ હોય તેવો કોઇ બચાવ નથી. આરોપી નં. ૨ ડ્રાઇવીંગની મજુરી અર્થે હતા તેવો બચાવ લીધેલ છે, પરંતુ તેના સમર્થનમાં કોઇ પુરાવો નથી. અન્ય સાહેદોને તપાસેલ નથી તેવી તકરાર લીધેલ છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાથી કેસ પુરવાર થતો હોય તમામ સાહેદોને તપાસવા જરુરી નથી. વજન બાબતે ફરીયાદી, પંચ અને અન્ય સાહેદોએ પોતાની જુબાનીમાં પુરાવો આપેલ છે અને તેને સમર્થન કરતો પુરાવો પણ રજુ થયેલ છે. કલમ – ૬૫(બી) ના પ્રમાણપત્ર બાબતે તકરાર લીધેલ છે, પરંતુ તે નિયમ મુજબ આપવામાં આવેલ છે. વોટસએપ મેસેજની ચેટ છે તેમાં પણ પાસબુક અને એકાઉન્ટ નંબરની વિગત છે. જે ટીકીટો રજુ કરેલ છે તે બનાવ અગાઉની છે. તમામ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય અને આરોપીઓ તરફે જે બચાવો લેવાનો પ્રયત્ન કરેલ છે તે માનવા પાત્ર ન હોય તેઓને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

**(૯) બચાવપક્ષની દલીલોઃ–**

**(૯.૧)** આરોપી નં. ૨ તરફે વિ. વ. શ્રી બી. એ. તુવરે આંક – ૨૫૫ થી વિગતવાર લેખીત દલીલો રજુ રાખેલ છે જે અક્ષરસઃહ વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ તે આંક સ્વરુપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી અને તેની આગળ યથાયોગ્ય ચર્ચા કરવામાં આવેલ છે.

**(૯.૨)** વધુમાં આરોપી નં. ૨ તરફે વિ. વ. શ્રી એ મૌખીક દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે પોલીસ અધિકારી શ્રી જાધવને તા. ૧૩–

૧૦–૨૦૨૦ ના રોજ વહેલી સવારે ૦૬ વાગ્યે બાતમી મળેલ હતી જે હાલના કામે આંક – ૧૩૩ થી રજુ છે. આ બાતમી મુજબ આરોપી ફહીમ અને સમીરનાઓ તેમની ગાડી લઇને બાર થી પાંચ વાગ્યા સુધી આબુરોડ થી પાલનપુર તરફ આવવાના છે તેવી બાતમી મળેલી. ત્યારબાદ તેઓના ઉપરીને સદર બાબતની માહિતી આપેલ, જેથી તેઓએ રેઇડનું આયોજન કરવા જણાવેલ જેથી પરત પો. સ્ટે. આવેલ. ત્રણ જણા સાડા સાત વાગ્યે સરકારી વાહનમાં પાલનપુર આવવા નિકળેલા અને સીધા એસ. ઓ. જી. કચેરીમાં ગયેલ અને ત્યાંથી ત્રણ પોલીસ કર્મચારીઓને સાથે લીધેલ અને તાલુકા પંચાયત કચેરીએ યાદી આપી પંચસાહેદો મેળવવા કાર્યવાહી કરેલી. પંચસાહેદ માટેની યાદી રજુ કરેલ નથી. પંચસાહેદોને લેખીત બાતમી બતાવેલ હોય તેવો કોઇ ઉલ્લેખ નથી. આંક – ૨૪ ના લીસ્ટ થી બાતમી ચાર્જશીટ પછી રજુ રાખેલ જે તા. ૨૨–૦૩–૨૦૨૨ ના રોજ રજુ થયેલ. પ્રાથમીક પંચનામુ કરી બાતમી વાળી જગ્યાએ ગયેલ ત્યાં એક ટોલટેક્ષ આવે છે તે અગાઉ જમણી બાજુ વળેલ તેમ કહે છે, પરંતુ કોઇ ચોકકસ જગ્યા જણાવેલ નથી. વાહન આવતા તેને રોકેલ અને તેમાં ડ્રાઇવર તથા અન્ય વ્યકતિ બેઠેલ હતા જે હાલના મુખ્ય કામે આરોપી નં. ૧ અને ૨ તરીકે છે. અંગઝડતીમાં મોબાઇલો કબજે કરેલ અને ગાડીને બાજુમાં લઇ ગયેલ અને તે દરમ્યાન વજન કરનાર અને એફ. એસ. એલ. વાળાને બોલાવેલ. રુટીન કોર્ષ મુજબની કાર્યવાહી કરેલ. ગાડીની પાછળની શીટ ઉપરથી એક થેલો કાઢેલ જે દોરીથી બાંધેલ હતો અને તે થેલા ઉપર બે સાઇડે લખાણ હતુ. ગુજરાતીમાં અમીરગઢ લખેલ થેલો હતો તેમાંથી મુદ્દામાલ મળેલ હતો. જે પેકીંગનું વજન કરેલ તેમાં સેલો ટેપ, કોથળી અને કાગળનું પણ કરેલ છે. ૩૦–૩૦ ગ્રામ નમુનો લીધેલ અને બાકીનો વધેલ મુદ્દામાલ તેને નંબર એ થી કયુ આપેલ. એફ. એસ. એલ. વાળાને એ–૧ થી કયુ–૧ અને નમુના વાળા હતા તેને એ–૨ થી કયુ –૨ નંબર આપેલ.

(૯.૩) હાલના કામે સદર કાયદાની કલમ – ૪૨(૧) મુજબ જે વ્યકતિને માહિતી મળી હોય તેણે લખી લેવી પડે અને ૪૨(૨) મુજબ ઉપરી

અધિકારીને જાણ કરવી પડે. હાલના કામે સદર બાતમી ઉપરી અધિકારીને જાણ કરેલ હોય તે હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી અને તે બાબતનો કોઈ આધાર હાલના કામે રજુ રાખેલ નથી. વાહનમાં બે જણા આગળના ભાગે બેઠેલ હતા તેમના અંગકબજામાંથી મળેલ નથી, પરંતુ વાહનમાં પાછળથી મળેલ હોય તે થેલો કોનો હતો તેવુ કોન્સીયસ પઝેશન પણ ફરીયાદપક્ષ ચોકકસપણે પુરવાર કરી શકેલ નથી. સદર કોથળા ઉપર અમીરગઢ કેવી રીતે લખાઈને આવેલ તેનો કોઈ ખુલાસો નથી કારણ કે ફરીયાદપક્ષના કેસ મુજબ માલ હરીયાણાથી આવતો હતો.

**(૯.૪)** હાલના કામે સેમ્પલીંગ અને સીલીંગની કાર્યવાહી પણ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. સ્ટેન્ડીંગ ઓર્ડર ૧/૮૮ અને ૧/૮૯ તથા કલમ – ૫૨(એ) નો ભંગ કરેલ છે. સદર મુદ્દામાલ સ્થળ ઉપરથી પકડાયો અને એફ. એસ. એલ. કચેરીએ પહોંચ્યો ત્યાં સુધીની તેની ચેઈન ઓફ કસ્ટડી પણ પુરવાર થતી નથી. એફ. એસ. એલ. કચેરીમાં એક માસ અને ચાર દિવસ પછી પરીક્ષણ કરવામાં આવેલુ. બાયોલોજી વિભાગમાં જે પરીક્ષણ થયેલ તેમાં જે સીલનું વર્ણન લખવુ જોઈએ તે લખેલ નથી. તા. ૧૪–૧૦–૨૦૨૦ ના રોજ મુદ્દામાલ મળેલ અને તા. ૨૬–૧૧–૨૦૨૦ ના રોજ બાયોલોજી વિભાગને મળેલ હતો. રીપોર્ટ તા. ૦૪–૦૧–૨૦૨૧ ના રોજ આપેલ છે. જે મુદ્દામાલ કોર્ટમાં આવેલ તેની ઈન્વેન્ટરી પાછળથી થયેલ અને તેના કાગળો રજુ થયેલ અને તે મુદ્દામાલ રજુ થયેલ હતો તેને અગાઉ બનાવ દિવસે સ્થળ ઉપર જે મુદ્દામાલ કબજે કરેલ હતો તે રીતે ઓળખી બતાવેલ છે. ખરેખર સ્થળ ઉપર જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હતો તે નામદાર કોર્ટમાં રજુ થયેલ જ નથી. આંક – ૬૮ થી ઈન્વેન્ટરી રજુ થયેલ છે. સ્થળ ઉપરથી જે મુદ્દામાલ એ થી કયુ મુજબનો કબજે કર્યો તેના ઉપરની કોઈ પંચસ્લિપો પણ હાલના કામે રજુ થયેલ નથી. આંક – ૬૮ માં કોઈ સ્લીપોનું વર્ણન નથી. ઈન્વેન્ટરીમાં જે નમુના લીધા તે એ–૩ થી કયુ–૩ મુજબના લેવામાં આવેલા. સેમ્પલ વાળો મુદ્દામાલ અને એફ. એસ. એલ. નો મુદ્દામાલ પરીક્ષણ પછી કેમ નાશ કર્યો તે શા માટે નાશ કર્યો તે બાબતે કોઈ આધાર

ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. જેથી સદર કેસ પ્રત્યે શંકા ઉભી થાય છે.

**(૯.૫)** ફરીયાદપક્ષે ગાડીની લોગબુક રજુ કરેલ છે તેમાં વાહનનો સમય દર્શાવેલ છે જે આંક – ૧૨૨ થી રજુ છે તેમાં કોણે ખરી નકલ કરેલ તે જણાવેલ નથી. તેમાં જે મુસાફરીનું સ્થળ અને સમય જણાવેલ છે તે પણ મેચ થતુ નથી. આરોપીઓનો કોવીડ ટેસ્ટ કરાવેલ તે રાત્રે ૦૧–૩૦ કલાકનો છે તે પાલનપુરનો છે અને ગાડી રાત્રે ૨–૦૦ કલાકે એ. ટી. એસ. કચેરી, અમદાવાદ પહોંચેલ તેમ બતાવેલ છે તે પણ શકય નથી. જેથી ખોટી રીતે આરોપીઓને સંડોવી દેવામાં આવેલ હોય તેવી શંકા ઉભી થાય છે. ટોલટેક્ષ પાસે સ્ટાફ અને અનુકુળતા હોય તેમ છતા ત્યાં કાર્યવાહી કરેલ નહી અને ટોલટેક્ષ પસાર કર્યો હોય તેનો કોઇ આધાર રજુ રાખેલ નથી. પાછળથી રજુ કરેલ કાગળો કોણે તૈયાર કર્યા તે બાબતે જાણ નથી તેમ કહે છે જેથી તે દસ્તાવેજો પુરાવાર થતા નથી. બાતમી રીપોર્ટ અધિકારીને મોકલ્યાનું જણાવે છે, પરંતુ તેમને મળેલ હોય તેવો કોઇ આધાર નથી. અનુમાન લાગુ પાડવા માટે પણ ફરીયાદપક્ષે પાયાની હકિકતો પુરવાર કરવી પડે. તેમ જણાવી તેઓએ તેમની ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(E) ક્રિમીનલ જ્યુરીસ્પુડન્સનો મુળભુત સિધ્ધાંત :–

(1) 1993 (0) GLHEL–HC 203053 DHRUVKUMAR NANJIBHAI DAMOR VS. STATE OF GUJARAT 24 to 28

(2) 2017 (0) AIJEL–SC 61756 Gorakh Nath Prasad Versus State Of Bihar, (Para–6) 24 to 28

(F) NDPS ACT ની કલમ–42(1) તથા 42(2) ની આદેશાત્મક જોગવાઈનો ભંગ પુરાવાની તુલના :–

(3) 2026 (0) AIJEL–HC 253103 State Of Gujarat Versus Ganeshbhai Becharbhai Prajapati (PARA–8.14,8.15,8.16,8.18) 29 to 45

(4) 2022 (0) AIJEL–HC 243852 State Of Gujarat

Versus Paramjit @ Kali Himmatsingh Chima (PARA–7,8) 29 to 45

(5) Alias 2005 (0) AIJEL–HC 216076 Navinkumar Shambhuprasad Alias Bapji Chimanlal Vyas Versus State Of Gujarat (PARA–7) 29 to 45

(H) NDPS ACT ની કલમ–35 તથા 54 હેઠળ અનુમાન કરવાના પુરાવા બાબત :–

(6) 2008 (0) AIJEL–SC 41749 Noor Aga Versus State Of Punjab (PARA–84,85,81) 53 to 65

(7) 2011 (0) AIJEL–SC 49639 Bhola Singh Versus State Of Punjab (PARA–7)53 to 65

(8) 2015 (0) AIJEL–SC 56431 Mohan Lal Versus State Of Rajasthan (PARA–8,12,13,14,16)53 to 65

(J) STANDING ORDER NO–1/1988 – 15/03/1988 તથા STANDING ORDER NO–1/1989 તા–13/06/1989 ની જોગવાઈઓનો ભંગ બાબત :–

(9) STANDING ORDER NO–1/1988 74 to 84

(10) STANDING ORDER NO–1/1989 74 to 84

(11) 2006 (0) AIJEL–HC 217099 Sohanlal Kasiram Brahmin and Anr.... Vs. State Of Gujarat Anr... (HEAD NOTE, PARA–28, 30, 31, 32, 33) 74 to 84

(12) 2020 (0) AIJEL–HC 241890 State Of Gujarat Virendrasinh Tomar Vs. Pruthvising 74 to 84 (HEAD NOTE, PARA–16) 74 to 84

(K) NDPS ACT ની કલમ–52(A) ની જોગવાઈનો ભંગ બાબત:–

(13) 2023 (0) AIJEL–SC 72683 YUSUF @ ASIF Vs. STATE (PARA–11,12,13,14,15,16,17) 85 to 95

(14) 2023 LiveLaw (SC) 549 MANGILAL VS. THE STATE OF MADHYA PRADESH (HEAD NOTE) 85 to 95

(15) 2023 LiveLaw (SC) 570 SIMARNJIT SINGH Vs. THE STATE OF PUNJAB (HEAD NOTE) 85 to 95

(16) 2008 (0) AIJEL–SC 41749 Noor Aga Versus State Of Punjab (HEAD NOTE–C,PARA–132,136, 138, 141,145,162) 85 to 95

(17) 2016 (0) AIJEL–SC 57776 UNION OF INDIA Vs. MOHANLAL (HEAD NOTE, PARA–13, 14, 15, 16, 17, 19,20,21) 85 to 95

(M) PROOF OF PANCHANAMA–FIR AND OTHER DOCUMENTS :–

(18) 2013 (0) GLHEI–HC 229638 State Of Gujarat Versus Govindbhai Vershibhai Thakor (PARA–20) 99 to 102

**(૯.૬)** આરોપી નં. ૩ તરફે વિ. ચીફ એલ. એ. ડી. સી. શ્રી પી. પી. ઠાકોરે દલીલ કરતા જણાવેલ છે કે, હાલના કામે આરોપી નં. ૩ સામે કલમ – ૨૯ મુજબનો આક્ષેપ છે. સદર બાબતે સમગ્ર પુરાવો જોવામાં આવેતો આરોપી નં. ૩ કાવતરામાં કોઈ પણ પ્રકારે સામેલ હોય તે બાબતે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. આરોપી નં. ૧ અને ૨ કે જેઓ સ્થળ ઉપરથી પકડાયેલ તેમના પોલીસ રુબરુના કબુલાત સ્વરુપના નિવેદનમાં હાલના આરોપીનું નામ ખુલવા પામેલ છે જેને પુરાવા અધિનિયમની કલમ – ૨૫ નો બાધ નડતો હોય તે પુરાવો ગ્રાહ્ય રાખી શકાય નહી કે તેના આધારે હાલના આરોપીને હાલના ગુનામાં સંડોવી શકાય નહી. બીજો મુદ્દો એવો છે કે, હાલના આરોપીના ઘરેથી આરોપીનો મોબાઈલ કબજે

કરેલ તેની કોલ ડીટેઈલ ઉપર ફરીયાદપક્ષ આધાર રાખે છે. સદર બંન્ને પંચો ફરીગયેલ જાહેર થયેલ છે અને તેઓએ પંચનામાની હકિકતોને સર્મથન કરેલ નથી. સદર મોબાઈલ કોના નામે નોંધાયેલ હતો તે બાબતે પણ કોઈ તપાસ થયેલ નથી. સદર મોબાઈલનું કોઈ એફ. એસ. એલ. પરીક્ષણ કરવામાં આવેલ નથી. એફ. આઈ. આર. જોવામાં આવેતો કોન્ફરન્સથી વાત કર્યાનો આક્ષેપ છે, પરંતુ આરોપી નં. ૩ ની કોલ ડીટેઈલ આંક – ૨૧૪ થી રજુ છે તે વંચાણે લેતા આરોપી નં. ૩ એ નિતીન કે અન્ય આરોપી સાથે કોન્ફરન્સથી વાત કરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી કે આરોપી નિતીનની કોલ ડિટેઈલમાં પણ આરોપી નં. ૩ સાથે વાતચીત થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. કોલ ડિટેઈલની ચેટ, ટ્રાન્સસ્ક્રીપ્ટ કે વોઈસ રેકોર્ડીંગ રજુ થયેલ નથી. જેથી ગુનાહિત કાવતરુ પુરવાર થતુ નથી. હાલના કામે કોલ ડિટેઈલ બાબતે કલમ – ૬૫(બી) નું પ્રમાણપત્ર રજુ થયેલ છે તેનું કોઈ નિવેદન લીધેલ નથી કે તેને તપાસવામાં પણ આવેલ નથી. આ સી. ડી. આર. કોણે અને કઈ તારીખે જનરેટ કરેલ તે બાબતે કોઈ તપાસ કરેલ નથી. આ સી. ડી. આર. જનરેટ કરનારનું નામ કે હોદ્દો અને તેઓ આવી કોલ ડિટેઈલ જનરેટ કરવા અધિકૃત હતા તે પણ પુરવાર થતુ નથી. જેથી સદર પ્રમાણપત્ર પણ પુરવાર થતુ ન હોય તેને પણ ધ્યાને લઈ શકાય નહી. આરોપી નં. ૩ ને અટક કરવાના કારણો પણ જણાવેલ ન હતા જેથી તેઓની જે તે સમયે અટકાયત ગેરકાયદેસર હતી. ફરીયાદપક્ષ જે પુરાવા પર આધાર રાખે છે તે માનવાપાત્ર ન હોય અને ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપી નં. ૩ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે અને તેઓની ઉપરોકત દલીલોના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટી ઉપર તેઓએ આધાર રાખેલ છે.

૧. In The Supreme Court Of India TofanSingh Vs. State of Tamil Nadu Pera No. 155

૨. The High Court of Madhya Pradesh Pramodkumar Seni Vs. The State of Madhya Pradesh

And Others Pera No. 12 And 13

3. High Court Jammu & Kashmir And Ladakh Vs. Sareed Ahmed Ganie Vs. UOI and anr. Pera No. 14 And 15

**(૯.૭)** આરોપી નં. ૪ અને આરોપી નં. ૫ તરફે વિ. વ. શ્રી એ. એ. બિહારીએ આંક – ૨૫૪ થી વિગતવાર લેખીત દલીલો રજુ રાખેલ છે જે અક્ષરસઃહ વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ તે આંક સ્વરુપે રેકર્ડ ઉપર હોય તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી અને તેની આગળ યથાયોગ્ય ચર્ચા કરવામાં આવેલ છે.

**(૯.૮)** આરોપી નં. ૪ અને ૫ તરફે વિ. વ. શ્રી એ. એ. બિંહારીએ ઉપરોકત આરોપી ન . ૩ તરફે કબુલાત સ્વરુપના નિવેદન બાબતે જે દલીલો કરેલ છે તે એડોપ્ટ કરે છે. વધુમાં દલીલ કરેલ છે કે, હાલના કામે ત. ક. અધિકારીની જુબાની આંક – ૧૪૯ ના પેરા નં. (૧૮) થી (૨૧) જોવામાં આવેતો ગગનદિપસિંહ ઓપરેટર તથા મંડી સુપરવાઈઝર પાસેથી સીસી ટીવી કુટેજ ચેક કરવામાં આવેલ અને તેઓનું નિવેદન લેવામાં આવેલ પણ સમગ્ર રેકર્ડ જોતા તેવા કોઈ સીસી ટીવી કુટેજ હાલના કામે રજુ થયેલ નથી. સદર ગગનદિપસિંહ અને સેક્રેટરી રવીશેર ઈન્દ્રશેરને સાહેદ તરીકે દર્શાવેલ નથી કે તપાસેલ પણ નથી. આરોપી નં. ૪ આરીફ અહેમદ શેખ સામે ફરીયાદપક્ષના કેસ મુજબ તેઓ જમ્મુ કાશ્મીર થી લુધીયાણા સુધી ટ્રક નં. જે કે ૦૩ બી ૮૪૫૨ માં લુધીયાણા સુધી હાલના આરોપી નં. ૧ અને ૨ ને મુદ્દામાલ પહોંચાડયાનો આક્ષેપ છે, પરંતુ તે ટ્રકના માલીકનું નિવેદન પણ લીધેલ નથી. સદર ટ્રકની માલિકી અને કબજા બાબતે કોઈ પુરાવો રજુ થયેલ ન હોય હાલના આરોપી નં. ૪ સદર ટ્રક સાથે કેવી રીતે સંડોવાયેલ હતા તે પણ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જમ્મુ મંડીના સેક્રેટરી રવિશેર ઈન્દ્રશેરની પાસેથી ગેટ રજીસ્ટરનો ઉતારો લીધેલ તે પણ હાલના કામે રજુ થયેલ નથી. આમ, ફરીયાદપક્ષના કેસની હકિકતો અને આક્ષેપો મુજબનો કેસ પુરવાર થતો નથી. વધુમાં ત. ક. અધિકારીની સરતપાસના પેરા નં.

(૨૦) માં અજયકુમાર દેવીદયાલજી શીખની પુછપરછમાં હાલના આરોપી નં. ૪ સદર ટ્રકના ડ્રાઈવર હોવાનું જણાવેલ છે અને તેમને સાહેદ તરીકે દર્શાવેલ છે, પરંતુ તેમને સાહેદ તરીકે તપાસેલ નથી જેથી ફરીયાદપક્ષના કેસની વિરુધ્ધ અનુમાન કરવાને પાત્ર થાય.

(૯.૯) વધુમાં દલીલ કરેલ છે કે સદર કામની વધુ તપાસ પો. ઈન્સ. શ્રી ડી. આર. ગઢવીનાઓએ કરેલ અને તેઓએ આંક – ૧૩૯ નું પંચનામું કરેલ છે અને એક મોબાઈલ રીકવર કરવામાં આવે છે તેમાં આંક – ૧૯૯ થી ૨૦૫ ના દસ્તાવેજો મળે છે. સદર મોબાઈલ કોના નામે હતો તેવો કોઈ આધાર પુરાવો મેળવેલ ન હોવાનું ત. ક. અધિકારી ઉલટ તપાસમાં કબુલ કરે છે. સદર દસ્તાવેજો આ જ મોબાઈલમાંથી કબજે કરેલ હતા તે બાબતનો કોઈ પુરાવો કે એફ. એસ. એલ. રીપોર્ટ પણ રજુ થયેલ નથી. આ ખાતુ દલીલ ખાતર આરોપી નં. ૪ નું હોવાનું માની લેવામાં આવે તો પણ તેમાં કોઈ નાણાંકીય વ્યવહાર થયેલ હોય તેનો ઉતારો કે બેંકના અધિકારીને તપાસેલ નથી. કલમ – ૬૫(બી) નું પ્રમાણપત્ર પણ રજુ થયેલ નથી. પંચનામું આંક – ૧૩૯ જોતા તેમાં મોબાઈલ સીવાય અન્ય કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી અને પંચસાહેદોએ પણ પંચનામાની હકિકતોને સર્મથન કરેલ નથી. સદર દસ્તાવેજોનું કોઈ સીઝર લીસ્ટર બનાવેલ નથી કે પંચનામા સમયે દસ્તાવજો કબજે કરેલ હોય તે બાબતે તેઓની કે પંચોની સહિઓ લીધેલ નથી. જેથી સદર દસ્તાવેજો કઈ રીતે કબજે લેવામાં આવેલ અને તે હાલના આરોપી નં. ૪ સાથે કઈ રીતે સબંધિત છે તે બાબતનો કોઈ આધાર કે પુરાવો રજુ થયેલ નથી. સદર પંચસાહેદનું પંચનામામાં નામ અને જુબાનીમાં નામમાં તફાવત છે. આમ, સમગ્રપણે જોતા સદર પૈકી કોઈ પણ દસ્તાવેજો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી કે સદર દસ્તાવેજો હાલના આરોપી નં. ૪ ને કેવી રીતે સબંધીત છે તે પણ પુરવાર થતુ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ કોલ ડિટેઈલ આંક – ૨૧૭ અને આંક – ૨૧૮ પર આધાર રાખે છે. સદર કોલ ડિટેઈલ કયાંથી આવી તેના કોઈ કંપનીના સહિ કે સિક્કા નથી. સદર બાબતે કોઈ કલમ – ૬૫(બી) નું પ્રમાણપત્ર પણ રજુ થયેલ નથી. મૌખીક પુરાવો

આપવાથી ઈલેકટ્રોનીક પુરાવો ગ્રાહ્ય રાખી શકાય નહી. જેથી સદર દસ્તાવેજોને પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહી.

**(૯.૧૦)** વધુમાં કાવતરા બાબતે દલીલ કરેલ છે કે, કાવતરા બાબતે સ્પષ્ટ કે લીંક કરતો પુરાવો રજુ રાખી પુરવાર કરવુ પડે. આરોપી નં. ૪ સદર ટ્રકની સાથે કેવી રીતે સંડોવાયેલ છે અને તેઓ સદર ટ્રક લઈને જમ્મુ થી લુધીયાણા ગયેલ હોય અને આરોપી નં. ૧ અને ૨ ને મુદ્દામાલ સોંપેલ હોય તેવુ કાવતરુ પણ પુરવાર થતુ ન હોય એક માત્ર કબુલાત સ્વરુપના નિવેદન આધારે આરોપી નં. ૪ ને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

**(૯.૧૧)** આરોપી નં. ૫ બાબતે દલીલ કરતા જણાવેલ છે કે, તેઓ સામેનો આક્ષેપ જોવામાં આવેતો આરોપી નં. ૩ ઈમરાનના ભાગીદાર હોવાનો આક્ષેપ છે, પંરતુ તેવો કોઈ પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ નથી. હાલના આરોપીની કોલ ડિટેઈલ આંક – ૨૧૬ થી રજુ છે તેમાં પણ કોઈ અધિકૃત અધિકારીના સિકકા નથી. સદર મોબાઈલ નંબરના ધારણકર્તા હાલના આરોપી હોય તે બાબતે કસ્ટમર એપ્લી. ફોર્મ પણ તપાસના કામે મેળવેલ નથી. કલમ – ૬૫(બી) નું પ્રમાણપત્ર પણ મેળવવામાં આવેલ નથી. સદર કોલ ડિટેઈલ તા. ૨૮–૧૦–૨૦૨૦ ના રોજ જનરેટ થયેલ છે. સદર બાબતે ત. ક. અધિકારી આંક – ૧૪૯ ની ઉલટ તપાસ પેરા નં. (૧૦૧) જોતા આ તમામ દસ્તાવેજો મારી તપાસ દરમ્યાન જનરેટ થયેલ છે, પરંતુ તે બાબતે કોઈ પુરાવો સદર ત. ક. અધિકારી ઝાલા સાહેબ આપતા નથી. જેથી આંક – ૨૧૬ પર આધાર રાખી શકાય નહી. વધુમાં આરોપીને અટક કરતા સમયે જે દસ્તાવેજો છે તે જોતા પણ તેઓ હાલના ગુના સાથે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલ હોય તેવી કોઈ હકિકત જણાઈ આવતી નથી. આમ, સમગ્રપણે જોતા આંક – ૨૧૬ સીવાય આરોપી નં. ૫ અબ્દુલ કયુમ સામે કોઈ પુરાવો નથી અને તે પણ ફરીયાદપક્ષ માનવા લાયક રીતે પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપી નં. ૪ અને ૫ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે અને તેઓની ઉપરોકત દલીલોના સમર્થનમાં તેઓએ

તેમની લેખિત દલીલોમાં જણાવ્યા મુજબના ચૂકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. 2021 (4) SCC-1
Toofansingh v/s State of Tamilnadu.
Para 52

૨. Tomasobruno & anr. v/s Stat of U.P.

૩. Rajesh & anr. v/s Stat of U.P.

૪. Crminal appeal no......./26
SLP (Cri) 1977/26
pooranmal v/s. The v/s Stat of U.P.

૫. 2017(2) Crimes Page-94 Guj.High Court
2024 INSC 619
Ajaykumar Gupta v/s. Union of India
(S.C)

**(૧૦)** ઉપરોકત સંજોગોમાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, સવાલ વાળો કોન્ટ્રાબેન્ડ નાર્કોટિક ડ્રગ હતો ? જો હા તો, સીઝ કરેલ નાર્કોટિક ડ્રગની કવોન્ટીટી શું હતી ?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ બાબત પુરવાર કરે છે કે, તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ ૧૩-૨૦ વાગ્યાના સુમારે પોલીસ કર્મચારીઓ, પંચો તથા રેડિંગ પાર્ટીના અધિકારીઓ આબુરોડ ઉપર આવેલ ટોલટેક્ષના નાકા પહેલાં જમણી તરફ વળી હોટલ મહાકાલ આગળ વોચમાં હતા તે દરમ્યાન મારૂતી વેગનઆર કાર નં. એમએચ. ૦૪. એચએન. ૫૦૭૧ માં આરોપી નં. ૧ ફહીમ

સ/ઓ અઝીમ બેગ કાર ચાલક તથા તેની બાજુની સીટમાં બેઠલ આરોપી નં. ૨ સમીર સ/ઓ અહેમદ શેખ નાઓ વગર પાસ પરમીટનો ગે.કા. નો માદક પદાર્થ ચરસ ૧૬.૭૫૩ કિ.ગ્રા. કિં. રૂા. ૧,૦૦,૫૧,૮૦૦/– નો રાખી પસાર થતાં રેઈડ દરમ્યાન મળી આવતાં, કારમાં માદક પદાર્થ ચરસનો જથ્થો ભરી લાવવા બદલ પાર–પરમીટ માંગતા ન હોવાનું જણાવતાં આરોપીઓ સામે જરૂરી કાર્યવાહી કરી આરોપીઓને અટક કરી આગળની તપાસ દરમ્યાન આરોપી નં. ૩ ઈમરાન ઉર્ફે ઈમો સ/ઓ સલીમભાઈ મલેક તથા આરોપી નં. ૫ અબ્દુલ કયુમ ઉર્ફે નટો ઉર્ફે મુનાવર સ/ઓ અકબરભાઈ શેખ તથા અન્ય નાસતા ફરતા આરોપી નીતીન શિવજી નાઓએ ચરસ લેવા લુધિયાણા ખાતે આરોપી નં. ૧, ૨ નાઓને મોકલી આપી મુદ્દામાલ ચરસનો જથ્થો મંગાવેલ હોય જે મુદ્દામાલ ચરસનો જથ્થો લુધીયાણા (પંજાબ) સબજી મંડી ખાતે તા. ૧૧/૧૦/૨૦૨૦ ના રોજ આરોપી નં. ૫ આરીફ અહેમદ ઉર્ફે મુખત્યાર આરીફ સ/ઓ અબ્દુલમજીદ ગુલામમહંમદ લોન વાળાએ આપી, તમામ આરોપીઓ એકબીજાથી મોબાઈલ સંપર્કમાં રહી પોતાના આર્થિક ફાયદા સારૂ આંતરરાજય હેરાફેરી કરતાં પકડાઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી ધી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨) (સી) તથા ૨૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું હુકમ ?

**(૧૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં, કોમર્શીયલ કવોન્ટીટી.

૨. અંશતઃહકારમાં (માત્ર આરોપી નં. ૨ પુરતો હકારમાં
(આરોપી નં. ૩ થી ૫ પુરતો નકારમાં)

૩. આખરી હુકમ મુજબ.

**:- કા ર ણો - :**

**(૧૧)** અત્રે નોંધવુ આવશ્યક જણાય છે કે, આ પ્રકરણમાં ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનો સંપૂર્ણપણે અભ્યાસ કરવામાં આવેલ છે. બચાવપક્ષના વિ. વકીલશ્રીઓની દલીલોને આ અદાલત દ્વારા સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવેલ છે. કોઇ પણ ફોજદારી પ્રકરણમાં આપણા દેશમાં ચાલતી ન્યાય પ્રણાલી મુજબ, ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે એટલે કે, આરોપી વિરૂધ્ધાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર છે, સિવાય કે, આરોપી પક્ષ ધ્વારા કોઈ ચોકકસ પ્રકારનો બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ હોય અગર તો ખાસ કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબ પુરાવાનો બોજો બચાવપક્ષ ઉપર નાંખવામાં આવેલ હોય. એટલું જ નહીં, ફોજદારી પ્રકરણમાં જ્યારે બે વ્યુ શક્ય બનતા હોય, ત્યારે આરોપીની તરફેણમાં વ્યુ લેવાનો હોય છે. સાથે સાથે એ નોંધવું પણ જરૂરી છે કે, શંકા એટલે સુદ્રઢ અને સ્વસ્થ મન વિચારે તેવી શંકા. માત્ર સામાન્ય વિરોધાભાષ, તપાસ એજન્સીની ખામી, ફરીયાદ દાખલ થવામાં થયેલ યોગ્ય વિલંબ, આવા ક્ષુલ્લક કારણો ફરીયાદ પક્ષના સાતત્યસભર પુરાવાને અસરકર્તા નિવડતા નથી. આવા મૂળભૂત સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં આ પ્રકરણમાં રજૂ થયેલ પુરાવા, બચાવપક્ષ તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ તાર્કીક અને ભારપૂર્વકની મૌખિક દલીલોની જરૂર જણાયે યોગ્ય જગ્યાએ ચર્ચા કરવામાં આવી છે.

**મુદ્દા નંબર ૧ :-**

**(૧૨)** ફરીયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધ એન. ડી. પી. એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨)(સી) તથા ૨૯ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે. જેથી સૌ પ્રથમ આરોપીઓના કબજામાંથી મળી આવેલ પદાર્થ નાર્કોટીક ડ્રગ અથવા તો સાઈકોટ્રોપીક સબસેન્ટસ હોવો જોઈએ. ધી એન.

ડી. પી. એસ. એકટની કલમ – 2(iii)(a) માં કેનાબીસની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

2(iii)(a) મુજબ "Cannabis (hemp)" "Cannabis (hemp) means—

(a) charas, that is, the separated resin, in whatever form, whether crude or purified, obtained from the cannabis plant and also includes concentrated preparation and resin known as hashish oil or liquid hashish;"

આમ, ચરસ એટલે ગાંજાના છોડમાંથી કોઈ પણ સ્વરુપે અલગ કરવામાં આવેલ રેઝીન તેમાં કાચુ કે શુધ્ધ સ્વરુપે મળતુ રેઝીન તેમજ તેમાંથી તૈયાર કરાયેલ હેશીશ ઓઈલ અથવા તો લીકવીડ હેશીશનો પણ સમાવેશ થાય છે.

**(૧૩)** હાલના કેસમાં કબજે લેવાયેલ માદક પદાર્થને એફ. એસ. એલ. પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે આંક–૨૧૧ થી એફ. એસ. એલ. રિપોર્ટ રજૂ કરેલ છે. આંક–૨૧૧ વંચાણે લેતાં ભૌતિક પરીક્ષણ, રાસાયણીક, ઉપકરણીય તેમજ બોટાનીકલ પૃથ્થકરણના અહેવાલ આધારે મોકલાવેલ નમુનાનો પદાર્થ એન. ડી. પી. એસ. માં વ્યાખ્યાહિત ''**ચરસ**'' હોવાનું શોધાયેલ હોવાનો અભિપ્રાય આપવામાં આવેલ છે. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ હાલના કામે કબજે કરવામાં આવેલ માદક પદાર્થ સદર કાયદાની કલમ– 2(iii)(a) માં આપવામાં આવેલ વ્યાખ્યા મુજબનું ચરસ હોવાનું પુરવાર થાય છે.

**(૧૪)** ફરીયાદ પક્ષના કેસ મુજબ હાલના કેસમાં કબજે લેવાયેલ ગે. કા. નો માદક પદાર્થ ચરસનું વજન ૧૬.૭૫૩ કિ.ગ્રા. નો જથ્થો કબજે

લેવાયેલ છે. ધી એન. ડી. પી. એસ. એકટની જોગવાઈઓ મુજબ કબજે લેવાયેલ આ ચરસના જથ્થાની કવોન્ટીટી સ્મોલ કવોન્ટીટી છે કે ઈન્ટરમીડીયેટ કવોન્ટીટી છે કે કોર્મશીયલ કવોન્ટીટી છે તે નક્કી કરવા માટે સેન્ટ્રલ ગવર્નમેન્ટના મીનીસ્ટ્રી ઓફ ફાયનાન્સ, ડીપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ નોટીફીકેશન નં. એસ. ઓ. ૧૦૫૫(ઈ) તા. ૧૯/૧૦/૨૦૦૧ ચરસની સ્મોલ કવોન્ટીટી ૧૦૦ ગ્રામ અને કોર્મશીયલ કોન્ટીટી ૧– કિલો ગ્રામ અથવા તેથી વધારે દર્શાવેલ છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ કબજે લેવાયેલ ચરસનો જથ્થો ૧૬.૭૫૩ કિલો ગ્રામ હોય જે કોર્મશીયલ કવોન્ટીટી હોય એન. ડી. પી. એસ. એકટની ૨૦(બી)(૨)(સી) લાગુ પડતી હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ '' હકારમાં, કોમર્શીયલ કવોન્ટીટી " એ રીતે ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર ૨ :–**

**<u>પુરાવાના મુલ્યાંકન માટેના સામાન્ય સીધ્ધાંતોઃ–</u>**

**(૧૫)** ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધ નો ગુનો જયાં સુધી નિ:શંક પણેપુરવાર ન થાય ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વીટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મૂલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોક્કસ માર્ગદર્શિકા નથી, પરંતુ દરેક કેસની હકીકત અને સંજોગોના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૫.૧) નામદાર સુપ્રિમ કોર્ટે લાલબહાદુર વિ. સ્ટેટ (એન.સી.ટી.) દિલ્હી, ૨૦૧૩ (૪) એસ.સી.સી. પાન નં. ૫૫૭ તેમજ ભરવાડા ભોગીન ભાઈ હિરજીભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૧૯૮૩ (૩) એસ.સી.સી. પાન નં.૨૧૭** વાળા ચુકાદાથી પુરાવાના મૂલ્યાંકન સંબંધેના પ્રતિ પાદિત કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે, જે મુજબ પુરાવાનું મૂલ્યાંકન કરતી

વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજિક મોભો, સામાજિક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબત ધ્યાને લઈ તેના પુરાવાનું મૂલ્યાંકન કરવાનું હોય છે. કારણ કે, દરેક સાહેદની યાદદાસ્ત અને બનાવ સંદર્ભે નિરિક્ષણ કરવાની ક્ષમતા અલગ અલગ હોય છે. તેથી સાહેદ ટેપ રેકોર્ડરની જેમ તમામ વખતે એક જ પ્રકારના ઉચ્ચારણો કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. મોટાભાગે, શબ્દસઃહ પુન: ઉચ્ચારણ કોઈ સાહેદ કે વ્યકિત ધ્વારા સમયાંતરે કરવું મુશ્કેલ હોય છે. જેથી કયારેક સામાન્ય વિરોધાભાસ પુરાવામાં મળતો હોય છે, પરંતુ આ વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતાં ન હોય તો તે ફરીયાદપક્ષના કેસને ઘાતક બનતા નથી, અને આવા સામાન્ય વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે. પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતાં હોય ત્યારે અદાલતે ધ્યાને લેવાના હોય છે. તેમજ ક્રિમિનલ ટ્રાયલમાં અદાલતે માત્ર આરોપીનું જ હિત જોવાનું નથી પરંતુ, ગુનામાં ભોગબનનાર અને સમાજનું હિત તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબત પણ ધ્યાને લેવાની હોય છે. માત્ર નિર્દોષ માણસને ગુનેગાર ઠરાવી શકાય નહીં તેવા સંજાગો ધ્યાને રાખવા ઉપરાંત અદાલતે ફોજદારી ટ્રાયલ વખતે એ બાબત પણ ધ્યાને લેવી જોઈએ કે, દોષીત માણસ ગુનામાંથી છટકી ના જાય. આમ, નિર્દોષ વ્યકિત દોષીત ના ઠરે, સાથે સાથે દોષી વ્યકિત ને પણ લાભ ન મળે તે જોવાની અદાલતની ફરજ છે. ઉપરોકત સિધ્ધાંત **નામદાર સુપ્રિમ કોર્ટે અંબીકા પ્રસાદ વિ. સ્ટેટ (દિલ્હી) રીપોર્ટેડ ઈન ૨૦૦૦ (એસ. સી. સી.), પાન નં. ૬૪૬** થી પ્રતિપાદિત કરેલ છે.

**(૧૫.૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે વિશ્વસનીય અને નિ:શંક પુરાવા રજૂ કરવાના રહે છે. અદાલતને સાક્ષીઓની સંખ્યા સાથે નિસ્બત નથી, પરંતુ ગુણવત્તાયુકત પુરાવા ધ્યાને લેવાના રહે છે. જયારે રજૂ થયેલ પુરાવા યોગ્ય અને વિશ્વસનીય જણાતાં હોય અને તે આરોપીના દોષ તરફ નિર્દેશ કરતાં હોય ત્યારે પ્રોસીકયુશનના પુરાવા સ્વીકારી, આરોપીને દોષી ઠરાવી શકાય છે. જ્યારે નિ:શંક પુરાવો ફરીયાદપક્ષ તરફથી રજૂ થયેલ ન હોય ત્યારે તેમજ રજૂ થયેલ પુરાવા માંથી બે પ્રકારની સંભાવના ઉદભવતી

હોય, તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર બને છે. આ તમામ બાબતો ધ્યાને લઈ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે, અને તે મુજબ આ કામે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લઈને કરવામાં આવેલ છે.

**(૧૫.૩)** વિશેષમાં, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવા લાયક, વિશ્વસનીય અને શંકા રહિત રીતે પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરીયાદપક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહી, તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ધ્યાનમાં લેવો જોઈએ. સાથેસાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરી ગયેલા સાક્ષીના પુરાવાની અવગણના કરી શકાય નહીં. પક્ષકારો તેમને અનુકૂળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજૂ કરી શકે છે, પરંતુ કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવુ જરૂરી છે.

**(૧૬)** હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામાં પ્રમાણેનો ગુનો પુરવાર કરવા સારુ ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોનો મૌખીક પુરાવો જોવામાં આવેતો નીચે મુજબ છે.

**(૧૭)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક. ૨૯ થી સાહેદ નં. ૧ તરીકે પંચ નરેશભાઇ ચેલાભાઇ કોરોટને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૧૭.૧)** હું તા. ૧૩–૧૦–૨૦ ના રોજ તાલુકા પંચાયત પાલનપુર ખાતે નાયબ હીસાબનીશ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે અમારી ઓફીસમાં વિસ્તરણ અધિકારી તરીકે મુળચંદભાઈ ભીખાભાઈ પરમાર ફરજ બજાવતા હતા અને તે દિવસે અમે બંને અમારી ફરજ ઉપર હાજર હતા. તે દરમ્યાન અમારા તાલુકા વિકાસ અધિ. શ્રીએ અમોને કહેલ કે પોલીસ

ઈન્સપે. શ્રી સી.આર.જાદવની સાથે રેઈડમાં પંચ તરીકે સાથે જવા જણાવેલ અને તે વખતે જાદવ સાહેબે જણાવલે કે તેમની પાસે ચોક્કસ બાતમી હકીકત છે કે માહીમ મુંબઈના ફહીમબેગ તથા સમીર નામના માણસો તેઓના કબજાની મેટાલીક ડાર્ક ચોકલેટ કલરની મારુતિ વેગેનાર ગાડી નં. MHO4 HN 5071 નંબરની ગાડીમાં વગર પાસ પરમીટે બીન કાયદેસર માદક પદાર્થ ચરસનો જથ્થો લઈ આબુરોડ તરફથી પાલનપુર હાઈવે થઈ બાર કલાકથી પાંચ વાગે જનાર છે. જે બાતમી હકીકત વાળી વાહનની તલાસી અને અંગ ઝડતી અને તપાસ કરવા સારુ પંચમાં રહેવા જણાવતા અમે સહ ખુશી બતાવી અને પંચ તરીકે હાજર રહેલા.

**(૧૭.૨)** ત્યારબાદ ગુજરાત રાજ્ય એ.ટી.એસના પી.આઈ. સી.આર. જાદવ સાહેબે તેઓની ઓળખ એ.ટી.એસ. ગુજરાત રાજ્ય અમદાવાદની આપી તેઓની સાથે એમ.એસ.ત્રિવેદી પો.સ.ઈ. વી.વી.ભોલા પો.સ.ઈ અને હિતેન્દ્ર રત્નાભાઈ દત્ત પો.કો.ની ઓળખ આપી પાલનપુર એસ.ઓ.જી. ના એ.એસ.આઈ. કાન્તીલાલ મગનલાલ, એ.એસ.આઈ. સિકન્દરખાન તથા પો.કો. ઘેમરભાઈની ઓળખ આપી અમોએ એકબીજાની અંગ જડતી અને તપાસ કરતા કોઈ વાંધા જનક ચીજવસ્તુ મળી આવી નહી. કચેરીના કંમ્પાઉન્ડમાં બે સરકારી વાહનો પડેલ હતા જી.જે ૦૧– ૦૪૮૭ ના ડ્રાઈવરનું નામઠામ પુછતા સંજયભાઈ ચાવડા હોવાનુ જણાઈ આવેલ. બીજુ વાહન જી.જે. ૧૮ – ૦૭૩૪ એ ડ્રાઈવરનું નામઠામ પુછતા તેઓએ દલજીભાઈ પો.કો. હોવાનુ જણાવેલ. બંને વાહનો અને ડ્રાઈવરોની અરસ પરસ અંગજડતી કરતા કોઈ વાંધા જનક ચીજવસ્તુ મળી આવેલ નહી. ત્યારબાદ અમો જીજે ૦૧–૦૪૮૭ માં ડ્રાઈવર સીટની બાજુમાં પો.સ.ઈ. ત્રિવેદી સાહેબ બેઠા, પાછલી સીટમાં સી.આર.જાદવ સાહેબ અને બાજુમાં અમે બંને પંચો જેમા હું તથા મુળચંદભાઈ ભીખાભાઈ બેઠા પાછલી સીટમાં વી.વી.ભોલા સાહેબ અને દત્ત સાહેબ બેઠા. જ્યારે જી.જે.૧૮–૦૭૩૪ વાળી ગાડીમાં આગળની સીટમાં પો.કો. દલજીભાઈ બેઠા અને પાછળની સીટમાં એ.એસ.આઈ. કાન્તીભાઈ અને સિકન્દરખાન બેઠા અને રેઈડ વાળી જગ્યાએ

જવા ૧૧/૩૦ કલાકે રવાના થયા અને તે મુજબનુ પ્રથમભાગનુ પંચનામુ અમારી હાજરીમાં જાદવ સાહેબની રૂબરૂમાં પુર્ણ કરેલુ મને નિશાની ૭/૪ નુ પ્રાથમિક ભાગનું પંચનામું બતાવાય છે. જેમાં પંચનં. ૧ તરીકે મુળચંદભાઈ ભીખાભાઈની સહી છે તથા પંચ નં. ૨ તરીકે મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છુ.

**(૧૭.૩)** પછી ત્યાંથી અમારા બંને વાહનો બાતમી વાળી જગ્યા ઉપર જવા રવાના થયા. આર.ટી.ઓ. ચેક પોસ્ટથી ટોલ નાકાથી આગળની તરફ જમણી તરફ વળી હોટલ મહાકાલ આગળ પાલનપુરના મોઢે બંને વાહનો ઉભા રાખવામાં આવ્યા. ત્યાંથી રેઈડના માણસો અને અમે બધા નીચે ઉતરી ગયા અને બંને ડ્રાઈવરોને ડ્રાઈવર સીટ ઉપર એલર્ટ રહેવા જાદવ સાહેબે સૂચના આપી. હોટલથી થોડે આગળ રોડ ઉપર અમો બંને પંચો અને રેઈડ પાર્ટીના માણસો ગોઠવાઈ ગયા ત્યારબાદ ૧૩/૨૦ કલાકે આબુરોડ તરફથી વિગતવર્ણનવાળી ગાડી આવતી દેખાતા રેઈડ પાર્ટીના માણસોએ લાકડીઓના ઈશારે સદરહુ ગાડીને રોડની સાઈડમાં ઉભી રખાવી. સી.આર.જાદવ સાહેબે ગાડીની ચાવી કાઢી લીધી જે ગાડી મારુતી વેગેનાર કાર નં. એમ.એચ. ૦૪–એચ.એન. ૫૦૭૧ વાળી હતી. ગાડીમા જોતા ડ્રાઈવર સીટ પર એક ઈસમ હાજર હતો અને તેની બાજુની સીટ ઉપર એક વ્યક્તિ હાજર હતો. જાદવ સાહેબે તેઓની ઓળખ સી.આર.જાદવ એ.ટી. એસ. ગુજરાત રાજ્ય અમાદાવાદની આપી સાથે રેઈડ પાર્ટીના માણસોની અને અમો બંને પંચોની ઓળખ આપી અને બંનેને કારમાંથી નીચે ઉતારી તેઓનું નામઠામ પુછતા ડ્રાઈવરે પોતાનું નામ ફહીમબેગ ઉ.વ.૩૧ હોવાનુ જણાયુ અને બીજા વ્યક્તિનુ નામઠામ પુછતા સમીરશેખ ઉ.વ.૨૭ હોવાનું જણાવ્યુ. પછી બંનેને સી.આર.જાદવ સાહેબે હીન્દી ભાષામાં કહ્યું કે અમારી પાસે ચોક્કસ બાતમી હકીકત છે કે તમો તમારા કબજાની મારુતી વેગેનાર ગાડીમાં વગર પાસ પરમીટનો બિન કાયદેસર માદક પદાર્થ ચરસનો જથ્થો રાખેલો છે. જેની અંગજડતી અને તપાસ કરવાની હોય અમો ગેઝેટેડ કક્ષાના અમલદાર છીએ તેમ છતાં તમો જો કોઈ ગેઝેટેડ કક્ષાના અમલદાર કે મેજી.ને

સાથે રાખી જડતી તપાસ કરાવવા માંગતા હોવ તો કરાવી શકો છો અને તે તમારો કાનુની અધિકાર છે. આ સાંભળી બંને વ્યક્તિએ કહ્યું કે અમારે કોઈ અન્ય વ્યક્તિને હાજર રાખવા નથી અને તમો ગેઝેટેડ કક્ષાના અમલદાર હોય ગાડીની અને અમારી અંગજડતી અને તપાસ કરી શકો છો. ત્યારબાદ NDPS ACT−50 મુજબની નોટીસ પ્રસિધ્ધ કરી બંને વ્યક્તિઓને નામજોગ નોટીસ આપી તેમા અમો બંને પંચો અને જાદવ સાહેબની સહીઓ કરેલ હતી અને સ્થળપ્રતો ઉપર તે બંનેની સહીઓ લીધેલી હતી. ત્યાર બાદ NDPS−42 મુજબનો ઠરાવ બે નકલમાં લખી તેના ઉપર પણ અમો બંને પંચો અને શ્રી જાદવ સાહેબની સહીઓ વાળી એક નકલ ફહીમબેગ તથા સમીરને આપી સ્થળ પ્રત પર તેઓની સહીઓ લીધેલી હતી. ત્યારબાદ હીન્દી ભાષામાં બંનેને અંગજડતી માટે સમજ કરી સમજપત્ર ઉપર પણ અમો બંને પંચો અને સી.આર જાદવ સાહેબની સહીઓ કરેલી હતી અને તેની એક નકલ તેઓને આપી સ્થળપ્રત ઉપર તેમની સહીઓ લીધેલ હતી.

**(૧૭.૪)** સ્થળપ્રત ઉપર તેમની સહીઓ લીધા બાદ ફહીમ તથા સમીરને સાથે રાખી તેઓના કબજાની કાર નં. MH04 HN5071 ની જડતી કરતા પાછલી સીટ ઉપર સફેદ મીણીયાનો થેલો પડેલ હતો. જેની ઉપર અંગ્રેજીમાં ન્યુટ્રીકીંગ સો ટકા વેજીટેરિયન સોયા ચંકસબરી નેટ ૨૦ કે.જી. વિગેરે અંદર લખેલ છે તેની નીચે મા અંબે એન્ટરપ્રાઈસ ક્રાન્તીકીપલાની નગર રજીસ્ટ્રેડ ઓફીસ નં. ૧૧૧ અન્નપુર્ણા રોડ વિગેરે લખેલુ હતુ. થેલાની બીજી સાઈડે કાળી માર્કર પેનથી હાથવાળી દા.૧ ગુજરાત સત્યનારાયણ બાલક્રિષ્ણ અમીરગઢ લખેલુ હતુ. સદર થેલાનુ મોઢિયુ ખોલી જોતાં સફેદ તેમજ ખાખી સેલોટેપ વીંટાળેલા પડીકા નં. ૧૭ મળી આવેલ. તે પૈકી એક પડીકુ ખોલી જોતા હીન્દીભાષાના ન્યુઝ પેપરમાં પ્લાસ્ટિકની પાર્દર્શક કોથળીમાં સહેજ લીલાશ પડતા કાળા જેવા રંગના પોચા દબાવી શકાય તેવા પદાર્થના ટુકડાઓ મળી આવેલ. આ ટુકડાઓ પૈકી થોડો પદાર્થ લઈ અમો પંચો તેમજ જાદવ સાહેબ સુંઘી જોતા તેમાંથી વિશિષ્ટ પ્રકારની લાક્ષણિક વાંસ આવતી હતી. આ પદાર્થના ટુકડાઓ બાબતે ફહીમ તથા સમીરને પુછતા

આ પદાર્થ ચરસ હોવાનુ જણાવેલ હતુ. બાકીના પડીકાઓમાં પણ આજ પ્રકારનો ચરસનો જથ્થો હોવાનુ જણાવેલ હતુ. આ બાબતે શ્રી જાદવ સાહેબે આ પદાર્થ પોતાની ગાડીમાં લઈ આવવા બદલ હીન્દી ભાષામાં આ બે ઈસમો પાસેથી પાસ પરમીટ માંગતા તેમની પાસે કોઈ પાસ પરમીટ ન હોવાનુ જણાવેલ હતુ. આ પદાર્થની પ્રાથમિક તપાસણી કરવા સારુ FSL અધિકારી શ્રીઓને સ્થળ ઉપર મોકલી આપવા સારુ જાદવ સાહેબના મોબાઈલ નંબર ઉપરથી પાલનપુરના કંટ્રોલ રૂમના નં. ૦૨૭૪૨ ૨૫૨૬૦૦ ઉપર ASI શ્રી પેથાભાઈને વર્ધી લખાવી અને પોલીસ કો. ઘેમરભાઈ તેઓના સરકારી વાહન નંબર GJ18 734 માં બેસાડી વજન કાંટાવાળા ઈસમને લઈ આવવા સમજ કરી રવાના કર્યા. ત્યારબાદ ગાડીની પાછલી સીટ ઉપર જોતા પ્રેસ કાશ્મીર એપલ લખેલ કાગળના પુંઠાના બોક્સમાં સુકા ઘાસ ઉપર અંદાજે એકાદ કીલો નાના સફરજન મુકેલા હતા. સદર સફરજન લાંબો સમય રહે તો બગડી જાય તેમ હોઈ તેથી અમો પંચોની હાજરીમાં સફરજન અને પુંઠાના બોક્સનો નાશ કરેલ હતો. ગાડીની પાછલી સીટ ઉપર ત્રણ ચેન વાળા થેલા પડેલા હતા. તે પૈકી કાળી લાઈનીંગ વાળા થેલામાંથી બે લોઅર અને એક ગોલ ગળાની આસમાની ટી-શર્ટ મળી આવેલી. બીજા લાલ ચેનવાળા થેલામાં બે લોઅર બે જાંગીયા અને બે ટી-શર્ટ મળી આવેલ. આ બંને થેલા અને તેમાંના કપડા ફહીમ પોતાના હોવાનુ જણાવે છે. જે થેલા અને કપડા તેને અમારી હાજરીમાં સુપ્રત કરેલ છે. બ્લ્યુ જીન્સના ચેનવાળો થેલો જોતા તેમાં બે શર્ટ અને બે પેન્ટ મળી આવેલ જે સમીર પોતાના હોવાનુ જણાવતા તે સમીર ને પરત કરેલ છે. ફહીમની અંગજડતી કરતા ફહીમના જમણી બાજુના પેન્ટના ખીસ્સામાંથી કાળા કલરનો મોબાઈલ ફોન મળી આવેલ જે સેમસંગ કંપનીનો હતો. જે એસ.૮ મોડલનો હતો અને તેમા એરટેલ કંપનીનુ સીમ કાર્ડ હતુ. તેના ડાબી બાજુના પેન્ટના ખિસ્સામાંથી નાણા રૂપિયા બે હજાર મળી આવેલ જે નાણા ફહીમને પરત કરેલ છે. સમીરની અંગ જડતી કરતા તેના પેન્ટના જમણી બાજુના ખિસ્સામાંથી કાલા કલરનો ઓપ્પો કંપનીનો મોબાઈલ ફોન અને રૂપિયા ૧૧૫/-મળી આવેલ હતા. જે ફોનમાં પણ એરટેલ કંપનીનુ

સીમ કાર્ડ હતુ અને તેની પાસેથી રૂપિયા ૧૧૫/– મળી આવેલ જે સમીરને પરત કરેલા હતા. ગાડી જોતા મારુતિ વેગેનાર ગાડી હતી તેની આગળ પાછળ પીળા કલરની નંબર પ્લેટમાં MH04 HN 5071 નંબર લખેલ હતો ગાડી ઉપર કેરિયર હતુ અને ડ્રાઈવર સીટના આગળના પડખે સલેટિયા કલરનુ અસ્તર મારેલ હતુ. આ દરમ્યાન FSL અધિકારીશ્રી ડી.એમ.પટેલ પોતાની ઈન્વેસ્ટીગેશન મોબાઈલ વાન સાથે હાજર થયા અને શ્રી ગેમરભાઈ પો.કો. વજનકાંટા વાળા ઈસમને લઈ વજનકાંટા સાથે હાજર થયા અમારી હાજરીમાં વજનકાંટાવાળાનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ઈકબાલભાઈ સતરભાઈ મેમણ ઉ.વ.૪૬ રહે. બારડ઼પુરા સલાટવાસ હોવાનુ જણાવેલ. આ દરમ્યાન ગુનાવાળી જગ્યાએ ઉભેલ વાહન ખુબ જ તડકામાં હોય વાહનોની અવર જવર હોઈ પ્રાથમિક કસોટી કરવા અને વજન કરવા માટે અગવડતા પડે તેમ હોય આ ગાડી ત્યાથી મુદ્દામાલ સહીત થોડે આગળ હોટલ મહાકાલ આગળ લીંમડાના ઝાડ નીચે ખુલ્લામાં લાવેલ. ત્યારબાદ શ્રી ડી.એમ.પટેલ FSL અધિકારીએ મળી આવેલ પેકેટોમાથી થોડો થોડો પદાર્થ લઈ મિશ્રીત કરી નાર્કોટિક્સ કીટ વડે પ્રાથમિક રાસાયણિક પ્રક્રીયા કરતા તેમા તેના બીજના સક્રીય ઘટકોનુ પરિણામ સકારાત્મક મળેલુ જેનો તેઓ શ્રીએ લેખિતમાં અભિપ્રાય આપેલ. ત્યારબાદ વજનકાંટાવાળા ઈકબાલભાઈ સતારભાઈ પાસે ગાડીમાંથી મળી આવેલ પેકેટોનુ કુલ ૧–થી ૧૭ નુ વજન કરતા કુલ ૧૬૭૫૩ ગ્રામ વજન થયેલ હતુ. આ પૈકી દરેક પેકેટમાંથી ૩૦ ગ્રામ મુદ્દામાલ કાઢી દરેકના અલગ પેકેટ બનાવી એફ.એસ.એલ. રિઝર્વ સેમ્પલ તરીકે કુલ ૫૧૦ ગ્રામ મુદ્દામાલ કાઢી લેવામાં આવેલો તે મુજબ પોલીસ રિઝર્વ સેમ્પલ માટે પણ દરેક પેકેટમાંથી અલગ અલગ પેકેટ બનાવી કુલ ૫૧૦ ગ્રામ મુદ્દામાલ કાઢી લેવામાં આવેલ. સેમ્પલ અર્થે કાઢી લીધેલ મુદ્દામાલ બાદ વધેલો મુદ્દામાલ પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓમાં પ્લાસ્ટીકના ડબ્બાઓમાં અલગ અલગ મુકી તેને દોરી મારી તેમજ સેલોટેપ કાગળના ન્યુજપેપરના ટુકડાઓ અને અન્ય મુદ્દામાલ મીણીયાના થેલામાં મુકી મોઢિયુ બાંધી તેના ઉપર કાગળની એક ચબરખીમાં અમો પંચો અને

જાદવ સાહેબની સહીઓ કરી મોઢિયુ બાંધી આ તમામ વસ્તુઓ ઉપર ATS ગુજરાત રાજ્ય અમદાવાદનુ અંગ્રેજી સીલ મારેલુ હતુ.

**(૧૭.૫)** મળી આવેલ મુદ્દામાલ પૈકી FSL સેમ્પલ લીધેલ ૧૭ તથા પોલીસ રિઝર્વ સેમ્પલ તરીકે લીધેલ સેમ્પલના ૧૭ તથા વધેલ મુદ્દામાલના કુલ ૧૭ ડબ્બા જે તમામ ૫૧ ડબ્બાઓ તથા ફહીમ તથા સમીર પાસેથી મળી આવેલ બે મોબાઈલ તથા ચરસના પેકેટો તોડેલ તેના સેલોટેપના ટુકડા તથા ન્યુજપેપરના ટુકડા આ તમામ મુદ્દામાલ તપાસ અર્થે અમારી હાજરીમાં કબજે લેવામાં આવેલ તથા ગાડી વેગેનાર કાર નં.MH 04 HN5071 કબજે લેવામાં આવેલ.

**(૧૭.૬)** તા.૨–૬–૨૦૨૨ના રોજ લેવામાં આવેલ વાંધા અંગે વિ.વ.શ્રીઓને સાંભળી બચાવ પક્ષે રજુ થયેલ ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ કાઠી રામકુ અલીગભાઈ વાળા ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત " Before we part this case we would like to state that care is not taken either by the learned Public Prosecutor or by the learned Additional Sessions Judge to bracket the inadmissible portions of evidence in the panchanamas. This is always required to be done. This results at times to read something which is not admissible. We had to take great pains to discard the statements which were recorded in the panchnamas which was hit by sec. 162 of the Criminal Procedure Code and only read that part which was admissible. This of course we did. But it is to be remembered that this is required to be done at the trial when the trial is conducted and it is the first duty of the learned Public Prosecutor to see that the portion inadmissible in the panchnama is bracketed and after it is bracketed that

panchnama is required to be handed over to the Court for exhibiting the same if it is duly proved. If this duty is missd it is the duty of the learned Additional Sessions Judge who tries the case to see that the portion which is inadmissible is required to be bracketed so that at the time of reading the panchnama nothing which is not admissible crepts in the judgment. આધારે બચાવપક્ષે લીધેલ વાંધો ગ્રાહ્ય રાખી સદરહું સ્ટેટમેન્ટ સ્વરુપના કથનો બ્રેકેટ કરવાનુ અને એ રીતે પુરાવાના મુલ્યાંકન વખતે તેવા કથનો ધ્યાને નહી લેવાનું ઠરાવાય છે અનુસંધાને મજકુર માર્ક–૭/૪ વાળા પંચનામાના પાના નંબર–૬ ઉપર તેવો બ્રેકેટ કરવામાં આવેલ છે.

**(૧૭.૭)** મુદામાલ કબજે કર્યા બાદ આરોપી ફહીમ તથા સમીરને તેમની કારમાંથી મળી આવેલ ચરસનો જથ્થો કયાંથી અને કોની પાસેથી લાવેલ અને તેની ડીલીવરી કોને અને કઈ જગ્યાએ કરવાની હતી તે બાબતે પોલીસ ઇન્સ. શ્રી જાદવ સાહેબે પુછેલું અને તે બાબતે ફહીમ તથા સમીરે જે હકીકત કહેલી તેની નોંધ પંચનામામાં કરેલી. ત્યારબાદ શ્રી જાદવ સાહેબે કબજે કરેલ મુદામાલ અંગેનો સીઝરમેમો ત્રણ નકલમાં બનાવેલ અને તેના ઉપર અમો પંચો તથા જાદવ સાહેબે સહીઓ કરેલી અને તેની એક એક અસલ કોપી ફહીમ તથા સમીરને નામજોગ આપેલ અને સ્થળપત્ર ઉપર બંન્નેની સહીઓ લીધેલી. આ ગુનાવાળી જગ્યા જોતા પાલનપુરથી આબુરોડ ટોલનાકા પહેલા હોટલ મહાકાલ આગળ રોડ ઉપર આવેલ હતી અને હોટલ મહાકાલથી આબુરોડ તરફ જતા ટોલપ્લાઝા અંદાજે દોઢકિલોમીટર દુર આવેલ છે અને પાલનપુર તરફ જવાના રોડ તરફ મહાકાલ થી આર.ટી.ઓ સર્કલ આશરે ૪ કિ.મી દુર આવેલ છે.

**(૧૭.૮)** આ પંચનામું જાદવ સાહેબે તેમના લેપટોપમાં ટાઇપ કરી તેની પ્રિન્ટ હોટલ મહાકાલના ઈલેકટ્રીક બોર્ડ ઉપર તેમની પાસેના પિન્ટ્રરમાંથી પ્રિન્ટ કાઢી અમોને વાંચવા આપેલ ત્યારબાદ પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈ

ભીખાભાઈ પરમારનાઓએ સહી કરેલી તથા પંચ નં. ૨ તરીકે અમોએ સહી કરેલી અને રૂબરૂમાં જાદવ સાહેબે સહી કરેલી જે નિ.૭/૪ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેના દરેક પાને અમો પંચોની સહીઓ છે તે ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક – ૬૧ આપવામાં આવે છે.

**(૧૭.૯)** મને નિ. ૭/૧૩ વાળું સમજપત્ર બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈની અને પંચ નં. ૨ તરીકે મારી સહી છે તથા નીચે બે સહીઓ આરોપીઓએ અમારી હાજરીમાં કરેલ છે જે નિ. ૭/૧૩ ને રજુ દાખલ આંક – ૬૨ આપવામાં આવે છે. મને નિ. ૭/૧૪ વાળો કલમ ૪૨ નો ઠરાવ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈની અને પંચ નં. ૨ તરીકે મારી સહી છે તથા નીચે બે સહીઓ આરોપીઓએ અમારી હાજરીમાં કરેલ છે જે નિ. ૭/૧૪ ને રજુ દાખલ આંક – ૬૩ આપવામાં આવે છે. મને નિ. ૭/૧૫ વાળો કલમ – ૫૦ સમજ કર્યાની નોટીસ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈની અને પંચ નં. ૨ તરીકે મારી સહી છે તથા નીચે બે સહીઓ આરોપીઓએ અમારી હાજરીમાં કરેલ છે જે નિ. ૭/૧૫ ને રજુ દાખલ આંક ૬૪ આપવામાં આવે છે. મને નિ. ૭/૧૬ વાળા નજરતેજ રાખવા બદલ સમજપત્ર બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈની અને પંચ નં. ૨ તરીકે મારી જ સહી છે તથા નીચે બે સહીઓ આરોપીઓએ અમારી હાજરીમાં કરેલ છે જે નિ. ૭/૧૬ ને રજુ દાખલ આંક – ૬૫ આપવામાં આવે છે. મને નિ. ૭/ ૧૭ વાળો સીઝરમેમો બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈની અને પંચ નં. ૨ તરીકે મારી સહી છે તથા નીચે બે સહીઓ આરોપીઓએ અમારી હાજરીમાં કરેલ છે જે નિ. ૭/૧૭ ને રજુ દાખલ આંક – ૬૬ આપવામાં આવે છે.

**(૧૭.૧૦)** પંચનામા વખતેના આરોપીઓને હું ઓળખું છું સાહેદ અદાલતમાં આરોપીના કઠેડામાં બેઠેલ આરોપીઓ પૈકી આરોપી ફહીમ તથા આરોપી સમીરને જોઈ ઓળખી બતાવે છે.

**(૧૭.૧૧)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં

સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – A3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૨)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – B ૩ ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૩)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – C ૩ ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૪)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક D3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૫)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક E૩ ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની

ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૬)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – F3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૭)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલો નં. માર્ક – G૩ ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૮)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક H3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૧૯)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક I 3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૦)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં

સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – j 3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૧)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક K3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૨)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – L3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૩)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક M 3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૪)** માર્ક – N 3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય

પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૫)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક 0 3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૬)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક P3 ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૭)** મને અદાલત સમક્ષ પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં સીલબંધ કરેલ મુદામાલ આર્ટીકલ નં. માર્ક – Q ૩ ખોલી બતાવવામાં આવે છે જેમાં જે તે સમયે અમારી હાજરીમાં રાસાયણિક પરિક્ષણ થયા બાદ અમુક ગ્રામ સેમ્પલ તરીકે મુદામાલ પોલીસવાળાએ લઈને નાની પ્લાસ્ટીકની ડબ્બીમાં ભરેલ હતો તે છે જે હું ઓળખી બતાવું છે. તેમાંથી નીકળેલ કાપલી જોતા તેમાં મારી કે અન્ય પંચની સહી નથી પણ બીજાઓની ત્રણ સહીઓ છે.

**(૧૭.૨૮)** મને મુદામાલ આર્ટીકલ નં. ૫૨ જે સીલબંધ હાલતમાં છે ખોલી બતાવવામાં આવે છે. તેમાંથી નીકળેલ મોબાઈલ બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન આરોપી ફહીમ પાસેથી છે કબજે લેવામાં આવેલ તે તે જ છે જે ઓળખી બતાવું છું સદર આર્ટીકલ સાથે રહેલ કાપલી બતાવતા જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈ ભીખાભાઈ પરમારની સહી છે તથા પંચ નં. ૨ તરીકે મારી સહી છે તે ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક – ૬૯ આપવામાં આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૫૩ જે સીલબંધ હાલતમાં છે ખોલી બતાવવામાં આવે છે તેમાંથી નીકળેલ મોબાઈલ બતાવવામાં આવે છે

જે પંચનામા દરમ્યાન આરોપી સમીર પાસેથી કબજે લેવામાં આવેલ તે તે જ છે જે ઓળખી બતાવું છું સદર આર્ટીકલ સાથે રહેલ કાપલી બતાવતા જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈ ભીખાભાઈ પરમારની સહી છે તથા પંચ નં. ૨ તરીકે મારી સહી છે તે ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક ૭૦ આપવામાં આવે છે. મને મુદામાલ આર્ટીકલ નં. ૫૫ જે સીલબંધ હાલતમાં છે ખોલી બતાવવામાં આવે છે તેમાંથી નીકળેલ સેલોટેપના ટુકડા તથા ન્યુઝપેપરના ટુકડા મીણીયાના થેલામાં મુકી પંચનામા દરમ્યાન મારી હાજરીમાં કબજે લેવામાં આવેલ તે તે જ છે જે ઓળખી બતાવું છું સદર આર્ટીકલ સાથે રહેલ કાપલી બતાવતા જેમાં પંચ નં. ૧ તરીકે મુળચંદભાઈ ભીખાભાઈ પરમારની સહી છે તથા પંચ નં. ૨ તરીકે મારી સહી છે તે ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક – ૭૧ આપવામાં આવે છે. આરોપીઓ ફહીમ તથા સમીર નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે જેઓને ઓળખી બતાવું છું.

**(૧૭.૨૯) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે, મુદામાલ આર્ટીકલ નં એ – ૩ થી કયુ – ૩ ની પ્લાસ્ટીકની નાની ડબ્બીઓ છે તે દરેક ડબ્બીઓ ઉપર લાખથી સીલ તેની નીચે સહીઓવાળી કાપલીઓ મુકી એ કાપલીઓ તથા ડબ્બીના ઉપરના ઢાંકણાના ફરતે ડબ્બી ઉપર સફેદ કપડાંની એડહેસીવ ટેપ વીંટાળેલ હતી. મે જે આ ડબ્બીઓમાં પરીક્ષણ બાદ અમુક ગ્રામ સેમ્પલ લીધાનું જણાવેલ છે તે દરેક ડબ્બીમાં કેટલા–કેટલા ગ્રામનું સેમ્પલ લેવામાં આવેલ હતું તે હાલ મને યાદ નથી. આ દરેક ડબ્બીઓમાં પીળા કલરની ખારેકના આકારની ગોટીઓ છે તે શાની છે તેની મને જાતે ખબર નથી પરંતુ એફ.એસ.એલ. અધિકારીએ હોટલ મહાકાળ આગળ જે પરીક્ષણ કર્યું તે મુજબ આ ડબ્બીમાંની દેખાતી ગોટીઓ તેઓશ્રીના જણાવ્યા મુજબ ચરસ હતું. આ તમામ ડબ્બીઓમાં અમારી હાજરીમાં ગોટીઓ મુકવામાં આવેલી હતી. મે જે કાપલીઓ જોઈ તેમાં અમો પંચોની સહીઓ નથી પણ બીજી જે સહીઓ છે તેમાં જાદવ સાહેબની સહી છે કે કેમ? તે હું કહી શકું નહીં. આ ડબ્બીઓ ઉપર અમો પંચોની હાજરીમાં જે તે સમયે અમો બંન્ને પંચો તથા જાદવ સાહેબની સહીઓ વાળી

કાપલીઓ ચોંટાડેલી હતી તે સિવાય બીજુ કઈ કરેલ નહી. હાલ મને બતાવવામાં આવેલ ડબ્બીઓ ઉપરના સીલ, નીચેની કાપલીઓ તથા ડબ્બીનું એડહેસીવ ટેપ પેકીંગ કયારે, કોણે કર્યું તેની મને ખબર નથી.

**(૧૭.૩૦)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. પર બતાવવામાં આવે છે. તે પ્લાસ્ટીકનો ઢાંકળાવાળો એક બાજુથી ખુલે તેવો ડબ્બો છે તેના પાછળના ભાગે આ. નં. પર લખેલ છે. તે લખાણ નીચે આ પ્લાસ્ટીકના ડબ્બા ઉપર તા. ૧૩/૧૦/૨૦૨૦ લખી આ ગુનાની વિગત તથા ફરીયાદીશ્રી સત એમ.એસ.ત્રિવેદી, પો.સ.ઈ. એ.ટી.એસ., ગુજરાત રાજય અમદાવાદ, તથા તહોમતદાર–ફહીમ અજીમ જાતે– બેગ તથા મુદ્ધામાલ પાવતી નં. ૧૫૬/૨૦૨૦, તા. ૧૩/૧૦/૨૦૨૦ લખેલ કમ્પ્યુટરાઈઝ કાપલી ચોટાડેલ છે. તેમજ સદરહું ડબ્બા ઉપર દોરી બાંધેલ છે તેમજ તુટી ગયેલ લાખનું શીલ છે. સદરહું દોરી તોડી અંદર જોતાં એક મોબાઈલ છે તેના ઉપર સફેદ કાગળની પટ્ટી લગાડી પેનથી "ફહીમ" લખેલ છે. સદરહું મોબાઈલ જોતાં બંધ હાલતમાં છે તેમજ મારું કહેવું છે કે બેટરી ડીસ્ચાર્જ થઈ ગયેલ હોઈ બંધ હાલતમાં જણાય છે. સદરહુ મોબાઈલ જોતાં કોઈ જગ્યાએ કોઈ કંપનીનુ નામ લખેલ જણાતું નથી. સાહેદને ફરી મોબાઈલ બતાવતાં, સદરહું મોબાઈલની પાછળ પ્લાસ્ટીકનું કવર લગાડેલ છે તે કવર નીકાળી જોતાં સદરહું મોબાઈલના પાછળના ભાગે સેમસંગ કંપનીનો મોબાઈલ છે.

**(૧૭.૩૧)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. ૫૩ બતાવવામાં આવે છે. તે પ્લાસ્ટીકનો ઢાંકળાવાળો એક બાજુથી ખુલે તેવો ડબ્બો છે તેના પાછળના ભાગે આ.નં. ૫૩ લખેલ છે. તે લખાણ નીચે આ પ્લાસ્ટીકના ડબ્બા ઉપર તા. ૧૩/૧૦/૨૦૨૦ લખી આ ગુનાની વિગત તથા ફરીયાદીશ્રી સત એમ.એસ.ત્રિવેદી, પો.સ.ઈ. એ.ટી.એસ., ગુજરાત રાજય અમદાવાદ, તથા તહોમતદાર–સમીર અહેમદ જાતે શેખ તથા મુદ્ધામાલ પાવતી નં. ૧૫૬ /૨૦૨૦, તા. ૧૩/૧૦/૨૦૨૦ લખેલ કમ્પ્યુટરાઈઝ કાપલી ચોટાડેલ છે. તેમજ સદરહું ડબ્બા ઉપર દોરી બાંધેલ છે તેમજ તુટી ગયેલ લાખનું શીલ છે. સદરહું દોરી તોડી અંદર જોતાં એક મોબાઈલ છે તેના ઉપર સફેદ કાગળની

પટ્ટી લગાડી પેનથી "સમીર અહેમદ" લખેલ છે. સદરહું મોબાઈલ જોતાં બંધ હાલતમાં છે તેમજ મારું કહેવું છે કે બેટરી ડીસ્ચાર્જ થઈ ગયેલ હોઈ બંધ હાલતમાં જણાય છે. સદરહુ મોબાઈલ જોતાં કોઈ જગ્યાએ કોઈ કંપનીનુ નામ લખેલ જણાતું નથી. સાહેદને ફરી મોબાઈલ બતાવતાં, સદરહું મોબાઈલની પાછળ પ્લાસ્ટીકનું કવર લગાડેલ છે તે કવર નીકાળી જોતાં સદરહું મોબાઈલના પાછળના ભાગે જોતાં ઓપો કંપનીનો મોબાઈલ છે.

**(૧૭.૩૨)** મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫ બતાવવામાં આવે છે. તે મીણીયાનો થેલો(કોથળી) છે જે ક્રોસમાં દોરીથી બાંધેલ છે અને દોરી ઉપર આવે તે રીતે બે લાખના શીલ મારેલ છે તે તુટેલા છે. તથા ઉપર મુજબના ગુનાની વિગતવાળી કમ્પ્યુટરાઈઝ કાપલી ચોંટાડેલ છે અને તે કાપલીમાં ઉપરોકત લખાણની અંતીમ લાઈનમાં "મુદ્દામાલ/એક શીલબંધ થેલો જેમાં ચરસ લપેટેલ કાગળ છે" તેવું લખેલ છે. સદરહું શીલ સરતપાસ વખતે બતાવેલ ત્યારે ખોલવામાં આવેલ હતું. સદરહું મુદ્દામાલ ઉપરની દોરી ખોલી થેલો બતાવતાં તે એક લાંબી કોથળો છે તેમાં મુદ્દામાલ કબજે લેતી વખતે મુદ્દામાલ ખોલલ તે ખાખી કલરની સેલોટેપ મારેલ પેપરના ટુકડા કુલ ૧૭ નંગ છે. સદરહું કોથળીના પાછળના ભાગે ગુજરાતીમાં "દા= ૧ સત્યનારાયણ બાલકીશન અમીરગઢ" તેવું માર્કરથી લખાણ લખેલ છે. આગળના ભાગે "NUTRIKING 100% VEGETERIAN SOYA CHUNKS" વિગેરે અંગ્રેજી તથા હીન્દીમાં લાલ લીલા કલરનું લખાણ લખેલ છે. એ વાત ખરી છે કે સદરહું કોથળી બજારમાં છુટથી મળતી વજન વસ્તુ ભરવાની કોથળીઓ જેવી એક કોથળી છે.

**(૧૭.૩૩)** મેં ગાડીમાં પાછળની સીટમાં ખાખી કલરની પુઠાની એક પેટી હતી અને તેમાં નાના સફરજન ભરેલ હતા. તે કબજે લીધેલ નહી અને તે નાશ કરેલ. એ વાત ખરી નથી કે આ મને બતાવેલ આર્ટીકલ નં. ૫૫ વાળી પ્લાસ્ટીકની કોથળીમાં બધા સફરજન ભરેલા હતા. એ વાત ખરી નથી કે આરોપીએ આ મુદ્દામાલ કોથળીમાં અમીરગઢથી ખાખી કાગળના પેક પુંઠા વાળી પેટીઓમાં સફરજન ભરેલા હોવાનું જણાવેલ.

**(૧૭.૩૪)** એ વાત ખરી છે કે રેઈડની કાર્યવાહી દરમ્યાન તેમજ તપાસ દરમ્યાન અમારી પુછપરછ કરેલ તેમાં આ મુદ્દામાલ કોથળી ઉપર ગુજરાતીમાં અમીરગઢ" દા–૧ સત્યનારાયણ બાલકીશન અમીરગઢ'' નું લખાણ કેવી રીતે અને કયારે લખાયેલ છે તે અંગે આરોપીઓની પુછપરછમાં કે પોલીસ અધિકારીઓની કોઈ આપસની કોઈ ચર્ચામાં કોઈ ઉલ્લેખ કે સ્પષ્ટતા થયેલ નથી.

**(૧૭.૩૫)** શ્રી જાદવ સાહેબે પંચો લેવા માટે ટી.ડી.ઓ. સાહેબને કોઈ ચાદી લખી આપેલ હોય તેવી કોઈ ચાદી મને બતાવેલ નથી કે આજદીન સુધી તેવી કોઈ ચાદી મે જોયેલ નથી. અમોને ટી.ડી.ઓ. સાહેબે ચેમ્બરમાં બોલાવ્યા ત્યારે જાદવ સાહેબ તેઓની ચેમ્બરમાં હતા. ટી.ડી.ઓ. સાહેબે તેમની બાતમીની હકીકત જણાવી તેમાં ગાડીનો નંબર એમ.એચ. ૦૪. એચ.એન. ૫૦૭૧ નો જણાવેલ. એ વાત ખરી નથી કે જાદવ સાહેબે આ ગાડીમાં વગર પાસ પરમીટનો માદક પદાર્થ ચરસનો જથ્થો લઈને આબુ રોડ તરફ થી પાલનપુર હાઈવે થઈ ફહીમભાઈ તથા સમીર નામના માણસો જનાર હોવાની કોઈ મૌખિક બાતમીની હકીકત અમોને જણાવેલ ન હતી. આ કેસની કાર્યવાહી બાદ આ કેસ બાબતે મને ફરીથી નિવેદન નોધાવવા માટે એસ.ઓ.જી. શાખા પાલનપુર ખાતે બોલાવેલ નથી.

**(૧૭.૩૬)** મને તા. ૧૪/૧૦/૨૦ ના મારા નામ, સરનામા, ઉમર, મોબાઈલ નં. તથા નોકરી વિગેરે વિગત લખેલા રૂબરૂ ઈ.ચા. પો.ઈ. એમ.કે.ઝાલા, એસ.ઓ.જી. પાલનપુર નામ અને ટુંકી સહીવાળા એક થી સાત પેજના નિવેદન તરફ ધ્યાન દોરવામાં આવે છે તથા પ્રથમ પાનાના શરૂઆતના ભાગમાં "તે વખતે જાદવ સાહેબે જણાવેલ કે તેમની પાસે ચોકકસ બાતમી છે કે માહીમ મુંબઈના ફહીમ બેગ તથા સમીર નામના માણસો તેઓના કબજાની મેટાલીક ડાર્ક ચોકલેટ કલરની મારુતી વેગેનાર ગાડી નં. MH.04.HN.5071 નંબરની ગાડીમાં વગર પાસ પરમીટે બીન કાયદેસર માદક પદાર્થ ચરસનો જથ્થો લઈ આબુ રોડ તરફથી પાલનપુર હાઈવે થઈ બાર કલાકથી પાંચ વાગ્યે જનાર છે જે બતામી હકીકત વાળી

વાહનની તલાશી અને અંગજડતી અને તપાસ કરવા સારૂ....." તેવું લખાણ જવાબમાં લખાયેલ નથી. આ જવાબમાં તેવું લખેલ નથી તે અંગે મારે કોઈ ખુલાશો કરવો નથી.

**(૧૭.૩૭)** સદરહું થેલીમાંના પડીકાં પોલીસે ગણેલ હતા. એ વાત ખરી છે કે તે વખતે સૌપ્રથમ એક પેકેટ ખોલેલ અને બાકીના પડીકા ખોલેલ નહી. પહેલા પડીકામાંથી જે ચરસ નીકળેલાનું કહું છું તે પ્લાસ્ટીકની પારદર્શક કોથળી પોલીસે કબજે લીધેલ કે કેમ તેની મને ખબર નથી. પહેલી કોથળી ખોલી તેમાં કુલ કેટલા નંગ ટુકડા હતા તે હું કહી શકું નહી. આ ટુકડા ચરસ છે તેવી મને પહેલાં ખબર ન હતી પરંતુ પોલીસે કહેલ ત્યારે ખબર પડેલ. તે ટુકડાઓ લીલા પોચા હતા અને અમે તે દબાવી જોયેલ હતા. તેને સુંઘવાથી ચરસ કહેવાય તેવી મને ખબર પડતી ન હતી અને આજે પણ તેવી ખબર પડતી નથી. સાહેદ જણાવે છે કે તેમાંથી વિશીષ્ટ પ્રકારની વાસ આવતી હતી. પોલીસવાળાઓને પણ એફ.એસ.એલ. અધિકારીએ કહ્યું તે પહેલાં ટુકડા જોયેથી કે સુંઘવાથી તે ટુકડાઓ ચરસના હતા તે ખબર પડેલ નહી. તેથી પોલીસના માણસોએ પણ વિશીષ્ટ પ્રકારની વાસ આવે છે તેવું જણાવેલ હતું.

**(૧૭.૩૮)** જે નંબર ઉપર વર્ધી લખાવેલ તેનો લેન્ડલાઈન નંબર મને ખબર નથી. જાદવ સાહેબે તેમની પાસેના મોબાઈલ ઉપરથી પેથાભાઈને વર્ધી લખાવેલ. તેમણે જે વાત કરી તે સામે પેથાભાઈ નામના માણસ હતા તેની વાત ઉપર થી ખબર પડેલ ન હતી.

**(૧૭.૩૯)** વજનકાંટા વાળાને બોલાવવા ગાડી લઈને જાદવ સાહેબે ડ્રાઈવર ઘેમરભાઈને મોકલેલા. ઘેમરભાઈ આશરે અડધો કલાક બાદ વજનકાંટા વાળાને લઈ ને પરત આવેલા. તેઓ પાલનપુર શહેરમાં ઢાળવાસ વિસ્તારમાંથી અબ્દુલ સત્તાર નામના ભાઈને લઈ આવેલા. તેઓ આવ્યા ત્યારે તેમના કહેવાથી તોલાટનુ નામ તથા તે આવેલ તેના વિસ્તારની વિગતો જાણવા મળેલ. મહાકાલ હોટલથી ઢાળવાસનો વિસ્તાર આશરે ચાર-પાંચ કી.મી. થાય છે. એ વાત ખરી છે કે આ મહાકાલ હોટલથી નીકળ્યા બાદ

આગળ પાલનપુર તરફ પેટ્રોલ પંપ તથા જુની આર.ટી.ઓ. કચેરી તેમજ ત્યાંથી ઢાળવાસમાં જતાં સુધી ઘણી બધી વેપારીઓની દુકાનો આવે છે. એ વાત ખરી છે કે આ ઢાળવાસ જતા રસ્તા સુધી વજનકાંટા રાખતા હોય તેવી ફળફળાદીની લારીઓ તથા કરીયાણાની દુકાનો આવેલ છે. એ વાત ખરી છે કે અબ્દુલ સત્તારભાઈને જ લઈ આવવા માટે અમારી હાજરીમાં ડ્રાઈવરને જણાવેલ નહી.

**(૧૭.૪૦)** એ વાત ખરી છે કે મહાકાલ હોટલના સામેના ભાગે પશ્ચિમ (વેસ્ટ) તરફ પાલનપુર થી આબુરોડ જતો હાઈવે આવેલ છે અને વચ્ચે લોખંડનું ડીવાઈડર છોડી આબુથી પાલનપુર તરફનો હાઈવે રોડ આવેલ છે. અમો બંને પંચો મહાકાલ હોટલ આગળ આવેલ ખુલ્લી જગ્યામાં રોડ તરફ ઉભેલ હતા. ગાડી પાલનપુર બાજુના રોડ ઉપર મહાકાલ હોટલના આગળના ભાગે ઉભી રાખેલ. ત્યાં મહાકાલ હોટલની સામે લીમડાના ઝાડ નીચે ગાડીની જડતી કરેલ. ગાડીની ચાવી જાદવ સાહેબે કાઢી લીધા પછી કોને આપી તેની મને ખબર નથી. જયારે ગાડી આવી ત્યારે બપોરે બાર થી સવા બાર વાગ્યાનો સમય થયેલ હતો. એ વાત ખરી નથી કે ગાડીની તપાસ કરતાં હું કહુ છું તે મુજબ મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫ વાળી મને બતાવેલ કોથળામાં કોઈ ચરસના પેકેટો હતા જ નહી. એ વાત ખરી નથી કે હું કહુ છું તે રીતે તે જ સ્થળે કોઈ એક પેકેટ ખોલીને તપાસ કરવામાં આવેલ નહી. એ વાત ખરી છે કે બે ઈસમોને ગાડીમાંથી ઉતાર્યા પહેલાં તેમનું નામઠામ પુછેલ ત્યાર પછી નીચે ગાડીમાંથી ઉતારી તેમની શરીરસ્થીતીની ચકાસણી કરેલ. એ વાત ખરી છે કે તે વખતે તેમના બંનેના ખિસ્સામાંથી રોકડ નોટો તથા એક એક મોબાઈલ મળેલ. એ વાત ખરી છે કે ગાડીમાંથી મળેલ ત્રણ થેલામાં તેઓના કપડાં હતાં. પહેલાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫ વાળો મોઢીયું દોરીથી બાંધેલ મીણીયાનો કોથળો બહાર કાઢેલ. મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫ કયા પ્રકારની દોરીથી બાંધેલ તે મને ખબર નથી.

**(૧૭.૪૧)** એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલને જાદવ સાહેબે મોબાઈલ ફોન કરી બોલાવેલ. હું પહેલાં ડી.એમ.પટેલ સાહેબને ઓળખતો ન

હતો. ડી.એમ.પટેલ સાહેબ આશરે બે–એક વાગ્યે ત્યાં આવેલ ત્યારે તેમના નામની ખબર પડેલ. એ વાત ખરી છે કે ડી.એમ.પટેલ સાહેબ શેનાથી ટેસ્ટ કરેલ તેની મને ખબર – પડતી ન હતી. એ વાત ખરી છે કે તેના ઘટકોની પણ મને ખબર પડતી ન હતી. એ વાત ખરી છે કે પટેલ સાહેબે કહ્યું કે સકારાત્મક અભિપ્રાય છે તેથી મને તેની જાણ થયેલી. થેલીઓ પોલીસના માણસોએ ચપ્પાથી કાપીને ખોલેલી. એ વાત ખરી છે કે કઈ થેલીમાંથી કેટલા નંગ ગોટીઓ નીકળેલી તેની સંખ્યા ગણેલ નહી. સાહેદ જણાવે છે કે તેનું વજન કરવામાં આવેલ. બધી થેલીઓમાંથી બધી ગોટીઓ બહાર કાઢી તેનું થેલી દીઠ વજન કરવામાં આવેલ. તે અલગ અલગ થેલીઓમાંથી નીકળેલ ગોટીઓનું વજન કેટલું થયેલ તે હાલ યાદ નથી પરંતું પંચનામામાં લખેલ છે. મે અલગ અલગ વજન જોયેલું પરંતું તે અલગ અલગ વજન મે પંચનામામાં લખાવેલ નથી. જેમ જેમ વજન કરતા હતા તેમ તેમ દરેક ગોટીમાંથી થોડો ભાગ કાઢી તેનો ટેસ્ટ કરતા હતા. આ ટેસ્ટ કરવા માટે કાઢેલ દરેક ગોટીમાંથી કાઢેલ સેમ્પલ ટેસ્ટમાં વપરાઈ જતું હતું. આ ટેસ્ટ કરવાનુ કામ તેમણે બે થી અઢી કલાક જેટલા સમય સુધી કરેલ. બધી ગોટીઓના ટેસ્ટ પુરા થયા બાદ તેમણે અભિપ્રાય આપેલ. સત્તરે સત્તર થેલીઓની ગોટીઓની ટેસ્ટની નોંધ પટેલ સાહેબ એક કાગળ ઉપર કરતા હતા. તેમણે જે અભિપ્રાય આપેલ તે સિવાય ટેસ્ટની નોંધ કરેલા કાગળો મારી હાજરીમાં પટેલ સાહેબે જાદવ સાહેબને આપેલ હોય તો આપેલાનું મે જોયેલ નથી. પટેલ સાહેબે લખેલો અને જાદવ સાહેબને આપેલ અભિપ્રાય મે વાંચેલ નથી.

**(૧૭.૪૨)** ગેઝેટેડ ઓફીસરનો જે ઠરાવ કર્યા તે ગાડીમાંથી ઉતાર્યા બાદ અડધો કલાક બાદ આપેલો અને બાકીના ઠરાવ વજન કર્યા બાદ આપેલા. આ ઠરાવો જાદવ સાહેબ પોતે લેપટોપમાં લખતા હતા. એ વાત ખરી નથી કે કહેવાતા આંક ૪૨ થી ૬૬ વાળા દસ્તાવેજોમાં મારી હાજરીમાં સહીઓ લીધેલ નથી.

**(૧૭.૪૩)** એ વાત ખરી છે કે માર્ક –એ–૩ થી કયુ–૩ વાળી મને બતાવેલ ગોળ ડબ્બીઓમાં મુદ્દામાલ મુકવાની કે પેક કરવાની કોઈ કાર્યવાહી

મહાકાલ હોટલ આગળ કે કયારેય પણ મારી હાજરીમાં થયેલ નથી. એ વાત ખરી છે કે આ ડબ્બીઓ તથા કોથળો તથા મોબાઈલ સિવાય અન્ય કોઈ મુદ્દામાલ આર્ટીકલ નામ. કોર્ટમાં બતાવવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે મને અગાઉ કે આજે પણ મારી સહી અને બીજા પંચની સહીઓ વાળી કાપલીઓ બતાવેલ નથી. એ વાત ખરી છે કે મે પંચનામામાં સહીઓ કરી ત્યારે કાપલીઓમાં પણ સહીઓ કરેલ. પંચનામામાં દરેક પાને મારી સહીઓ કરાવેલ પણ કેટલી સહીઓ કરાવેલ તે મને યાદ નથી. મે જયારે પંચનામામાં દરેક પાને સહીઓ કરી ત્યારે બીજા પંચે પણ તે જ રીતે સહીઓ કરેલી. તે સિવાય મારી હાજરીમાં પંચનામામાં કોઈએ સહીઓ કરેલ નહી. સાહેદ જણાવે છે કે જાદવ સાહેબે સહીઓ કરેલ. કાપલીઓમાં પણ ૧૮ થી ૧૯ સહીઓ લીધેલ. અમો સાંજે ૧૮:૦૫ વાગ્યે છુટા થયેલા. આ સહીઓ કરી તે સહીઓ મહાકાલ હોટલના કાઉન્ટર ઉપર અમે બંને પંચોએ તથા જાદવ સાહેબે સહીઓ કરેલી. અમે સહીઓ કરતા હતા ત્યારે મુદ્દામાલ હોટલ આગળ જયાં ગાડીઓ પડી હતી ત્યાં એફ.એસ.એલ. અધિકારી અને એસ.ઓ.જી. પાલનપુરના માણસો હતા ત્યાં તેમની પાસે હતો. સહીઓ કર્યા બાદ અમે બંને પંચો હોટલ મહાકાલ થી નીકળી ગયેલા. પછી કોર્ટમાં જુબાની આપવા આવ્યો તે સિવાય આ કેસના કામે મારે એસ.ઓ.જી. કે અમદાવાદના પોલીસ અધિકારીઓ રૂબરૂ જવાનું બનેલ હોય તેવું થયેલ નથી તેમજ સમન્સ બજાવીને કે બજાવ્યા વગર ફોન કરીને આ કેસના કામે કયારેય પણ બોલાવવામાં આવેલ નથી.

**(૧૭.૪૪)** એ વાત ખરી નથી કે મારી હાજરીમાં હું કહું છું તે રીતે કોઈ ગાડીની સર્ચ કરવામાં આવેલ નથી કે સદર ગાડીમાંથી કહેવાતા કોથળામાંથી કોઈ ચરસના પેકેટો મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં એક પેકેટ ખોલી તેમાંથી કોઈ ટુકડા મળી આવ્યાની હકીકત તેમજ તેમાંથી થોડો પદાર્થ લઈ અમો તથા જાદવ સાહેબે સુંઘેલ હોવાનું હું ખોટુ જણાવું છું. એ વાત ખરી નથી કે આરોપીઓએ ચરસ હોવાનું જણાવેલાનું તેમજ બાકીના પડીકાઓમાં પણ ચરસનો જથ્થો હોવાનું જણાવેલ હોવાનું ખોટું જણાવું છું.

એ વાત ખરી નથી કે મારી હાજરીમાં તોલાટે કોઈ વજન કરેલ નથી તેમજ અમો પંચોની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારીએ પેકેટોમાંથી થોડો થોડો પદાર્થ લઈ રાસાયણીક પ્રક્રિયા કર્યાનું તેમજ અમારી હાજરીમાં મુદ્દામાલમાંથી એફ.એસ.એલ. તેમજ રીઝર્વ સેમ્પલ કબજે લેવાનું તેમજ હું કહું છું તે રીતે અલગ અલગ પેકેટ બનાવેલાનું તેમજ બાકીનો મુદ્દામાલ અલગ અલગ પ્લાસ્ટીકના ડબ્બાઓમાં મુકેલાનું તેમજ મારી હાજરીમાં સેલોટેપના કાગળો ન્યુઝ પેપર, મીણીયાની થેલીઓ વિગેરે કોથળામાં મુકી મુઢીયું બાંધેલાનું તેમજ કાગળની ચબરખીમાં અમારી તથા જાદવ સાહેબની સહીઓ કરી મુંઢીયું બાંધેલાનું અને શીલ કરેલાનું તેમજ કુલ એકાવન ડબ્બાઓ તથા મોબાઈલ મુદ્દામાલ કબજે લીધાનું હું ખોટું જણાવું છું.

**(૧૭.૪૫)** એ વાત ખરી નથી કે હું કલમ ૫૦ નો ઠરાવ આરોપીઓને આપેલ હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે મને નામ. કોર્ટમાં બતાવેલ દસ્તાવેજી પુરાવા આંક ૬૨ થી ૬૬ વાળા કાગળોમાં આ કેસના કામે આરોપીઓને આપી તેમની સહીઓ લીધેલાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓ પાસેથી તેમની પાસેની ગાડીમાંથી કહેવાતો મુદ્દામાલ પોલીસે મારી હાજરીમાં કબજે લીધાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે અમોને પાછળથી પંચો તરીકે બોલાવી મહાકાલ હોટલમાં બેસાડી રાખેલ. એ વાત ખરી નથી કે પટેલ સાહેબે મારી હાજરીમાં કોઈ મુદ્દામાલ ચરસની ચકાસણી કરેલ નથી. એ વાત ખરી નથી કે જાદવ સાહેબ તથા પોલીસના માણસોએ માત્ર કાગળો ઉપરની કાર્યવાહી કરી આરોપીઓ વિરૂધ્ધ ખોટો આક્ષેપ કરી ખોટી રીતે અટક કરેલ છે.

**(૧૭.૪૬)** ગાડીમાંથી મળી આવેલ સફરજન પોલીસના માણસો લઈ ગયેલ. તે કેવી રીતે નાશ કરેલ તે મે નજરે જોયેલ નથી. પેટી ઉપર ફ્રેસ કાશ્મીરી સફરજન લખેલ હતું. એ વાત ખરી છે કે બનાસકાંઠા જીલ્લામાં સફરજનની ખેતી થતી નથી. એ વાત ખરી છે કે પાલનપુર શહેરમાં અને બીજે સફરજન છુટક અને પેટીઓમાં વેચાય છે તે કાશ્મીર કે બહારના પ્રદેશોમાંથી આવે છે. એ વાત ખરી નથી કે નામ. કોર્ટમાં મને બતાવેલ મુદ્દામાલ તથા

આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવું છું. આરોપીઓને બનાવ વખતે જોયા ત્યારબાદ પ્રથમ વખત કોર્ટમાં બતાવેલ તે વચ્ચેના સમયગાળા દરમ્યાન મે જોયેલ ન હતા. એ વાત ખરી નથી કે આરોપીઓને આરોપીઓના પાંજરામાં બેસાડેલા તેથી આ આરોપીઓ હોવાનું ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે મે પંચનામામાં સહીઓ કરી ત્યારબાદ મને એક પંચનામાની નકલ આપેલ અને હાલ પણ મારી પાસે છે. એ વાત ખરી નથી કે પંચનામાની કોઈ કાર્યવાહી અમો પંચો રૂબરૂ કરેલ નહી હોવા છતાં મારી પાસેની નકલ મુજબ મે નામ. કોર્ટમાં જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે પંચનામા મુજબ જુબાની ના આપીએ તો અમારે નોકરીમાં તકલીફ ભોગવવી પડે.

**(૧૮)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૪૯ થી સાહેદ નં. ૨ પંચ શેખ મહંમદજાકીરને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૧૮.૧)** હુ તા. ૧૯.૧૦.૨૦૨૦ ના રોજ વટવા જી.આઈ.ડી.સી માંથી કામ ઉપરથી આવતો હતો ત્યારે નારો વટવા કેનાલ પાસે પોલીસે ઉભો રાખી મારું નામ કામ પુછી એક લખેલા કાગળમાં મારી સહી લીધેલી તે સીવાય હુ કસુ જાણતો નથી પોલીસ કોઇ ઇસમના ઘરે લઇ ગયેલ હોય અને ત્યાથી એક મોબાઇલ તથા એક લાઇટબીલ કબજે કરેલ હોય અને તે અંગેનુ પંચનામું મારી હાજરીમાં કરવામાં આવેલ હોય અને તે પંચનામુ અમે લખાવેલ હોય તેવુ બાનેલ નથી.

**(૧૮.૨)** મને નિ. ૭/૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમા પંચ-૧ તરીકે મારી સહી છે જે હુ ઓળખુ છું જે રજુ દાખલ આંક-૫૦ આપવામાં આવે છે. મુદામાલ મોબાઇલ તથા લાઇટબીલ મારી હાજરીમાં કબજે લેવામાં આવેલ ના હોઇ મને બતાવવામા આવેથી ઓળખી શકુ નહી. આરોપીને હુ ઓળખતો નથી.

**(૧૮.૩)** આમ, ઉપરોકત પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એડી. પી. પી. શ્રીએ સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી

માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એડી. પી. પી. શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એડી. પી. પી. શ્રીએ પંચ સાહેદને વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવાછતાં કોઈ ફળદાઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૧૮.૪) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે, મને ગુજરાતી ભાષા વાંચતા લખતા આવડતું નથી. એ વાત ખરી છે કે, પોલીસે ગુજરાતીમાં હાથથી લખેલ તૈયાર કાગળમાં માત્ર મારી સહી કરાવેલી મને લખાણ સમજાવેલું નહીં.

(૧૯) તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૫૧ થી સાહેદ નં. ૩ પંચ આમીરભાઈ ઇસરાભાઈ અંસારી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

(૧૯.૧) હુ આશરે બે વર્ષ પહેલા હુ શ્રીજી ફરનીચર વટવાથી કામ ઉપરથી આવતો હતો ત્યારે નારોલ વટવા કેનાલ પાસે પોલીસે ઉભો રાખી મારુ નામ ઠામ પુછી એક લખેલા કાગળમાં મારી સહી લીધેલી તે સીવાય હુ કસુ જાણતો નથી પોલીસ કોઈ ઇસમના ઘરે લઈ ગયેલ હોય અને ત્યાથી એક મોબાઈલ તથા એક લાઇટબીલ કબજે કરેલ હોય અને તે અંગેનું પંચનામુ મારી હાજરીમાં કરવામાં આવેલ હોય અને તે પંચનામુ અમે લખાવેલ હોય તેવુ બનેલ નથી.

(૧૯.૨) મને આંક– ૫૦ પંચનામુ બતાવવામાં આવે છે તેમા પંચ–૨ તરીકે મારી સહી છે જેહુ ઓળખુ છું. મુદામાલ મોબાઈલ તથા લાઇટબીલ મારી હાજરીમાં કબજે લેવામાં આવેલ ના હોઈ મને બતાવવામા આવેથી ઓળખી શકુ નહી. આરોપીને હું ઓળખતો નથી.

(૧૯.૩) આમ, ઉપરોકત પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એડી. પી. પી. શ્રીએ સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એડી. પી. પી. શ્રીને

ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એડી. પી. પી. શ્રીએ પંચ સાહેદને વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવાછતાં કોઇ ફળદાઇ હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૧૯.૪) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે,** એ વાત ખરી છે કે, મને ગુજરાતી ભાષા વાંચતા લખતા આવડતું નથી. એ વાત ખરી છે કે, પોલીસે ગુજરાતીમાં હાથથી લખેલ તૈયાર કાગળમાં માત્ર મારી સહી કરાવેલી મને લખાણ સમજાવેલું નહીં.

**(૨૦)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક-૯૧ થી સાહેદ નં. ૪ ફરીયાદી મિતેશકુમાર સુરેશભાઇ ત્રીવેદીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૦.૧)** તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ અમો તથા પો.ઈ. શ્રી સી.આર.જાદવ તથા પો.સ.ઈ. શ્રી વી.વી.ભોલા તથા પો.કો. હીતેન્દ્ર દત્તનાઓ એ.ટી.એસ. કચેરી ખાતે ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન સવારે છ વાગ્યે પો.ઈ. શ્રી સી.આર.જાદવનાઓને તેઓના બાતમીદાર મારફત બાતમી મળેલ કે માહીમ મુંબઈનો ફહીમબેગ તથા સમીર નામના ઈસમો તેમના કબજાની મેટાલીક ડાર્ક ચોકલેટ કલરની વેગેનાર કાર જેનો રજી. નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ માં માદક પદાર્થ ચરસનો જથ્થો લઈ આબુરોડ તરફથી પાલનપુર હાઈવે થી પાલનપુર તરફ ક.૧૨:૦૦ થી ક. ૧૭:૦૦ દરમ્યાન જવાના છે જે બાતમી મળતાં તુરત પો.ઈ.શ્રી સી.આર.જાદવનાઓ બાતમી એક કાગળમાં લખી લઈ બાતમી અંગેની એ.ટી.એસ. ના ગુપ્ત બાતમી રજીસ્ટ્રરમાં એન્ટ્રી નં. ૧૨/૨૦ થી તા. ૧૩/૧૦/૨૦૨૦ ના ક.૬:૦૦ વાગ્યે નોંધ કરેલ. બાદમાં પો.ઈ.શ્રી એ એ.ટી.એસ. ના ડી.આઈ.જી. ના બંગલે જઈ મળેલ બાતમી અંગેની લેખિતમાં જાણ કરતાં ડી.આઈ.જી. શ્રીનાઓએ રેડ કરવાની સુચના કરતાં પો.ઈ.શ્રી એ.ટી.એસ. કચેરીએ આવી પો.ઈ.શ્રી પોતે, અમો, પો.સ.ઈ.શ્રી વી.વી.

ભોલા તથા પો.કો. હીતેન્દ્ર દત્તનાઓની એક ટીમ બનાવી રેડમાં જવા જરૂરી સાધન સામગ્રી લેપટોપ, પ્રિન્ટર, કાગળો, લાખ, શીલ, દોરા, પ્લાસ્ટીકના નાના મોટા ડબ્બા, પ્લાસ્ટીકની કોથળીઓ, નારકોટીકસ ડીટેકશન કીટ વિગેરે સાથે લઈ સ્ટે.ડા.માં ૨/૨૦૨૦ ક.૭:૩૦ વાગ્યે નોંધ કરાવી સરકારી વાહન જી.જે.૦૧.જી.એ.૦૪૮૭ માં બેસી પાલનપુર એસ.ઓ.જી. કચેરી ખાતે આવેલ જયાં પો.ઈ.શ્રી એ પોલીસ મદદની માંગણી કરતાં જયાં પાલનપુર એસ.ઓ.જી. ના એ.એસ.આઈ. કાન્તીલાલ, એ.એસ.આઈ. સિકંદરખાન તથા પો.કો. ઘેમરભાઈ તેઓની સરકારી ગાડી જી.જે.૧૮.જી.બી.૦૭૩૪ માં મદદમાં સાથે આવવા તૈયાર થયેલ અને બંને સરકારી ગાડીઓ પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરી ખાતે ગયેલ જયાં પો.ઈ.શ્રી નાઓએ લેખિતમાં તાલુકા વિકાસ અધિકારી પાસે બે પંચો ની માંગણી કરતાં તાલુકા વિકાસ અધિકારીએ મુળચંદભાઈ પરમાર તથા નરેશકુમાર કોરોટ ને બે પંચ તરીકે ફાળવણી કરેલ. બંને પંચોને પો.ઈ.શ્રી એ નીચે કમ્પાઉન્ડમાં બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી પંચમાં રહેવા સમજ કરતાં બંને પંચોએ પંચમાં રહેવા સ્વખુશી દર્શાવેલ. બાદમાં પો.ઈ.શ્રીએ પોતાનો તથા પોલીસ સ્ટાફનો પરીચય પંચોને કરાવેલ અને પંચો તથા પોલીસ સ્ટાફની અરસપરસ અંગજડતી કરતાં કોઈ વાંધા જનક ચીજવસ્તુ મળી આવેલ નહી. બાદમાં પો.ઈ.શ્રી એ બંને સરકારી વાહનોના ડ્રાઈવરોને બોલાવી પંચો રૂબરૂ બંને સરકારી વાહનો તથા ડ્રાઈવરોની જડતી તપાસ કરતાં સરકારી વાહનોમાંથી કે ડ્રાઈવર પાસેથી કોઈ વાંધા જનક ચીજવસ્તું મળી આવેલ નહી.

**(૨૦.૨)** બાદમાં સરકારી વાહન જી.જે.૧.જી.એ.૦૪૮૭ માં ડ્રાઈવર સીટની બાજુમાં અમો, વચ્ચેની સીટમાં પો.ઈ.શ્રી તથા બંને પંચો તથા પાછળની સીટમાં પો.સ.ઈ.શ્રી વી.વી.ભોલા તથા પો.કો. હીતેન્દ્ર દત્તનાઓ બેસેલ તથા સરકારી વાહન જી.જે.૧૮.જી.બી.૦૭૩૪ માં ડ્રાઈવર સીટની બાજુમાં પો.કો. ઘેમરભાઈ, તથા વચ્ચેની સીટમાં એ.એસ.આઈ. સિકન્દરખાન તથા એ.એસ.આઈ. કાન્તીલાલ બેહેલ જે મુજબનું ક.૧૧:૦૦ થી ક.૧૧ :૩૦ સુધીનું પ્રાથમિક પંચનામું કરેલ જેમાં પંચોએ તથા પો.ઈ.શ્રી

સી.આર. જાદવનાઓએ સહી કરેલ.

**(૨૦.૩)** ત્યારબાદ બંને સરકારી વાહનો પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરીથી પાલનપુર હાઈવે થઈ પાલનપુર ટોલટેક્ષ પહેલાં જમણી બાજુ વળી હોટલ મહાકાલ પાસે આવી ઉભા રાખેલ અને પોલીસ કર્મચારીઓ તથા પંચો નીચે ઉતરેલ તથા પો.ઈ.શ્રી એ બંને વાહનોના ડ્રાઈવરોને ડ્રાઈવર સીટ ઉપર એલર્ટ બેસી રહેવા સુચના આપેલ. બાદમાં પોલીસ ટીમના માણસો વોચમાં હતા દરમ્યાન ક.૧૩:૨૦ વાગ્યે આબુરોડ તરફથી બાતમી વર્ણન વાળી વેગેનર કાર આવતાં તેને સરકારી લાઠીની મદદથી ઉભી રખાવી રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં લઈ જઈ જયાં પો.ઈ.શ્રીએ વેગેનર ગાડીની ચાવી કાઢી લીધેલ અને પોતાનો પરીચય તથા સ્ટાફનો તથા પંચોનો પરીચય આપેલ. જે ગાડીમાં ડ્રાઈવર સીટ ઉપર એક ઈસમ તથા તેની બાજુમાં એક ઈસમ બેસેલ હતો. જેમાં પ્રથમ ડ્રાઈવરને નીચે ઉતારી તેને પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ ફહીમ અજીમ બેગ, ઉ.વ.૩૧, રહે. માહીમ મુંબઈ વાળો હોવાનું જણાવેલ, ત્યારબાદ બીજા ઈસમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ સમીર શેખ, ઉ.વ. ૨૭, રહે. ઔરંગાબાદ મહારાષ્ટ્ર વાળો હોવાનું જણાવેલ. સદર બંને ઈસમોને પો.ઈ.શ્રી એ હીન્દી ભાષામાં સમજ કરેલ કે તેઓને બાતમી હકીકત મળેલ છે કે તમારા કબજાની વેગેનર કાર રજી.નં.એમ.એચ. ૦૪. એચ.એન.૫૦૭૧ માં માદક પદાર્થ ચરસનો જથ્થો છે જેથી તમારા કબજાની કાર તથા તમારી અંગજડતી કરવાની છે. અમો પોલીસ ઈન્સ્પેકટર કક્ષાના ગેઝેટેડ ઓફીસર છીએ તેમ છતાં તમે તમારી તથા કારની જડતી અન્ય કોઈ ગેઝેટેડ ઓફીસર અથવા તો મેજીસ્ટ્રેટ મારફત કરાવી શકો છો જે તમારો કાનુની અધિકાર છે તેમ જણાવતાં સદરે બંને ઈસમોએ તેઓના કબજાની કાર તથા તેઓની અંગજડતી કોઈ અન્ય ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટ મારફતે કરાવવી નથી તેમ જણાવેલ બાદમાં પો.ઈ. શ્રી નાઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ ની નોટીસ ત્રણ પ્રતમાં તૈયાર કરી ત્રણેય પ્રતોમાં પોતાની તથા પંચોની સહીઓ કરી નામ જોગ એક એક પ્રત બંને ઈસમોને આપેલ અને સ્થળપ્રત ઉપર બંને મજકુર

ઈસમોની સહીઓ લીધેલ. બાદમાં પો.ઈ.શ્રીનાઓ એ એન.ડી.પી.એસ. એકટ ની કલમ ૪૨ મુજબનો ઠરાવ કરી ઠરાવની બે કોપી કાઢી બંને માં પોતાની સહી કરી તથા પંચોની સહીઓ મેળવી મજકુર બંને ઈસમોની સહીઓ કરાવેલ. ત્યારબાદ પો.ઈ.શ્રીનાઓએ મજકુર બંને ઈસમોના કબજાની કાર તથા તેઓની જડતી તપાસ કરાવતા પહેલાં તેઓ રેડીંગ પાર્ટીના પોલીસ માણસો તથા અધિકારીઓ તથા પંચોની જડતી તપાસ કરી શકે છે જેથી મજકુર બંને ઈસમોએ તેઓને કોઈની જડતી તપાસ કરવી નથી તેમ જણાવતાં પો.ઈ.શ્રી નાઓએ સમજ યાદીની ત્રણ નકલ તૈયાર કરી ત્રણેયમાં પંચો એ સહીઓ કરેલ તથા પો.ઈ.શ્રી એ સહી કરેલ તથા નામજોગ નકલ બંને આરોપીઓને એક એક પ્રત આપી સ્થળપ્રત ઉપર બંને ઈસમોની સહીઓ લીધેલ.

**(૨૦.૪)** ત્યારબાદ મજકુર બંને ઈસમો તથા પંચોને સાથે રાખી વેગેનર કારની જડતી તપાસ કરતાં કારની પાછળની સીટમાં એક સફેદ મીણીયાનો થેલો મળેલ જેના ઉપર અંગ્રેજીમાં "ન્યુટ્રીકીંગ ૧૦૦ ટકા વેજીટેરીયન હાઈ પ્રોટીન સોયા ચંકસ, સોયા બડી, નેટ ૨૦ કે.જી." લખેલ તથા બીજી તરફ કાળા કલરની માર્કર પેનથી "દા.–૧ ગુજરાત સત્યનારાયણ, અમીરગઢ" વિ. લખેલ. જે મીણીયાની થેલી ખોલીને જોતાં તેમાં ખાખી તથા સફેદ કલરની સેલોટેપ વિટાળેલા કુલ ૧૭ પેકેટ મળી આવેલ, જે પેકેટો પૈકી એક પેકેટ ખોલતાં જેમાં હીન્દી ભાષાના ન્યુઝપેપરમાં પ્લાસ્ટીકની પારદર્શક કોથળીમાં ગોળાકાર નળાકાર લીલાશ પડતા કાળા જેવા દબાવી શકાય તેવા ઢીલા જેવો પદાર્થ મળેલ જે પો.ઈ.શ્રી નાઓએ પંચો રૂબરૂ સુંઘતાં તેમાંથી વિશીષ્ટ પ્રકારની લાક્ષણિક સુગંધ આવતી હોઈ જે વિશે મજકુર હાજર બંને ઈસમોને પુછપરછ કરેલ. જે પદાર્થ સુંઘતાં ચરસ હોવાનું જણાઈ આવેલ. જેથી આ માદક પદાર્થ ચરસના જથ્થા બાબતે તેઓની પાસે પાસ પરમીટ માંગતાં તેઓની પાસે કોઈ પાસ પરમીટ ન હોવાનું જણાવેલ. બાદ આ મળી આવેલ માદક પદાર્થના જથ્થાનું પ્રાથમિક પરીક્ષણ કરવું જરૂરી હોઈ પો.ઈ.શ્રી નાઓએ તેઓના મોબાઈલ ફોનથી ક.૧૪:૦૫ વાગ્યે ફોન કરી પાલનપુર

કન્ટ્રોલ રૂમના પેથાભાઈનાઓને સ્થળ ઉપર એફ.એસ.એલ. મોબાઈલ વાન મોકલી આપવા વર્ધી નોંધાવેલ અને સાથેના પો.કો. ઘેમરભાઈને સરકારી ગાડીમાં વજન કરવા માટે વેપારી મહાશયને લઈ આવવા જણાવેલ. બાદ સદર કારમાં જોતાં એક પુંઠાના બોક્ષ જેના ઉપર "ફ્રેસ કશ્મીર એપલ " લખેલ હતું તેમાં સુકા ઘાસ ઉપર મુકેલ આશરે એકાદ કીલો સફરજન મળેલ જે સફરજન લાંબો સમય રાખવામાં આવે તો બગડી જાય તેમ હોઈ સરફજન તથા પુંઠાના બોક્ષનો પંચો રૂબરૂ નાશ કરવામાં આવેલ. બાદમાં કારમાં જોતાં ત્રણ અલગ અલગ થેલા મળેલ જે પૈકી કાળા કલરની લાઈનીંગ વાળો થેલો ખોલી જોતાં તેમાં એક લોવર તથા એક આસમાની કલરની ગોળ ગળાની ટી–શર્ટ મળેલ. બાદમાં લાલ કલરનો થેલો ખોલી જોતાં બે લોવર, બે જાંગીયા તથા બે ટી–શર્ટ મળેલ. જે બં ને થેલા તથા તેમાં રહેલ કપડાં બાબતે પુછપરછ કરતાં તે પોતાના હોવાનું ફહીમે જણાવેલ. જે બંને થેલા તથા કપડાં પંચો રૂબરૂ ફહીમને પરત સોપેલ. બાદમાં અન્ય એક જીન્સનો થેલો ખોલી જોતાં તેમાં બે જીન્સના પેન્ટ તથા બે શર્ટ મળેલ જે સમીરે પોતાના હોવાનું જણાવતાં પંચો રૂબરૂ કપડાં તથા થેલો સમીરને પરત સોપેલ.

**(૨૦.૫)** બાદમાં ફહીમની પંચો રૂબરૂ અંગજડતી કરતાં તેના પેન્ટના જમણા ખિસ્સામાંથી એક મોબાઈલ ફોન તથા ડાબી બાજુના ખિસ્સામાંથી રૂ. ૨૦૦૦/– મળી આવેલા. જે રૂ. ૨૦૦૦/– પો.ઈ.શ્રી એ ફહીમને પંચો રૂબરૂ પરત કરેલ. બાદમાં સમીરની પંચો રૂબરૂ અંગ જડતી કરતાં તેના પેન્ટના જમણા ખિસ્સામાંથી એક મોબાઈલ ફોન તથા રૂ. ૧૧૫/– મળેલ જે રૂ. ૧૧૫/– પો.ઈ.શ્રી એ પંચો રૂબરૂ સમીરને પરત સોપેલ. બાદમાં સદરે બંને ઈસમોના કબજાની વેગેનાર કાર જોતાં તેમાં આગળ પાછળ પીળા કલરમાં એમ.એચ.૦૪.એચ. એન.૫૦૭૧ નંબર લખેલ હતો અને આ કાર ટેકક્ષી પાર્સિંગની હતી. કારની ઉપર કેરીયર હતું તથા કારની જમણી તરફ સલેટીયા કલરનું અસ્તર લગાવેલ હતું.

**(૨૦.૬)** બાદમાં ક.૧૪:૫૫ વાગ્યે સાયન્ટીફીક ઓફીસર શ્રી પટેલ સાહેબનાઓ તેમની મોબાઈલ વાન સાથે સ્થળ ઉપર આવેલ અને સાથે સાથે

પો.કો. ઘેમરભાઈ વજન કરવાવાળા ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણનાઓને પણ વજન કાંટા સાથે લઈ આવેલ. સદર બનાવવાળી જગ્યા રોડને અડીને અને વાહનોની અવરજવર વાળી હોઈ જયાં વજન તથા પરીક્ષણ કરવામાં મુશ્કેલી આવી શકે તેમ હોઈ પો.ઈ.શ્રી નાઓએ હોટલ મહાકાલની આગળ આવેલ ખુલ્લી જગ્યામાં આવેલ લીમડાના ઝાડ નીચે મુદ્દામાલ લેવડાવેલ. જયાં એફ.એસ.એલ. અધિકારીનાઓએ મળી આવેલ મુદ્દામાલમાંથી થોડો થોડો મુદ્દામાલ લઈ તેઓની પાસે રહેલ કીટથી સાઈન્ટીફીક પરીક્ષણ કરતાં મળી આવેલ મુદ્દામાલમાં કેનાબીનના સકીય ઘટકોની હાજરી મળેલ અને એફ.એસ.એલ. અધિકારીએ શ્રી નાઓએ તેઓએ કરેલા પરીક્ષણનો અભિપ્રાય લેખિતમાં આપી જરૂરી સુચનાઓ આપેલ.

**(૨૦.૭)** ત્યારબાદ વજનકાંટાવાળા શ્રી ઈકબાલભાઈ મેમણનાઓ વજન કાંટા ઉપર પંચો બંને ઈસમો તથા પોલીસ કર્મચારીઓની હાજરીમાં વજન કરતાં જેમાં મળી આવેલ કુલ ૧૭ પેકેટમાંથી ૭૭૭× એસ ના માર્કો વાળા કુલ ૬ પેકેટ હતા તેમજ ૯૯૯X એસ ના માકી વાળા કુલ ૧૦ પેકેટ તથા ૩૩૩ ના માર્કા વાળુ એક પેકેટ હતું જે તમામ પેકેટોમાથી મળી આવેલ કુલ ચરસનું વજન ૧૬.૭૫૩ કિ.ગ્રામ થયેલ. જે મળી આવેલ ૧૭ પેકેટમાંના દરેક પેકેટમાંથી ૩૦–૩૦ ગ્રામ એફ.એસ.એલ. પરીક્ષણ માટે અલગ કાઢી લીધેલ આમ કુલ ૫૧૦ ગ્રામ એફ.એસ.એલ. સેમ્પલ માટે અલગ કરેલ ત્યારબાદ મળી આવેલ ૧૭ પેકેટમાંના દરેક પેકેટમાંથી ૩૦–૩૦ ગ્રામ પોલીસ રીઝર્વ સેમ્પલ માટે અલગ કાઢી લીધેલ, આમ કુલ ૫૧૦ ગ્રામ રીર્ઝવ સેમ્પલ માટે અલગ કરેલ. આ મળી આવેલ કુલ ૧૭ પેકેટોને અનુક્રમે "એ" થી "કયું" માર્ક આપવામાં આવેલ. એફ.એસ.એલ. માટે કાઢેલ સેમ્પલ ને અનુક્રમે 'એ–૧" થી "કયુ–૧" માર્ક આપવામાં આવેલ. પોલીસ રીઝર્વ સેમ્પલ માટે કાઢેલ સેમ્પલને અનુક્રમે "એ–૨" થી "કયુ–૨" માર્ક આપવામાં આવેલ.

**(૨૦.૮)** બાદ કબજે કરવામાં આવેલ ચરસનો જથ્થો, એફ.એસ.એલ. સેમ્પલ તથા પોલીસ રીઝર્વ સેમ્પલને પ્લાસ્ટીકની પારદર્શક કોથળીઓમાં

મુકી પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓમાં મુકેલ તેમજ મળી આવેલ બંનેને મોબાઈલો અલગ અલગ પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી ખાખી તથા સફેદ કલરની સેલોટેપના ટુકડા તથા ન્યુઝપેપરના ટુકડા પ્લાસ્ટીકના થેલામાં મુકી તેનું મુઢીયું દોરી વડે બાંધી તમામ ઉપર પો.ઈ.શ્રી તથા પંચોની સહી વાળી કાપલી મુકી દોરી વડે બાંધી લાખ વડે પોલીસ ઈન્સ્પેકટર, એ.ટી.એસ., જી.એસ. અમદાવાદના અંગ્રેજી માર્કાનું શીલ કરી ઉપરોકત તમામ મુદ્દામાલ તથા મજકુર બંને ઈસમો પાસેથી મળેલ વેગેનર કાર તપાસ અર્થે કબજે કરેલ.

**(૨૦.૯)** ત્યારબાદ મજકુર બંને ઈસમોને તેઓની પાસેથી મળી આવેલ ચરસનો જથ્થો કયાંથી અને કોની પાસેથી લાવી અને કોને આપવાના હતા તે અંગે પુછપરછ કરેલ અને તેની નોંધ પંચનામામાં કરેલ.

**(૨૦.૧૦)** ત્યારબાદ મજકુર ઈસમો પાસેથી કબજે કરેલ મુદ્દામાલ અંગેનો સિઝર મેમાની ત્રણ પ્રતો તૈયાર કરી તેના ઉપર પંચો તથા પો.ઈ.શ્રી એ સહી કરી નામજોગ એક એક નકલ બંને ઈસમોને આપી સ્થળપ્રતમાં બંનેની સહી મેળવેલ.

**(૨૦.૧૧)** આમ, ફહીમ બેગ તથા સમીર શેખનાઓ તેઓના કબજાની વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ માં વગર પાસ પરમીટે ચરસનો જથ્થો ૧૬.૭૫૩ કિ.ગ્રા. જેની કિ. રૂ. ૧,૦૦,૫૧,૮૦૦/ – (અંકે રૂપિયા એક કરોડ એકાવન હજાર આઠસો પુરા) ની મત્તા સાથે હોટલ મહાકાલ પાસેથી પકડાયેલ હોઈ તેઓની તથા સદર ચરસનો જથ્થો મંગાવનાર અબ્દુલ કયુમ ઉર્ફે નટો ઉર્ફે નટવર તથા ઈમરાન તથા નીતીન તથા ચરસનો જથ્થો મોકલાવનાર આરીફ નાઓ વિરૂધ્ધ અમોએ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી), ૨૯ મુજબ પો.ઈ. શ્રી સી.આર.જાદવ રૂબરૂ ફરીયાદ આપેલ.

**(૨૦.૧૨)** મને નિ. ૭/૩ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે મે આપેલ ફરીયાદ છે જેના દરેક પાને મારી સહી છે જે ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૯૨

**(૨૦.૧૩)** મને નિ. ૭/૭ વાળી યાદી બતાવવામાં આવે છે જે પંચનામા

દરમ્યાન વજન કરનાર મહાશય ઈકબાલ ભાઈ મેમણને પો.ઈ.શ્રી જાદવ સાહેબે વજન કરવા માટે અમારી હાજરીમાં યાદી કરેલ જે યાદી સ્વીકાર્યા અંગે ઈકબાલભાઈએ અમારી હાજરીમાં સ્થળપ્રત ઉપર મારી હાજરીમાં સહી કરેલ. જે ઈકબાલભાઈની તથા પો.ઈ.શ્રી જાદવ સાહેબની સહીઓ હું ઓળખી બતાવું છું જે યાદી રજુ દા.આંક–૯૩

**(૨૦.૧૪)** મને નિ. ૭/૮ વાળું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન મુદ્દામાલ વજન કરી વજન કરનાર વેપારી મહાશયે અમારી હાજરીમાં તેઓની સહી કરી પ્રમાણ પત્ર પાઠવેલ તે જ છે જે વેપારી મહાશય ઈકબાલભાઈએ મારી હાજરીમાં સહી કરી પ્રમાણપત્ર પાઠવેલ હોઈ તેઓની સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૯૪

**(૨૦.૧૫)** મને નિ. ૭/૧૦ વાળી યાદી બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન એફ.એસ.એલ. અધિકારીને પો.ઈ.શ્રી જાદવ સાહેબે મુદ્દામાલનું સ્થળ પરીક્ષણ કરવા માટે અમારી હાજરીમાં યાદી કરેલ જે યાદી સ્વીકાર્યા અંગે એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલ સાહેબે મારી હાજરીમાં સ્થળપ્રત ઉપર મારી હાજરીમાં સહી કરેલ. જે એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલ સાહેબની તથા પો.ઈ.શ્રી જાદવ સાહેબ ની સહીઓ હું ઓળખી બતાવું છું જે યાદી રજુ દા. આંક – ૯૫

**(૨૦.૧૬)** મને નિ. ૭/૧૧ વાળું એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન મુદ્દામાલનું એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલ સાહેબે સ્થળ પરીક્ષણ કરી અહેવાલ જાદવ સાહેબને અમારી હાજરીમાં તેઓની સહી કરી પાઠવેલ તે જ છે જે એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલ સાહેબે મારી હાજરીમાં સહી કરી રીપોર્ટ પાઠવેલ જે અહેવાલ તે જ છે જે હું ઓળખી બતાવું છું.

**(૨૦.૧૭)** મુદામાલ આર્ટી.નં. એ.૩ થી કયુ.૩ વાળી પારદર્શક ડબ્બીઓ ખોલી જોતા તેમાંથી નીકળેલ મુદામાલ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે તે તે જ મુદામાલ ચરસ છે. જે પંચનામા દરમિયાન પંચોની તથા રેડીંગ સ્ટાફ તથા મારી હાજરીમાં આરોપી ફહીમબેગ તથા સમીર શેખ પાસેથી કબજે

લેવામાં આવેલ તે તે જ છે. જે હુ ઓળખી બતાવુ છું.

**(૨૦.૧૮)** મને મુદામાલ આર્ટી. નં. પર વાળો મોબાઈલ બતાવવામાં આવે છે. જે પંચનામા દરમિયાન પંચોની તથા રેડીંગ સ્ટાફ તથા મારી હાજરીમાં આરોપી ફહીમબેગ પાસેથી કબજે લેવામાં આવેલ તે તે જ છે. જે હુ ઓળખી બતાવુ છું.

**(૨૦.૧૯)** મને મુદામાલ આર્ટી. નં. પ૩ વાળો મોબાઈલ બતાવવામાં આવે છે. જે પંચનામા દરમિયાન પંચોની તથા રેડીંગ સ્ટાફ તથા મારી હાજરીમાં આરોપી સમીર શેખ પાસેથી કબજે લેવામાં આવેલ તે તે જ છે. જે હુ ઓળખી બતાવુ છુ.

**(૨૦.૨૦)** મને મુદામાલ આર્ટી. નં. પપ વાળા સેલોટેપના ટુકડા તથા ન્યુઝપેપરના ટુકડા બતાવવામાં આવે છે. જે પંચનામા દરમિયાન પંચોની તથા રેડીંગ સ્ટાફ તથા મારી હાજરીમાં આરોપી ફહીમ બેગ તથા સમીર શેખ પાસેથી કબજે લેવામાં આવેલ તે તે જ છે. જે હુ ઓળખી બતાવુ છુ.

**(૨૦.૨૧)** આરોપી ફહીમબેગ તથા સમીર શેખ જે રેડ દરમિયાન મારી હાજરીમાં મુદામાલ સાથે પકડાયેલ હોય હુ તેઓને ઓળખુ છું. જે પૈકી આજરોજ સમીરશેખ હાજર છે જેને ઓળખી બતાવુ છું તથા ફહીમબેગ હાજર નથી.

**(૨૦.૨૨)** **બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** તે સમયે એ.ટી.એસ. ઓફીસ અમદાવાદ ખાતે વૈષ્ણવદેવી સર્કલ પાસે આવેલ હતી. આ એ.ટી.એસ. ઓફીસમાં સૌથી સિનીયર ઓફીસર તરીકે એડી. ડી.જી. તથા તેનાથી નીચે આઈ.જી. તથા તેનાથી નીચે એસ.પી. તથા તેનાથી નીચે ડી.વાય.એસ.પી. તથા તેનાથી નીચે પી.આઈ. તથા પી.એસ.આઈ. હોય છે. આ તમામ ઓફીસરોની ચેમ્બરો એક જ કચેરીમાં આવેલ છે. મારી તથા પી.આઈ. ની ચેમ્બર અલગ અલગ હતી તેમજ મારી તથા પી.એસ.આઈ. શ્રી ભોલા સાહેબની એક જ ચેમ્બર હતી. મને જાદવ સાહેબે મને તેમની ચેમ્બરમાં બોલાવીને વાત કરી ત્યારે તે સમયે હું એ.ટી.એસ. કચેરીમાં મારી ફરજ ઉપર હાજર હતો. તે સમયે મને મારી ફરજનો

સમય યાદ નથી પરંતુ નાઈટમાં હોઈશ. પી.આઈ. શ્રી જાદવનાઓ ડી.આઈ.જી. ના બંગલે ગયેલાની જાણ છે પરંતું કયારે ગયેલ અને કયારે પરત આવેલા તે ચોકકસ સમય મને યાદ નથી. તેઓ પરત આવ્યા બાદ મને તેઓની ચેમ્બરમાં બોલાવી અમને વાત કરેલી.

**(૨૦.૨૩)** અમારી એ.ટી.એસ. કચેરીમાં ગુપ્ત બાતમી રજીસ્ટ્રર એક જ હોય છે અને તે કાઈમ ટેબલ સંભાળતા પી.એસ.આઈ. કક્ષાના કર્મચારી પાસે હોય છે તે સમયે કોણ હતા તેની મને ખબર નથી. તે સમયે બીજા પી.એસ.આઈ. તરીકે ૧૫ થી ૧૬ હતા. અમારી કચેરીમાં સ્ટેશન ડાયરી પી.એસ.ઓ. નિભાવે છે. તે એ.એસ.આઈ. કક્ષાના કર્મચારી હોય છે અને કોઈ સમયે પી.એસ.આઈ.ને પણ ચાર્જ આપવામાં આવે છે.

**(૨૦.૨૪)** અમે જે ગાડીમાં રવાના થયેલા તે પી.આઈ. સાહેબના ચાર્જની ગાડી હતી. અમે ત્યાંથી રવાના થયેલા ત્યારે એસ.પી. કચેરી પાલનપુર કે અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં મે જાણ કરેલ નહી પરંતુ જો સાહેબે જાણ કરેલ હોય તો તેની મને ખબર નથી. અમે પાલનપુર પહોચ્યા બાદ જીલ્લા પોલીસ અધિક્ષકનો સંપર્ક કરેલ નહી પરંતુ એસ.ઓ.જી. નો સંપર્ક કરેલ. અમે એસ.ઓ.જી. કચેરી પાલનપુર પહોચ્યા ત્યારે પી.આઈ.શ્રી ઝાલા સાહેબ હાજર હતા કે કેમ તે હાલ મને યાદ નથી પરંતુ ત્રણ પોલીસ કર્મચારી હતા. તે સમયે અમારા સાહેબે એસ.ઓ.જી. કચેરીમાં હાજર પોલીસ કર્મચારી સાથે વાતચીત કરી મદદ માંગેલી.

**(૨૦.૨૫)** એ વાત ખરી છે કે મે અગાઉ તાલુકા પંચાયત કચેરી જોયેલ ન હતી. એ વાત ખરી છે કે એસ.ઓ.જી. ના કર્મચારીઓ તાલુકા પંચાયતમાં અમને લઈ ગયેલા. તાલુકા પંચાયત કચેરીથી ૧૧:૩૦ કલાકે રવાના થયેલા.

**(૨૦.૨૬)** મે આ બનાવ પહેલાં પાલનપુર થી આબુરોડ તરફ જતો અને પાલનપુર તરફ આવતો બંને તરફનો હાઈવે જોયેલ હતો. એ વાત ખરી છે કે પાલનપુર થી આબુરોડ તરફ જવા નીકળતાં પાલનપુર નજીક એક ટોલટેક્ષ આવે છે. એ વાત ખરી છે કે ટોલટેક્ષ બાદ ઈકબાલગઢ અને ત્યારબાદ અમીરગઢ આવે છે. અમીરગઢ પોલીસ સ્ટેશન ચોકકસ કઈ જગ્યાએ આવેલ

છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે અમીરગઢ થી આગળ જતાં ગુજરાત રાજયની અમીરગઢ ચેકપોસ્ટ આવે છે. એ વાતની મને ખબર નથી કે ત્યારબાદ રાજસ્થાન રાજયની ચેકપોસ્ટ આવે છે કે કેમ. અમીરગઢ ચેકપોસ્ટ થી આબુરોડ કેટલા કી.મી. થાય છે તે ચોકકસ કી.મી. મને ખબર નથી.

**(૨૦.૨૭)** સવાલ:– બાતમી વાળી ગાડી ચોકકસ કયા સ્થળે તથા કેટલા વાગ્યે આવવાની હતી તે ચોકકસ સમય તથા સ્થળ જાણવા મળેલ નહી તે બાબતે તમારે શું કહેવું છે? જવાબ:– હકીકત એવી હતી કે ૧૨:૦૦ થી ૧૭:૦૦ દરમ્યાન આબુરોડ તરફથી પાલનપુર હાઈવે ઉપર થી પાલનપુર તરફ ગાડી જવાની છે તેવી બાતમી હતી. ચોકકસ સમય કે સ્થળ જાણવા મળેલ નહી.

**(૨૦.૨૮)** અમે હોટલ આગળ એક થી સવાએક કલાક જેટલો સમય ઉભા રહેલા. પાલનપુર થી અમે નિકળ્યા ત્યારથી અમે પહોચ્યા ત્યાં સુધી અમને ચોકકસ સ્થળ અંગે માહીતી મળેલ નહી. અમે પોલીસ ઈન્સ્પેકટર શ્રી સી.આર. જાદવ સાહેબના કહેવાથી આ હોટલ આગળ ઉભા રહેલા. એ વાત ખરી નથી કે આ હોટલ ઉપર આવવા માટે ટોલટેક્ષ પસાર કરી આગળ જઈ યુટર્ન લઈ ફરીથી ટોલટેક્ષ પસાર કરી પાલનપુર તરફ આવવું પડે. એ વાત ખરી નથી કે પાલનપુર થી ટોલટેક્ષ તરફ જતાં હાઈવે ઉપર વચ્ચે આવેલ ડીવાઈરના વચ્ચેના ભાગે ટોલટેક્ષ ગયા પહેલાં હોટલ વાળા હાઈવે ઉપર જવા માટે રસ્તો કે કટ નથી. એ વાત ખરી નથી કે હું ઉપરોકત હકીકતનો ખોટી રીતે ઈન્કાર કરું છું.

**(૨૦.૨૯)** અમે આરોપીઓની અંગ જડતી તથા ગાડીની જડતી લીધી ત્યારે પાલનપુરના પ્રથમ ટોલટેક્ષની કે ઉત્તર તરફ જતા હાઈવે ના કોઈ પણ ટોલટેક્ષની સ્લીપ અમને સર્ચ દરમ્યાન મળેલ નથી. એ વાત ખરી છે કે મળેલ થેલો અમીરગઢ લખેલ હતો. અમીરગઢ લખેલ થેલાના લખાણ બાબતે અમારા પી.આઈ. શ્રી જાદવ સાહેબે કોઈ પુછપરછ કરેલ નહી.

**(૨૦.૩૦)** અમે ચેકીંગમાં હતા તે દરમ્યાન ઘણીબધી ગાડીઓ ત્યાંથી પસાર થયેલ પરંતુ તે ગાડીઓ રોકેલ નથી. અમે ટોલટેક્ષ થી દક્ષીણે આ

હોટલ કેટલા અંતરે હતી તે ચોકકસ અંતર નોંધેલ નથી. ટોલટેક્ષ થી હોટલ દુર હતી. ટોલટેક્ષથી નીકળતી ગાડીઓ સામેથી નીકળે તે દેખાય તેવી જગ્યા હતી. અમે બધા પોલીસના માણસો હાઈવે ઉપર હતા. એ વાત ખરી છે કે એન.ડી.પી.એસ. એકટ અન્વયે ઠરાવો કરવાના હોઈ તરત જ ગાડી સર્ચ કરેલ નહી. એ વાત ખરી છે કે આ ગાડીમાં મુદ્દામાલ છે તેવી ચોકકસ બાતમી હતી.

**(૨૦.૩૧)** સવાલ:- એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ નો ઠરાવ કરેલાનું જણાવો છો તે શેનો ઠરાવ હોય તે જણાવી શકો? જવાબ:- કોઈ પણ વ્યકિત પાસે માદક પદાર્થ હોય અને તેની જડતી કરવાની હોય ત્યારે તેની જડતી કરતાં પહેલાં તેને એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ મુજબ ઠરાવ કરી આપવાનો હોય છે. સવાલ:- એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ નો ઠરાવ કરેલાનું જણાવો છો તે શેનો ઠરાવ હોય તે જણાવી શકો? જવાબ:- એન.ડી.પી.એસ. એકટની કલમ-૫૦ અન્વયે શકમંદ ઈસમને તેની જડતી તેઓ કોઈ અન્ય ગેઝેટેડ ઓફીસર મારફત કરાવવા માંગતા હોય તો તે બાબતે તેને પુછપરછ કરી કરવામાં આવે છે.

**(૨૦.૩૨)** ગાડીની બાતમી હતી પરંતુ વ્યકિતઓની પણ જડતી કરવાની હોઈ એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ અન્વયે ઠરાવ કરવો જરૂરી હતો. ગાડી ઉભી રખાવી પી.આઈ. સાહેબે ગાડીની ચાવી પોતાની પાસે રાખી લીધેલ.

**(૨૦.૩૩)** મુદ્દામાલ તરીકે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આ ગાડીની ચાવી જમા કરાવેલ. એ વાત ખરી નથી કે ગાડીની ચાવી જમા કરાવ્યાની હકીકત હું ખોટી જણાવું છું.

**(૨૦.૩૪)** મુદ્દામાલ તોલવા માટે વેપારી મહાશય તોલાટ આવેલા. તોલાટ આવેલ અને ત્યારબાદ એફ.એસ.એલ. અધિકારી આવેલ ત્યાં સુધી ગાડી જે તે સ્થીતીમાં હાઈવેની સાઈડમાં રાખવામાં આવેલી. સવાલ:- સૌપ્રથમ વખત આ થેલો કયારે ખોલવામાં આવેલો? જવાબ:- ગાડી રોકયા બાદ એફ.એસ.એલ. અધિકારી આવ્યા પહેલાં આ થેલો ખોલેલ.

**(૨૦.૩૫)** પ્રથમ એક પેકેટ ખોલેલ હતું. ગાડીમાંના સફરજન જે બગડી જાય તેવા હતા તેથી તેનો સ્થળ ઉપર જ નાશ કરેલો. આ સફરજન કેમ નાશ કરેલ તે અંગે મારે પી.આઈ. સાહેબ સાથે કોઈ વાતચીત થયેલ નહી. એ વાત ખરી છે કે આ ગુનો પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના હદનો હતો. આ સફરજન પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં જમા કરાવતા પહેલાં બગડી જાય તેવી સ્થીતી જણાયેલ નહી.

**(૨૦.૩૬)** પ્લાસ્ટીકની પારદર્શક થેલીઓ તથા પ્લાસ્ટીકના પારદર્શક ડબ્બાઓ અમદાવાદથી સાથે લઈ આવેલા. આ થેલીઓ તથા ડબ્બાઓ ઓફીસમાંથી લઈ આવેલા.

**(૨૦.૩૭)** તે બાતમી વાળો મુદ્દામાલ ચોકકસ કેટલા પેકેટ હતા કે એક સાથે કેટલા જથ્થામાં હતો તેની અમને કોઈ સ્પષ્ટ માહીતી ન હતી.

**(૨૦.૩૮)** એ વાત ખરી છે કે એન.ડી.પી.એસ.ની કાર્યવાહીમાં ફોટોગ્રાફી કરવી તેવી આદેશાત્મક સુચનાઓ ડીપાર્ટમેન્ટ તરફથી મળેલ છે. એ વાત ખરી છે કે ફોટોગ્રાફરને હાજર રાખવાની કોઈ યાદી કરેલી નથી. કોઈ ફોટોગ્રાફરને ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી માટે હાજર રાખેલ નથી. એ વાત ખરી છે કે પોલીસ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ પાસે મોબાઈલ હતા. મારા મોબાઈલમાં પણ વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરી શકાય તેવી સુવિધા હતી. એ વાત ખરી છે કે ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી કરેલ હોય તેવો કોઈ ઉલ્લેખ ફરીયાદ કે અન્ય કોઈ કાગળોમાં કરેલ નથી.

**(૨૦.૩૯)** સેમ્પલીંગ કાર્યવાહી અમો પોલીસ સીલીંગની અને અધિકારીઓએ સાથે મળીને કરેલી. આ કાર્યવાહી અમો બધા મળીને અલગ-અલગ કાર્યવાહી કરતા હતા. એટલેકે અમારા માંથી કોઈ મુદામાલ પેક કરતુ હતુ તો કોઈ અધિકારી દોરા તથા કોઈ સીલ કરતુ હતુ.

**(૨૦.૪૦)** જાદવ સાહેબે રીપોર્ટ રજુ કરેલ અને હું તેઓની સાથે ગયેલ. આ પહેલા અમો એસ.ઓ.જી.ઓફીસ ગયેલા. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. ઓફીસ જઈ ને ફરીયાદ લખેલી. એસ.ઓ.જી.ઓફીસે જઈ ગુનો દાખલ કરવાની યાદી બનાવી અને ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી કરેલી.

પોલીસ સ્ટેશનમાં મુદામાલ પી.એસ.ઓ. સમક્ષ જમાં કરાવ્યો તે પહેલા તે કોની પાસે હતો તે હાલ મને ચોકકસ યાદ નથી. પી.એસ.ઓ.પાસેથી મે મુદામાલ પાવતી લીધેલ નથી. એ વાત ખરી નથી કે મે એફ.આઈ.આર.ની કોપી પણ પી.એસ.ઓ. પાસેથી લીધેલી નહી. મારી હાજરીમાં આરોપીઓના ચેહરા નિશાન પત્રક ભરાયેલા.

સવાલઃ- એફ.આઈ.આર.માં એન. ડી. પી. એસ.એકટની કલમ- ૨૯ નો ઉલ્લેખ કયા પુરાવાના આધારે કરેલો તે જણાવો? જવાબઃ-આરોપીઓને જયારે પકડેલા અને તેઓની પુછપરછ કરેલી ત્યારે તેઓએ જણાવેલ કે આ માલ કોણે મંગાવેલ હતો અને કોને આપવાનો હતો તેના નામ તથા મોબાઈલ નંબરો આપેલા હતા અને આ પકડાયેલા આરોપીઓના બેંક એકાઉન્ટમાં નહી પકડાયેલા આરોપીઓ રૂા. ૧૦,૦૦૦/- જમાં કરાવેલા. આ ઉપરાંત પકડાયેલા આરોપીઓને નહી પકડાયેલ આરોપીઓએ એસ.એમ.એસ. કરી ટ્રક નંબર આપેલ. તે પુરાવાઓના આધારે આ કલમ લગાડેલી.

**(૨૦.૪૧)** હું કઈ તારીખે પાલનપુરથી નિકળેલ તે મને હાલ યાદ નથી. અમો રાત્રી રોકાયેલા નહી. આરોપીઓને કેટલા વાગ્યે અટક કરેલા તે ચોકકસ સમય મને યાદ નથી. આરોપીઓને કેટલા વાગ્યે પોલીસ સ્ટેશનમાં રજુ કરેલા તેનો ચોકકસ સમય મને હાલ યાદ નથી. આરોપીઓને પોલીસ સ્ટેશનમાં કોણે રજુ કરેલા તે યાદ નથી. અમો બધા સાથે ગયેલા.

સવાલઃ- આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ નોંધાવી ત્યારે એન.ડી.પી.એસ. એકટની કલમ-૨૯ લખાવવા તથા અન્ય આરોપીઓના નામ દર્શાવવા માટે તમારી પાસે આરોપીઓની પુછપરછ સિવાય અન્ય કોઈ પુરાવો ન હતો. તે બાબતે તમારે શુ કહેવુ છે?

જવાબઃ- આરોપીઓને જ્યારે પકડેલ ત્યારે નહી પકડાયેલ આરોપીઓના મોબાઈલ નંબરો સાથેના તેમના સંપર્કો તથા નહી પકડાયેલ આરોપીએ કરેલ ટ્રક નંબર ના એસ.એમ.એસ. ની વિગત તથા પકડાયેલ આરોપીઓના ખાતામાં જમા કરવામાં આવેલ રૂ. ૧૦,૦૦૦/- ની હકીકત આધારે અન્ય આરોપીઓના નામ ખુલતા હોઈ કલમ ૨૯ લખાવેલ.

એ વાત ખરી છે કે ઉપર જણાવેલ હકીકત આરોપીઓએ જણાવેલ. એ વાત ખરી છે કે તે સિવાય અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો ફરીયાદ આપત પહેલાં મળેલ નહી.

**(૨૦.૪૨)** એ વાત ખરી છે કે પંચનામું પુર્ણ થયા બાદ તથા ફરીયાદ આપ્યા પહેલાં આરોપીઓને અટક કરવાની કાર્યવાહી કરવામાં આવેલી. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં આરોપીઓને રજુ કરતાં પહેલાં એસ.ઓ.જી. કચેરી ખાતે આરોપીઓને પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે ત્યારબાદ આરોપીઓની મેડીકલ ચકાસણી કરાવેલ. ગુનો રજીસ્ટ્રર કરાવતાં પહેલાં મને જાણવા મળેલ મોબાઈલ નંબર ઉપર આ નંબરો સાચા છે કે ખોટા તેની ખાતરી કરવા તે નંબરો ઉપર ફોન કરી મે કોઈ ખાતરી કરવા ફોન કરેલ નથી.

**(૨૦.૪૩)** એ વાત ખરી નથી કે હું કહું છું તેવી કોઈ બાતમી અમારા ઉપરી અધિકારીશ્રી જાદવ સાહેબને મળેલ નથી. એ વાત ખરી નથી કે તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ સરતપાસમાં જણાવેલ મે સરતપાસમાં જણાવેલ છે તે રીતે જાદવ સાહેબે ડી.આઈ.જી. સાહેબ સાથે ચર્ચા કરેલાનું તથા સદરહું અમારા સરકારી વાહનમાં એસ.ઓ.જી. કચેરી પાલનપુર ખાતે આ બાતમી આધારે આવેલ હોવાનું તેમજ એસ.ઓ.જી. પાલનપુરના પોલીસ કર્મચારીઓ સાથે મે જણાવ્યા મુજબ તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ જઈ બે પંચો ની લેખિતમાં માંગણી કરેલાનું તથા ત્યાં કોઈ બાતમી ની હકીકત અંગે વાકેફ કરેલાનું તથા આપસમાં અંગજડતી કરેલાનું તેમજ ગાડીઓની જડતી કરેલાની તથા સરતપાસમાં જણાવ્યા મુજબ ત્યાંથી રવાના થતાં પહેલાં પ્રાથમિક પંચનામું કર્યા અંગેની વિગેરે હકીકતો અંગે પુરાવો ખોટો આપેલ છે. એ વાત ખરી નથી કે પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરીએથી ટોલટેક્ષ પહેલાં જમણી તરફ વળી મહાકાલ હોટલ પાસે આવી ઉભા રહેલાનું તથા ક.૧૩:૨૦ વાગ્યે આબુરોડ તરફથી બાતમી વર્ણનવાળી કાર ઉભી રખાવેલાનું તેમજ તે વખતે પંચો હાજર હોવાનું તથા પી.આઈ. સાહેબે તેમનો તથા પંચો વિગેરેનો પરીચય આપેલાનો તથા આરોપીઓને નીચે ઉતારી તે સ્થળે

પુછપરછ કરેલાનો તેમજ તે સ્થળે કલમ ૫૦ તથા કલમ ૪૨ ના ઠરાવો કરેલાનું તથા તે મુજબ આરોપીઓને સમજ કરેલાનું તથા આરોપીઓને તે વખતે આ ઠરાવોની નકલો આપી સહીઓ લીધેલાનો ખોટો પુરાવો આપેલ છે. એ વાત ખરી નથી કે તે સ્થળે પંચોની તથા કારની જડતી કરેલાનો તથા મુદ્દામાલ થેલો મળેલાનો તથા તે જોયેલાનો તથા કહેવાતો મુદ્દામાલ તે થેલામાંથી મળેલાનો તથા તેને સુંધી જોયેલાનો ખોટો પુરાવો આપેલ છે.

**(૨૦.૪૪)** એ વાત ખરી નથી કે ૧૩ તારીખ પહેલાં બીનવારસી મુદ્દામાલ અમીરગઢ પોલીસે કબજે લીધેલાની હકીકત મળેલી. એ વાત ખરી નથી કે તે દિવસે આરોપી નં. ૧ તથા ૨ ને અમીરગઢ પોલીસે શકમંદ તરીકે પકડી લીધેલા. એ વાત ખરી નથી કે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર બંને આરોપીઓને ગોંધી રાખેલા. એ વાત ખરી નથી કે અમીરગઢ પોલીસ સ્ટેશનના ચેક પોસ્ટના કર્મચારીઓ વિગેરે તેમના સંબંધીઓને બોલાવી અઘટીત રકમની માંગણી કરેલ તેમજ ગેરકાયદેસર રીતે રકમ મેળવેલી. એ વાત ખરી નથી કે તા. ૧૨/૧૦/૨૦ ના રાત્રે બંને આરોપીઓને મુકત કરેલા. એ વાત ખરી નથી કે સદરહું હકીકતની પાલનપુર એસ.ઓ.જી. કચેરીમાં જાણ થયેલી. એ વાત ખરી નથી કે અમીરગઢ ચેકપોસ્ટ તથા એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ તથા અધિકારીઓ ઉપર નાણાંકીય આક્ષેપો ન થાય તે સારૂ એ.ટી.એસ. કચેરીએ જાદવ સાહેબનો સંપર્ક એસ.ઓ.જી. કચેરીએથી કરેલો. એ વાત ખરી નથી કે તેથી જાદવ સાહેબ તથા અમો પોલીસ સ્ટાફના માણસો તે દિવસે એસ.ઓ.જી. કચેરીએ આવેલા. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. કચેરીએ પકડી રાખેલ આ બંને આરોપીઓ તથા ગાડી સાથે ખોટી હકીકત રેકર્ડે દર્શાવી મહાકાલ હોટલ આગળ બાતમી આધારે ગાડી અટકાવી કેસ મુજબની ખોટી કાર્યવાહી કરવામાં આવેલી. એ વાત ખરી નથી કે ઉપરોકત તમામ હકીકતોની મને તથા જાદવ સાહેબને વિગેરેને અગાઉથી જાણ થયેલ હતી તેમ છતાં પાલનપુર એસ.ઓ.જી. તથા અમીરગઢ પોલીસ સ્ટેશનના કર્મચારીઓને બચાવવા રેકર્ડ ઉપર ખોટી કાર્યવાહી દર્શાવવામાં આવેલ છે તે હકીકત હું જાણું છું. એ વાત ખરી નથી કે કહેવાતો મુદ્દામાલ અમીરગઢ ચેક

પોસ્ટ ઉપર બીનવારસી બતાવેલ મુદ્દામાલ અમીરગઢ ચેકપોસ્ટના કર્મચારીઓ મારફત આ કામે એસ.ઓ.જી. કચેરીમાં રજુ કરેલાની હકીકત હું જાણું છું. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી.ના કર્મચારીઓ તેમના ઓળખીતા ઈસમોને પંચો તરીકે પસંદ કરીને ખરી હકીકત જણાવ્યા સિવાય બનાવના સ્થળે લાવેલ હોવાનું હું જાણું છું. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. કચેરીએથી બંને આરોપીઓ સાથે બનાવના સ્થળે ગાડી લવરાવી મહાકાલ હોટલ આગળ અટકાવી એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો કરેલ હોવાનું દર્શાવવા રેકર્ડ ઉપર ખોટી કાર્યવાહી દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે ખોટું પંચનામું તેમજ મે ઓળખી બતાવેલ એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ તથા ૪૨ તથા ૪૩ ના ઠરાવો તથા સિઝરમેમો વિગેરે તમામ દસ્તાવેજો રેકર્ડ ઉપર કાર્યવાહી દર્શાવવા એસ.ઓ.જી. કચેરીએ તૈયાર કરવામાં આવેલાનું પણ હું જાણું છું. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. કચેરીએ બેસી ખોટી ફરીયાદ તૈયાર કરી આરોપીઓ વિરૂધ્ધ ખોટો ગુનો રજીસ્ટ્રર કરાવેલ છે. એ વાત ખરી નથી કે મે નામ. કોર્ટમાં સ્થળ ઉપર મુદ્દામાલ કબજે કરેલ તેની વિગતનો ખોટો પુરાવો આપેલ છે. એ વાત ખરી નથી કે ઉપરોકત હકીકતે ખોટા કેસના સમર્થનમાં મારી ફરીયાદ અનુસાર મે નામ. કોર્ટમાં ખોટી જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે નામ. કોર્ટમાં મુદ્દામાલ ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**(૨૦.૪૫)** ઉપરોકત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

**(૨૦.૪૬)** ઉપરોકત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

**(૨૧)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૧૧ થી સાહેદ નં. ૫ રેઈડનું આયોજન કરનાર પોલીસ અધિકારી શ્રી ચેતનકુમાર રતીલાલ જાદવને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૧.૧)** સને ૨૦૨૦માં હું એ.ટી.એસ. માં પી.આઈ. તરીકે અમારી ફરજ ઉપર હતા તે દરમ્યાન તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ હું તથા

પી.એસ.આઈ. એમ.એસ. ત્રિવેદી તથા પી.એસ.આઈ. વી.બી.ભોલા તથા પો.કો. હીતેન્દ્ર રતનલાલ દત્ત નાઓ એ.ટી.એસ. ખાતે હાજર હતા તે દરમ્યાન અમોને સવારના કલાક ૬:૦૦ વાગ્યે ચોકકસ બાતમી મળેલ કે માહીમ મુંબઈ ના ફહીમ બેગ તથા સમીર નામના માણસો પોતાની મેટાલીક ડાર્ક ચોકલેટ કલરની વેગનાર કાર નં.એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ માં માદક પદાર્થ ચરસનો જથ્થો લઈ આબુરોડ તરફથી પાલનપુર હાઈવે તરફથી પાલનપુર બાજુ કલાક ૧૨:૦૦ થી ક. ૧૭:૦૦ દરમ્યાન આવવાના છે. જે બાતમી હકીકત અમોએ એક કોરા કાગળમાં લખી લીધેલ. ગુપ્ત બાતમીના રજીસ્ટ્રરમાં એન્ટ્રી નં. ૧૨/૨૦૨૦, તા. ૧૩/૧૦/૨૦૨૦ થી એન્ટ્રી કરી ડી.આઈ.જી. એ.ટી.એસ. ને આ બાબતે તેમના બંગલે જઈ રેડ બાબતે લેખિતમાં રીપોર્ટ આપેલ. ડી.આઈ.જી. સાહેબે રેડનું આયોજન કરવા જણાવતાં એ.ટી.એસ. ખાતેથી પી.એસ.આઈ. એમ.એસ.ત્રિવેદી, પી.એસ.આઈ. વી.બી.ભોલા તથા પો.કો. હીતેન્દુ રતનલાલ દત્ત નાઓને સાથે રાખી રેડનું આયોજન કરેલ. રેડને લગતાં જરૂરી સાધનો લાખ, દોરા, શીલ, પ્લાસ્ટીકના ડબલાઓ, પ્લાસ્ટીકની કોથળીઓ, લેપટોપ, પ્રિન્ટર, કાગળો તથા નારકોટીક્સ ડ્રગ્સ ઈન્વે. કીટ સાથે રાખી સરકારી વાહન જી.જે.૦૧.જી.એ.૪૮૭ માં રવાના થવા બાબતે એ.ટી.એસ. પી.એસ.ઓ. ને ક. ૭:૩૦ વાગ્યે એન્ટ્રી નં. ૨/૨૦૨૦ એન્ટ્રી કરાવી રેડમાં જવા રવાના થયેલ.

**(૨૧.૨)** પાલનપુર ખાતે એસ.ઓ.જી. કચેરી ખાતે આવી, એસ.ઓ. જી. કચેરીના હાજર સ્ટાફ એ.એસ.આઈ. કાન્તીભાઈ મગનલાલ તથા એ. એસ. આઈ. સિકંદરખાન દોલતખાન અને પો.કો. ઘેમરભાઈ હેમરાજભાઈ નાઓને રેડ બાબતે મદદ માંગતાં તેઓએ હા પાડતાં તેમના સરકારી વાહન જી.જે.૧૮. જી.બી.૭૩૪ વાળું વાહન સાથે રાખી તમામ સ્ટાફ સાથે પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરીએથી બે પંચોની માંગણી સારૂ ગયેલ અને ટી.ડી.ઓ. શ્રી ને લેખિત રીપોર્ટ આપેલ. ટી.ડી.ઓ. શ્રીએ બે પંચોની ફાળવણી કરતાં પંચ નં. ૧–મુળચંદભાઈ ભીખાભાઈ પરમાર તથા પંચ નં .

૨–નરેશકુમાર ચેલાભાઈ કોરોટ ને પંચમાં રહેવા ફાળવણી કરેલ જેઓ સાથે ટી.ડી.ઓ. ઓફીસના કેમ્પસમાં પંચોને અમોએ અમારી તથા હાજર પોલીસ સ્ટાફનો ઓળખ પરીચય કરાવેલ અને પંચોને બાતમી હકીકતથી વાકેફ કરી રેડમાં પંચો તરીકે હાજર રહેવા સમજ કરતાં પંચોએ સ્વખુશી દર્શાવેલ અને પંચ તરીકે રહેવા સ્વખુશી દર્શાવેલ. પંચો તથા અમો પોલીસ સ્ટાફની અરસપરસ જડતી કરતાં નારકોટીકસ પદાર્થને લગતી અન્ય કોઈ વાંધાજનક ચીજવસ્તુઓ મળી આવેલ નહી. તાલુકા પંચાયત કેમ્પસમાં અમારા પોલીસના બે સરકારી વાહન હતા જે પૈકી પ્રથમ વાહન જેનો નંબર જી.જે.૦૧.જી.એ.૪૮૭ ના ડ્રાઈવરનું પંચો રૂબરૂ નામઠામ પુછતાં ડ્રાઈવરે પોતાનું નામ એસ.આર.પી. પો.કો. સંજયસિંહ ચાવડા જણાવેલ અને અન્ય બીજું સરકારી વાહન નં.જી.જે.૧૮.જી.બી.૭૩૪ ના ડ્રાઈવરનું પંચો રૂબરૂ નામ પુછતાં તેઓએ પોતાનું નામ ડ્રાઈવર પો.કો. દલજીભાઈ મેઘરાજભાઈ જણાવેલ. બંને ડ્રાઈવર તથા બંને સરકારી પોલીસ વાહનની પંચો મારફતે જડતી તપાસ કરાવતાં નારકોટીકસને લગતી કોઈ વાંધાજનક પદાર્થ મળી આવેલ નહી.

**(૨૧.૩)** ત્યારબાદ સરકારી વાહન નં. જી.જે.૦૧.જી.એ.૪૮૭ માં ડ્રાઈવર સીટની બાજુમાં પી.એસ.આઈ. શ્રી એમ.એસ. ત્રિવેદી બેઠેલ તથા વચ્ચેની સીટમાં અમો તથા બે પંચો બેઠેલા તથા પાછળની સીટમાં પી.એસ.આઈ. વી.બી.ભોલા પો.કો. હીતેન્દ્રભાઈ દત્તનાઓ બેઠેલા. જયારે બીજા સરકારી પોલીસ વાહનમાં ડ્રાઈવરની બાજુમાં પો.કો. ઘેમરભાઈ હેમરાજભાઈ, પાછળની સીટમાં બંને એ.એસ.આઈ. જેમાં કાન્તીલાલ તથા સિકંદરખાન બેઠેલા, અને બંને વાહનો ઉપરોકત બાતમી હકીકત વાળી જગ્યાએ રેડમાં જવા રવાના થયેલ. જે પ્રાથમિક પંચનામું ક.૧૧:૦૦ થી ૧૧ :૩૦ સુધીનું કરવામાં આવેલ અને તેમાં પંચોની તથા અમારી સહીઓ કરવામાં આવેલ.

**(૨૧.૪)** સદર બાતમી વાળી જગ્યા તરફ વાહન રવાના કરી ટોલનાકા થી પહેલાં હોટલ મહાકાલ આગળ બંને વાહનો પાલનપુર તરફના મોઢા રાખી

બંને ડ્રાઈવરોને એલર્ટ રહેવા સુચના કરેલ અને પંચો તથા પોલીસ સ્ટાફના માણસો છુટા છવાયા ગોઠવાઈ ગયેલા. સદર બાતમી હકીકત વાળી ગાડી આબુ રોડ તરફથી પાલનપુર બાજુ ક. ૧૩:૨૦ વાગ્યે આવતાં અમોએ હાથના ઈશારાથી તથા સરકારી પોલીસ લાઠીના ઈસારાથી વાહન ઉભું રાખવવા ઈશારો કરી વાહન ઉભું રખાવેલ અને વાહનને કોર્ડન કરેલ. વાહન ભાગી ન જાય તે હેતું થી અમોએ વાહનની ચાવી હાથમાં લઈ લીધેલ. સદર વાહનમાં બે ઈસમો બેઠેલ હતા જેમાં ડ્રાઈવર સીટ ઉપર બેઠેલ ઈશમનું પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ ફહીમ સ.ઓ.અઝીમ બેગ, ઉ.વ.૩૧, રહે. એ–૩, લોહર ચોલ, માહીમ, મુંબઈ વાળો હોવાનું જણાવેલ તથા ડ્રાઈવર સીટની બાજુમાં બેસેલ ઈસમનું પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનું નામ સમીર અહેમદ શેખ, રહે.ઔરંગાબાદ, મહારાષ્ટ્ર વાળા હોવાનું જણાવેલ.

**(૨૧.૫)** સદર બંને ઈસમોને ગાડીની બહાર ઉતારી અમોએ અમારો તથા હાજર પોલીસ સ્ટાફાનો તથા પંચોનો હીન્દી ભાષામાં પરીચય આપેલ. અને જણાવેલ કે અમોને પાકી બાતમી હકીકત છે કે તમારા કબજા ભોગવટા વાળી ગાડી વેગનાર ડાર્ક મેટાલીક ચોકલેટ કલરની જેનો નંબર એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ વાળી ગાડીમાં તમે નારકોટીકસ માદક પદાર્થ ચરસનો જથ્થો લઈને આવી રહેલ છો. જે બાબતે અમોને તેમને જણાવેલ કે અમે ગેઝેટેડ ઓફીસર છીએ અમારે તમારી તથા તમારી ગાડીના જડતી કરવાની છે. તમો ઈચ્છો તો અમારા સિવાય અન્ય કોઈ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રેટ શ્રી મારફતે તમારી તથા તમારી ગાડીની જડતી તપાસ કરવા ઈચ્છો તો અમે તે વ્યવસ્થા કરી આપીશું અને તે તમારો કાનુની અધિકાર છે જે બાબતે આ ફહીમ બેગે તથા સમીરે જણાવેલ કે આપ ગેઝેટેડ ઓફીસર છો અને તમે અમારી તથા અમારા વાહનની જડતી તપાસ કરી શકો છો અમારે અન્ય કોઈ ગેઝેટેડ ઓફીસર કે મેજીસ્ટ્રીટશ્રી મારફતે કોઈ જડતી કરાવવી નથી. જેથી એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ મુજબના ઠરાવ ત્રણ પ્રતમાં તૈયાર કરી ફહીમ તથા સમીરને નામ જોગ એક એક પ્રત આપી

અને તે મળ્યા બદલ અમારી સ્થળપ્રતમાં અમારી, પંચોની તથા ફહીમ તથા સમીરની સહીઓ લીધેલ.

**(૨૧.૬)** ત્યારબાદ સમીર તથા ફહીમની તથા તેમના કબજા ભોગવટાવાળી વેગેનાર ગાડીને જડતી તપાસ કરવાની હોઈ એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ મુજબના ઠરાવ તૈયાર કરી તેમાં ફહીમ તથા સમીરની સહીઓ લીધેલ અને પંચો ની સહીઓ કરાવેલ અને મે પણ તેમાં સહી કરેલ. ત્યારબાદ ફહીમ તથા સમીરની અમોએ ફરી સમજ કરેલ કે અમે રેડીંગ પાર્ટી ના સભ્યોની તથા પંચોની તમે જડતી કરવા ઈચ્છો તો તમે કરી શકો છો પત્રમાં ફહીમ જે બાબતે તેઓએ ના પાડેલ. જે સમજ તથા સમીરની સહીઓ લીધેલ અને પંચો ની સહીઓ કરાવેલ અને મારી સહી કરેલ.

**(૨૧.૭)** ત્યારબાદ સદરહું વેગેનાર ગાડીની પંચો રૂબરૂ જડતી કરતાં પાછળની સીટમાંથી એક સફેદ કલરનો મીણીયાનો થેલો મળી આવેલ જેમાં ૧૦૦ ટકા વેઝીટેરીયન હાઈપ્રોટીન સોયા ચંકસ સોયા બડી ૨૦ કે.જી. નેટનું લખાણ હતું તેમજ તેના ઉપર અન્ય લખાણ હતું, તેમજ થેલાની બીજી બાજુએ હાથ વડે કાળી માર્કર થી દા-૧, ગુજરાત સત્યનારાયણ બાલકીશન વિ. લખાણ હતું. જે થેલાનું મોઢું ખોલી જોતાં તેમાં ખાખી તથા સફેદ કલરની સેલોટેપ વીંટાળેલ પડીકા મળી આવેલ. જે પૈકી એક પડીકું ખોલી જોતાં તેમાં હીન્દી ભાષામાં ન્યૂઝ પેપસમાં પારદર્શક કોથળીમાં ગોળાકાર તથા નળાકાર લીલાશ પડતા કાળા રંગના ઢીલા પદાર્થના ટુકડાઓ મળી આવેલ જે દબાવી શકાય તેવા હતા, જે ટુકડાઓ અમો તથા પંચોએ સુંઘી જોતાં તેમાંથી વિશિષ્ટ લાક્ષણિક વાસ આવતી હતી. આ પદાર્થ બાબતે ફહીમ તથા સમીરને પુછપરછ કરેલી અને સદર પદાર્થ બાબતે જણાવેલ. ત્યારબાદ બાકીના પેકેટમાં પણ આ જ પદાર્થ હોવાનું જણાવેલ. સદર નારકોટીકસ વિશિષ્ટ લાક્ષણિક વાસ વાળા પદાર્થ બાબતે ફહીમ તથા સમીરને આ પદાર્થ પોતાના કબજામાં રાખવા બાબતે કોઈ પાસ પરમીટ કે આધાર પુરાવા છે કે કેમ તે માંગતા ફહીમ તથા સમીરે આવા કોઈ આધાર પુરાવા કે પાસ પરમીટ ન હોવાનું જણાવેલ. સદર વિશિષ્ટ લાક્ષણિક વાસ વાળા પદાર્થના કુલ ૧૭

પેકેટ માં હતા તે બાબતે એફ.એસ.એલ. અધિકારીશ્રીને સ્થળ ઉપર બોલાવવા અમોએ અમારા મોબાઈલ નં. ૯૯૨૫૦ ૪૫૯૦૧ ઉપર થી પાલનપુર જીલ્લા પોલીસ કન્ટ્રોલ રૂમ નં. ૦૨૭૪૨ ૨૫૨૬૦૦ ઉપર ફોન કરી ક.૧૪:૦૫ વાગ્યે વર્ધી લખાવેલ. જે વર્ધી એ.એસ.આઈ.શ્રી પેથાભાઈને લખાવેલ. સદર વિશિષ્ટ લાક્ષણિક વાસ વાળા પદાર્થનું સ્થળ ઉપર વજન કરવાનું હોઈ જેથી પો.કો. ઘેમરભાઈને એસ.ઓ.જી. કચેરીના પોલીસ વાહન જી.જે.૧૮.જી.બી.૭૩૪ માં વજન કરનાર માણસને લઈ આવવા માટે સમજ કરેલ અને રવાના કરેલ. સદર વેગેનાર ગાડીની વધુ અશે જડતી કરતાં પાછળની સીટ ઉપર થી ત્રણ થેલા મળી આવેલ. જેમાં પ્રથમ કાળા રંગની લાઈનીંગ વાળા થેલાની તપાસ કરતાં એક લોઅર તથા આસમાની કલરની ગોળ ગળાની ટી–શર્ટ તથા બીજા લાલ કલરના ચેનવાળા થેલાની તપાસ કરતાં તેમાંથી બે લોઅર તથા બે જાંગીયા તથા બે ટી–શર્ટ મળી આવેલ. સદર બંને થેલા બાબતે પુછતાં પંચો રૂબરૂ ફહીમ બંને થેલા તથા કપડાં પોતાના હોવાનું જણાવેલ. ત્રીજો થેલો જે બ્લ્યુ જીન્સનો ચેન વાળો ખોલી જોતાં તેમાં બે જીન્સના પેન્ટ તથા બે શર્ટ મળી આવેલ જે બાબતે પુછતાં પંચો રૂબરૂ સમીરે તે થેલો તથા કપડાં પોતાના હોવાનું જણાવેલ. આ ત્રણેય થેલામાં કોઈ વાંધાજનક ચીજવસ્તુઓ ન હોઈ તે થેલા જે તે ઈસમોને પરત કરેલ. આ પાછળની શીટ ઉપર એક ફ્રેશ કશ્મીર એપલ લખેલ પુઠાના બોક્ષમાં સફરજન હતા.

**(૨૧.૮)** ત્યારબાદ સદરહું મળી આવેલ સફરજન તથા બોક્ષ સ્થળ ઉપર સફરજન બગડી જાય તેમ હોઈ નાશ કરેલ.

**(૨૧.૯)** ત્યારબાદ આરોપી ફહીમ બેગની અંગ જડતી કરતાં પેન્ટના જમણી બાજુના ખિસ્સામાંથી એમ કાળા કલરનો મોબાઈલ મળી આવેલ જે સેમસંગ એસ–૮ મોડલનો હતો. જેનો આઈ.એમ.ઈ. નંબર તથા તેમાં કાર્યરત સીમકાર્ડ ફહીમ બેગને પુછીને પંચનામામાં નોધેલ. તેમજ પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાં થી રૂ. ૨૦૦૦/– ની ચલણી નોટો મળી આવેલ જે પંચો રૂબરૂ ફહીમને પરત કરેલ. ત્યારબાદ સમીરની અંગજડતી કરતાં પેન્ટના

જમણી બાજુના ખિસ્સામાંથી ઓપો કંપનીનો મોબાઈલ તથા રૂ. ૧૧૫/– મળેલા. જે રૂપિયા પંચો રૂબરૂ રૂ. ૧૧૫/– સમીરને પરત કરેલ. ત્યારબાદ ફહીમ તથા સમીરના કબજામાંથી મળી આવેલ વેગેનાર ગાડી જે મેટાલીક ડાર્ક ચોકલેટ કલરની છે જેની આગળ પાછળ બંને બાજુ પીળા કલરની નંબર પ્લેટ મારેલ છે તેનો રજીસ્ટ્રેશન નં.એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ લખેલ છે તે ટેક્ષી પાસીંગ કાર છે ઉપર કેરીયર હતુ તે ગાડી પંચો રૂબરૂ સમીર તથા ફહીમને સાથે રાખી વેગેનાર ગાડીના એન્જીન નંબર તથા ચેચીસ નંબર જોઈને પંચોની હાજરીમાં પંચનામામાં નોંધેલ.

**(૨૧.૧૦)** ત્યારબાદ ક. ૧૪:૫૫ ડી.એમ.પટેલનાઓ સ્થળ ઉપર તેઓની ઈન્વે.મોબાઈલ વાન સાથે આવેલ અને પો. કો. ઘેમરભાઈ વજનકાંટા સાથે વેપારી મહાશય ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણને લઈને આવી ગયેલા. સદર જગ્યા રોડની તરત બાજુમાં હોઈ ખુબ જ તડકો હોઈ અને વાહનોની અવર જવર સતત ચાલુ હોઈ જેથી પકડાયેલ નારકોટીકસ પદાર્થનું સ્થળ ઉપર પરીક્ષણ કરવું તથા સ્થળ ઉપર સેમ્પલ લઈ વજન કરવું હીતાવહ ન હોઈ થોડે નજીક જ હોટલ મહાકાલ ઉપર બધા જ લોકો મુદ્દામાલ સાથે ખુલ્લામાં લીમડા નીચે આગળની કાર્યવાહી અર્થે ગયેલા. એફ.એસ.એલ. અધિકારીશ્રીને આ તમામ ૧૭ પેકેટમાંથી રાસાયણીક કસોટી કરી સ્થળ પરીક્ષણ સારૂ રીપોર્ટ આપેલ. જે અનુસંધાને એફ.એસ.એલ. અધિકારીએ આ તમામ પેકેટોમાંથી થોડો થોડો પદાર્થ લઈ તેમની પાસે રહેલ નારકોટીકસ ઈન્વે. કીટમાંથી રાસાયણીક કસોટી કરેલ તેના આધારે તેઓએ કેનાબીજ ના સકીય ઘટકોની હાજરીની સકારાત્મક પરીણામ હોવાનો રીપોર્ટ આપેલ. તેમજ એફ.એસ.એલ. અધિકારીએ તપાસના અનુંસંધાને માર્ગદર્શન આપેલ.

**(૨૧.૧૧)** ત્યારબાદ વજનકાંટા વાળા વેપારી મહાશય ઈકબાલભાઈ મેમણને પેકેટોમાં થી વજન કરવા સારૂ વજન કરી પ્રમાણપત્ર આપવા ચાદી આપેલ. જે પેકેટોનું વજન પંચો, રેડીંગ પાર્ટી તથા બંને ઈસમોની હાજરીમાં કરવામાં આવેલ જેમાં પેકેટો ઉપર અલગ અલગ માર્કા હતા તેમાં ૭૭૭×એસ માર્કા વાળા પેકેટોમાં કુલ ૧ થી ૬ પેકેટ જેનું નારોકોટીકસ પદાર્થ ચરસનું નેટ

વજન, તેને આપવામાં આવેલ માર્ક, એફ.એસ.એલ. સેમ્પલનું નેટ વજન, એફ.એસ.એલ. સેમ્પલને આપવામાં આવેલ માર્ક, પોલીસ રીઝર્વ સેમ્પલનું નેટ વજન તથા પોલીસ રીઝર્વ સેમ્પલને આપવામાં આવેલ માર્ક જે કુલ ૬ પેકેટ જેમાંથી નેટ વજન કરી અનુક્રમે તે ૬ પેકેટને માર્ક "એ" થી ""એફ" સુધી આપેલ, એફ.એસ.એલ. સેમ્પલ કુલ ૬ જે દરેક ૩૦–૩૦ ગ્રામ ના લેવામાં આવેલ તે કુલ ૧ થી ૬ સેમ્પલને અનુક્રમે માર્ક "એ–૧" થી ૫ "એફ–૧" સુધી આપવામાં આવેલ, તેમજ પોલીસ રીઝર્વ સેમ્પલ કુલ ૬ જે દરેક ૩૦–૩૦ ગ્રામ ના લેવામાં આવેલ તે કુલ ૧ થી ૬ સેમ્પલને અનુક્રમે માર્ક"એ–૨" થી "એફ–૨" સુધી આપવામાં આવેલ.

**(૨૧.૧૨)** ત્યારબાદ ૯૯૯×એસ માર્કા વાળા પેકેટોમાં કુલ ૭ થી ૧૬ પેકેટ હતા જેનું નારોકોટીકસ પદાર્થ ચરસનું નેટ વજન, તેને આપવામાં આવેલ માર્ક, એફ.એસ.એલ. સેમ્પલનું નેટ વજન, એફ.એસ.એલ. સેમ્પલને આપવામાં આવેલ માર્ક, પોલીસ રીઝર્વ સેમ્પલનું નેટ વજન તથા પોલીસ રીઝર્વ સેમ્પલ ને આપવામાં આવેલ માર્ક જે કુલ ૧૦ પેકેટ જેમાંથી નેટ વજન કરી અનુક્રમે તે ૧૦ પેકેટને માર્ક "જી" થી "પી" સુધી આપેલ, એફ.એસ.એલ. સેમ્પલ કુલ ૧૦ જે દરેક ૩૦–૩૦ ગ્રામ ના લેવામાં આવેલ તે કુલ ૭ થી ૧૬ સેમ્પલ ને અનુક્રમે માર્ક "જી–૧" થી "પી–૧" સુધી આપવામાં આવેલ, તેમજ પોલીસ રીઝર્વ સેમ્પલ કુલ ૧૦ જે દરેક ૩૦–૩૦ ગ્રામ ના લેવામાં આવેલ તે કુલ ૭ થી ૧૬ સેમ્પલને અનુક્રમે માર્ક "જી–૨" થી "પી–૨" સુધી આપવામાં આવેલ.

**(૨૧.૧૩)** ત્યારબાદ તેમાં ૩૩Xએસ માર્કા વાળું એક પેકેટ જેનું નારોકોટીકસ પદાર્થ ચરસનું નેટ વજન, તેને આપવામાં આવેલ માર્ક, એફ.એસ.એલ. સેમ્પલનું નેટ વજન, એફ.એસ.એલ. સેમ્પલને આપવામાં આવેલ માર્ક, પોલીસ રીઝર્વ સેમ્પલનું નેટ વજન તથા પોલીસ રીઝર્વ સેમ્પલને આપવામાં આવેલ માર્ક જે કુલ ૧ પેકેટ જેમાંથી નેટ વજન કરી અનુક્રમે તે ૧ પેકેટને માર્ક "કયુ" આપેલ, એફ.એસ.એલ. સેમ્પલ કુલ ૧ જે ૩૦ ગ્રામ નું લેવામાં આવેલા તે કુલ ૧ સેમ્પલને અનુક્રમે માર્ક "કયુ–૧"

આપવામાં આવેલ, તેમજ પોલીસ રીઝર્વ સેમ્પલ કુલ ૧ જે ૩૦ ગ્રામ નું લેવામાં આવેલ તે કુલ ૧ સેમ્પલ ને અનુક્રમે માર્ક"કયુ–૨" આપવામાં આવેલ.

**(૨૧.૧૪)** આમ, આ રીતે ઉપર જણાવ્યા મુજબના સેમ્પલોના નારોકોટીકસ પદાર્થ ચરસને અલગ અલગ પ્લાસ્ટીકની કોથળીઓમાં મુકી અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક બોક્ષમાં મુકી પંચો તથા અમારી સહીઓ વાળી કાપલી દરેક બોક્ષ ઉપર લગાવી લાખ દોરા વડે બંધ કરી તેના ઉપર "પોલીસ ઈન્સ્પેકટર એ.ટી.એસ., જી.એસ., અમદાવાદ" નું શીલ લગાવી પંચનામાની વિગતે કબજે કરેલ.

**(૨૧.૧૫)** ફહીમ તથા સમીર પાસેથી તેમના કબજામાંથી મળી આવેલ મોબાઈલ અનુક્રમે સેમસંગ કંપનીનો તથા ઓપો કંપનીના બંને મોબાઈલોને અલગ અલગ પ્લાસ્ટીકના પારદર્શક બોક્ષમાં મુકી પંચો તથા અમારી સહીઓ વાળી કાપલી દરેક બોક્ષ ઉપર લગાવી લાખ દોરા વડે બંધ કરી તેના ઉપર "પોલીસ ઈન્સ્પેકટર એ.ટી.એસ., જી.એસ., અમદાવાદ'' નું શીલ લગાવી પંચનામાની વિગતે કબજે કરેલ.

**(૨૧.૧૬)** ત્યારબાદ આ ૧૭ પેકેટો જેમાંથી પંચો રૂબરૂ ફહીમ તથા સમીર ના કબજામાં થી મેળવેલ નારકોટીકસ પદાર્થના ૧૭ પેકેટો ખોલેલ જે સેલોટેપના ટુકડાઓ તથા હીન્દી ન્યૂઝ પેપર્સના ટુકડાઓ બધુ એક પ્લાસ્ટીકના મીણીયાની કોથળીમાં મુકી તેનું મોઢીયું દોરાથી બાંધી દઈ તેના ઉપર પંચો તથા અમારી સહીઓ વાળી કાપલી દરેક બોક્ષ ઉપર લગાવી લાખ દોરા વડે બંધ કરી તેના ઉપર "પોલીસ ઈન્સ્પેકટર એ.ટી.એસ., જી.એસ., અમદાવાદ'' નું શીલ લગાવી પંચનામાની વિગતે કબજે કરેલ. આમ, કુલ ૧૭ પેકેટમાંથી નેટ વજન, એફ.એસ.એલ. સેમ્પલ વજન, પોલીસ રીઝર્વ સેમ્પલ મળી કુલ ૫૧ નંગ કબજે કરેલ, બે મોબાઈલ કબજે કરેલ તથા એક સેલોટેપના ટુકડાઓ તથા હીન્દી ન્યૂઝ પેપર્સના ટુકડાઓ વાળી શીલબંધ થેલીમાં કબજે કરેલ અને ફહીમ તથા સમીરના કબજામાંથી વેગેનાર ગાડી કે જેમાંથી આ પદાર્થ મળી આવેલ તે ગાડી મળી કુલ ૫૫ નંગ મુદ્દામાલ પંચનામની વિગતે કબજે કરેલ.

**(૨૧.૧૭)** સદર નારકોટીકસ ચરસનો પદાર્થ કયાંથી લાવેલ છે અને કોણે આપેલ છે અને કોને આપવાનો છે અને કયાં આપવાનો છે તે બાબતે પકડાયેલ ઈસમોને પુછપરછ કરતાં તેઓએ વિગતે જણાવેલ.

**(૨૧.૧૮)** ત્યારબાદ ફહીમ તથા સમીરના કબજામાં પકડાયેલ મુદ્દામાલ જેનો પંચનામા માં ઉલ્લેખ કરેલ છે તે મુદ્દામાલ બાબતે ત્રણ પ્રતમાં સીઝરમેમો તૈયાર કરી તેમાં અમારી તથા પંચોની સહીઓ કરી ફહીમ તથા સમીરને નામજોગ એક એક પ્રત આપેલ અને મળ્યા બદલ તેઓની સહીઓ અમારી સ્થળપ્રતમાં લેવામાં આવેલ.

**(૨૧.૧૯)** ત્યારબાદ ઉપરોકત હકીકત મુજબનું પંચનામું પોચના જોયા જાણ્યા તથા તેઓના લખાવ્યા મુબજનું લખી લઈ તેની પ્રીન્ટ મહાકાલ હોટલમાંથી પ્રિન્ટ કાઢી તેના ઉપર પંચોની તથા અમારી સહીઓ કરવામાં આવેલ. ત્યારબાદ પી.એસ.આઈ. શ્રી એમ.એસ. ત્રિવેદી નાઓની અમારા રૂબરૂની ફરીયાદ આપતાં ફરીયાદ હકીકત લખી લઈ તેમાં તેઓની સહી મેળવી અને રૂબરૂ તરીકે મે સહી કરી પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવા માટે મોકલી આપેલ. તેમજ આરોપીઓ અને મુદ્દામાલને પણ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવેલ.

**(૨૧.૨૦)** મને આંક–૬૧ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે બે પંચોની હાજરીમાં મારી રૂબરૂમાં કરવામાં આવેલ પંચનામું છે તેના પ્રથમભાગના પંચનામામાં તથા બીજા ભાગના પંચનામાના દરેક પાના ઉપર બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહીઓ છે જે ઓળખી બતાવું છું.

**(૨૧.૨૧)** ત્યારબાદ સદર ગુનાના નાશતા ફરતા આરોપી ઈમરાનભાઈ સલીમ ભાઈ મલેકની તપાસમાં રહી તેઓ અમદાવાદ ખાતેથી તા. ૧૫/૧૦/ ૨૦૨૦ ના રોજ મળી આવતાં તેઓનો કોવિદ–૧૯ નો રીપોર્ટ કરી પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના ત.ક. અધિકારીને આરોપી સોપેલ.

**(૨૧.૨૨)** મને મુદ્દામાલ આર્ટીકલ નં.એ–૩ થી કયુ–૩ વાળી પારદર્શક પ્લાસ્ટીકની ડબ્બીઓ ખોલી તેમાંથી નિકળેલ મુદ્દામાલ મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે જ મુદ્દામાલ નારકોટીકસ પદાર્થ ચરસ છે જે રેડ

દરમ્યાન પંચોની તથા રેડીંગ સ્ટાફ તથા મારી રૂબરૂમાં આરોપી ફહીમ બેગ તથા સમીર શેખ પાસેથી કબજે લેવામાં આવેલ છે તે જ છે તે ઓળખી બતાવું છું.

**(૨૧.૨૩)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં.પર વાળો સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઈલ બતાવવામાં આવે છે જે રેડ દરમ્યાન આરોપી ફહીમ અઝીમ બેગ પાસેથી કબજે લેવામાં આવેલ તે જ મુદ્ધામાલ છે જે ઓળખી બતાવું છું.

**(૨૧.૨૪)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. ૫૩ વાળો ઓપો કંપનીનો કાળા કલરનો મોબાઈલ બતાવવામાં આવે છે જે રેડ દરમ્યાન આરોપી સમીર પાસેથી કબજે લેવામાં આવેલ તે જ મુદ્ધામાલ છે જે ઓળખી બતાવું છું.

**(૨૧.૨૫)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. ૫૫ વાળા સેલોટેપના ટુકડા તથા ન્યુઝ પેપર્સ ના ટુકડા બતાવવામાં આવે છે જે રેડ દરમ્યાન પંચનામા દરમ્યાન આરોપીઓના કબજામાંથી કબજે લેવામાં આવેલ તે જ મુદ્ધામાલ છે જે ઓળખી બતાવું છું.

**(૨૧.૨૬)** આરોપી ફહીમ તથા સમીર જે રેડ દરમ્યાન મારી હાજરીમાં મુદ્ધામાલ સાથે પકડાયેલ હોઈ તેઓને ઓળખું છું તથા પાછળથી ઈમરાનભાઈ સલીમભાઈ મલેકને પકડેલ હોઈ તેને પણ ઓળખું છું જે પૈકી નામ. કોર્ટમાં સમીર તથા ઈમરાનભાઈ સલીમભાઈ મલેક હાજર છે જેઓને ઓળખી બતાવું છું.

**(૨૧.૨૭)** મને નિ. ૭/૨ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે ગુનો રજીસ્ટ્રર કરવા તથા મુદ્ધામાલ પાવતી ફાડી મુદ્ધામાલ સંભાળી લેવા માટે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનને કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ કા.દા. આંક–૧૨૧

**(૨૧.૨૮)** મને આંક–૯૨ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદી એમ.એસ.ત્રિવેદી, એ.ટી.એસ. અમદાવાદ વાળાઓએ આપેલ મારી રૂબરૂની ફરીયાદ છે તેમાં રૂબરૂ તરીકે મારી સહી છે જે મારી સહી છે તથા ફરીયાદી તરીકે એમ.એસ.ત્રિવેદીની સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૨૯)** મને આંક–૯૩ વાળી યાદી બતાવવામાં આવે છે જે યાદી મળી

આવેલ મુદ્દામાલનું વજન કરવા માટે વેપારી મહાશય ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણને કરેલ યાદીની સ્થળપ્રત છે જેમાં તેઓએ મારી રૂબરૂમાં કરેલ સહી છે તથા મારી સહી છે જે સહીઓ ઓળખી બતાવું છું.

**(૨૧.૩૦)** મને આંક–૯૪ વાળું પ્રમાણપત્ર બતાવવામાં આવે છે જે વેપારી મહાશયે પંચનામા દરમ્યાન મળી આવેલ મુદ્દામાલ માદક પદાર્થનું વજન કરી પ્રમાણપત્ર આપેલ તેમાં તેઓએ અમારી હાજરીમાં સહી કરેલ છે તથા તેમને નકલ આપ્યા અંગેની મારી સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૧)** મને નિ. ૭/૯ વાળું ગાડી નં.જી.જે.૦૧.જી.એ. ૦૪૮૭ ની ફોર્મ બી નો ઉતારો બતાવવામાં આવે છે જેમાં અમારા કન્ટ્રોલ ઈન્ચાર્જની સહી છે જે ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૨૨

**(૨૧.૩૨)** મને નિ. ૭/૧૧ વાળો એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ. અધિકારીએ પંચનામા દરમ્યાન મળી આવેલ માદક પદાર્થનું પરીક્ષણ કરી અહેવાલ પાઠવેલ તે જ છે જેમાં તેઓએ અમારી હાજરીમાં તેઓની સહી કરી આપેલ તથા અહેવાલ સ્વીકારનાર તરીકે અમોએ સહી કરેલ છે જે સહીઓ હું ઓળખી બતાવું છું જે રજુ કા.દા.આંક –૧૨૩

**(૨૧.૩૩)** મને આંક–૯૫ વાળી યાદી બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ. અધિકારીને બનાવવાળી જગ્યાએ આવી માદક પદાર્થની પ્રાથમિક તપાસણી કરવા યાદી કરેલ તેની સ્થળપ્રત છે જેમાં મારી સહી છે તથા રીસીવ કરનાર તરીકે એફ.એસ.એલ. અધિકારીની સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૪)** મને નિ. ૭/૧૨ વાળી યાદી બતાવવામાં આવે છે જે તાલુકા વિકાસ અધિકારીશ્રી તાલુકા પંચાયત પાલનપુરને એન.ડી.પી.એસ. ની રેડ માટે બે સરકારી કર્મચારીઓને પંચો તરીકે ફાળવવા માટે યાદી કરેલ તેની સ્થળપ્રત છે તેમાં મારી સહી છે તથા તેમાં રીસીવ કરનાર તરીકે તાલુકા વિકાસ અધિકારીની સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું જે રજુ

કા.દા.આંક – ૧૨૪

**(૨૧.૩૫)** મને આંક–૬૨ વાળું સમજપત્ર બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન પંચો ની હાજરીમાં મારી રૂબરૂમાં આરોપીઓને માદક પદાર્થની જડતી તપાસ માટે સમજપત્ર પાઠવેલ તેની સ્થળપ્રત છે જેમાં મારી તથા મારી રૂબરૂમાં બે પંચો તથા બંને આરોપીઓ ફહીમ તથા સમીરની સહીઓ કરેલ જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૬)** મને આંક–૬૩ વાળો એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ મુજબનો ઠરાવ બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન પંચોની હાજરીમાં મારી રૂબરૂમાં આરોપીઓને માદક પદાર્થની જડતી તપાસ માટે ઠરાવ કરેલ તેની સ્થળપ્રત છે જેમાં મારી તથા મારી રૂબરૂમાં બે પંચો તથા બંને આરોપીઓ ફહીમ તથા સમીરની સહીઓ કરેલ જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૭)** મને આંક–૬૪ વાળો એન.ડી.પી.એસ. એકટની કલમ ૫૦ મુજબની નોટીસ બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન પંચોની હાજરીમાં મારી રૂબરૂમાં આરોપીઓને માદક પદાર્થની જડતી તપાસ માટે નોટીસ પાઠવેલ તેની સ્થળપ્રત છે જેમાં મારી તથા મારી રૂબરૂમાં બે પંચો તથા બંને આરોપીઓ ફહીમ તથા સમીરની સહીઓ કરેલ જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૮)** મને આંક–૬૫ વાળો આરોપીઓને નજરકેદ રાખવા માટે સમજપત્ર તૈયાર કરવામાં આવેલ તે બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન પંચોની હાજરીમાં મારી રૂબરૂમાં આરોપીઓને નજરકેદ રાખવા માટે સમજપત્ર પાઠવવામાં આવેલ તેની સ્થળપ્રત છે જેમાં મારી તથા મારી રૂબરૂમાં બે પંચો તથા બંને આરોપીઓ ફહીમ તથા સમીરની સહીઓ કરેલ જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૩૯)** મને આંક–૬૬ વાળો સિઝર મેમો બતાવવામાં આવે છે જે પંચનામા દરમ્યાન પંચોની હાજરીમાં આરોપીઓ ફહીમ તથા સમીર પાસેથી મળી આવેલ મુદ્દામાલ અંગેનો સિઝર મેમો તૈયાર કરી તેની અસલ પ્રત બંને

આરોપીઓને પાઠવેલ અને સ્થળપ્રતમાં તથા બંને આરોપીઓ ફહીમ તથા સમીરની સહીઓ તથા મારી તથા મારી રૂબરૂમાં બે પંચો કરેલ જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૧.૪૦)** મને નિ. ૭/૨૦ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે અમોને મળેલ બાતમીની જાણ અમારા ઉપરી અધિકારી ના. પોલીસ મહાનિરીક્ષક શ્રી એ.ટી.એસ. ગુજરાત રાજ્ય અમદાવાદ ને કરેલ રીપોર્ટ ની સ્થળપ્રત છે જેમાં મારી સહી છે તથા રીસીવ કરનાર તરીકે ડી.આઈ.જી. એ.ટી.એસ. કચેરીના કર્મચારીની સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું જે રજુ કા.દા. આંક– ૧૨૫

**(૨૧.૪૧)** મને નિ. ૭/૨૧ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે એન.ડી.પી.એસ. એકટ મુજબની રેડ સફળ થવા બાબતેની જાણ અમારા ઉપરી અધિકારી ના. પોલીસ મહાનિરીક્ષક શ્રી એ.ટી.એસ. ગુજરાત રાજ્ય અમદાવાદ ને કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ કા. દા.આંક– ૧૨૬

**(૨૧.૪૨)** મને નિ. ૨૪/૧ વાળી નોંધ બતાવવામાં આવે છે જે અમોને મળેલ બાતમી હકીકતની નોંધ અમોએ લખી લીધેલ તે જ છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું.

**(૨૧.૪૩)** નિ. ૨૪/૧ વંચાણે લીધી જે સાહેદે પોતે પોતાના સ્વહસ્તાક્ષરમાં લખી લીધેલાનું તથા તેમાં તેમની સહી તથા તેમના હસ્તાક્ષર ઓળખી બતાવેલાનું જણાવેલ હોવાથી આરોપી તરફે જે દલીલ છે કે સદરહું દસ્તાવેજમાં યોગ્ય પ્રુફ નથી તે ઓફીસના ખાનગી આવક નંબરનો ઉલ્લખે નથી તે રજીસ્ટ્રરના ફોર્મ કે પાન નંબરનો શેરો નથી તે વાંધો સાહેદે પોતાના હસ્તાક્ષર તથા સહી ઓળખી બતાવેલ હોવાથી સદરહું દસ્તાવેજ પર અમોને મળેલ બાતમી હકીકતની નોંધ તા. ૧૩/૧૦/ ૨૦૨૦ થી ક.૬:૦૦ અને પોતે પોલીસ ઈન્સ્પે. એ.ટી.એસ. ગુજરાત રાજ્ય અમદાવાદના હોવાથી તે બાતમી જયારે મળી હોય અને કોઈ કાગળ ઉપર નોંધ કરી હોય ત્યારે તે પોતે જ પોતાના હરતાક્ષર અને સહી ઓળખી બતાવતા હોવાથી તે વાંધો રદ કરી

તેને આંક આપવો યોગ્ય જણાય છે. જેથી નિ. ૨૪/૧ ને આંક–૧૩૩

**(૨૧.૭૪)** મને નિ. ૨૪/૨ વાળી બાતમી રજીસ્ટ્રરની ખરી નકલ બતાવવામાં આવે છે જે બાતમી રજીસ્ટ્રરમાં નોંધ મે કરેલ છે જેમાં મારી સહી છે. જે ઓળખી બતાવું છું. જે અસલ ઉપરથી ખરી નકલ કરી પોલીસ ઈન્સ. નાઓએ સહી કરી આપેલ હોવાથી તેને આંક આપવા રજુઆત છે. જેને બચાવપક્ષે આંક આપવા સામે એવો વાંધો છે વાંધામાં તે જણાવે છે કે હાલની આ નકલ એ સર્ટીફાઈડ કોપી નથી અને અસલ ઉપરથી ખરી નકલ પણ કઈ તારીખે અને કયારે કરી તે અંગેની કોઈ નોંધ નથી. તેથી તેને આંક આપવા સામે વાંધો છે. હાલના તબકકે તેને વાંધા સાથે આંક આપવા સામે વાંધો ન હોવાથી દલીલોના તબકકે તેનો નિર્ણય કરવાના અવલોકન સાથે તે રજુ દાખલ આંક–૧૩૪ આપવામાં આવે છે.

**(૨૧.૭૫)** મને નિ. ૨૪/૩ વાળી સ્ટેશન ડાયરીની નોંધ બતાવવામાં આવે છે જે અમારા એ.ટી.એસ.ગુજરાત રાજ્ય અમદાવાદના કન્ટ્રોલ ઈન્ચાર્જ હેડ.કોન્સ. જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાનાઓએ કરેલી તેમા તેઓની સહી છે. જે મારા સાથી કર્મચારી હોવાથી તેઓની સહી હું ઓળખુ છું. એડી.પી.પી.શ્રી. જણાવે છે કે જે સ્ટેશન ડાયરીની નોંધ નોંધ નં. ૨ છે. જે એ.ટી.એસ.ના હેડ.કો.જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાનાઓએ પોતાના સ્વહસ્તાક્ષરમાં લખેલ છે અને તેઓ હાલના સાહેદના સાથી કર્મચારી હતા. જેથી તેઓની સહી તેઓ ઓળખી બતાવે છે અને તેઓ પાસેથી ત.ક.અ. પાસેથી આ દસ્તાવેજ મેળવી અસલ કાગળોમાં રજુ કરેલ છે. જે અસલ નોંધ હોય જેને આંક આપવા રજુઆત કરેલ છે. બચાવ પક્ષ તરફે સદરહું નોંધ એ સ્ટેશન ડાયરી ના હોવાથી અને એક કાગળ ઉપરની નોંધ હોવાથી તેને અસલ ગણી શકાય નહી પરંતુ અસલ પરથી કરેલ નકલ ગણાય તેથી આંક આપવા સામે વાંધો છે. હાલના તબકકે તેને વાંધા સાથે આંક આપવા સામે વાંધો ન હોવાથી દલીલોના તબકકે તેનો નિર્ણય કરવાના અવલોકન સાથે તે રજુ દા. આંક–૧૩૫ આપવામાં આવે છે.

**(૨૧.૭૬)** મને નિ. ૨૪/૪ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે આરોપી

ઈમરાન ઉર્ફે ઈમો સલીમભાઈ મલેકને અટક કર્યા બાદ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા ચાર્જ અમલદાર શ્રી એ.ટી.એસ.પો.સ્ટે. ગુજરાત રાજ્ય અમદાવાદને કરેલ રીપોર્ટ જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવુ છું. જેને આંક આપવા રજુઆત છે. આ દસ્તાવેજને આંક આપવા સામે આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી.પી.પી. ઠાકોર નાઓને વાંધો છે. તેઓ તેમના વાંધામાં જણાવે છે કે સ્ટેશન ડાયરીમાં ધરપકડ અંગેની જે નોંધ દર્શાવેલ છે તેમાં જે હકિકત ખોટી ઉપજાવી કાઢેલ છે. સદરહું આરોપીના કથન મુજબ તેને તેના ઘરેથી અટક કરેલ છે. જેથી નોંધ સામે વાંધો છે. હાલનો દસ્તાવેજએ આરોપીની ધરપકડ કર્યા બાદ પોલીસ ઈન્સપેકટરે ચાર્જ અમલદાર શ્રી એ.ટી.એસ. પો.સ્ટે.ના ગુ.રા.અમદાવાદનાઓને કરેલ રીપોર્ટ છે અને તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ કામે આરોપી નં. ૩ ના વિ.વ.શ્રી. એ જે વાંધો લીધેલ છે તે બાબતે તેઓ તેમના ક્રિ.પ્રો.કોડના કલમ-૩૧૩ સ્ટેજે અથવા પોતે જો સોગંદ ઉપર જુબાની આપવા માંગતા હોય તો ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૫ અન્વયે સોગંદ ઉપર જુબાની આપે ત્યારે તેનુ સ્ટેજ આવે છે. હાલના તબકકે માત્ર ધરપકડની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવા બાબતનો રીપોર્ટ હોવાથી અને તેમાં સાહેદ પોતાની સહી ઓળખી બતાવતા હોવાથી તેની ધરપકડ કયાંથી કરેલ છે તે હાલના તબકકે નકકી કરવાનુ નથી પરંતુ સાહેદ દસ્તાવેજમાં પોતાની સહી ઓળખી બતાવતા હોવાથી અને સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતનો માત્ર રીપોર્ટ હોવાથી વાંધો અવગણી આંક આપવો યોગ્ય જણાય છે. જે આ કામે રજુ દાખલ આંક-૧૩૬ આપવામાં આવે છે.

**(૨૧.૪૭) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** અમારી એ.ટી.એસ.ની ઓફીસ વૈષ્ણોવદેવી સર્કલ પાસે આવેલ છે તે હાઈકોર્ટથી પાલનપુર તરફના હાઈવે તરફ આવેલ છે. સાહેદ જણાવે છે કે અમારી ઓફીસ નિરમા ઈન્સ્ટીટયુટની બાજુમાં આવેલ છે. સદરહું ઓફીસ સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર હાઈકોર્ટથી ગાંધીનગર બાજુ આવેલ છે. જે ઓફીસથી પાલનપુર આવતા આશરે ૧૫૦ કી.મી.જેટલુ અંતર થાય છે. એ વાત ખરી નથી કે સદરહું ઓફીસથી પાલનપુર વચ્ચેનુ અંતર ૧૪૦ કી.મી.થી

ઓછુ થાય છે. ઓફીસમાં પી.આઈ. તરીકે હું હાજર હતો. તે સમયે ઓફીસમાં અલગ અલગ ચેમ્બરો હોવાથી કેટલા પી.આઈ.હતા તે મને ખબર નથી. તે વખતે ઓફીસમાં કુલ કેટલા પી.એસ.આઈ. ફરજ બજાવતા હતા તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે એન.ડી.પી.એસ.એકટ અન્વયેનુ બાતમી રજીસ્ટર અન્ય બાતમી રજીસ્ટરોથી અલગ હોય છે. સાહેદ જણાવે છે કે એ.ટી.એસ. ઓફીસમાં કકત એકજ બાતમી રજીસ્ટર હોય છે. બાતમી રજીસ્ટર મારી ચેમ્બરમાં ન હતુ. બાતમી મળ્યા બાદ મે તે રજીસ્ટર મંગાવેલુ. હું તે દિવસે કેટલા વાગ્યે ફરજ આવેલો તે મને હાલ યાદ નથી. એ.ટી.એસ.માં રોલ કોલ થાય છે. સામાન્ય રીતે દરરોજ કેટલા વાગ્યે રોલ કોલ થાય છે તે મને યાદ નથી. રોલ કોલ જુદા જુદા સમયે થતો નથી. રોલ કોલ રાત્રે થાય છે. રોલ કોલ પી.એસ.ઓ. ઓફીસમાં જે સીનીયર અધિકારી હાજર હોય તે અધિકારી રોલ કોલ લેતા હોય છે. જેની નોંધ પી.એસ.ઓ.ની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવામાં આવે છે. મારી ચેમ્બર પહેલા માળે છે અને પી.એસ.ઓ. ની ઓફીસ પહેલા પ્રથમ માળે હતી અને ત્યારબાદ નીચે પણ આવેલ પરંતુ બનાવ સમયે કયા માળે આવેલી હતી તે મને યાદ નથી. એ વાત ખરી છે કે રોલ કોલ વખતે અધિકારીઓને કર્મચારીઓને બીજા દિવસની ફરજો ફાળવવામાં આવે છે. સાહેદ જણાવે છે કે તેની નોંધ કરવી ફરજીયાત નથી. સ્ટેશન ડાયરીની નોંધની એક પ્રત રીડર શાખામાં મોકલવામાં આવતી હોય છે. એ વાત ખરી છે કે નોકરી ફાળવણી રજીસ્ટર નીભાવવુ ફરજીયાત હોય છે.

સવાલ:-તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ તમોને પી.એસ.આઈ.શ્રી. ત્રિવેદી, પી.એસ.આઈ. શ્રી ભોલા તથા પો.કો.હિતેન્દ્ર રતનલાલ દત્ત નાઓને બીજા દિવસે જે નોકરી ફાળવવામાં આવેલ હોય તેની વિગત નોકરી ફાળવણી રજીસ્ટરમાં નોંધયેલ હોય તે બાબતે તમારે શુ કહેવુ છે?

જવાબ:-એ.ટી.એસ. માં ગપ્ત ઓપરેશનો ચાલતા હોય છે. જે જે તે અધિકારીની ટીમને જ ખબર હોય છે. જેથી કયારેક નાઈટમાં આવવાનુ થતુ હોય છે. જેથી તમામ બાબતો નોકરી રજીસ્ટરમાં નોંધવામાં આવતી નથી.

સવાલ:- તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ બાતમીના આધારે ગુપ્ત ઓપરેશનમાં કયાંય જવાનુ થયુ હોય તેવુ તમોને યાદ આવે છે?

જવાબ:- તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ હું ઓફીસમાં હાજર હતો તેટલી હકિકત મને યાદ આવે છે.

**(૨૧.૪૮)** તા. ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ હું નાઈટમાં મારી ફરજ ઉપર હાજર હતો. તે દિવસે હું મારી નાઈટની ફરજ દરમિયાન ઓફીસમાં જ બેઠેલો હતો કે બહાર ગયેલ હતો તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે સામાન્ય રીતે કોઈ ઓફીશીયલ કામ માટે બહાર જઈએ ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવવાની હોય છે. સાહેદ જણાવે છે કે ગુપ્ત ઓપરેશન માટે જતા હોઈએ ત્યારે તેની ગુપ્તતા જાળવવા માટે તેની નોંધ કરાવવાની હોતી નથી.

**(૨૧.૪૯)** પી.એસ.આઈ. ત્રિવેદી તથા પી.એસ.આઈ. ભોલા સાહેબ તથા પો.કો.હિતેન્દ્રભાઈ નાઈટ ડ્યુટીમાં હતા તેની મને ખબર નથી પરંતુ તેઓ તેમની કોઈ કામગીરી સબબ એ.ટી.એસ.કચેરી ખાતે હાજર હતા. આ ત્રણેય કર્મચારીઓને મેં તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ વહેલી સવારે ઓફીસમાં જોયેલા. તેઓને તેમની ઓફીસમાં કે બીજે કયા જોયેલા તે હાલ યાદ નથી. તે દિવસે પી.એસ.ઓ. તરીકે કોણ ફરજ બજાવતુ હતુ તે હું નોંધ જોઈ કહી શકુ. મને તે બાબતની હાલ યાદ નથી.

**(૨૧.૫૦)** એ વાત ખરી છે કે પી.એસ.આઈ. અને પી.આઈ. એ વીકલી ડાયરી નિભાવવાની હોય છે. તા. ૧૨/૧૦/૨૦૨૦ ના સાંજના સમયથી તા. ૧૫/૧૦/૨૦૨૦ ના સાંજના સમય સુધીની તમોએ વીકલી ડાયરી નિભાવેલી કે કેમ તે મને અત્યારે યાદ નથી. એ.ટી.એસ.વિભાગમાં વીકલી ડાયરી કયા અધિકારીને સોંપવાની હતી તે મને યાદ નથી.

સવાલ:- વીકલી ડાયરી જમા કરાવો ત્યારે ઈન્વર્ડ નંબર પડીને જે તે અધિકારી પાસે જાય તે બાબતે તમારે શુ કહેવુ છે?

જવાબ:- એ.ટી.એસ. ની ફરજ દરમિયાન અમારે ઘણા દિવસો તથા મહીનાઓ સુધી સમગ્ર ભારત ભરમાં એ.ટી.એસ. ના ચાર્ટરને લગતા ઓપરેશનો માટે અનિશ્ચિત સમયગાળા માટે રહેવાનુ થતુ હોય તેથી વીકલી

ડાયરી બાબતે ઉપરોકત જણાવેલ સવાલ બાબત મારા ધ્યાનમાં નથી.

એ વાત ખરી નથી કે હું ઈરાદા પુર્વક ખોટો ખુલાસો કરુ છું.

**(૨૧.૫૧)** સવાલઃ- આપે એ.ટી.એસ. કચેરીમાં બાતમી રજીસ્ટ્રર, સ્ટેશન ડાયરી, વીકલી ડાયરી તથા નોકરી ફાળવણી રજીસ્ટ્રર જોવા માટે કોઈ પત્ર વ્યવહાર કરેલો?

જવાબઃ- સ્ટેશન ડાયરી તથા નોકરી ફાળવણી રજીસ્ટ્રરની જોવાની કોઈ જરૂરીયાત ઉભી થયેલ નહી જેથી કોઈ પત્ર વ્યવહાર કરેલ નહી.

એ વાત ખરી નથી કે હું ઈરાદા પુર્વક ખોટો ખુલાશો કરું છું. મને ઉલટ તપાસના પેરા નં. ૪૭ થી ૫૦ વંચાવવામાં આવે છે. અગાઉની મુદતે ઉલટ તપાસ થયા બાદ મેં ઉપરોકત દસ્તાવેજો તથા પુછવામાં આવેલ હકીકતો જાણવા માટે કોઈ પત્ર વ્યવહાર કરેલ નહી.

**(૨૧.૫૨)** સવાલઃ- બાતમી મળ્યા બાદ આપ પાલનપુર પહોચ્યા તે દરમ્યાન પાલનપુર થી આબુ રોડ વચ્ચે કયા સ્થળે કેટલા વાગ્યે શકમંદો આવનાર છે તેવી કોઈ માહીતી મળેલી?

જવાબઃ- આબુરોડ તરફથી આવી પાલનપુર હાઈવે રોડ ઉપર થઈ પાલનપુર તરફ ક. ૧૨:૦૦ થી ક. ૧૭:૦૦ વાગ્યા દરમ્યાન જનાર છે તેવી બાતમી મળેલ.

એ વાત ખરી નથી કે મે ઉપરોકત સવાલનો જવાબ ઈરાદા પુર્વક યોગ્ય રીતે આપેલ નથી.

**(૨૧.૫૩)** મહાકાલ હોટલે આવવાના છે તેવી કોઈ વિગતો તમને મળેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે તેવી કોઈ વિગતો અમને મળેલ નહી.

સવાલઃ- મહાકાલ હોટલ ઉપર તમે કઈ માહીતી આધારે રોકાયેલ?

જવાબઃ- બાતમીમાં જણાવેલ બાબતથી પાલનપુરમાં દાખલ થવા ટોલનાકા પછી પ્રવેશી શકે તેટલા સારૂ સદર જગ્યાએ રોકાયેલ.

**(૨૧.૫૪)** મે બનાવ અગાઉ ડી.એસ.પી. ઓફીસ જોયેલ છે. મે બનાસકાંઠા જીલ્લામાં બનાવ અગાઉ કયારેય નોકરી કરેલ નથી. પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન કઈ જગ્યાએ હતું તે હાલ યાદ નથી. મે બનાવ અગાઉ

આવતાં પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધેલ કે કેમ તે હાલ યાદ નથી. એ વાત ખરી છે કે મે પાલનપુર તાલુકા પો.સ્ટે. માં મુલાકાત લીધેલ હોય તો તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ હોય.

**(૨૧.૫૫)** મહાકાલ હોટલ થી પાલનપુર તરફ આવતી વખતે તમે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધેલ કે કેમ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે ગુનો દાખલ કરાવવા ગયેલ ત્યારે મુલાકાત લીધેલ તે સિવાય આવતી વખતે મુલાકાત લીધેલ કે કેમ તે હાલ કહી શકું નહી.

**(૨૧.૫૬)** મહાકાલ હોટલ થી પાલનપુર તરફ આવતાં હાઈવે ઉપર પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન પુર્વ તરફ આવેલ છે કે કેમ તે વાત ખરી કે કેમ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે દિશા અને અંતર હાલ મને યાદ નથી. ગુનો દાખલ કરતાં પહેલાં એસ.ઓ.જી. કચેરી ગયેલ કે કેમ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે હા હું ગયેલ છું. હું તથા બે પી.એસ.આઈ., કોન્સ્ટેબલ, સરકારી વાહનના ડ્રાઈવર સાથે એસ.ઓ.જી. કચેરીએ ગયેલા. હવે હું જણાવું છું કે અમે એ.ટી.એસ. કચેરીથી સીધા એસ.ઓ.જી. કચેરી બનાસકાંઠા ગયેલ તે બાબતનો આ જવાબ છે.

**(૨૧.૫૭)** મહાકાલ હોટલથી નિકળી અને એસ.ઓ.જી. કચેરી પહોંચતાં વચ્ચે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન આવે કે કેમ તેની મને ખબર નથી. પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને અમે ક.૨૦:૩૦ ની પહેલાં પહોંચેલા. અમે મહાકાલ હોટલથી કેટલા વાગ્યે નિકળેલ તે મને હાલ યાદ નથી. પંચનામું ૧૮:૦૫ વાગ્યે પુર્ણ થયેલ અને પંચનામું પુર્ણ થયા બાદ મહાકાલ હોટલથી કેટલા વાગ્યે નિકળેલ તે હાલ યાદ નથી. મહાકાલ હોટલ આગળથી પંચનામું પુર્ણ થયાના કેટલા સમય બાદ નિકળેલ તે હાલ યાદ નથી.

**(૨૧.૫૮)** મહાકાલ હોટલ આગળ કરેલ કાર્યવાહીની ફોટોગ્રાફી કરાવેલ. વિડીયોગ્રાફી કરાવેલ કે કેમ તે હાલ યાદ નથી. તે ફોટોગ્રાફી કોઈ વ્યકિત પાસે નહી પરંતુ અમારા મોબાઈલમાં તેની ફોટોગ્રાફી કરેલી. સ્વતંત્ર ફોટોગ્રાફરને સ્થળ ઉપર નહી બોલાવવાના કારણમાં જણાવું છું કે તે સમય દરમ્યાન લગભગ તમામ પાસે સ્માર્ટ ફોન સારી કવોલીટી વાળા કેમેરા વાળા

હોવાના કારણે મોબાઈલમાં ફોટોગ્રાફી કરેલ. એ વાત ખરી છે કે આ સ્માર્ટ ફોન સારી કવોલીટી કેમેરા વાળા હતા કે કેમ તે બાબતે કયાંય લખેલ નથી. આ સ્માર્ટ ફોન કોના કોના હતા તે વ્યકિતઓના નામ પણ લખેલ નથી. તે વ્યકિતઓના નામ અને વિગત કેમ નહી લખેલા તેવા સવાલના જવાબમાં જણાવું છું કે શરતચુકથી રહી ગયેલ છે.

**(૨૧.૫૯)** મહાકાલ હોટલના કર્મચારી જે ત્યાં હોટલ ઉપર બેસે છે તેની પાસે સ્માર્ટ ફોન છે કે કેમ તે બાબતે કોઈ તપાસ કરેલ નહી. એ વાત મને હાલ યાદ નથી કે વજન કરનાર વેપારી મહાશય પાસે મોબાઈલ ફોન હતો કે કેમ. જે સ્માર્ટ ફોન હતા તે કોના કોના હતા તે વ્યકિતઓના નામ લખેલ નથી. પોલીસ કર્મચારી કે પંચો સિવાય અન્ય કોઈ વ્યકિત પાસે સ્માર્ટ ફોન જોયેલ નથી. એ વાત ખરી છે કે આ સ્માર્ટ ફોન ધરાવતા વ્યકિતઓના નામ, મોબાઈલ નંબર, મોબાઈલના આઈ.એમ.ઈ.આઈ. નંબરો, તે ફોનથી ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી થયેલ છે તે વિગેરે પંચનામામાં લખેલ નથી. એ વાત ખરી નથી આ સ્માર્ટ ફોનમાં વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી થયેલ છે કે કેમ તેની ચકાસણી કરેલ નથી.

**(૨૧.૬૦)** એફ.એસ.એલ. અધિકારી જેઓ સ્થળ ઉપર આવેલ તેમનું નામ ડી.એમ.પટેલ હતું. એ વાત મને હાલ યાદ નથી કે એફ.એસ.એલ. અધિકારીશ્રી ડી.એમ.પટેલ સાહેબે વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફી કરવાની સુચના આપેલ કે કેમ. હું તે હકીકત રેકર્ડ જોઈને કહી શકું. હું આંક–૧૨૩ જોઈને જણાવું છું કે તેના રીમાર્કસના અનુક્રમ નં. ૧ ઉપર તેવી સુચના આપેલાનું જણાવેલ છે.

સવાલ:– તમે ફોટોગ્રાફી માટે અલગથી ફોટોગ્રાફરને કેમ નહી બોલાવેલ તે જણાવી શકો?

જવાબ:– રેડીંગ પાર્ટીના તમામ સભ્યો પાસે સ્માર્ટ ફોન હોય અને તેમાં ફોટોગ્રાફીની વ્યવસ્થા હોવાથી અલગથી ફોટોગ્રાફરને બોલાવવાનું યોગ્ય જણાયેલ નહી.

**(૨૧.૬૧)** રેડીંગ પાર્ટીમાં પંચોનો પણ સમાવેશ થઈ જાય છે.

સવાલ:- પંચો સ્વતંત્ર સાહેદ હોવા છતાં તેઓની પાસે કેમ ફોટોગ્રાફી નહી કરાવેલ તે જણાવી શકો?

જવાબ:- એફ.એસ.એલ. અધિકારીશ્રીએ ફોટોગ્રાફી વિડીયોગ્રાફી કરવાની સુચના આપેલ જેમાં એવું જણાવેલ નહી કે પંચો પાસે જ ફોટોગ્રાફી કે વિડીયોગ્રાફી કરાવવી અને પોલીસે ટ્રેનીંગ દરમ્યાન તથા સમયાંતરે કાઈમ સીનની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીની તાલીમ લીધેલ હોય છે તેથી પોલીસે જ ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી કરેલ.

સવાલ:-રેડીંગ પાર્ટીના કયા પોલીસે આવી ફોટોગ્રાફી કરેલ તે જણાવી શકો?

જવાબ:- અમે જાતે અમારા મોબાઈલમાં આ ફોટોગ્રાફી કરેલ છે.

સવાલ:- કેટલા કલાક આવી ફોટોગ્રાફી કરેલ તે જણાવી શકો?

જવાબ:- પંચનામાના સમયગાળા દરમ્યાન જયાં જરૂર જણાયેલ ત્યાં ફોટોગ્રાફી કરેલ છે.

સવાલ:- પંચનામાના સમયગાળા દરમ્યાન કઈ કઈ કાર્યવાહી દરમ્યાન ફોટોગ્રાફી કરેલી તે જણાવી શકો?

જવાબ:- આરોપીઓ પાસે ચરસ મુદ્દામાલ મળી આવેલ તેની ફોટોગ્રાફી કરેલ, એફ.એસ.એલ. અધિકારીશ્રીએ રાસાયણીક પરીક્ષણ દરમ્યાન કેનાબીજના સકીય ઘટકોની હાજરીનું સકારાત્મક પરીણામ હોવાનું પરીક્ષણ કરેલ તેની ફોટોગ્રાફી કરેલ.

**(૨૧.૬૨)** એ વાત ખરી છે કે ફરીયાદમાં આવી કોઈ ફોટોગ્રાફીનો ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે પંચનામામાં આવી કોઈ ફોટોગ્રાફીનો ઉલ્લેખ કરેલ નથી.

**(૨૧.૬૩)** ફરીયાદ મહાકાલ હોટલ આગળ લખેલ કે કેમ તે હાલ યાદ નથી. ફરીયાદ કયાં લખાયેલ છે તે ઘણો લાંબો સમય થયેલ હોવાથી તે સ્થળનું નામ હાલ મને યાદ નથી. આંક-૧૨૧ વાળો ગુનો દાખલ કરવાનો રીપોર્ટ કયા સ્થળે લખાયેલ તે હાલ મને યાદ નથી.

**(૨૧.૬૪)** બનાવના સ્થળેથી એસ.ઓ.જી. કચેરી ગયેલ કે કેમ તે હાલ મને યાદ નથી. ગુનો રજીસ્ટ્રર થયા પછી હું એસ.ઓ.જી. કચેરીએ ગયેલ કે કેમ તે હાલ મને યાદ નથી. મારી સાથેના અધિકારી તથા સ્ટાફ ના માણસો ગુનો રજીસ્ટ્રર થયા બાદ એસ.ઓ.જી. કચેરીએ ગયેલ કે કેમ તે મને હાલ યાદ નથી. તે હું તપાસના કાગળ જોઈને તેમાં જો કોઈ ઉલ્લેખ હોય તો આ હકીકત જણાવી શકું.

**(૨૧.૬૫)** એ વાત ખરી છે કે બાતમી થઈ લઈ આ રેડની કાર્યવાહી પુર્ણ થઈ ત્યાં સુધીનો ઉલ્લેખ મારી વીકલી ડાયરીમાં હોવો જોઈએ. વીકલી ડાયરી જોઈને હું જણાવી શકું.

**(૨૧.૬૬)** બનાવના સ્થળેથી પંચો તથા એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ મારી સાથે કે બારોબાર તેમની રીતે જતા રહેલા તેવા સવાલના જવાબમાં જણાવું છું કે પંચો મારી સાથે પરત આવેલ કે કેમ તે મને ખ્યાલ નથી પરંતુ એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ મારી સાથે આવેલ. મારી સાથે એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં આવેલ. એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનથી કયાં ગયેલ તે મને ખ્યાલ નથી.

**(૨૧.૬૭)** અમો અમદાવાદથી નિકળી સીધા એસ.ઓ.જી. કચેરીએ આવવા નિકળેલા. અમદાવાદથી નિકળી અને એસ.ઓ.જી. કચેરી પહોંચતાં પહેલાં એસ.ઓ.જી. કચેરીના કોઈ કર્મચારીનો કે અધિકારીનો ફોન ઉપર સંપર્ક કરેલ કે કેમ તે હાલ મને યાદ નથી. અમદાવાદથી નિકળી અને પાલનપુર પહોંચતાં પહેલાં ડી.એસ.પી. કચેરીએ કે કન્ટ્રોલ રૂમમાં કોઈ ફોન કરેલ કે કેમ તે હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે આવા કોઈ ફોન કરેલ હોય તો તેની નોંધ ફોન આવક જાવક રજીસ્ટ્રરમાં ત્રણેય કચેરીઓમાં હોય છે. હવે કહું છું કે એસ.ઓ.જી. કચેરીની મને ખબર નથી. એ વાત ખરી નથી કે અમો એસ.ઓ.જી. કચેરીએ ગયેલાનો કેસ હોય ફોનની નોંધ એસ.ઓ.જી. કચેરીએ આવક રજીસ્ટ્રરે હોય કે કેમ તેની ખબર નથી તેવો પાછળથી

વિચારીને ખોટો જવાબ આપેલ છે.

**(૨૧.૬૮)** એસ.ઓ.જી. કચેરીના પી.એસ.આઈ. એમ.કે.ઝાલા હતા. અમે આવ્યા તે સમયે તે હાજર હતા કે કેમ તે હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે તા. ૧૩/૧૦/૨૦ ના રોજ અમદાવાદ થી પાલનપુર આવવા નિકળ્યા તે દિવસના રોજ પી.એસ.આઈ. એમ.કે.ઝાલાનો સંપર્ક કરવા કોઈ પ્રયત્ન કરેલ નહી. અમે પી.એસ.આઈ. એમ.કે.ઝાલાનો સંપર્ક ફોન થી કે રૂબરૂ કરેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે સંપર્ક થયેલ પરંતુ કેવી રીતે સંપર્ક થયેલ તે હાલ યાદ નથી. ટી.ડી.ઓ. કચેરીમાં જતા પહેલાં પી.એસ.આઈ. એમ.કે.ઝાલાનો સંપર્કનો સંપર્ક થયેલ કે કેમ તે હાલ મને યાદ નથી. ટી.ડી.ઓ. કચેરીમાંથી પંચો લેવા તે બાબતે અમે અમદાવાદથી નકકી કરેલ કે એસ.ઓ.જી. કચેરીએ આવ્યા બાદ નકકી કરેલ તે હાલ યાદ નથી.

**(૨૧.૬૯)** આંક-૧૨૪ વાળી યાદીની સ્થળપ્રત બતાવવામાં આવે છે જે સહી સિવાય મારા હસ્તાક્ષરમાં નથી. આંક-૧૨૪ વાળી યાદી કયાં લખાવેલ તે સવાલ જવાબમાં જણાવું છું કે મારી યાદદાસ્ત મુજબ પાલનપુર ખાતે લખાયેલ છે. આ યાદી પાલનપુર ખાતે એસ.ઓ.જી. કચેરીએ અથવા ટી.ડી.ઓ. કચેરીએ લખાયેલ હોઈ શકે. એવું જરૂરી નથી કે જો આંક-૧૨૪ વાળી યાદી એસ.ઓ.જી. કચેરીએ લખાયેલ હોય તો એસ.ઓ.જી. કચેરીનો જાવક નંબર તેમાં ઉલ્લેખ હોય. એ વાત ખરી છે કે આંક-૧૨૪ વાળી યાદી ટી.ડી.ઓ. ઓફીસમાં કેટલા વાગ્યે રીસીવ થઈ તેનો સમય તેમાં રીસીવ કરનારે લખેલ નથી. એ વાત ખરી નથી કે આંક-૧૨૪ વાળી યાદીની સ્થળપ્રત માં રીસીવ કરનાર તરીકે કોઈની સહી નથી. તે સહી કોની છે તેવા પ્રશ્નના જવાબમાં જણાવું છું કે ટી.ડી.ઓ. ની સહી છે. એ વાત ખરી છે કે પંચોના નામ લખેલ છે તેની બાજુમાં નીચે તાલુકા વિકાસ અધિકારીનો સિકકો તથા સહી છે. એ વાત ખરી છે કે આ યાદીમાં પંચોના નામ લખેલ છે તેમાં તે નામ સામે પંચોની સહીઓ નથી. આ યાદીમાં અંગ્રેજીમાં "એસ.એ" તથા "નાહી" લખેલ છે. તે ડી.ટી.ઓ. સાહેબે લખેલ છે. તેનું કુલફોર્મ શું થાય

તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે ટી.ડી.ઓ. પાલનપુર નો સિકકો તથા સહી કહું છું તે પંચો મોકલનાર તરીકે છે પરંતુ યાદી રીસીવ કરનાર તરીકે નથી. એ વાત ખરી નથી કે આંક–૧૨૪ ની યાદી પાછળથી તૈયાર કરાયેલ હોવાથી સાચી હકીકત જણાવતો નથી.

**(૨૧.૭૦)** એસ.ઓ.જી. કચેરીના સ્ટાફની મદદ મેળવવા માટે કોઈ લેખિત યાદી કરેલ નહી. એસ.ઓ.જી. કચેરીના ત્રણ માણસો તથા ડ્રાઈવર સાથે ગાડીમાં આવ્યા તેની નોંધ એસ.ઓ.જી. કચેરીએ મારી હાજરીમાં કરેલ કે કેમ તે મને હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે બંને ગાડીના ડ્રાઈવરો રેડીંગ કાર્યવાહી દરમ્યાન હાજર ન હતા અને જે તે ગાડીમાં જ બેઠેલ હતા.

**(૨૧.૭૧)** હું તથા રેડીંગ પાર્ટીના માણસો તથા પંચો બાતમી વાળી ગાડી ન આવી ત્યાં સુધી રોડ ઉપર વોચમાં હતા અને આ ગાડી ભાગી ન જાય તે સારૂ બંને ગાડીના ડ્રાઈવરોને ગાડીમાં જ બેસી એલર્ટ રહેવા સુચના આપેલી. અમે બધા છુટાછવાયા રોડ ઉપર ગોઠવાયેલ હતા.

**(૨૧.૭૨)** આબુરોડ થી પાલનપુર જતો રોડ અંદાજીત કેટલો પહોળો હશે તે હું કહી શકું નહી. આ રોડ હાઈવે રોડ છે. એ વાત મને યાદ નથી કે આ રોડ ત્રણ વાહનો એક સાથે પસાર થઈ શકે તેટલો પહોળો હતો.

**(૨૧.૭૩)** રોડથી મહાકાલ હોટલ કેટલા ફુટ કે મીટર દુર આવેલ હશે તેવા પ્રશ્નના જવાબમાં જણાવુ છું કે તે રોડથી નજીક જ હતી. પરંતુ કેટલા ફુટના કે મીટરના અંતરે હશે તે હું ચોકકસ કહી શકુ નહી.

**(૨૧.૭૪)** મહાકાલ હોટલની આગળ કમ્પાઉન્ડ હતુ. તે કમ્પાઉન્ડના માપની મને ખબર નથી.

**(૨૧.૭૫)** મહાકાલ હોટલથી પાલનપુર શહેર તરફ આવતા વચ્ચે સર્કલ અને રેલ્વે ક્રોસીંગ આવે છે કે કેમ તે મને લાંબો ૫ વર્ષ જેટલો સમય થયેલ હોવાથી હાલ મને યાદ નથી. મહાકાલ હોટલથી આબુરોડ કેટલા અંતરે આવેલ છે અને કઈ દિશામાં આવેલ છે તે મને હાલ યાદ નથી. મહાકાલ હોટલથી આબુરોડ તરફ જતા આગળ અમીરગઢ પો.સ્ટે. કે અમીરગઢ ચેક

પોસ્ટ આવેલ છે કે કેમ તે મને હાલ યાદ નથી. હું આ રોડ પરથી કોઈ વખત આબુરોડ ગયેલો કે કેમ તે મને યાદ નથી. અમીરગઢ પો.સ્ટે. કયાં આવેલુ છે તેની મને ખબર નથી.

**(૨૧.૭૬)** એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. કચેરી તે વખતે કયા આવેલી છે તે મને ખબર નથી. એસ.ઓ.જી.કચેરીથી પાલનપુર તાલુકા પંચાયત કેટલા મીટરે અને કઈ બાજુએ આવેલી છે તે મને હાલ યાદ નથી.

**(૨૧.૭૭)** મહાકાલ હોટલથી ટોલટેક્ષ કેટલા મીટરે આવેલો છે તેવા પ્રશ્નના જવાબમાં જણાવુ છું કે તે દોઢેક કી.મી. એટલે કે ૧૫૦૦ મીટર જેટલો દુર આવેલ છે. મહાકાલ હોટલની જગ્યા અને ટોલટેક્ષ વચ્ચે હાઈવે ઉપર ડીવાઈડર આવેલ છે કે કેમ તે મને યાદ નથી. અમને તે સમયે એવુ લાગેલ નહી કે તેઓ રોડ ઉપરથી તેમને રોકતા પહેલા ઝડપથી નાસી ન જાય તે સારૂ ટોલટેક્ષની પાછળની આબુરોડ બાજુ પણ ઉભા રહીએ. એ વાત ખરી છે કે ટોલટેક્ષ બંને તરફના વાહનોને જતા આવતા ટોલટેક્ષ ભરવો પડે તે રીતનો છે. એ વાત ખરી છે કે મહાકાલ હોટલથી ટોલટેક્ષ પહોંચવુ હોય અને ખુલ્લો રોડ હોય તો ૫ (પાંચ) મીનીટ જેટલો સમય થાય.

સવાલ:- મહાકાલ હોટલ પહોચ્યા પછી બાતમી વાળી ગાડી આવી તે પહેલા કેટલા કલાક/સમય રોડ ઉપર રોકાયેલા હશો તે જણાવી શકો?

જવાબ:- અમે ૧૩:૨૦ સુધી બાતમી વાળી ગાડી આવી ત્યાં સુધી રોકાયેલ ત્યારબાદ એફ.એસ.અલ.અધિકારી તથા વજન કરનાર મહાશય આવ્યા ત્યાં સુધી રોકાયેલ.

સવાલ:- એફ.એસ.એલ. અધિકારી તથા વજન કરનાર મહાશય બાતમીવાળી ગાડી આવી તેના પહેલાં આવેલ કે પછી તે જાણવી શકો?

જવાબ:-એફ.એસ.એલ. અધિકારી તથા વજન કરનાર મહાશય બાતમી વાળી ગાડી આવી તેના બાદ આવેલા.

સવાલ:- એફ.એસ.એલ. અધિકારી તથા વજન કરનાર મહાશય કેટલા સમય બાદ આવેલ તે તમે જણાવી શકો?

જવાબ:– તેઓ ૧૪:૫૫ કલાકે આવેલા.

**(૨૧.૭૮)** સવાલ:– આરોપી ફહીમ તથા સમીર તેના શરીર ઉપર કે કપડાંમાં મુદ્દામાલ લઈને આવે છે તેવી બાતમી હતી કે ગાડીની અંદર મુદ્દામાલ લઈને આવે છે તેવી બાતમી હતી તે તમે જણાવી શકો?

જવાબ:– હું જોઈને જણાવી શકું. મને આંક–૧૩૩ વાળી અસલ બાતમીનો પત્ર બતાવવામાં આવે છે. આંક–૧૩૩ વાળી બાતમી જોઈ જણાવું છું કે તેઓ પોતાના કબજા ભોગવટાની ગાડીમાં વગર પાસ પરમીટનો ગેરકાયદેસર ચરસનો જથ્થો લઈને આવે છે. તેવી બાતમી હતી. આરોપી ફહીમ તથા સમીર તેના શરીર ઉપર કે કપડાંમાં મુદ્દામાલ લઈને આવે છે તેવી સ્પષ્ટ બાતમી ન હતી.

**(૨૧.૭૯)** બાતમીવાળી ગાડી આવી તે ઉભી રખાવી તે ગાડીની અંદર બેઠેલા હતા ત્યારે તેમનું નામઠામ પુછેલ કે તેમને ગાડીમાંથી ઉતારી નામઠામ પુછેલ તે હાલ યાદ નથી. એ વાત ખરી નથી કે બંને જણાએ ઓરંગાબાદ થી અજમેર પેસેન્જર લઈને ગયેલા હોવાનું મને જણાવેલ. ગાડીની સર્ચ તેમને ગાડીમાંથી ઉતાર્યા બાદ કરેલી. મેં ગાડીની ચાવી લઈ લીધેલી. ગાડીમાંથી બંને આરોપીઓને ઉતારી પહેલાં ગાડીની સર્ચ કરેલી.

સવાલ:– તેઓ બંને જણા ગાડીની સર્ચ કરી ત્યારે કોના હવાલામાં હતા તે તમે જણાવી શકો?

જવાબ:– ગાડીની સર્ચ કરી ત્યારે તેઓ બંને ગાડીની બાજુઓમાં જ હતા અને પોલીસના માણસોએ કોર્ડન કરેલ તેની વચ્ચે હતા.

બંને આરોપીઓ ગાડીના ડ્રાઈવરની સીટ તરફના દરવાજા પાસે ઉભા હતા. એ વાત ખરી છે કે ગાડીના ડ્રાઈવર સીટ તથા તેની બાજુમાં આવેલ સીટ વાળા આગળ તથા ડેસબોર્ડના નીચેના ભાગે કોઈ પણ આગળના ભાગે સર્ચ કરેલ ન હતી અને કોઈ વસ્તુ પણ આ જગ્યાએથી મળેલ ન હતી.

**(૨૧.૮૦)** ગાડીની પાછળની સીટમાંથી મીણીયાનો થેલો મળેલ અને તેના ઉપરનું લખાણ મેં વાંચેલ. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૫ વાળો

મીણીયાનો થેલો બતાવવામાં આવે છે. તે મીણીયાનો થેલો જોઈને કહું છું કે એ વાત ખરી છે કે તે થેલા ઉપર દા.૧ સત્યનારાયણ બાલકીશન અમીરગઢ તેવું કાળા કલરથી લખેલ છે. એ વાત ખરી છે કે મેં મારી સરતપાસમાં બીજી બાજુએ હાથ વડે કાળી માર્કર થી દા.૧, ગુજરાત સત્યનારાયણ બાલકીશન વિ. એવું લખાવેલ છે પરંતુ "અમીરગઢ" શબ્દ લખાવેલ નથી. થેલા ઉપર દા.૧ સત્યનારાયણ બાલકીશન અમીરગઢ વાળું લખાણ ગુજરાતીમાં વાંચી તે બાબતે આરોપીઓને પુછપરછ કરવી યોગ્ય જણાયેલ નહી. આ થેલાના આગળના નીચેના તળીયાના ભાગે અંગ્રેજીમાં "MAA AMBE ENTERPRISE, REGD. OFF. 111, KRANTI KRIPALANI NAGAR, ANNAPURANA ROAD, INDOR 452009 SURVEY NO.334/2/1/6, GRAM PALDA, DIST. &TEHSIL-INDOR(M.P.) MO.NO.91 99981 70185" છાપેલ છે. તેમાં કુલ ૧૭ પેકેટ હતા. તે પૈકી એક પેકેટ બહાર કાઢેલું. તે વખતે બીજા પેકેટ બહાર કાઢેલ નહી. હવે જણાવું છું કે બીજા પેકેટ બહાર કાઢેલ કે કેમ તે હાલ યાદ નથી. હું પંચનામું જોઈને કહી શકું. મેં એફ.એસ.એલ. અધિકારીને બોલાવ્યા તે પહેલાં બધા પેકેટો મળી આવેલ પરંતુ તે થેલામાંથી બહાર કાઢેલા કે કેમ તે મને યાદ નથી.

સવાલ:- તમારી સરતપાસમાં જણાવ્યા અનુસાર સદર વિશીષ્ટ લાક્ષણીક વાસ વાળા પદાર્થના કુલ ૧૭ પેકેટો હતા તે બાબતે એફ.એસ.એલ.અધિકારીને બોલાવવા જાણ કરેલ... તેવું તમે લખાવેલ છે તે "વિશીષ્ટ લાક્ષણીક વાસવાળા હતા" તેવું તમે આધારે જણાવેલ તે તમે જણાવી શકો?

જવાબ:- અમોએ પંચો રૂબરૂ આરોપીના કબજામાંથી સફેદ મીણીયાના કોથળમાંથી ૧૭ પેકેટ મળી આવેલ તેમાંથી એક પેકેટ પંચો રૂબરૂ ખોલી જોતાં તેમાંથી ગોળાકાર નળાકાર લીલાશ પડતા દબાવી શકાય તેવો પદાર્થ જણાઈ આવેલ જેમાંથી વિશીષ્ટ પ્રકારની લાક્ષણીક વાસ આવતી હતી જે બાબતે

આરોપીઓએ પુછતાં તેમણે જણાવેલ તે આધારે અન્ય બીજા ૧૬ પેકેટો બાબતે પુછતાં પણ તેમણે આજ પદાર્થ હોવાનું જણાવેલ હોવાથી તેથી સરતપાસમાં તેવું જણાવેલ છે.

**(૨૧.૮૧)** એ વાત ખરી નથી કે ગુનાની કબુલાત માટે પંચનામામાં ઉપરોકત હકીકત ખોટી રીતે દર્શાવેલ છે તેથી ઉપરોકત ખોટો ખુલાશો કરેલ છે. એ વાત ખરી નથી કે ૧૭ પેકેટ બહાર કાઢેલ હતા. એ વાત ખરી નથી કે ત્રણ પેકેટો અલગ અલગ માર્કાના મુદ્દામાલ વાળા એક જ થેલામાં હતા. સાહેદ જણાવે છે કે એક જ કોથળામાંથી અલગ અલગ ત્રણ માર્કાના કુલ ૧૭ પેકેટ નિકળેલા હતા. એફ.એસ.એલ. અધિકારી આવ્યા તે પહેલાં ખોલેલ સેમ્પલ ને સીરીયલ નંબર ૧ (એક) અથવા અંગ્રેજીમાં કોઈ માર્ક કે નિશાની આપેલ નથી.

**(૨૧.૮૨)** મેં ૧૭ પેકેટ એક એક કરી જોયેલ. એ વાત ખરી છે કે આ ૧૭ પેકેટ કોથળામાં ગોઠવેલ ન હતા છુટા છવાયા હતા. મેં આ પેકેટો એફ.એસ.એલ. અધિકારી આવ્યા ત્યારે બહાર કાઢેલ. જેમ જેમ તે પેકેટો કાઢતા ગયા તેમ તેમ કોઈ નંબર કે નિશાની લખેલ નહી. તેને બહાર કાઢી એક એક જોઈ તેને ગોઠવી દીધેલ.

**(૨૧.૮૩)** એફ.એસ.એલ. અધિકારીએ મારી રૂબરૂ મેં આપેલ ૧૭ પેકેટ તમામ પેકેટો ખોલેલ. ત્યારબાદ તેનું પરીક્ષણ કરેલ. ૧૭ પેકેટમાંથી તમામમાંથી થોડું થોડું એક એક ગોટીમાંથી પદાર્થ કાઢી તેનું પરીક્ષણ કરેલું. ૧૭ આખી ગોટીઓનું પરીક્ષણ કરેલ નહી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ. અધિકારીએ કરેલ પરીક્ષણની પધ્ધતીનો મને ખ્યાલ નથી પરંતુ નારકોટીકસ ડીટેકશન કીટ વડે પદાર્થનું પરીક્ષણ કરેલ.

**(૨૧.૮૪)** એ વાત ખરી છે કે બનાવવાળી કાર્યવાહી કરી તે જગ્યાનો કોઈ નકશો કે સ્કેચ બનાવેલ નથી. તોલાટે વજન કરેલ તે વજન અલગ અલગ ૧૭ પેકેટોનું અલગ અલગ કરેલ. એક પેકેટનું વજન કરી તેમાંથી ૩૦−૩૦ ગ્રામ એફ.એસ.એલ. સેમ્પલ તથા રીઝર્વ સેમ્પલ તરીકે અલગ કાઢી તે જ રીતે

તમામ ૧૭ પેકેટોનું વજન કરેલું. વજનની નોંધ કોણ કરતું હતું તે હાલ મને ખબર નથી. પરંતુ રેડીંગ પાર્ટી તથા હાજર વ્યકિતમાંથી કોઈ કરતું હતું. હું જે લખતા હતા તે ચેક કરતો હતો.

**(૨૧.૮૫)** એફ.એસ.એલ. અધિકારી સાહેબે મુદ્દામાલના વજનની કોઈ અલગથી નોંધ કરેલ નથી. વજન કરનાર વેપારી મહાશયે વજનની નોંધ કરેલ. હવે કહું છું કે વજન કરનાર મહાશયે નોંધ કરેલ કે કેમ તે હાલ મને યાદ નથી. વજન કરનાર મહાશય મને જે રીપોર્ટ આપેલ તેમાં મુદ્દામાલ વજનની નોંધ કરેલ કે કેમ તે હું રીપોર્ટ જોઈને કહી શકું. મને આંક–૯૪ વાળું વજન કરનાર મહાશયે આપેલ પ્રમાણ પત્ર બતાવવામાં આવે છે. તે જોઈને જણાવું છું કે ૧૭ પેકેટો તથા સેમ્પલોની વજન કરનાર મહાશયે અલગ અલગ વજન કરેલ તેની કોઈ નોંધ કરેલ નથી. આંક–૯૪ વાળું પ્રમાણપત્ર વેપારી મહાશયના હસ્તાક્ષરમાં છે. એ વાત ખરી નથી કે આ હસ્તાક્ષર વેપારી મહાશયના હસતાક્ષરમાં હોવાની હકીકત ખોટી જણાવું છું. આંક–૯૩ ના રીપોર્ટ કોના હસ્તાક્ષરમાં છે તે હું કહી શકું નહી પરંતુ તે રેડીંગ પાર્ટીના કોઈ સભ્યના હસ્તાક્ષર હોઈ શકે. તે રેડીંગ પાર્ટીના કયા સભ્યના છે તે જણાવી શકું નહી.તે મારા હસ્તાક્ષર નથી.

**(૨૧.૮૬)** આંક–૯૩ જોઈને જણાવું છું કે તેમાં કોઈ પેકેટનું વર્ણન કે સંખ્યા દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૯૪ માં પેકેટોનું વર્ણન દર્શાવેલ નથી. સાહેદ જણાવે છે કે ડબ્બાઓની વિગત તથા સંખ્યા દર્શાવેલ છે. વેપારી મહાશયે તેમના આંક–૯૪ વાળા પ્રમાણ પત્રમાં કુલ ૧૬.૭૫૩ કિ.ગ્રા. વજન દર્શાવેલ છે તે વેપારી મહાશયે જાતે જે વજન કરેલ તેની ગણતરી કરીને તેમણે આ વજન દર્શાવેલ છે. જેમ જેમ વજન થતું હતું તેમ તેમ વેપારી મહાશય અલગથી નોંધ કરતા હતા. તે નોંધનું કોઈ કાગળ વેપારી મહાશયે મને આપેલ કે કેમ તે મને હાલ યાદ નથી. જો આવી કોઈ નોંધ આપેલ હોય તો તે તપાસના કાગળમાં હશે. તપાસના કાગળો જોઈને જણાવું છું કે આવી કોઈ અલગથી લખેલ કાચી નોંધ તપાસના કાગળોમાં નથી.

**(૨૧.૮૭)** એ વાત હાલ મને યાદ નથી કે એફ.એસ.એલ. અધિકારી સાહેબને મુદ્દામાલ વાળા ૧૭ પેકેટો આપ્યા ત્યારે તેમણે તેને અલગથી નંબર આપેલ કે કેમ. એ વાત ખરી છે કે એફ.એસ.એલ. તથા રીઝર્વ સેમ્પલ સિવાયના બાકીના મુદ્દામાલનો નાશ કરવા માટે જયુડી. મેજી. સાહેબ પાસે ઈન્વેન્ટરી કરાવવી પડે અને તે બાબતે પરવાનગી લેવી પડે. એ વાત ખરી છે કે જયુડી.મેજી. સાહેબ સમક્ષ જે મુદ્દામાલ રજુ કરવાનો હોય તે જે તે પોલીસ સ્ટેશનના રાઈટર હેડની જવાબદારી હોય છે. એ વાત ખરી છે કે જયારે પી.એસ.ઓ. તથા રાઈટર હેડને સોપાયેલ મુદ્દામાલ એફ.એસ.એલ. સેમ્પલ, રીઝર્વ સેમ્પલ તથા મુદ્દામાલ માં તેઓ કોઈ મુદ્દામાલના લખાણ કે વર્ણનમાં તે ઈસમો કોઈ ફેરફાર ન કરે તો અમોએ પોલીસ સ્ટેશનમાં સોંપેલ વિગત વર્ણન વાળો મુદ્દામાલ ઈન્વેન્ટરી માટે રજુ થાય. ઈન્વેન્ટરી માટે જ્યારે મુદ્દામાલ રજુ થાય ત્યારે મેજીસ્ટ્રેટ સાહેબે તેનું લખાણ તથા વર્ણન ઈન્વેન્ટરીમાં જે દર્શાવેલ હોય છે તેની ખરાઈ કરવાની હોય છે. એ વાત હાલ મને ખબર નથી કે મેજીસ્ટ્રેટ સાહેબે સર્ટીફાય કરતાં પહેલાં રજુ થયેલ મુદ્દામાલ તથા તે સાથેની ઈન્વેન્ટરી અથવા રીપોર્ટની આપસમાં ખરાઈ કરવાની હોય છે કે કેમ.

**(૨૧.૮૮)** એ વાત ખરી છે કે જેમ જેમ મુદ્દામાલની સિઝરથી લઈ શીલીંગની પ્રક્રિયા જે કરવામાં આવે તેની નોંધ પંચનામામાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે, એફ.એસ.એલ. અધિકારીને પેકેટો રજુ કર્યા તે વખતે તેમણે કે અમોએ દરેક પેકેટો ઉપર કમનુસાર અલગ નંબર દર્શાવેલ હોય તેવો કોઈ ઉલ્લેખ પંચનામામાં નથી. હવે સાહેદ જણાવે છે કે "એ" થી "કયું" માર્ક આપેલ છે. એ વાત ખરી છે કે મેં માર્ક–એ થી માર્ક–કયુ સુધી નંબર આપ્યા તે પહેલાં કોઈ નંબર આપેલ નથી. એ વાત ખરી નથી કે આવા નંબર આપવા ફરજીયાત નથી.

**(૨૧.૮૯)** એ વાત ખરી નથી કે મુદ્દામાલ આર્ટીકલ માર્ક–એ–૧ થી માર્ક–કયુ–૧ તથા માર્ક–એ–૨ થી માર્ક–કયુ–૨ સુધીના સેમ્પલો મને

કોર્ટમાં બતાવેલ નથી. એ વાત ખરી નથી કે મેં મારી સરતપાસમાં ઓળખી બતાવેલ મુદ્ધામાલ આર્ટીકલ માર્ક–એ–૩ થી માર્ક–કયુ–૩ વાળી ડબ્બીઓ વાળો મુદ્ધામાલ રેડ દરમ્યાન મેં કબજે કરેલ નથી કે સેમ્પલ કે સિલીંગની કાર્યવાહી કરેલ નથી.

**(૨૧.૯૦)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. પર વાળા ડબ્બામાંથી એક મોબાઈલ બતાવવામાં આવે છે. જે મોબાઈલના પાછળના ભાગે સફેદ પટ્ટી ચોટાડી તેના ઉપર "ફહીમ" લખેલ છે. આ સફેદ પટ્ટી પર લખેલ "ફહીમ" વાળા હસ્તાક્ષર મારા નથી. આ સફેદ પટ્ટી કોણે લગાવેલ તથા તેના ઉપર કોણે નામ લખેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે કોણે લખેલ તે મને ખબર નથી.

**(૨૧.૯૧)** મને મુદ્ધામાલ આર્ટીકલ નં. પ૩ વાળા ડબ્બામાંથી એક મોબાઈલ બતાવવામાં આવે છે. જે મોબાઈલના પાછળના ભાગે સફેદ પટ્ટી ચોટાડી તેના ઉપર 'સમીર અહેમદ શેખ" લખેલ છે. આ સફેદ પટ્ટી પર લખેલ "સમીર અહેમદ શેખ" વાળા હસ્તાક્ષર મારા નથી. આ સફેદ પટ્ટી કોણે લગાવેલ તથા તેના ઉપર કોણે નામ લખેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે કોણે લખેલ તે મને ખબર નથી.

**(૨૧.૯૨)** એ હું કહી શકું નહી કે આ બંને મુદ્ધામાલ મોબાઈલ ઉપર સફેદ પટ્ટી ઉપર લખેલ લખાણ "ફહીમ" તથા "સમીર અહેમદ શેખ" એક જ વ્યકિતએ લખેલ છે કે કેમ. હું કહી શકું નહી કે "ફહીમ" લખાયેલ શબ્દ તેમજ "સમીર અહેમદ શેખ" લખાયેલ શબ્દોના લખાણની અલગ અલગ પેનોથી લખાયેલાનું સ્પષ્ટ જણાય છે કે કેમ. એ વાત ખરી છે કે મોબાઈલો ઉપર સફેદ પટ્ટી ઉપરના લખાણ બાબતેનો ઉલ્લેખ પંચનામામાં નથી. ઉપરોકત નામ બાબતનો ઉલ્લેખ સફેદ પટ્ટી ઉપરના લખાણની કાર્યવાહીનો પંચનામામાં કેમ કરેલ નથી તે તમે જણાવી શકો તેવા સવાલના જવાબમાં જણાવું છું કે એ બાબત હાલ મને યાદ નથી પરંતુ પંચનામા બાદ અથવા એફ.એસ.એલ. માં મોબાઈલો મોકલતી વખતે અથવા કોર્ટમાં રજુ કરતી વખતે ઓળખ શુધ્ધી કરવા લખાયેલ હોઈ શકે. એ વાત ખરી નથી કે હું આજ રોજ મુદ્ધામાલ

મોબાઈલ ઉપર લખાણ બાબતે ખોટો ખુલાશો કરું છું.

**(૨૧.૯૩)** સવાલ:– મુદ્દામાલ સફરજનની પેટીઓ પોલીસ સ્ટેશનમાં કેમ રજુ કરેલ નહીં ત્યાં કેમ નાશ કરેલ તે તમે જણાવી શકો?

જવાબ:– સફરજન આશરે ૨(બે) દિવસ કરતાં વધારેનો સમય થયેલ હોય અને આ ફળ બગડી જાય તેવા હોય બગડી જવાના કારણે જો પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રૂમમાં મુકવામાં આવે તો આ બગડી ગયેલા ફળ અન્ય મુદ્દામાલ પણ બગાડે અને પોલીસ સ્ટેશનમાં રોગચાળાનો પણ ભય રહે તેથી સ્થળ ઉપર જ આ મુદ્દામાલનો નાશ કરેલ.

**(૨૧.૯૪)** એ વાત ખરી છે કે મે આ કેસ સિવાય અન્ય ઘણા કેસોની તપાસ કરેલ છે. એ વાત ખરી છે કે કોઈ પણ મુદ્દામાલ કબજે કરવામાં આવે તો તે પોલીસ સ્ટેશનમાં રજુ કરવો પડે. એ વાત ખરી છે કે પંચનામામાં સફરજન બગડી ગયેલ હતા તેવું લખેલ નથી.

**(૨૧.૯૫)** એ વાત ખરી છે કે આ કેસનો ગુનો તાલુકા પોલીસ સ્ટેશને રાત્રે ૨૦:૩૦ કલાકે નોંધાયેલ છે. એ વાત ખરી નથી કે આ સફરજન પોલીસ સ્ટેશનમાં લઈ જતાં બગડી શકે તેવી સ્થીતીમાં ન હતા. એ વાત ખરી નથી કે સફરજન બગડી જાય તેવા હતા તેથી નાશ કરેલાની હકીકત ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી નથી કે સફરજન બાબતે તપાસના કાગળમાં તથા આજરોજ કોર્ટમાં પુરાવામાં ખોટો ખુલાસો કરેલ છે.

**(૨૧.૯૬)** અટક કરેલ ઈસમોની તથા ગાડીની સર્ચ વખતે તેઓની પાસેથી પાલનપુર હાઈવેના ટોલટેક્ષની ભર્યાની પાવતી મળેલ નહી. એ વાત ખરી છે કે અટક કરેલ ઈસમોની તથા ગાડીની સર્ચ વખત અજમેર સુધી કે તે આગળના કોઈ ટોલટેક્ષની પાવતી મળી આવેલ નહી. એ વાત ખરી નથી કે અજમેરની હોટલના બિલો મળી આવેલા.

**(૨૧.૯૭)** મહાકાલ હોટલમાંથી અમારા પ્રિન્ટરમાંથી પ્રિન્ટ કાઢવા માટે હોટલના માલિક કે હાજર કર્મચારીને કોઈ લેખિત રીપોર્ટ આપેલ નથી.

**(૨૧.૯૮)** મને આંક–૧૨૧ નો રીપોર્ટ તથા આંક–૯૨ વાળી ફરીયાદનું લખાણ કયાં બેસીને ટાઈપ કરેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે તે

હાલ મને યાદ નથી. એ વાત ખરી છે કે નિ. ૭/૧ વાળું સુચીપત્ર મેં તૈયાર કરેલ નથી. તે સુચીપત્ર પી.એસ.ઓ. એ તૈયાર કરેલાનું કહી શકાય પરંતુ મને જાત માહીતી નથી.

**(૨૧.૯૯)** મને આંક–૧૨૧ નો રીપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે ગુનો રજીસ્ટ્રર કરવાના રીપોર્ટના મથાળે સુચીપત્ર ટાઈપ કરેલ છે. આંક–૧૨૧ વાળો રીપોર્ટ અસલ છે. એ વાત ખરી છે કે આંક–૧૨૧ વાળા રીપોર્ટમાં ચાર્જ અમલદારે તેમને કેટલા વાગ્યે આ રીપોર્ટ મળ્યો તેનો સમય કે તારીખ કે મળ્યા બદલની સહી કે શેરો કરેલ નથી. મારી સ્થળપ્રતમાં તેમણે સમય અને તારીખ નાંખી સહી કરેલ. એ વાત ખરી છે કે હું કહું છું તેવા શેરા વાળી સ્થળપ્રત આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૨૧ વાળા રીપોર્ટમાં પોલીસ સ્ટેશનમાં રજુ કરેલ મુદ્દામાલનું હું જણાવું છું તે મુદ્દામાલ રજુ કર્યા અંગે તેમજ ફરીયાદ અને પંચનામા સાથે સ્થળ ઉપર તૈયાર કરેલ દસ્તાવેજી પુરાવાઓનો કોઈ વિગતવાર ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે આ મુદ્દામાલ અને આવા કોઈ કાગળો સોપ્યા બાબતનો અને પી.એસ.ઓ. એ તે સંભાળ્યા બાબતેનો મે કોઈ શેરો પોલીસ સ્ટેશનના ચાર્જ સંભાળનાર કર્મચારી પાસે લીધેલ નથી. એ વાત ખરી નથી કે મે કોઈ મુદ્દામાલ કે કાગળો રજુ કરેલ ન હોવા છતાં ખોટો ખુલાસો કરું છું.

**(૨૧.૧૦૦)** મને આંક–૧૨૨, આંક–૧૩૪ તથા આંક–૧૩૫ વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે કઈ તારીખે તેની ખરી નકલો કરવામાં આવેલ છે તે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આ દસ્તાવેજો તપાસના કામે મેળવેલ છે મેં મેળવી રેડ દરમ્યાન રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે હું આંક–૧૨૨ જોઈને જણાવું છું કે તે સરકારી ગાડીની લોગબુકની નકલ છે. એ વાત ખરી છે કે તે આંક–૧૨૨ માં તા. ૧૩/૧૦/૨૦ ના રોજ સવારે ૭:૩૦ કલાકથી તા.૧૪/૧૦/૨૦ ના રાત્રીના ૨:૦૦ સુધીની મુસાફરીનો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે આ આંક–૧૨૨ માં એ.ટી.એસ. શહેર થી પાલનપુર આબુ રોડથી એ.ટી.એસ. તેવો ઉલ્લેખ કરેલ છે અને જર્ની ૮૬૨૫૬ થી ૮૬૬૨૧ સુધીની કુલ ૩૬૫ કી.મી. ની મુસાફરી દર્શાવેલ છે. એ

વાત ખરી છે કે આ આંક–૧૨૨ માં એન.ડી.પી.એસ.ના કેસમાં રેડમાં ગયાનો ઉલ્લેખ છે. તે સમયે સંજયસિંહ ચાવડા મારી સરકારી ગાડીના ડ્રાઈવર હતા. એ વાત ખરી છે કે આ આંક–૧૨૨ માં વાહન નંબરનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૨૨માં ખોટો સમય તથા ખોટી વિગતો દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે પાછળથી કેસ ને અનુરૂપ ખોટી રીતે આ આંક–૧૨૨ વાળો દસ્તાવેજ ઉભો કરેલ છે.

**(૨૧.૧૦૧)** આંક–૧૨૨ ના દસ્તાવેજમાં પાછળના ભાગે જે ગાડીનો નંબર લખેલ છે તે સંજયસિહે લખેલ હોઈ શકે છે. મારા હસ્તકની આ ગાડીમાં ડ્રાઈવર તરીકે સંજયસિંહ ફરજ બજાવતા હતા. સદરહું આંક–૧૨૨ વાળો દસ્તાવેજ ગાડી કેટલા કી.મી. ફરેલ છે તે દર્શાવવા માટેનો છે. એ વાત ખરી નથી કે આ કેસની કામગીરીમાં અમારી એ.ટી.એસ. ઓફીસેથી રવાના થઈ પરત થયાની હકીકતોની ખરી વિગતો વાળું ફોર્મ–બી આ કામે રજુ કરાયેલ નથી. એ વાત ખરી નથી કે અમો આબુરોડ તેમજ અન્ય સ્થળોએ અમીરગઢ પોલીસ સ્ટેશન અને એસ.ઓ.જીના પોલીસ કર્મચારીઓ સાથે જુદી જુદી જગ્યાએ મુસાફરી કરેલ હોઈ ખોટી વિગતોવાળો આંક–૧૨૨ વાળો દસ્તાવેજ રજુ કરેલ છે.

**(૨૧.૧૦૨)** મને આંક–૧૨૪ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં મારા હસ્તાક્ષર નથી. એ વાત ખરી નથી કે આંક–૬૨ થી આંક–૬૬ ના દસ્તાવેજો મેં જાતે લેપટોપમાં ટાઈપ કરેલ નથી.

**(૨૧.૧૦૩)** મારા ઉપરી અધિકારી એ.ટી.એસ.ના ડી.આઈ.જી. શ્રી હિમાન્સુ શુકલા સાહેબ હતા. એ વાત ખરી છે કે આંક–૧૩૩ ની બાતમીની નકલ તેઓશ્રીને આપેલ હોય તેવો તેમજ તેમને મળેલ હોય તેવો મારી કે તેમની સહીનો શેરો કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૩૪ ની બાતમી રજીસ્ટ્રરની નકલ તેઓશ્રીને આપેલ હોય તેવો તેમજ તેમને મળેલ હોય તેવો મારી કે તેમની સહીનો શેરો કરેલ નથી.

**(૨૧.૧૦૪)** બાતમી રજીસ્ટ્રર અમને એ.ટી.એસ. કચેરીમાં બાતમી રજીસ્ટ્રરના ધારા ધોરણ મુજબ કાઈમ ટેબલ પી.એસ.આઈ. આપે છે. એ વાત

ખરી છે કે તેના ઉપર નંબરો હોય છે.એ વાત ખરી નથી કે આંક–૧૩૪ માં રજીસ્ટ્રરની નોંધ તથા વિગતો કે પાન નંબર દર્શાવેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩૪ વાળું રજીસ્ટ્રર ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૩૪ વાળા રજીસ્ટ્રરની નકલમાં નકલ કરાવ્યા તારીખ લખેલ નથી. આંક–૧૩૪ વાળા દસ્તાવેજના હેડીંગ ઉપર ગુ.રા.અમદાવાદ બાતમી રજી. માં કરેલ કરેલ નોંધ ની નકલ તેવું પેનથી લખેલ છે. એ વાત ખરી છે કે ઉપરોકત લખાણ તથા ઓફીસનો સિકકો તથા અસલ ઉપરથી ખરી નકલ બાબતનો સિકકો તથા મારી સહી એ સિવાય ઝેરોક્ષ નકલ છે. એ વાત ખરી નથી કે તેના પ્રથમ કોલમમાં ૧૩/૧૦/૨૦૨૦ ક. ૦૬:૦૦ તે પેનથી લખાયેલ છે પરંતુ તે ઝેરોક્ષ નથી. એ વાત ખરી નથી કે આ તારીખ અને સમય પાછળથી લખેલ છે તેથી ખોટી રીતે ઈન્કાર કરું છું.

**(૨૧.૧૦૫)** એ વાત ખરી છે કે સ્ટેશન ડાયરીનું નિયત ફોર્મ હોય છે. એ વાત ખરી નથી કે આંક–૧૩૫ માં કોના હસ્તાક્ષર છે તે હું કહી શકું નહી. તે હસ્તાક્ષર હે.કો. જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાના છે. એ વાત ખરી છે કે આંક–૧૩૫ વાળું લખાણ મારી હાજરીમાં લખાયેલ નથી. હવે કહું છું કે હું કહી શકું નહી હું હાજર પણ હોઈ શકું. તપાસ કરનાર અધિકારીની માંગણી અનુસાર આ સ્ટે.ડાયરીનો ઉતારો હે.કો. જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાએ અક્ષરસહ કરીને સહી કરીને આપેલ છે. તેમાં હે.કો. જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાની સહી છે તેથી ઉપરોકત હકીકત જણાવું છું. મારી હાજરી પણ હોઈ શકે તેથી જણાવું છું. ત.ક. અધિકારી એસ.ઓ.જી.ના ઈ.ચા. પી.આઈ. શ્રી ઝાલા હતા. તેઓએ મારી હાજરીમાં હે.કો. જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાને રીપોર્ટ આપેલ કે કેમ તે હાલ મને યાદ નથી.

**(૨૧.૧૦૬)** મારી એ.ટી.એસ. ઓફીસમાંથી રેડ બાદ સને ૨૦૨૨ માં બદલી થયેલ. તા. ૧૭/૨/૨૨ ના રોજ મારો ટ્રાન્સફર હુકમ આવેલ અને તા. ૪/૩/૨૨ ના રોજ હું એ.ટી.એસ. માંથી અમદાવાદ શહેર ખાતે હાજર થયેલ. એ વાત ખરી નથી કે સ્ટેશન ડાયરીની આંક–૧૩૫ વાળી નોંધ પણ પાછળથી ઉપજાવી કાઢેલ છે. એ વાત ખરી છે કે આંક–૨ વાળી મુદ્દામાલ

પાવતીમાં મારી સહી નથી. એ વાત ખરી છે કે આ કેસની મુદ્દામાલ પાવતીઓ મેં ફાડેલ નથી. એ વાત મને યાદ નથી કે એ.ટી.એસ. રેડની કામગીરી પુર્ણ થયા બાદ ગયો ત્યારબાદ હું આ કેસ બાબતે કોઈ વખત પાલનપુર આવેલ કે કેમ.

**(૨૧.૧૦૭)** એ વાત ખરી નથી કે મેં એ.ટી.એસ. ના ડી.આઈ.જી. શ્રી હિમાન્સુ શુકલાને કોઈ વિગતવારનો રીપોર્ટ આપેલ નથી. મને આંક–૧૨૫ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે રીપોર્ટ જોઈને કહું છું કે એ વાત ખરી નથી કે આંક–૧૨૫માં અમારા ડી.આઈ.જી. શ્રી હિમાન્સુ શુકલાની કોઈ સહી નથી. એ વાત ખરી છે કે આંક–૧૨૫ નીચે ના શેરામાં શ્રી હિમાન્સુ શુકલાની સહી કહું છું તેમાં તેમણે કોઈ તારીખ કે સમય દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક –૧૨૬ મળ્યા બદલ પોલીસ મહાનિરીક્ષક શ્રી એ.ટી.એસ. ગુજરાત રાજય માં સહી સમય કે તારીખનો તેમના હસ્તાક્ષરે કોઈ ઉલ્લેખ નથી. એ વાત ખરી નથી કે આંક–૧૨૫ તથા આંક–૧૨૬ વાળા દસ્તાવેજો પાછળથી ઉભા કરેલ છે. રેડ સમયે મારી એ.ટી.એસ. કચેરીથી શ્રી હિમાન્સુ શુકલાના ઘરનું અંતર આશરે ૧૫ થી ૨૦ મીનીટ જેટલું દુર આવેલ છે.

**(૨૧.૧૦૮)** મુદ્દામાલ માદક પદાર્થ જે પ્લાસ્ટીકના ડબ્બાઓમાં ભરેલ તે પ્લાસ્ટીકના ડબ્બાઓ આર્ટીકલ નં. પર વાળા જ પારદર્શક પ્લાસ્ટીકના ડબ્બાઓ હતા અને તેમાં પણ ઢાંકણ એટેચ હતું અને તેની સાઈઝ જુદી જુદી હોઈ શકે. સદરહું પ્લાસ્ટીકના ડબ્બા પ્લાસ્ટીકના એટેચ ઢાંકણા વાળા અને આગળના ભાગે બંધ કરી ખોલી શકાય તેવા હતા. હવે કહું છું કે તે પ્લાસ્ટીકના ડબ્બા હતા પરંતુ આવા જ ડબ્બા હતા તે ચોકકસ કહી શકું નહી. આ તમામ ડબ્બા તથા સિલીંગના સાધનો અમે એ.ટી.એસ. કચેરીથી નિકળ્યા ત્યારથી અમારી સાથે હતા. મને મુદ્દામાલ આર્ટીકલ નં. પર તથા આર્ટીકલ નં. ૫૩ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે ડબ્બાના ચારે તરફ શીલીંગના નિશાન છે કે કેમ તે જણાવી શકું નહી. હાલ મને જે આર્ટીકલ નં. પર તથા આર્ટીકલ નં. ૫૩ વાળા ડબ્બાઓ બતાવવામાં આવે છે તેના બાંધેલ દોરાઓ તથા શીલ તોડેલા છે તેથી તે હું કહી શકું નહી. એ વાત ખરી

છે કે આર્ટીકલ નં. પર તથા આર્ટીકલ નં. ૫૩ સાથેના દોરા સહીતના લાખના શીલના નિશાન દેખાય છે તે તેના ઢાંકણા ઉપર દેખાય છે. એ વાત ખરી છે કે ઢાંકણું ખોલ બંધ થાય તેના ચાર તરફ ના ભાગે આવા કોઈ નિશાન દેખાતા નથી. એ વાત ખરી નથી કે સદરહું આર્ટીકલ નં.પર તથા આર્ટીકલ નં.૫૩ સાથેના દોરા તથા લાખના શીલના નિશાન અંગે કોઈ ચોકકસ જવાબ આપતો નથી.

**(૨૧.૧૦૯)** એ વાત ખરી છે કે શ્રી એમ.કે.ઝાલા એસ.ઓ.જી. કચેરી ખાતે પી.એસ.આઈ. હતા. તે રેડના દિવસે કયારે મળેલ તે મને યાદ નથી. તે સમયે શ્રી એમ.કે.ઝાલા એસ.ઓ.જી. કચેરીમાં તે સમયે રેગ્યુલર પી.આઈ. કોણ હતા તે હાલ યાદ નથી. તે સમયે એસ.ઓ.જી.કચેરીમાં પી.એસ.આઈ. કેટલા હતા તે હાલ મને ખબર નથી. પાલનપુર એસ.ઓ.જી. ના કર્મચારીઓ જે રેડની કામગીરીમાં હાજર હતા તેઓના નિવેદન મેં કેમ નહી લીધેલ તેવા સવાલ ના જવાબમાં જણાવું છું કે તે નિવેદનો તપાસના કામે ત.ક.અધિકારી લઈ શકે તેમ હોય મેં લીધેલ નહી.

**(૨૧.૧૧૦)** એ વાત મને હાલ યાદ નથી કે પ્રાથમિક પંચનામું કર્યુ તેના પહેલા એસ.ઓ.જી. કર્મચારીઓના નામ કોઈ કાર્યવાહીમાં લખેલ કે કેમ. જો લખેલ હોય તો તે કયા દસ્તાવેજમાં હોય તે જણાવી શકો તેવા સવાલના જવાબમાં જણાવું છું કે આ રેકર્ડ એસ.ઓ.જી. કચેરીની ગાડીની લોગબુક તથા તે કર્મચારીઓની પટ્રોલિંગ બુકમાં નોંધ હોય છે. મે એસ.ઓ.જી. કર્મચારીઓને એસ.ઓ.જી. કચેરીમાં મદદ પુરી પાડવા માટે મૌખિકમાં જણાવેલ. મેં આ કામે ગુનો રજીસ્ટ્રર કરાવતાં પહેલાં એસ.ઓ.જી. કચેરીની ગાડીની લોગબુક તથા તે કર્મચારીઓની પટ્રોલિંગ બુકની ઝેરોક્ષ નકલ મેળવેલ નહી. તે કેમ નહી મેળવેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે તે ત.ક.અધિકારી મેળવી શકે તેમ હોય.

**(૨૧.૧૧૧)** સદરહું ગુનાની કેસ ડાયરી ત.ક.અધિકારીએ લખવાનું શરૂ કરેલ.

સવાલ:–અમદાવાદથી બાતમી મુજબની કાર્યવાહી કરવા નિકળ્યા અને ગુનો

રજીસ્ટ્રર કરાવ્યો ત્યાં સુધીની તમારી દૈનીક કાર્યવાહીની કોઈ નોંધા પી.એસ.ઓ.ને કાગળો સાથે આપેલ કે કેમ તે જણાવી શકો?

જવાબ:– આવી કોઈ નોંધ પી.એસ.ઓ. ને જમા કરાવવાની હોતી નથી તેથી આવી દૈનીક કાર્યવાહીની કોઈ નોંધ પી.એસ.ઓ.ને જમા કરાવેલ નથી. સાહેદ જણાવે છે કે કાગળો જમા કરાવેલ.

એ વાત ખરી છે કે આવી દૈનીક કાર્યવાહીની નોંધ અમારે લખવાની હોય છે. મે આવી નોંધ તા. ૧૪/૧૦/૨૦ ના રોજ પરત ફર્યા બાદ લખેલી.

સવાલ:– તમે તપાસ દરમ્યાન શ્રી એમ.કે.ઝાલાને આવી કોઈ નોંધ આપેલ કે કેમ જે જણાવી શકો?

જવાબ:–આવી કોઈ દૈનીક નોંધમાં વિકલી ડાયરી, સ્ટેશન ડાયરી, લોગબુક તથા બાતમી રજીસ્ટ્રર જે સમય સાથે દૈનીક લખાતી હોય છે તે પૈકી સ્ટેશન ડાયરીનો ઉતારો, લોગબુકનો ઉતારો અને બાતમી રજીસ્ટ્રરનો ઉતારો ત.ક.અધિકારી શ્રી એમ.કે.ઝાલાને આપેલ.

એ વાત ખરી છે કે તા. ૧૪/૧૦/૨૦૨૦ ના રોજ રાત્રે ૦૨:૦૦ વાગ્યે અમારી કચેરીએ જઈ લખેલ તે સ્ટેશન ડાયરીનો ઉતારો ત.ક.અધિકારીશ્રીને આપેલ નથી. તે સ્ટેશન ડાયરીનો નંબર અને સમય હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે આવી નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ ન હોવા છતાં ખોટો જવાબ આપો છો. સાહેદ જણાવે છે કે સ્ટેશન ડાયરીમાં આવી નોંધ કરેલ કે કેમ તે હાલ યાદ નથી.

સવાલ:– આવી કોઈ નોંધ કરેલ જ નથી તે તમને યાદ છે તે બાબતે તમારે શું કહેવું છે? જવાબ:– હાલમાં તે મને યાદ નથી.

એ વાત ખરી નથી કે હાલ મને યાદ નથી તેવો હું ખોટો જવાબ આપું છું.

**(૨૧.૧૧૨)** આ ગુનાના તપાસ કરનાર અમલદાર અમારી કચેરીએ તપાસ માટે આવેલા.

સવાલ:–તે કઈ તારીખે આવેલ તે કહી શકો?

જવાબ:– તે હું રેકર્ડ જોઈને કહી શકું.

સવાલ:- તેઓએ કોઈ લેખિત રીપોર્ટ આપેલ તમને?

જવાબ:-એ.ટી.એસ. કચેરી ખાતે ગુનાને લગત સ્ટેશન ડાયરીનો ઉતારો, લોગબુકનો ઉતારો, બાતમી રજીસ્ટ્રરનો ઉતારો, સફળ રેડ બાબતે અમે ડી.આઈ.જી. સાહેબને રીપોર્ટ કરેલ આ બધા કાગળોનો તથા તપાસને ઉપયોગી રેકર્ડ ની માંગણી કરેલ હોવાનું મારા ધ્યાનમાં છે.

સવાલ:- આવી માંગણી લેખિતમાં કરેલ કે કેમ ?

જવાબ:- તે હું રેકર્ડ જોઈને કહી શકું.

સવાલ:- તેમને રેકર્ડ આપવા બાબતેનો કોઈ શેરો તમે લીધેલ?

જવાબ:- તે હું રેકર્ડ જોઈને કહી શકું.

**(૨૧.૧૧૩)** સવાલ:- પી.એસ.ઓ. એ મુદ્દામાલ પાવતી ફાડી તેની નકલ તમને આપેલ?

જવાબ:- તે હાલ યાદ નથી. મને તે આપેલ હોય તો તે તપાસના કાગળોમાં સામેલ હોય.

**(૨૧.૧૧૪)** એ વાત ખરી નથી કે હું કહું છું તેવી કોઈ બાતમી મને મળેલ નથી. એ વાત ખરી નથી કે તેવી કોઈ બાતમી તે વખતે લખી લીધેલ નથી. એ વાત ખરી નથી કે મેં ગુપ્ત બાતમી રજીસ્ટ્રરે તે વખેત કોઈ નોંધ કરેલ ન હતી. એ વાત ખરી નથી કે તે દિવસે ડી.આઈ.જી. સાહેબને હું મળેલ નથી. એ વાત ખરી નથી કે મેં ડી.આઈ.જી. સાહેબને કોઈ રીપોર્ટ આપેલ નથી. એ વાત ખરી નથી કે ડી.આઈ.જી. સાહેબની સાથે ચર્ચા કરેલ નથી કે તેમણે રેડનું આયોજન કરવા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે મેં તે મુજબ પી.એસ.આઈ.શ્રી ત્રિવેદી તથા ભોલા તથા પો.કો. દત્તભાઈને સાથે રાખી રેડનું આયોજન કરેલ નથી. એ વાત ખરી નથી કે મેં તે વખતે મારી સાથે રેડને લગતા લાખ, દોરા, પ્લાસ્ટીકની કોથળીઓ, લેપટોપ તથા પ્રિન્ટર સાથે લીધેલ નથી કે પી.એસ.ઓ.ને ૭:૩૦ કલાકે એન્ટ્રી નં.૨/૨૦૨૦ થી એન્ટ્રી કરાવી રેડમાં જવા માટે રવાના થયેલ નથી. એ વાત ખરી નથી કે મેં એસ.ઓ.જી. ના કર્મચારીઓની મદદ માંગેલાનું તેમજ તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ જઈ માંગણી કરેલાનું તેમજ તેઓએ બે પંચો ફાળવેલાનું

હું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે પંચનામાના પ્રથમ ભાગમાં જણાવ્યા મુજબ કમ્પાઉન્ડમાં પંચોના નામ ઠામ પુછવાનું વિ. કોઈ કાર્યવાહી કરેલ નથી કે ત્યાં પ્રથમ ભાગનું પંચનામું લખેલ નથી. એ વાત ખરી નથી કે પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ થી ટોલટેક્ષ પહોંચેલાનું તથા મહાકાલ હોટલ આગળ ગયેલા, તેમજ ક.૧૩:૨૦ વાગ્યે આબુરોડ તરફથી બાતમી વર્ણનવાળી ગાડી આવેલાનું તથા અમે ઈશારાથી તે ગાડી ઉભી રખાવેલાનું તથા કોર્ડન કરેલાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે તે વખતે મેં વાહનની ચાવી લઈ લીધેલાનું તેમજ બંને ઈસમો વાહનમાં સીટ ઉપર બેસેલ હોવાનું તેમજ તેમના નામઠામ પુછેલાનું વિ. હકીકતો ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે તે વખતે પંચોની અને સ્ટાફની હાજરીમાં તેઓ બંને જણાને બાતમીની હકીકત જણાવેલાનું તેમજ ગેઝેટેડ ઓફીસર તરીકે સર્ચ કરવા બાબતે તેમના અધિકાર અંગેની જાણ કર્યાનું તેમજ તેઓએ જડતી કરી શકો છો તેવું કહયાનું તેમજ તે વખતે કલમ ૫૦ મુજબનો ઠરાવ કરી એક એક પ્રત આપી સહીઓ લીધેલાની હકીકત ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે મારી સરતપાસમાં જણાવ્યા મુજબ કલમ ૪૨ નો ઠરાવો કરેલાનું તથા તેઓની તથા પંચોની સહીઓ લીધેલાની હકીકત ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે હું કહું છું તે રીતે ત્યાં મહાકાલ હોટલ આગળ ગાડીને સર્ચ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતો કોઈ મુદ્ઘામાલ મે આપેલ પુરાવા મુજબ જે તે સ્થળે કબજે લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે બંને આરોપીઓ સાથે તેમના નામ, ઠામ સહીત કોઈ હકીકતની પુછપરછ કરેલ નથી કે તેમની કોઈ સર્ચ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગાડીની જડતી વખતે તેમના કબજામાંથી કોઈ ૧૭ પેકેટ મળેલ નથી. એ વાત ખરી નથી કે મેં પુરાવો ઉભો કરવા એફ.એસ.એલ. અધિકારી તથા તોલાટને પોલીસ કર્મચારી મારફત બોલાવેલ. એ વાત ખરી નથી કે તેઓ બંને જણાને બાતમીની હકીકત કહેલ નથી કે બાતમી મુજબ કહેવાતા મુદ્ઘામાલ સાથે ગાડી રોકેલ હોવાનું જણાવેલ નથી.

**(૨૧.૧૧૫)** એ વાત ખરી નથી કે તમોએ ફોટોગ્રાફી કરેલ હોવાનું ખોટું

જણાવો છો. એ વાત ખરી નથી કે પાલનપુર એસ.ઓ.જી. તરફથી અંગત રીતે આ કેસની રેડનો પુરાવો બતાવવા હું મારા અધિકારીની સુચના વગર એસ.ઓ.જી. કચેરીએ બે પી.એસ.આઈ. તથા ગાડી સાથે આવેલા. એ વાત ખરી નથી કે તે દિવસે મારે શ્રી એમ.કે.ઝાલા સાથે અગાઉ ફોનથી વાતચીત થયેલ હતી. એ વાત ખરી નથી કે તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ વહેલી સવારે નીકળી સવાર પડતાં પાલનપુર આવેલ. એ વાત ખરી નથી કે ત્યારબાદ એસ.ઓ.જી. ના પી.એસ.આઈ. શ્રી ઝાલા તથા તેમના અંગત પોલીસ કર્મચારી સાથે ચર્ચા કરેલ. એ વાત ખરી નથી કે તે ચર્ચા દરમ્યાન અમીરગઢ પોલીસે બીનવારસી મુદ્દામાલ ચરસ કબજે લીધેલાનું જાણેલ. એ વાત ખરી નથી કે તા. ૧૩/૧૦ પહેલાં આરોપી નં. ૧ તથા ૨ ફહીમ તથા સમીર અમીરગઢ પોલીસ ચોકીએ શકના આધારે પકડી લીધેલ હતા તેવી હકીકત પણ જાણવા મળેલ હતી. એ વાત ખરી નથી કે બંને આરોપીઓ ઔરંગાબાદ થી આરોપી નં. ૧ ની ગાડીમાં પેસેન્જર લઈ અજમેર ગયેલા તેમજ અજમેરથી મુંબઈ જનાર અજાણ્યા માણસોને પેસેન્જર તરીકે લઈ મુંબઈ જવા નીકળેલાનું પણ મેં જાણેલ. એ વાત ખરી નથી કે તે પેસેન્જરો સહીત આરોપી નં. ૧ તથા ૨ ને અટકાવી દીધેલાનું તેમજ પેસેન્જરો પાસેથી મોટી રકમ લઈ જવા દીધેલાનું પણ મેં જાણેલું. એ વાત ખરી નથી કે સદરહું હકીકતની એસ.ઓ.જી. પાલનપુરને જાણ થતાં એસ.ઓ.જી. પોલીસે આ બંને ઈસમોને પાલનપુર તરફ આવતાં આરોપી નં. ૧ તથા ૨ ને ગાડી સાથે પકડી દીધેલ. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. પાલનપુર ના અધિકારી તથા કર્મચારીઓએ પેસેન્જરો બાબતે માહીતી મેળવવા મારઝુડ કરેલ અને અઘટીત રકમની માંગણી કરેલ. એ વાત ખરી નથી કે તેમની માંગણી મુજબ રકમની વ્યવસ્થા થઈ શકેલ ન હોય અને અમીરગઢ ચેકપોસ્ટ ઉપર આ કેસનો મુદ્દામાલ લઈ લીધા બાદ પેસેન્જરોને મુકત કરેલ હોવાનું એસ.ઓ.જી. પોલીસને જાણવા મળતાં મારો સંપર્ક કરેલ. એ વાત ખરી નથી કે જેથી હું તથા પોલીસ સ્ટાફના બે અધિકારી તથા સ્ટાફ સાથે પહેલાં એસ.ઓ.જી.

કચેરીથી અમીરગઢ ગયેલા. એ વાત ખરી નથી કે ત્યારબાદ એસ.ઓ.જી. તથા અમીરગઢ ના પોલીસ કર્મચારીઓના બચાવ માટે મહાકાલ હોટલ આગળ સદરહું ઈસમો તથા ગાડીને એસ.ઓ.જી. ઓફીસમાંથી લાવી આ કેસ મુજબ સમગ્ર કાર્યવાહી સમગ્ર રેકર્ડ ઉપર ખોટી રીતે દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. પોલીસે તથા અમીરગઢ પોલીસે અમીરગઢ ચેક પોસ્ટ ઉપર અગાઉ પકડી લીધેલ ચરસ મુદ્ધામાલ આર્ટીકલ નં. ૫૫ વાળા કોથળામાં ખોટી રીતે મુકી આરોપીઓના કબજાની ગાડીમાંથી કબજે લીધાનું ખોટી રીતે દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓની ગાડીમાં સફરજનના તેમના ખરીદેલા વધારે બોક્ષ હતા તેમના હોવાનો હોવાનો ખુલાસો કરેલ હોવા છતાં એક થી વધારે બોક્ષ મળેલ હતા તે બગડી જશે તેવું દર્શાવી નાશ કર્યાનો ખોટો કેસ બતાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી નં. ૧ તથા ૨ ની જાણ અને માહીતીમાં આ ગુનાનો મુદ્ધામાલ ચરસ નહી હોવા છતાં તેમનો કબજો હોવાનું ખોટી રીતે દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી નં. ૧ તથા ૨ એ પુછપરછમાં ભાડાના ધંધા માટે ગયેલ હોવાનું અને જઈ પરત આવતા હોવાનો સ્પષ્ટ ખુલાશો કરેલ હોવા છતાં તેમની કોઈ વાત ગ્રાહય રાખ્યા સિવાય આરોપીઓ તરીકે દર્શાવી ખોટો કેસ કરેલ છે.

**(૨૧.૧૧૬)** એ વાત ખરી નથી કે એસ.ઓ.જી. ના કર્મચારીઓએ તેમના ભળતા માણસોને પંચો તરીકે બોલાવેલ હતા. એ વાત ખરી નથી કે સ્થળ ઉપર મે કરેલ દસ્તાવેજો પુરાવાની હકીકતે તૈયાર કરવામાં આવેલ ન હતા. એ વાત ખરી નથી કે હું કહું છું તે રીતે કોઈ મુદ્ધામાલનું સ્થળ ઉપર સેમ્પલીંગ કે સિલીંગ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે મહાકાલ હોટલ ઉપર પંચોને બેસાડી રાખેલા. એ વાત ખરી નથી કે પાછળથી કામગીરી બતાવવા પંચનામું, પંચ સ્લીપો તથા અન્ય ઠરાવો વિ. તૈયાર કરી મહાકાલ હોટલ ઉપર પંચોની એક સાથે કાગળોમાં સહીઓ લીધેલ. એ વાત ખરી નથી કે આરોપીઓને પણ આ ગુનાના કામે દબાણ કરી પાછળથી તમામ કાગળમાં તેમની મરજી વિરૂધ્ધ સહીઓ લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે

ફરીયાદ વિ. ગુનો દાખલ કરવાના કાગળો વિ. જરૂરી કાર્યવાહી એસ.ઓ.જી. ઓફીસના કર્મચારીઓએ એસ.ઓ.જી. ઓફીસમાં કરેલ. એ વાત ખરી નથી કે હું ગુનો રજીસ્ટ્રર કરાવવા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગયેલ જ ન હતો. એ વાત ખરી નથી કે તા. ૧૩/૧૦/૨૦૨૦ થી આજ દિન સુધી પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન કયા સ્થળે આવેલ છે તે જાણવા માટે તેની કોઈ મુલાકાત મેં લીધેલ નથી. એ વાત ખરી નથી કે પંચોની યાદી પણ પાછળથી ઉભી કરેલ છે. એ વાત ખરી નથી કે આ કેસ ઉપજાવી કાઢેલ હોય પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનને ગુનો રજીસ્ટ્રર કરવા મોકલેલ રીપોર્ટમાં ઈ.ચા. પોલીસ ઇન્સ્પેકટરશ્રી એમ.કે.ઝાલા, એસ.ઓ.જી. પાલનપુરનાઓને તપાસ મોકલી આપવા પી.એસ.ઓ. ને આદેશ કરેલ હતો. એ વાત ખરી નથી કે ખોટો કેસ ઉભો કરેલ હોય ઉલટ તપાસમાં મહત્વના સવાલોના સાચા જવાબો આપવાનું ઈરાદાપુર્વક ટાળેલ છે.

**(૨૧.૧૧૭)** સવાલ:– કબજે કરેલ મુદ્દામાલ સાથે એફ.એસ.એલ. ટેસ્ટ માટે ટેસ્ટ મેમો (રવાનગી નોંધ) કેમ કવરમાં મોકલેલ નહી તે જણાવી શકો?
જવાબ:– એફ.એસ.એલ. રવાનગી નોંધ તપાસ કરનાર અમલદારે મોકલવાની હોય જેથી મેં તે મોકલેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત સવાલનો ખોટો જવાબ આપું છું. એ વાત ખરી નથી કે સેમ્પલીંગ અને સીલીંગની કોઈ કાર્યવાહી મારી હાજરીમાં થયેલ નથી.

**(૨૧.૧૧૮)** સવાલ:– આપે અલગથી ઈન્વેન્ટરી બનાવેલ.?
જવાબ:– હાલ મને યાદ નથી.
સવાલ:– તમારી હાજરીમાં પી.એસ.ઓ. એ કોઈ ઈન્વેન્ટરી બનાવેલ? જવાબ:– તે હાલ મને યાદ નથી.

એ વાત ખરી નથી કે હું નામ. કોર્ટમાં કેસને અનુરૂપ ખોટો પુરાવો આપેલ છે અને ઉલટ તપાસમાં પણ કેસના બચાવમાં ખોટા જવાબો આપેલ છે. એ વાત ખરી નથી કે મુદ્દામાલ તથા આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**(૨૧.૧૧૯) આરોપી નં. ૩ તરફે વિ. ચીફ એલ. એ. ડી. સી. શ્રી પી. પી. ઠાકોરે** ઉપરોકત ઉલટ તપાસ એડોપ્ટ કરેલ છે તેમજ નીચે મુજબ વધુ ઉલટ તપાસ છે.

**(૨૧.૧૨૦)** એ વાત ખરી છે કે અમારી કચેરીમાં કોઈ પણ પત્ર વ્યવહાર થાય તો તેનું આઉટવર્ડ તથા ઈનવર્ડ રજીસ્ટ્રર નિભાવવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક–૧૩૬ થી રજુ કરેલ પત્રમાં કોઈ આઉટવર્ડ કે ઈનવર્ડ નંબર નો ઉલ્લેખ કરેલ નથી. આરોપી નં. ૩ ની ધરપકડ નારોલ બ્રીજ પાસેથી કરેલ.

સવાલ:– આરોપી નં. ૩ ની ધરપકડ કરેલ ત્યારે તેનું અટક કરતું અટક પંચનામું કરેલ નહી તે બાબતે તમારે શું કહેવું છે?

જવાબ:– તે હું રેકર્ડ જોઈને કહી શકું. હાલમાં મારી પાસે રેકર્ડ નથી.

સવાલ:– તમે આવું કોઈ પંચનામું કરેલ જ નથી?

જવાબ:– તે હું રેકર્ડ જોઈને જ કહી શકું.

**(૨૧.૧૨૧)** એ વાત ખરી છે કે આરોપી નં. ૩ ને જે જગ્યાએથી ધરપકડ કરેલ તે જાહેર જગ્યા છે. એ વાત ખરી છે કે આરોપી નં. ૩ ની ધરપકડ વખતે તે વિસ્તારના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી નં. ૩ ની ધરપકડ કરી ત્યારે આરોપીને કોઈ લેખિતમાં ધરપકડના કારણોની જાણ કરેલ નથી.

સવાલ:– આરોપી નં. ૩ ની ધરપકડ કરી તે વખતે તેના બચાવ કરવા માટે તેને વકીલની સહાય લઈ શકે છે તેવી લેખિતમાં કોઈ જાણકારી આપેલ નહીં.

જવાબ:– આરોપી નં. ૩ તથા વોન્ટેડ આરોપી નિતીન ચીકને મુંબઈ અગાઉ ચરસના ગુનામાં પકડાયેલ અને જેલમાં પણ રહેલ છે જે બાબતે આરોપીઓએ કાનુની કાર્યવાહીનું જ્ઞાન છે અને આરોપીઓને બચાવ માટે વકીલશ્રીની મદદ લઈ શકે છે તેવી ચરસના પકડાયેલ અને જેલમાં રહેલ જાણકારી આપેલ હતી. તેને લેખિતમાં જાણકારી આપેલ કે કેમ તે હું રેકર્ડ જોઈને જ કહી શકું.

**(૨૧.૧૨૨)** એ વાત ખરી નથી કે આરોપીની મને સાચી માહીતી હોવા છતાં પણ નામ.કોર્ટમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

સવાલ:– રેકર્ડમાં આરોપી નં. ૩ ને ધરપકડના કારણોની લેખિતમાં જાણકારી આપી હોય તેવું રેકર્ડ ઉપલબ્ધ નથી ?

જવાબ:– તે હું રેકર્ડ જોઈને તે આધારે જણાવી શકું.

**(૨૧.૧૨૩)** એ વાત ખરી નથી કે આરોપી નં. ૩ ને તેના ઘરેથી અટક કરેલ છે. એ વાત મને હાલ યાદ નથી કે આરોપી નં. ૩ ના ઘરનું લાઈટ બીલ તેના ઘરેથી કબજે કરેલ કે કેમ.

**(૨૧.૧૨૪)** એ વાત ખરી નથી કે આરોપી નં. ૩ ને ભારતીય બંધારણના આર્ટીકલ ૨૨(૧) તથા ૨૨(૫) તથા સી.આર.પી.સી. કલમ ૫૦ ના અધિકારોનો ભંગ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીને આ કામે ખોટી સંડોવણી કરેલ છે. એ વાત ખરી નથી કે આંક–૧૩૬ પાછળથી ખોટી રીતે ઉભો કરેલ હોય તેમાં ઈન્વર્ડ કે આઉટવર્ડ નંબર જણાવેલ નથી.

**(૨૧.૧૨૫)** આરોપી નં. ૩ નો અટક મેમો મેં તૈયાર કરેલ. એ વાત ખરી નથી કે આરોપીના અટક સંદર્ભે ની તમામ કાર્યવાહી મેં કરેલ ન હોવા છતાં નામ. કોર્ટમાં ખોટો પુરાવો આપેલ છે. એ વાત ખરી નથી કે પાછળથી ખોટો કાગળ ઉભો કરી ખોટી રીતે ચાર્જશીટમાં સામેલ રખાવેલ છે. એ વાત ખરી નથી કે આંક–૧૨૧ માં આરોપી બોમ્બે હોવાનું ખોટું જણાવેલ છે.

**(૨૨)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૩૮ થી સાહેદ નં. ૬ પંચ મુકેશભાઇ કાનજીભાઇ વણસોલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૨.૧)** હું તા. ૬/૨/૨૦૨૧ ના રોજ આબુરોડ હાઈવે ઉપર આવેલ હોટલમાં નોકરી કરતો હતો અને નોકરી પુરી કરી સોનબાગ બાજુ જતો હતો ત્યારે પોલીસ મને એક કોરા કાગળમાં સહી કરવાનું કહેતાં મેં સહી કરેલી. મને એસ.ઓ.જી. ઓફીસે બોલાવેલો હોય અને મારી હાજરીમાં કોઈ ઈસમ પાસેથી વીવો કંપનીનો મોબાઈલ કબજે કરેલ હોય અને તે અંગેનુ પંચનામુ મારી હાજરીમાં કરી મને વંચાવી મારી સહી લીધેલ હોય તેવુ બનેલ નહી.

**(૨૨.૨)** મને નિ. ૭/૬૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે. જે મારી સહી હું ઓળખી બતાવુ છું. જે આ કામે રજુ દાલખ આંક–૧૩૯ આપવામાં આવે છે.

**(૨૨.૩)** મુદ્દામાલ મોબાઈલ મારી હાજરીમાં કબજે લેવામાં આવેલ ન હોય બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી. આરોપીને હું ઓળખતો નથી.

**(૨૨.૪)** આમ, ઉપરોકત પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એડી. પી. પી. શ્રીએ સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એડી. પી. પી. શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એડી. પી. પી. શ્રીએ પંચ સાહેદોને વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવાછતાં કોઇ ફળદાઇ હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૨૩)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૪૧ થી સાહેદ નં. ૭ પંચ પ્રવિણ ભાઈ લવજીભાઈ ચૌહાણને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૩.૧)** તા. ૬/૨/૨૦૨૧ ના રોજ હું મજુરી કામે જવા માટે નીકળેલ ત્યારે આબુરોડ હાઈવે ઉપર પોલીસે મને ઉભો રાખી એક કોરા કાગળમાં સહી કરવાનું કહેતાં મેં સહી કરેલી. મને એસ.ઓ.જી. ઓફીસે બોલાવેલો હોય અને મારી હાજરીમાં કોઈ ઈસમ પાસેથી વીવો કંપનીનો મોબાઈલ કબજે કરેલ હોય અને તે અંગેનુ પંચનામુ મારી હાજરીમાં કરી મને વંચાવી મારી સહી લીધેલ હોય તેવુ બનેલ નહી.

**(૨૩.૨)** મને આંક–૧૩૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે. જે મારી સહી હું ઓળખી બતાવુ છું.

**(૨૩.૩)** મુદ્દામાલ મોબાઈલ મારી હાજરીમાં કબજે લેવામાં આવેલ ન

હોય બતાવવામાં આવે તો હું ઓળખી શકુ નહી. આરોપીને હું ઓળખતો નથી.

**(૨૩.૪)** આમ, ઉપરોકત પંચ સાહેદે પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એડી. પી. પી. શ્રીએ સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એડી. પી. પી. શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એડી. પી. પી. શ્રીએ પંચ સાહેદોને વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવાછતાં કોઈ ફળદાઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૨૪)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૪૩ સાહેદ નં.૮ ભૂમિકાબેન પ્રહલાદભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૪.૧)** હું તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ રાત્રીના ૨૦:૩૦ કલાકે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે મારી ફરજ ઉપર હાજર હતી તે સમયે પો. ઈ. એ.ટી.એસ. ગુજરાત રાજય અમદાવાદ શ્રી સી.આર.જાદવનાઓએ લેખિત હુકમ સાથે તેઓના રૂબરૂની પી.એસ.આઈ. શ્રી એમ.એસ.ત્રિવેદીની ફરીયાદ તથા તેની સાથેના પંચનામું તથા એન.ડી.પી.એસ. એકટ મુજબ કરેલ ઠરાવો, સમજપત્ર, સિઝરમેમો તથા એફ.એસ.એલ. પ્રમાણપત્ર મને સોંપતાં મે ફરીયાદી આધારે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૭૧૪/૨૦૨૦, એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨)(સી), ૨૯ મુજબનો ગુનો રજીસ્ટર કરી કાગળો સંભાળી લીધેલ તથા તેઓએ મને કબજે કરેલ મુદ્દામાલ સોંપતાં મુદ્દામાલને સંભાળી લીધેલા અને જે તે સ્થીતીમાં હતો તે સ્થીતીમાં મુદ્દામાલ પાલનપુર તાલુકા રાઈટર હેડ કોન્સ્ટે. શ્રી ઝાફરખાનને સોંપેલ તથા તેઓએ મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપીઓને મને સોંપતાં તે આરોપીઓનો કબજો મેળવી

ઝડતી કરી લોકઅપમાં મુકેલા અને એફ.આઈ.આર. ઓનલાઈન રજીસ્ટ્રર કરેલ, તેમજ આ સંબંધીત ભારે ગુનાનો સ્પે.રીપોર્ટ તૈયાર ઉપરી અધિકારીને જાણ કરેલ અને આગળની તપાસ શ્રી એમ.કે.ઝાલા, ઈ.ચા. પો.ઈ. એસ.ઓ.જી., પાલનપુરનાઓને સોંપેલ અને આરોપીઓનો કોરોના રીપોર્ટ કરાવેલ જે રીપોર્ટ નેગેટીવ આવતાં પી.આઈ. શ્રી ઝાલાને જાણ કરતાં તેઓએ આરોપીઓને સંભાળી લીધેલ.

**(૨૪.૨)** મને આંક–૯૨ ની ફરીયાદ બતાવવામાં આવે છે તે ગુનો રજીસ્ટ્રર થવામાટે મારી સમક્ષ આવેલ તે જ ફરીયાદ છે.

**(૨૪.૩)** મને આંક–૧૨૧ ગુનો રજીસ્ટ્રર કરવાનો હુકમ બતાવવામાં આવે છે જે મને પો.ઈ.શ્રી એ.ટી.એસ. ગુજરાત રાજય અમદાવાદ ના શ્રી સી.આર.જાદવ સાહેબે ગુનો રજીસ્ટ્રર કરવા મોકલેલ રીપોર્ટ છે તે જ છે.

**(૨૪.૪)** મને નિ. ૭/૧ વાળું સુચીપત્ર બતાવવામાં આવે છે જે મેં તૈયાર કરેલ તેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજું દા. આંક–૧૪૪

**(૨૪.૫)** મને આંક–૬૧ વાળું પંચનામું, આંક–૧૨૩ વાળો એફ.એસ.એલ. નો પરીક્ષણ અહેવાલ, આંક–૬૩ તથા ૬૪ વાળા એન.ડી.પી.એસ. એકટની કલમ કલમ ૪૨ તથા ૪૩ મુજબના ઠરાવો તથા આંક–૬૫ વાળું સમજપત્ર તથા આંક–૬૬ વાળો સિઝર મેમો બતાવવામાં આવે છે જે મને ફરીયાદ રજીસ્ટ્રર થવા માટે આવેલ તે સાથે મારી સમક્ષ આવેલ તે જ દસ્તાવેજો છે જે ઓળખી બતાવું છું.

**(૨૪.૬)** રજુ કરેલ આરોપીઓ પૈકી હાલ વિડીયો કોન્ફરન્સ મારફત સમીર હાજર છે તેને ઓળખી બતાવું છું જે મારી સમક્ષ લોકઅપમાં મોકલેલ તે જ છે.અન્ય આરોપી ફહીમ હાજર હોય તો તેને ઓળખી શકું.

(૨૪.૭) **બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** હું આ કેસના બનાવની તારીખ પહેલાંથી બેએક વર્ષ પહેલાંથી પાલનપુર તાલુકા પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતી હતી. મારું એ.એસ.આઈ.

તરીકે પ્રથમ પોલીસ સ્ટેશન બનાસકાંઠાનું પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન હતું. મેં આ કેસના બનાવ બાદ બદલી થતાં એમ.ઓ.બી. શાખામાં એ.એસ.આઈ. તરીકે બનાસકાંઠા જીલ્લામાં ફરજ બજાવેલ.

**(૨૪.૮)** એ વાત ખરી છે કે હું ડી.એસ.પી. કચેરી, એરોમા સર્કલ, જુની આર.ટી.ઓ. ચેકપોસ્ટ સર્કલ તથા અમારા પોલીસ સ્ટેશનના વિસ્તારથી માહીતગાર છું. એ વાત ખરી છે કે સામાન્ય રીતે તાલુકા પોલીસ સ્ટેશને ડી.એસ.પી. કચેરીથી જવું હોય તો એરોમા સર્કલ તેમજ જુની આર.ટી.ઓ. ચેકપોસ્ટ સર્કલ થી જવાય છે.

**(૨૪.૯)** બનાવના અરસામાં જે આર.ટી.ઓ. ચેકપોસ્ટનું મકાન છે તેમાં ટ્રાફીક પોલીસની ઓફીસ કાર્યરત હતી અને હાલ પણ ત્યાં જ કાર્યરત છે. એ વાતની મને ખબર નથી કે તે જ બીલ્ડીંગમાં પેટ્રોલપંપને અડીને ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની ઓફીસ આવેલ હતી કે કેમ. આર.ટી.ઓ. ચેકપોસ્ટનું બિલ્ડીંગ પુરુ થાય ત્યારબાદ ઉત્તરે પેટ્રોલપંપ, ત્યારબાદ એ.સી.બી.. પોલીસ સ્ટેશન, તથા ત્યારબાદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન તથા ત્યારબાદ પાલનપુર શહેર પશ્ચીમ પોલીસ સ્ટેશન આવેલ છે. એ વાત ખરી છે કે આબુ રોડ તરફથી પાલનપુર તરફ આવતાં હાઈવેની ડાબી બાજુએ ત્રણેય પોલીસ સ્ટેશન આવેલ છે અને આ ત્રણેય પોલીસ સ્ટેશન આગળ કમ્પાઉન્ડ આવેલ છે. એ વાત ખરી છે કે ટ્રાફીક ચોકી તેમજ અમારા પોલીસ સ્ટેશન આગળ આબુરોડ તરફ થી આવતાં વાહનોને રોકવા તેમજ ધીમા પાડવા અને જરૂર પડેથી ચેકીંગ કરવા રોડ ઉપર બેરીકેડ મુકવામાં આવતા હતા. એ વાત ખરી છે કે આ પોલીસ સ્ટેશનોથી આબુરોડ તરફ જતાં ટોલટેક્ષ આવે છે તે સિવાય વાહનો રોકવા કોઈ બેરીકેડીંગની વ્યવસ્થા નથી. એ વાત ખરી છે કે આબુ રોડ તરફથી આવતા અને જતા બંને તરફના રોડ ઉપર પણ આવું કોઈ બેરીકેડીંગ નથી.

**(૨૪.૧૦)** મને જાદવ સાહેબ આંક-૧૨૧ વાળો રીપોર્ટ રૂબરૂ આપેલ હતો. એ વાત ખરી છે કે આંક-૧૨૧ વાળો રીપોર્ટ તથા તેમાં દર્શાવેલ

દસ્તાવેજો કે મુદ્દામાલ મળ્યા અંગેનો કોઈ શેરો કે મારી સહી કરેલ નથી. એ વાત ખરી છે કે આ આંક–૧૨૧ વાળા રીપોર્ટ સાથે બીડેલ કાગળોની અલગથી કોઈ ફેરીસ્ત બનાવેલ ન હતી. એ વાત ખરી છે કે મને જે પંચનામું, ફરીયાદ વિગેરે મળ્યા અંગેનું કહું છું તેમાં પણ કોઈ શેરો કે સહી કરેલ ન હતી.

**(૨૪.૧૧)** એ વાત ખરી છે કે મને મળેલ ગાડી સિવાયનો મુદ્દામાલ મેં નાર્કોટીક એકટ અન્વયેના હુકમો અનુસાર પી.એસ.ઓ. ની હેસીયતથી અલગ રીતે કવરોમાં મુકીને પી.એસ.ઓ. ના હોદ્દાના શીલ કરેલ ન હતા. તે કેમ નહી કરેલ તેવા સવાલના જવાબમાં જણાવું છું કે જાદવ સાહેબે આપેલ મુદ્દામાલ શીલ કરેલ હતા તેથી અલગથી શીલ કરેલ નહી.

**(૨૪.૧૨)** પોલીસ સ્ટેશનમાં પ્રવેશતાં ડાબી બાજુ પી.એસ.ઓ.ની ચેમ્બર આવેલ છે અને તેની બાજુમાં રાઈટર હેડની ઓફીસ આવેલ છે. મને આ ગુનાની જ.મુ.પા. નં. ૧૫૬/૨૦૨૦,તા. ૧૩/૧૦/૨૦૨૦ વાળી મુદ્દામાલ પાવતીના પાના નં. ૧ થી ૬ બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે તેમાં પાના નં. ૬ ઉપર આર્ટીકલ નં. ૬ ઉપર ગાડીનો ઉલ્લેખ કરેલ છે પરંતુ ચાવીનો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

**(૨૪.૧૩)** મને આંક–૬૧ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમાં કુલ ૧ થી ૫૫ આર્ટીકલ દર્શાવેલ છે. મુદામાલ પાવતી ના પાના નં. ૧ થી ૫ ના પાછળ ના ભાગે કુલ ૧ થી ૫૧ સુધીના આર્ટીકલ નોંધાયેલ છે. એ વાત ખરી નથી કે ૫૧ ની નીચે રાઉન્ડની અંદર ૫૨(બાવન) લખાયેલ વંચાય છે અને તેમાં ઓવર રાઈટીંગ કરેલાનું જણાઈ આવે છે. મારા કહેવા પ્રમાણે તે એક નંબર દેખાય છે. તેની સામે ફહીમના મોબાઈલની વિગતો દર્શાવેલ છે. મેં રાઉન્ડમાં ૨(બે) કરી ફહીમના મોબાઈલની વિગત દર્શાવેલ છે. એ વાત ખરી છે કે સદરહું મુદ્દામાલ પાવતી જોઈ જણાવું છું કે તેમાં ૧૮,૦૦૦/– ના આંકડાના /– પછીના ભાગે દરેક આંકડા પાછળ વાઈટનર મારેલ છે અને તે વાઈટનર ઉપર / – કરેલ છે. તે કયા કારણસર વાઈટનર મારવામાં આવેલ તે હાલ કહી શકું નહી. સદરહું મુદ્દામાલ પાવતીઓમાં મારા હસ્તાક્ષર છે અને

તેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે ૧ થી ૫૧ ના રકમના સરવાળામાં ૧,૦૦,૫૧,૮૦૦/– લખેલ છે તેમાં આગળના આંકડાઓ માં ઓવરાઈટીંગ કરેલ છે. એ વાત ખરી છે કે પાના નં. ૬ ઉપર મારી સહી ઉપર ટોટલ કુલ રકમ દર્શાવેલ છે તે ૧,૦૧,૬૦,૮૦૦/–દર્શાવેલ છે. એ વાત ખરી છે કે તેમાં ૧,૬૦ વાળા આંકડા ઉપર ઓવર રાઈટીંગ કરેલ છે. આ ઓવરાઈટીંગ પેન આછી ચાલતી હોઈ અને તેમાં ઝાંખું લખાયેલ હોઈ તેથી તે સ્પષ્ટ દેખાય તે માટે ઓવરરાઈટીંગ કરેલ છે.

**(૨૪.૧૪)** આંક–૨ વાળી મુદ્દામાલ પાવતીના કોલમ નં. ૩ માં માર્ક –એ થી માર્ક–કયુ ના મુદ્દામાલનું વજન દર્શાવેલ છે તે પંચનામા આધારે દર્શાવેલ છે.

**(૨૪.૧૫)** એ વાત ખરી છે કે આંક– ૧૪૪ વાળા સુચીપત્રમાં ઉપરી અધિકારીને મેસેજ કરેલાનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે આંક– ૧૪૪ વાળા સુચીપત્રમાં અદાલતમાં એફ.આઈ.આર. મોકલ્યા બાબતેનો પણ કોઈ ઉલ્લેખ કરેલ નથી.

**(૨૪.૧૬)** આ બનાવના સમયે અમારા પોલીસ સ્ટેશનમાં પી.આઈ.ની પોસ્ટ હતી પરંતુ ઈ.ચા. પી.આઈ. તરીકે પટેલ સાહેબ હતા અને પી.એસ.આઈ. ની કેટલી પોસ્ટ હતી તેની મને ચોકકસ ખબર નથી. એ વાત ખરી છે કે એન.ડી.પી.એસ. એકટ હેઠળ પર્સનલ સર્ચ સિવાય અન્ય કોઈ સર્ચ અને રેડ કરવાની હોય તે માટે કોન્સ્ટેબલ થી ઉપરના દરજજાના અધિકારીઓને સત્તા છે.

**(૨૪.૧૭)** સવાલ:– તમે પી.એસ.ઓ. તરીકે સદરહું ગુનાની તપાસ તમારા પોલીસ સ્ટેશનના પી.આઈ. ને નહી સોંપતાં એસ.ઓ.જી. કચેરીના પી.આઈ. શ્રી ઝાલા સાહેબને કેમ સોંપેલ તે કહી શકો? જવાબ:– અમારા પોલીસ સ્ટેશનના હકુમતમાં રેડ થયેલ હોઈ અમારા સ્થાનિક પી.આઈ. ને તપાસ નહી સોંપતાં એસ.ઓ.જી. કચેરીના પી.આઈ. શ્રી ને તપાસ સોંપેલ.

**(૨૪.૧૮)** એ વાત ખરી છે કે આંક–૧૪૪ વાળા સુચીપત્રમાં કોલમ નં.

૧૩ માં એસ.ઓ.જી. ઈ.ચા. પો.ઈ.શ્રી એમ.કે.ઝાલાને ગુનાની તપાસ કરનાર તરીકેનો ઉલ્લેખ કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૪૪ વાળા સુચીપત્રમાં ઝાલા સાહેબને આ ગુનાની તપાસ મળ્યા બદલ કોઈ શેરો કે સમય કે તારીખ દર્શાવેલ નથી. મેં આ ગુનાની તપાસ ઈ.ચા. પી.આઈ. શ્રી ઝાલાને અમારા પોલીસ સ્ટેશનમાં રૂબરૂમાં આપેલ. જાદવ સાહેબ સાથે આવેલ ન હતા. મને ચોકકસ ખબર નથી કે પી.આઈ. શ્રી જાદવ કાગળો સોપ્યા બાદ નીકળી ગયેલ કે કેમ. મેં પી.આઈ.શ્રી ઝાલા સાહેબને આ ગુનાની તપાસ સંભાળવા માટે પોલીસ સ્ટેશને આવવા માટે ફોન કરેલ. એ વાત ખરી છે કે મેં સુચીપત્ર સાથે સ્ટેશન ડાયરીની નકલ આપેલ નહી. એ વાત ખરી છે કે આંક–૧૪૪ વાળા સુચીપત્રમાં પાલનપુર તાલુકાની પોલીસ સ્ટેશન ડાયરીમાં આ ગુનો રજીસ્ટ્રર કર્યા બાબતે સ્ટે.ડા. નંબર દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે મેં આંક–૧૪૪ સાથે તપાસના કાગળોની યાદી અલગથી બનાવીને આપેલ નથી.

**(૨૪.૧૯)** એ વાત ખરી છે કે મે આ ગુનાનો મુદ્દામાલ રાઈટર હેડને સોપ્યા બદલ આંક –૨ વાળી મુદ્દામાલ પાવતીમાં કોઈ શેરો લીધેલ નથી. મેં તે વખતના પોલીસ સ્ટેશનના કોઈ રેકર્ડમાં પણ મુદ્દામાલ રાઈટર હેડને સોપ્યા તથા મળ્યા બદલ કોઈ શેરો લીધેલ નથી. એ વાત ખરી છે કે રાઈટર હેડે આ મુદ્દામાલ સંભાળ્યા બદલ આ દિવસે કે પાછળથી કયારેય પણ કોઈ રીપોર્ટ કે પાવતી આપેલ નહી. એ વાત ખરી છે કે મને કાગળો સાથે કોઈ રવાનગી નોંધ મળેલ ન હતી.

**(૨૪.૨૦)** હું તા. ૧૩/૧૦/૨૦૨૦ ના ક.૧૬:૦૦ થી પી.એસ.ઓ.ના ચાર્જમાં આવેલ અને તા.૧૪/૧૦/૨૦૨૦ ના રોજ સવારના ક. ૮:૦૦ સુધી પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ.ના ચાર્જમાં હતી. તા. ૧૩/૧૦/ ૨૦ પોલીસ સ્ટેશનનો નિયમોનુસાર રોલ કોલ કોઈ અધિકારીએ કે મેં લીધેલ તે અત્યારે મને યાદ નથી.

**(૨૪.૨૧)** એ વાત ખરી છે કે આંક–૧૨૧ જોઈને જણાવું છું તેમાં

પી.આઈ. શ્રી જાદવ સાહેબે તેમના રીપોર્ટમાં પી.આઈ. શ્રી એમ.કે.ઝાલા, એસ.ઓ.જી.ને તપાસ સોંપવા આદેશ કરેલ હોય મેં શ્રી ઝાલાને તપાસ સોંપેલ હતી. એ વાત ખરી છે કે મે તે દિવસે આરોપીઓના ચહેરા નિશાન પત્રક ભરેલા નહી. મેં આરોપીઓની કસ્ટડી સંભાળ્યા બાદ તાલુકા પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખવા માટે સુચના આપેલી. તે દિવસે રાત્રે મેં બંનેનો કોરોના ટેસ્ટ કરાવી બંનેની કસ્ટડી ત.ક.અધિકારીને સોંપેલ.

**(૨૪.૨૨)** મને આંક-૧૨૧ બતાવવામાં આવે છે તેના ઉપર "સુચીપત્ર" શબ્દ લખેલ છે તે રીપોર્ટ મળ્યો તે સમયે પણ તેવું લખાયેલ હતું. એ વાત ખરી નથી કે આરોપીઓને અન્ય ઈસમો સાથે અમીરગઢ ચેકપોસ્ટ ઉપર પકડેલ અને અટકાવેલાનું જાણાવા મળેલ. એ વાત ખરી નથી કે પી.આઈ. શ્રી જાદવ તથા પી.આઈ. શ્રી ઝાલાના કહેવાથી આ ગુનો નોંધવાની કાર્યવાહી મેં કરેલ છે. એ વાત ખરી નથી કે મેં રેકર્ડ ઉપર ગુનો નોંધ્યાનું દર્શાવવા સદરહું અધિકારીની સુચના મુજબ કાગળો તૈયાર કરેલ છે. એ વાત ખરી નથી કે મારો જવાબ લેવાયેલ હોય ફરીયાદપક્ષને જવાબ મુજબ સમર્થન આપવા તે મુજબ ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે તે વખતે મારી સમક્ષ કોઈ મુદ્દામાલ, ફરીયાદ વિ. કાગળો તથા આરોપીઓને રજુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે શ્રી જાદવ વિ. એસ.ઓ.જી. કચેરીએ આરોપીઓ તથા મુદ્દામાલ વિગેરે લઈને ગયેલાનું મેં જાણેલ. એ વાત ખરી નથી કે આરોપી નં. ૨ ને આરોપી તરીકે બેઠેલ હોય તેને ખોટી રીતે ઓળખી બતાવેલ છે.

**(૨૫)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૪૬ થી સાહેદ નં. ૯ ભગવાનભાઇ રાજસંગભાઇને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૫.૧)** હું તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ પા.તા.પો.સ્ટે. ખાતે આ.પો.કો. તરીકે મારી ફરજ ઉપર હાજર હતો તે દિવસે સવારના અમોને પા.તા.પો.સ્ટે.ના રાઈટર હેડ જાફરખાન હયાતખાન એ.એસ.આઈ.નાઓએ

અમારા પા.તા.પો.સ્ટે. ના પો.સબ.ઈન્સ.ના કહેવાથી ગાંધીનગર એફ.એસ.એલ. કચેરી ખાતે મુદ્દામાલ આપવા વર્ધી આપેલી. જેથી હું સવારે પા.તા.પો.સ્ટે. ગયેલો અને રાઈટર હેડ જાફરખાન નાઓએ મને ૧૭ પ્લાસ્ટીકના ડબ્બાઓમાં ચરસ ભરેલ સીલબંધ હાલતમાં સેમ્પલો આપેલા જે મેં ગણી લીધેલા. તેની ઉપર પો.ઈન્સ. એ.ટી.એસ.જી.એસ. અમદાવાદના અંગ્રેજી માર્કાનું સીલ હતુ. જે ૧૭ સેમ્પલો મેં સંભાળી તેઓએ આપેલી રવાનગી નોંધ સહી સીકકા વાળી લઈ એસ.ઓ.જી.ના સરકારી વાહનમાં સવારે ૦૭:૪૦ વાગ્યે પાલનપુર તા. પો.સ્ટે.થી રવાના થયેલ. તે સમયે મારી સાથે વનરાજસિહ નવલસિંહ અ.હે.કો. એસ.ઓ.જી. શાખા આવેલા. હું ગાંધીનગર જવા રવાના થયેલો તે બાબતે મેં અમારા પા.તા. પો.સ્ટે.ની સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલી. તે પછી સરકારી વાહનમાં ગાંધીનગર ખાતે પહોંચી તમામ ૧૭ સેમ્પલો સીલબંધ હાલતમાં ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે જવાબદાર અધિકારીને સોંપેલા અને તેઓએ મને સેમ્પલો સંભાળ્યા અંગેની પહોંચ આપેલી.

**(૨૫.૨)** ત્યારબાદ એસ.ઓ.જી. પી.આઈ. એમ.કે.ઝાલા નો ફોન આવતાં તેઓના જણાવ્યા મુજબ સરકારી વાહનમાં અમદાવાદ એ.ટી.એસ. કચેરી ખાતે ગયેલા. જ્યાં આજ ગુનાનો આરોપીને એ.ટી.એસ.પોલીસે પકડેલ હોય જે આરોપીને અમોને સોંપતા જેને લઈ અમો પરત અમારા પા.તા. પો.સ્ટે. ખાતે આવેલા અને પરત આવ્યાની નોંધ કરાવેલી અને મુદ્દામાલ જમા કરાવ્યાની પહોંચ રાઈટર હેડ જાફરખાનને આપેલી તથા એ.ટી.એસ.એ સોંપેલ આરોપી ઈમરાનને પા.તા.પો.સ્ટે.ના પી.એસ. ઓ. ને સોંપેલ.

**(૨૫.૩)** મને નિ. ૭/૨૭ વાળી એફ.એસ.એલ.ની પહોંચ બતાવવામાં આવે છે. જે એફ.એસ.એલ. કચેરી ગાંધીનગર તરફથી મુદ્દામાલ જમા કરાવ્યા અંગેની પહોંચ મને આપેલ તે તે જ છે. જેમાં મુદ્દામાલ જમા કરાવનાર તરીકે મારી સહી છે. જે મારી સહી હું ઓળખી બતાવું છું. જે આ કામે રજુ દાખલ આંક–૧૪૭ આપવામાં આવે છે.

**(૨૫.૪)** ત્યારબાદ ત.ક.અમલદારે મારો જવાબ લીધેલો.

**(૨૫.૫)** **બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ પા.તા.પો.સ્ટે. ના પી.એસ.આઈ. તરીકે શ્રી બી.આર.પટેલ નાઓ ફરજ બજાવતા હતા. મને ફોન આવેલ ત્યારે હું મારા વતન કુષ્કલ ગામ ખાતે હતો. પા.તા. પો.સ્ટે.થી કુષ્કલ ગામ આશરે ૮ કિ.મી. જેટલુ દુર થાય છે. હું મારા ગામથી ખાનગી વાહનમાં પા.તા. પો.સ્ટે.ખાતે આવેલ. તે દિવસે સવારે હું પી.એસ.આઈ. સાહેબને મળેલો નહી. હું પાલનપુર પરત આવ્યો ત્યારબાદ રોલ કોલ થયેલો ત્યારે મળેલો. તે પહેલા અમદાવાદ થી આવ્યા બાદ મળેલ નહી.

**(૨૫.૬)** હું તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ ઉપરોકત કામગીરી માટે ગાંધીનગર તથા અમદાવાદ ખાતે ગયેલો તેની જાણ મે મારા પો.સ્ટે.ના પી.એસ.આઈ.શ્રીને રોલ કોલ વખતે કરેલી. હું પરત આવ્યો ત્યારે પી.એસ.આઈ. શ્રી પો.સ્ટે.માં હાજર હતા.

**(૨૫.૭)** હું મારા ઘરેથી સવારે આવ્યો ત્યારે પી.એસ.ઓ.ને મળેલો. મે પી.એસ.ઓ.ને મારે એફ.એસ.એલ.માટે ગાંધીનગર ખાતે જવાનુ છે તેવી વાત કરેલી. તેની નોંધ પી.એસ.ઓ. પાસે સ્ટેશન ડાયરીમાં કરાવેલી નહી. સાહેદ જણાવે છે કે તેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવાની હોતી નથી.

**(૨૫.૮)** હું તા. ૧૪/૧૦/૨૦૨૦ ના રોજ રાત્રીના રોલ કોલ વખતે હાજર હતો. એ વાત ખરી છે કે રોલ કોલમાં હાજર હોય તે પોલીસ કર્મચારીઓને ત્યારબાદની ફરજ ફાળવવામાં આવે છે. જેની નોંધ નોકરી ફાળવણી રજીસ્ટરમાં કરવામાં આવે છે. એ વાત ખરી છે કે ૨૪ કલાકની પી.એસ.ઓ.ની કામગીરીની સ્ટેશન ડાયરીની પ્રથમ પ્રત વિભાગીય પોલીસ અધિકારીની કચેરી ખાતે પી.એસ.ઓ. મોકલી આપે છે.

**(૨૫.૯)** પા.તા. પોલીસ સ્ટેશન માં ટેલીફોન રજીસ્ટર નિભાવવામાં આવે છે. એ વાતની મને ખબર નથી કે પી.એસ.આઈ. સાહેબશ્રીએ રાઈટર હેડ જાફરખાનને ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મુદ્દામાલ મારી મારફત

મોકલવા માટે જાફરખાનને ફોનથી કે રૂબરૂ વાત કરેલ છે કે કેમ.

**(૨૫.૧૦)** એ વાત ખરી છે કે પો.સ્ટે.માં પી.એસ.આઈ., પી.એસ.ઓ. અને રાઈટર હેડના બેઠકોના રૂમ અલગ–અલગ છે. જાફરખાને મને મારા મોબાઈલ ઉપર ફોન કરેલો. મે આ કામગીરી બાબતે રાઈટર હેડને કોઈ લેખિત રીપોર્ટ આપેલ નહી. તા. ૧૪ /૧૦/૨૦ ના રોજ રોલ કોલ બાદ મને કઈ જગ્યાએ ફરજ ફાળવેલી હતી તે મને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે રોલ કોલ બાદ પોલીસ કર્મચારીઓને નાઈટ ડયુટીની ફરજ પણ ફાળવવામાં આવતી હોય છે.

**(૨૫.૧૧)** મને રાઈટર હેડે જે ૧૭ ડબ્બાઓ આપેલા તે એક થેલીમાં આપેલા. તેઓએ આપેલ થેલી સીવેલી આપેલી હતી કે કેમ તે મને યાદ નથી. મને રવાનગી નોંધની એક નકલ આપેલી. મને તે વખતે રવાનગી નોંધ ઉપર એક ફોરવર્ડીંગ પત્ર લખીને આપેલો હતો. જે મારા નામનુ મને ફોરવર્ડીંગ પત્ર આપેલો હતો. તેઓએ તે ફોરવર્ડીંગ પત્રની કોપી તેમણે રાખેલી કે કેમ તેની મને ખબર નથી.. મે મુદ્દામાલ તથા રવાનગી નોંધ અને ફોરવર્ડીંગ પત્ર મળ્યા અંગેની કોઈ મારી સહી કે મારી નોંધ રાઈટર હેડે લીધેલી નહી કે મે કરેલી નહી.

**(૨૫.૧૨)** રાઈટર હેડ પાસેથી મુદ્દામાલ મળ્યા બાદ મે પી.એસ.ઓ. પાસે જઈ સ્ટેશન ડાયરીમાં આ કામગીરી અંગે રવાના થયો તેની નોંધ કરાવેલી. અમારી ઓફીસમાં બે સરકારી વાહનની વ્યવસ્થા હતી. જેમાંથી એક પી.એસ.આઈ.ના તાબામાં હોય છે અને બીજુ વાહન અન્ય કામગીરી માટે વાપરવામાં આવે છે.

**(૨૫.૧૩)** એ વાત ખરી છે કે પા.તા. પો.સ્ટે.થી એસ.ઓ.જી.ની ઓફીસ ત્રણ કિ.મી.દુર આવેલી છે. મારુ કહેવુ છે કે એસ.ઓ.જી.ની ગાડી પા.તા. પો.સ્ટે.ખાતે આવેલી હતી. હું સવારે પો.સ્ટે.માં આવ્યો ત્યારે એસ.ઓ.જી.ની ગાડી ઉભેલી હતી. તે ગાડી કોણે બોલાવેલી હતી તે મને હાલ યાદ નથી.

**(૨૫.૧૪)** પાલનપુર પો.સ્ટે.થી એસ.ઓ.જી.ની ગાડીમાં બેસી સીધા

ગાંધીનગર જવા રવાના થયેલા. અમો રવાના થયા અને ત્યાં ગાંધીનગર પહોચ્યા તે દરમિયાન એસ.ઓ.જી.ના પી.આઈ. એમ.કે.ઝાલા અમોને મળેલ ન હતા કે ફોન ઉપર તેમની સાથે વાત પણ થયેલ ન હતી.

**(૨૫.૧૫)** મને આંક–૧૪૭ વાળી એફ.એસ.એલ.ની પહોંચ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે તે પત્રના નીચેના ભાગે નોંધમાં મારુ તથા ત.ક.અમલદારશ્રી ઝાલા સાહેબનું નામ છે તથા મારી સહી છે. તે પેનથી લખાયેલી વિગતો મારા સ્વ હસ્તાક્ષરમાં છે. મે ગાંધીનગર ખાતે ડી.એસ.એસ. કચેરીમાં જે કર્મચારી મુદ્દામાલ સ્વીકારતા હતા તેમને મુદ્દામાલ સોંપેલો.

**(૨૫.૧૬)** મને આંક–૧૪૭ વાળી પહોંચમાં કોણે સહીઓ કરેલી છે તે મને હાલ યાદ નથી. મે મુદ્દામાલ આપતી વખતે ડી.એફ.એસ. કચેરી ખાતે મારો નામ જોગ ફોરવર્ડીંગ પત્ર બતાવેલો. તે પત્ર ઉપર મુદ્દામાલ મળ્યા બદલ તે કર્મચારીએ સહી તથા શેરો કરેલો.

**(૨૫.૧૭)** આ મુદ્દામાલના સેમ્પલો સ્વીકારનાર કર્મચારીએ ૧૭ સેમ્પલો ગણીને સ્વીકારેલા. તે તમામ ડબ્બાના ઉપરના ભાગે સીલ મારેલા હતા અને તેને દોરાથી બાંધેલા હતા. તે સિવાય અન્ય કોઈ જગ્યાએ કોઈ સીલ કે વિગત ન હતી. મે જયારે સેમ્પલ આપ્યા તે વખતે આ ૧૭ ડબ્બાઓ ઉપરના સીલ વિગેરીની સ્થિતી તથા વિગતની મારી હાજરીમાં અલગ કાગળમાં તે કર્મચારીએ નોંધ કરેલી નહી. મારી હાજરીમાં આ સેમ્પલો ખોલવાની કોઈએ કોઈ કાર્યવાહી કરેલી નહી. આ તમામ ૧૭ સેમ્પલો તેમણે તે જ થેલીમાં રાખેલા.

**(૨૫.૧૮)** મને રાઈટર હેડે સેમ્પલો સાથે રવાનગી નોંધ આપેલી તેની સાથે એન.ડી.પી.એસ. મુજબનો મુદ્દામાલ સોંપણી અંગેનુ કોઈ રોડ સર્ટીફીકેટ આપેલુ નહી.

**(૨૫.૧૯)** મે એફ.એસ.એલ.ની આંક–૧૪૭ વાળી પહોંચ સાથે રાઈટર હેડે આપેલ ફોરવર્ડીંગ પત્ર રાઈટર હેડને પરત આપેલો.

**(૨૫.૨૦)** ત.ક. અમલદારે મારો જવાબ તા. ૧૬/૧૦/૨૦ ના રોજ

લીધેલો. તે દિવસે મને તેમણે ઉપરોકત ફોરવર્ડીંગ પત્ર બતાવેલો નહી તેમજ તે અંગે મે કોઈ વિગત જવાબ વખતે જણાવેલી નહી. મારો જવાબ લેવાયો તે વખતે અન્ય કોઈ પી.એસ.ઓ. કે રાઈટર હેડનો જવાબ લેવાયેલા કે કેમ તે મને ખબર નથી.

**(૨૫.૨૧)** મેં આરોપી ઈમરાનનો કબજો પી. એસ. ઓ. ને તા. ૧૫/ ૧૦/૨૦૨૦ ના રોજ ક. ૧૯:૨૫ વાગ્યે સોંપેલો. મને આરોપીનો કબજો અમદાવાદ એ.ટી.એસ. કચેરીથી મળેલો. તે આરોપીને કોણે મને સોંપેલો તે પોલીસ કર્મચારી કે અધિકારીઓનું નામ મને ખબર નથી. આરોપીને મને સોપ્યો તે બાબતનો કોઈ પત્ર મને આપેલ નથી. આરોપીનો કબજો મેળવતી વખતે મારી કોઈ સહી લેવામાં આવેલ નહી. આરોપીનો કબજો વનરાજસિંહે લીધેલો, હું માત્ર તેમની સાથે હતો. એસ.ઓ.જી.ના ડ્રાઈવર તથા વનરાજસિંહ સાથે એસ.ઓ.જી. કચેરીની સરકારી ગાડીમાં ગયેલ હતો. તે એસ.ઓ.જી. કચેરીના ડ્રાઈવરનું નામ મને ખબર નથી. મેં પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ને આરોપી ઈમરાનનો કબજો સોપ્યો તે અંગે કોઈ પત્ર કે રીપોર્ટ સોપેલ નહી કે મેં પી.એસ.ઓ. એ તે બાબતે મારી કોઈ સહી લીધેલ નહી.

**(૨૫.૨૨)** એ વાત ખરી નથી કે હું તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ રાબેતા મુજબ મારી ફરજ ઉપર હાજર થયેલો. એ વાતની મને ખબર નથી કે તા. ૧૫/૧૦/૨૦૨૦ ના રોજ સવારના આઠ નવ વાગ્યાના સુમારે વનરાજસિંહ તથા ઈ.ચા. પી.આઈ. શ્રી ઝાલા સાહેબની તેમની ગાડી સાથે આવેલ કે કેમ. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં પી.આઈ. શ્રી ઝાલા સાહેબે તે સમયે આરોપીઓનો રીમાન્ડ માટે તથા કોર્ટમાં રજુ કરવા માટે કબજો મેળવેલો. એ વાત ખરી નથી કે મને તથા વનરાજસિંહ ને પી.આઈ. શ્રી ઝાલા સાહેબે મુદ્દામાલ સેમ્પલો સાથે તેમની ગાડીમાં ડી.એફ.એસ. કચેરી ખાતે જવા માટે મોકલેલા. એ વાત ખરી નથી કે મુદ્દામાલ વનરાજસિંહ પાસે હતો પરંતુ મને તાલુકા પોલીસ સ્ટેશનના કર્મચારી તરીકે કામગીરી બતાવવા માટે સાથે

મોકલેલ હતો તેથી જ હું ગયેલો.

**(૨૫.૨૩)** અમો ગાંધીનગર ખાતે ડી.એફ.એસ. કચેરીમાં હતા ત્યારે આશરે એકાદ વાગ્યાના સુમારે પી.આઈ. શ્રી ઝાલા સાહેબનો વનરાજસિંહ ઉપર ફોન આવેલો તેથી અમો એ.ટી.એસ. ઓફીસ અમદાવાદ ખાતે ગયેલા.

**(૨૫.૨૪)** એ વાત ખરી નથી કે મારું નિવેદન મે લખાવેલ નથી. એ વાત ખરી નથી કે મારું નિવેદન કેસને અનુરૂપ ત.ક.અધિકારીએ લખી લીધેલ. એ વાત ખરી નથી કે તેથી મે મારા નિવેદન મુજબ વાંચીને આજરોજ નામ. કોર્ટમાં જુબાની આપેલ છે.

**(૨૬)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૪૯ થી સાહેદ નં. ૧૦ ત.ક.અ. મહાવિરસિંહ કાળુસિંહ ઝાલાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૬.૧)** હું તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ એસ.ઓ.જી કચેરી પાલનપુર ખાતે ઈ.ચા. પી.આઈ. તરીકે મારી ફરજો બજાવતો હતો. ત્યારે પાલનપુર તાલુકા પો.સ્ટે. ગુ.ર.નં. ૭૧૪/૨૦૨૦ નો ગુનો રજીસ્ટર થઈ તપાસ અર્થે મારી પાસે આવતા મે તપાસ સંભાળેલી. ફરીયાદ, પંચનામુ, તેમજ સાધનીક કાગળો મેળવેલા.

**(૨૬.૨)** ત્યારબાદ એ.ટી.એસ.ના પોલીસ સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખેલા. ત્યારબાદ આરોપીઓ (૧) ફહીમ અઝીમ બેગ તથા (૨) સમીર અહેમદ શેખનાઓના કોવીડ–૧૯ નો રીપોર્ટ નેગેટીવ આવતા પા.તા.પો.સ્ટે. નાઓએ અમોને આરોપીનો કબજો સોંપતા અમોએ આરોપીઓનો કબજો સંભાળી એસ.ઓ.જી. કચેરી પાલનપુર ખાતે લાવેલા. તેમની વિરુધ્ધ અટક કરવા જેટલો પુરતો પુરાવો મળી આવતા અટક કરવામાં આવેલ. તેમજ તેઓના ચહેરા નિશાન પત્રકો તથા અટકાયત મેમો તૈયાર કરેલો. જેની અટક કર્યા અંગેની નોંધ પાલનપુર તાલુકા પો.સ્ટે. ના પી.એસ.ઓ. શ્રી.ને એફ.ટી.પી. મેસેજથી જાણ કરવામાં આવેલી.

**(૨૬.૩)** ત્યારબાદ આ કામે ભારે ગુનાનો રીપોર્ટ પો.અધિ. સાહેબશ્રીની સહી વાળો પોલીસ મહાનિર્દેશક સી.આઈ.ડી.કાઈમ અને રેલ્વેજ ગુજરાત રાજય ગાંધીનગરનાઓની કચેરી ખાતે મોકલી આપેલ. જેની નકલ આ કામે સામેલ રાખેલ.

**(૨૬.૪)** ત્યારબાદ આ કામે પંચોના નિવેદનો નોંધવામાં આવેલા. જે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલા. તેમજ પોલીસ સાહેદ એસ.ઓ.જી.ના કર્મચારીઓના નિવેદનો નોંધવામાં આવેલા.

**(૨૬.૫)** ત્યારબાદ બંને આરોપીઓના ફોટા તથા સર્ચ સ્લીપો લેવામાં આવેલી. ત્યારબાદ આ કામે કબજે કરેલ મુદ્દામાલને એફ.એસ.એલ. પરીક્ષણ સારૂ ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે મોકલી આપવા ઓન લાઈન રવાનગી નોંધ ની પ્રિન્ટ કાઢી મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી પાલનપુર વિભાગનાઓની સહી મેળવી મોકલી માપવામાં આવેલી.

**(૨૬.૬)** ત્યારબાદ આ કામે મજકુર બંને આરોપીઓના નિવેદનો મેળવવામાં આવેલા. ત્યારબાદ આ કામે આરોપી ફહીમ અજીમ બેગના મોબાઈલમાં ટેક્ષ મેસેજમાં આવેલ ટ્રક નં. જે.કે.૦૩.બી.૮૪૫૨ ના માલીકી બાબતે ઓન લાઈન સોફટવેરથી ખાત્રી કરવામાં આવેલી. ત્યારબાદ આ કામે વોન્ટેડ આરોપીઓના સી.ડી.આર. મેળવવા માટે તજવીજ કરવામાં આવેલી.

**(૨૬.૭)** ત્યારબાદ આ કામે આરોપીઓની પોલીસ કસ્ટડીનો સમય પુર્ણ થતો હોય રીમાન્ડ મેળવવા સારૂ રીપોર્ટ તૈયાર કરી રીમાન્ડ રીપોર્ટ સાથે મજકુર આરોપીઓને નામ. કોર્ટમાં રજુ કરેલા અને નામ. કોર્ટે મજકુર આરોપીઓની રીમાન્ડ અરજી મંજુર કરતા રીમાન્ડ વોરંટ તેમજ આરોપીઓનો કબજો સંભાળી લીધેલો. ત્યારબાદ આરોપીઓ સાથે મુંબઈ તથા લુધિયાણા તપાસમાં જવા સારૂ પોલીસ અધિક્ષક સાહેબશ્રીનાઓની પાસે મંજુરી મેળવવા માટેની કાર્યવાહી કરેલી.

**(૨૬.૮)** ત્યારબાદ આ કામે એ.ટી.એસ. ના પી.આઈ. શ્રી. સી.આઈ.જાદવનું આ ગુનાના કામે સંડોવાયેલા આરોપી ઈમરાન ઉર્ફે ઈમો

સલીમભાઈ મલેકનાઓને શોધી કાઢયા બાબતનો ફોન આવતા આરોપી ઈમરાનનો કબજો સંભાળી લેવા બાબતે પોલીસ અધિક્ષક સાહેબશ્રીની મંજુરી લઈ એસ.ઓ.જી.ની સરકારી વાહનને અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવેલુ.

**(૨૬.૯)** ત્યારબાદ આ કામે ગુનાવાળી જગ્યાની વીઝીટ લેવામાં આવેલી. મહાકાલ હોટલના માલીકનુ નિવેદન મેળવવામાં આવેલુ. બાદ આ કામે અમદાવાદ મોકલેલ ટીમ આરોપી ઈમરાન લઈને લઈને આવેલી. જેનો કબજો તથા સાધનીક કાગળો સંભાળી લીધેલ. તેમજ સદર આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય ગુનાના કામે અટક કરવામાં આવેલી. જેનુ ચહેરા નિશાન પત્રક તથા અટક મેમો તૈયાર કરવામાં આવેલી. જેની નોંધ પા.તા.પો.સ્ટે.માં કરવામાં આવેલી.

**(૨૬.૧૦)** ત્યારબાદ આ કામે આરોપી ઈમરાનનો પોલીસ કસ્ટડીનો સમય પુરો થતો હોય રીમાન્ડ મેળવવા સારૂ રીપોર્ટ તૈયાર કરી રીમાન્ડ રીપોર્ટ સાથે મજકુર આરોપીને નામ. કોર્ટમાં રજુ કરેલા અને નામ. કોર્ટે મજકુર આરોપીની રીમાન્ડ અરજી મંજુર કરતા રીમાન્ડ વોરંટ તેમજ આરોપીનો કબજો સંભાળી લીધેલો.

**(૨૬.૧૧)** ત્યારબાદ આ કામે પો.અધિ. સાહેબશ્રીનાઓનો મુંબઈ તથા પંજાબ તથા જમ્મુ કશ્મીર ખાતે તપાસમાં જવા માટે ખ મંજુરી આપતો પત્ર વંચાણે લઈ તેમજ પોલીસ અધિ. સાહેબશ્રી તરફથી આવેલ ઓથોરીટી લેટર તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૧૨)** ત્યારબાદ મુદ્દામાલનુ વજન કરનાર ઈકબાલભાઈ સત્તારભાઈ મેમણનું નિવેદન લેવામાં આવેલુ. જે તેઓના લખાવ્યા મુજબ લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૧૩)** ત્યારબાદ પા.તા. પો.સ્ટે.ના રાઈટર હેડ જાફરખાન હયાતખાન તથા પી.એસ.ઓ. ભુમીકાબેન પ્રહલાદભાઈ તથા મુદ્દામાલ સેમ્પલ એફ. એસ. એલ. ખાતે લઈ જનાર અ.પો.કો.ભગાવનભાઈ રાજસંગભાઈનાઓના

નિવેદનો લેવામાં આવેલા જે તેઓના લખાવ્યા મુજબ લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૧૪)** ત્યારબાદ આરોપી ફહીમ તથા ઈમરાન સાથે મુંબઈ તપાસમાં જવા રવાના થયેલા. ત્યારબાદ આ ગુનામાં નિતીન શિવાજી ચીકનેનુ નામ ખુલેલ હોય જેના વિરુધ્ધમાં મુંબઈના એન્ટોફીલ પો.સ્ટે. ખાતે સને–૨૦૧૧ માં એન.ડી.પી.એસ.નો ગુનો નોંધાયેલ હોય જે બાબતે સદરહું પો.સ્ટે.થી લેખિતમાં યાદી આપી ગુનાની વિગતો મેળવવામાં આવેલી.

**(૨૬.૧૫)** ત્યારબાદ આ કામે અન્ય આરોપી અબ્દુલ કયુમ ઉર્ફે નટો સ.ઓ. અકબરભાઈ શેખનાઓને તપાસ અર્થે બાન્દ્રા પો.સ્ટે. ખાતે તપાસની મદદ માટે રીપોર્ટ આપી લોકલ પોલીસને સાથે રાખી સદરહું આરોપીના ઘરે તપાસ કરતા મળી આવેલ નહી. તથા આરોપીના મોટાભાઈ અનવરભાઈ નાઓ મળી આવેલા જેઓનું નિવેદન નોંધવામાં આવેલુ.

**(૨૬.૧૬)** ત્યારબાદ આ કામે આરોપી ફહીમ બેગના ઘરે તપાસ કરતા તેઓના પિતાજી હાજર મળી આવેલ જેઓનુ નિવેદન નોંધી લેવામાં આવેલુ અને આ ગુનામાં વપરાયેલ વેગનઆર ગાડીના જરૂરી દસ્તાવેજોની નકલો તથા આધાર કાર્ડ તથા રેશનકાર્ડની નકલ મેળવવામાં આવેલ જે તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૧૭)** ત્યારબાદ આ કામે સહ આરોપી ઈમરાન મલેકના ઘરે ઝડતી તપાસ પંચનામુ કરવા સારૂ પંચોને સાથે રાખી પંચનામુ કરતા કોઈ ગુનાહીત ચીજવસ્તુ મળી આવેલ નહી. તેમજ તેના ઘરે થી ઓપ્પો કંપનીનો કાળા કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ મળી આવેલો. જે તપાસના અર્થે કબજે લીધેલ તેમજ ઈમરાનની પત્ની શબનમબાનુ હાજર હોય જેઓએ લાઈટ બીલ રજુ કરતા તપાસના કામે સામેલ રાખેલ. જે વિગતવારનુ પંચનામુ કરી લીધેલ. ત્યારબાદ પાલનપુર પરત આવી પા.તા. પો.સ્ટે.ખાતે કબજે કરેલ મુદ્દામાલ ની પાવતી ફડાવી તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૧૮)** ત્યારબાદ આરોપી ફહીમબેગને સાથે રાખી લુધિયાણા તેમજ

જમ્મુ કશ્મીર તપાસમાં જવા રવાના થયેલ. ત્યારબાદ લુધિયાણા ખાતે પહોંચી બસ્તી જોધેવાલ પો.સ્ટે. માં પોલીસ મદદ માટે યાદી આપવામાં આવેલી અને સ્થાનીક પોલીસની મદદથી તપાસના કામે શાક માર્કેટમાં સી.સી.ટી.વી. ફુટેજ જોવા લેવા તથા રજીસ્ટરો ચેક કરવા સારૂ શાક માર્કેટ કમીટીના સેક્રેટરીને લેખિત યાદી આપેલી. તેમજ તા. ૧૧/૧૦/૨૦૨૦ તથા ૧૨/૧૦/૨૦૨૦ ના રોજ ટ્રક નં.જે.કે. ૦૩.બી.૮૪૫૨ ની માહીતી મેળવવા માટે શાક માર્કેટના સી.સી.ટી.વી. મેળવવા માટે ગગનદીપસિંગ, ઓપરેટર તથા મંડી સુપર વાઈઝર પાસે સી.સી.ટી.વી.ફુટેજ ચેક કરવામાં આવેલ તથા તેઓનુ નિવેદન નોંધવામાં આવેલુ.

**(૨૬.૧૯)** ત્યારબાદ આ કામે માર્કેટ કમીટીના સેક્રેટરી રવીશેર ઈન્દ્રશેરનાઓનું નિવેદન લેવામાં આવેલુ. તેમજ તેઓની પાસેથી ગેટ રજીસ્ટર ની નોંધણીની નકલ મેળવવામાં આવેલી.

**(૨૬.૨૦)** ત્યારબાદ આ કામે જમ્મુ ખાતે તપાસમા જઈ રવીશેર ઈન્દુશેરનાઓ પાસેથી ફોનથી મેળવેલ નંબર ઉપર સંપર્ક કરતા જેઓનુ નામ અજય કુમાર દેવી દયાલજી શીખનાઓ જમ્મુ ફ્રુટ માર્કેટ ખાતે આવેલ હોય જેઓને રૂબરૂ મળી સદરહું ટ્રક બાબતે પુછેલુ અને તેઓનુ નિવેદન મેળવવામાં આવેલ. જેમાં તેઓએ સદર ટ્રકના ડ્રાઈવર મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ માજીદ જાતે લોન, રહે. શેમથન, જી.અનંતનાગ વાળો હોવાનુ જણાવેલુ અને તેઓએ મજકુર મુખત્યાર આરીફનો ફોટો તેઓના મોબાઈલ માથી ફેસબુક એકાઉન્ટ માંથી બતાવેલ અને આરોપી ફહીમને બતાવતા જેને ઓળખેલ જેથી આરીફનો ફોટો ઝેન્ડર એપ્લીકેશનથી અમારા મોબાઈલમાં લીધેલો. ત્યારબાદ પરત પાલનપુર આવેલ.

**(૨૬.૨૧)** ત્યારબાદ આ કામે આરોપીઓના નંબરોની કોલ ડીટેઈલ મેળવવાની કાર્યવાહી કરેલી અને નોડલ ઓફીસરને યાદીઓ કરેલી.

**(૨૬.૨૨)** ત્યારબાદ રીમાન્ડ સમય પુર્ણ થતાં મજકુર આરોપીઓને નામ. કોર્ટમાં રજુ કરેલ અને જેલ યાદી મળતા મજકુર આરોપીઓને સબ જેલ

પાલનપુર ખાતે મોકલી આપેલ.

**(૨૬.૨૩)** ત્યારબાદ આ ગુનાના કામે એ.ટી.એસ.કચેરી અમદાવાદ ખાતેથી સરકારી ગાડીઓની લોગબુક તથા સ્ટેશન ડાયરીના નોંધનો ઉતારો તથા ગુપ્ત બાતમી રજીસ્ટરનો ઉતારો મેળવવા સારૂ એસ.ઓ.જી. સ્ટાફના વિનોદભાઈને મોકલવામાં આવેલ અને સદરહું કાગળો મેળવી તપાસના કામે સામેલ રાખેલ.

**(૨૬.૨૪)** ત્યારબાદ આ કામે આરોપી નિતીન શિવાજી ચીકનેના સી.ડી.આર. આધારે તેના ગામ સોનગાવ, તા. જાવલી, જી. સતારા ખાતે તપાસમા જવા સારૂ મંજુરી મેળવી તપાસમા જવા રવાના થયેલ. તેમજ સોનગાવ જઈ તપાસ કરતા આરોપી નીતીન હાજર મળી ના આવતા તેના ભાઈ સચીન શિવાજી ચીકનેનુ નિવેદન મેળવવામાં આવેલુ. ત્યારબાદ આ કામે આરોપી અબ્દુલ કયુમ ઉર્ફે નટુની તપાસ બાન્દ્રા પો.સ્ટે. ની હદમાં આવેલ શાસ્ત્રી નગર ખાતે કરતા મળી આવેલ નહી. જેથી તે બાબતે આજુબાજુના સાહેદોના નિવેદનો મેળવવામાં આવેલા અને બાન્દ્રા પો.સ્ટે.ખાતે આરોપીની તપાસમાં રહેવા યાદી આપેલી અને પરત પાલનપુર આવેલા.

**(૨૬.૨૫)** ત્યારબાદ અમારી દિન–૧૫ ની હકક રજા મંજુર થતાં આગળની તપાસ એસ.ઓ.જી.ના પો.ઈન્સ. શ્રી. ડી.આર.ગઢવી સાહેબ નાઓને સોંપાવામાં આવેલી. તેઓએ તપાસ પુર્ણ થતા મળી આવેલ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલુ. ત્યારબાદ ત્રણ આરોપીઓ વિરુધ્ધ સી.આર.પી.સી.ની કલમ–૭૦ મુજબનુ વોરંટ મેળવવા તેમણે તજવીજ કરેલ હોવાથી અને તે વોરંટ ત્યારબાદ મને મળેલ હોવાથી એક આરોપી મુખત્યાર આરીફ સ./ઓ. અબ્દુલ મજીદ જાતે લોનની તપાસમાં રહી તે મળી આવતા તેને લાવી શ્રી. ડી.આર.ગઢવીનાઓને આગળની કાર્યવાહી માટે સાધનીક કાગળો સાથે સોંપણી કરેલી.

**(૨૬.૨૬)** મને આંક–૯૨ વાળી ફરીયાદ તથા આંક–૬૧ વાળું મુદ્દામાલ

કબજે કર્યાનું પંચનામું તથા આંક–૯૩ વાળી વેપારી મહાશયને કરેલ યાદી તથા આંક–૯૪ વાળું વેપારી મહાશયે વજન કર્યા બાબતનું પ્રમાણપત્ર તથા આંક–૯૫ વાળી એફ.એસ.એલ. મોબાઈલવાનને કરેલ યાદી તથા આંક–૧૨૩ વાળો એફ.એસ.એલ. મોબાઈલવાનના એફ.એસ.એલ. અધિકારીનો પરીક્ષણ અહેવાલ તથા આંક–૧૨૪ વાળી પંચો ફાળવવાની યાદી તથા આંક–૬૨ વાળું સમજપત્ર તથા આંક–૬૩ તથા ૬૪ વાળા એન.ડી.પી.એસ. એકટની કલમ ૪૨ તથા ૫૦ મુજબના ઠરાવ તથા સમજપત્ર તેમજ આંક–૬૫ વાળો આરોપીને નજરકેદ રાખવાનો સમજપત્ર તથા આંક–૬૬ વાળો સિઝર મેમો વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે મને તે તપાસના કામે મળેલ તે જ છે.

**(૨૬.૨૭)** મને નિ.૭/૧૮ વાળો ફેકસ મેસેજ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે પોલીસ અધિક્ષકશ્રી બ.કાં. એ ગાંધીનગર ગૃહ વિભાગ તથા અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઈ.ડી. કાઈમ વિ. ને કરેલ કરેલ ફેકસ મેસેજની સ્થળપ્રત છે જે મે તપાસના કામે મેળવેલ તે જ છે જે રજુ દા. આંક–૧૫૦

**(૨૬.૨૮)** મને નિ. ૭/૧૯ વાળો અટક મેમો બતાવવામાં આવે છે જે આરોપી ફહીમ તથા સમીરને અટક કરેલ તેનો અટકમેમો છે તે મે તૈયાર છે તેમાં આરોપીએ મારી રૂબરૂમાં સહી કરેલ તથા તેમાં મારી સહી છે જે સહીઓ ઓળખી બતાવું છું જે રજુ દા.આંક–૧૫૧

**(૨૬.૨૯)** મને નિ. ૭/૨૩ વાળું સી.ડી.આર. ફોર્મ બતાવવામાં આવે છે જે કોલ ડીટેઈલ મેળવવા માટે કરેલ યાદી છે જે મે તૈયાર કરેલ છે અને તેમાં મારી સહી. છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૫૨

**(૨૬.૩૦)** મને નિ. ૭/૨૪ વાળી રવાનગી નોંધ બતાવવામાં આવે છે જે મુદ્દામાલ માદક પદાર્થ એફ.એસ.એલ. માં મોકલવા માટે મે તૈયાર કરેલ રવાનગી નોંધ છે તેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજું દા. આંક–૧૫૩

**(૨૬.૩૧)** મને નિ. ૭/૨૫ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. ને મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા માટે પોલીસ કર્મચારી ફાળવી આપવા કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજું દા. આંક–૧૫૪

**(૨૬.૩૨)** મને નિ. ૭/૨૬ વાળો અટક મેમો બતાવવામાં આવે છે જે આરોપી ઈમરાનને અટક કરેલ તેનો અટકમેમો છે તે મે તૈયાર છે તેમાં આરોપીએ મારી રૂબરૂમાં સહી કરેલ તથા તેમાં મારી સહી છે જે સહીઓ ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૫૫

**(૨૬.૩૩)** મને નિ. ૭/૨૮ વાળી મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ. ૦૪. એચ.એન.૫૦૭૧ ની વિમા પોલીસી તથા નિ. ૭/૩૧ વાળું મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ નું ફીટનેશ સર્ટી તથા નિ. ૭/૩૨ વાળું મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન. ૫૦૭૧ નું રીન્યુઅલ ઓફ ઓથોરાઈઝેશન ફોર્મ તથા નિ. ૭/૩૩ વાળુ મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ નું ફીટનેશ સર્ટીફીકેટ તથા નિ. ૭/૩૪ વાળુ મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ. ૦૪. એચ.એન.૫૦૭૧ ના માલિક કાઝી મયુદ્દીનનું આધાર કાર્ડ ની ઝેરોક્ષ તથા નિ. ૭/૩૫ વાળું મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪. એચ. એન.૫૦૭૧ નું સેફટી અંગેનું સર્ટીફીકેટ તથા નિ. ૭/૩૬ વાળો મારુતિ વેગેનાર કાર નં . એમ.એચ.૦૪. એચ.એન.૫૦૭૧ ના વેચાણ અંગેનો એગ્રીમેન્ટ તથા નિ. ૭/૩૭ વાળુ મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧નું પી.યુ.સી. સર્ટી. તથા નિ. ૭/ ૩૮ વાળું મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન. ૫૦૭૧ ની માલિકી અંગેનું ફોર્મ નં. ૨૯ તથા નિ. ૭/૩૯ વાળું મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ નું ઓલ ઈન્ડીયા નિ. ૭/૪૦ વાળી મારૂતિ વેગેનાર કાર. એમ.એચ.૦૪.એચ.એન.૫૦૭૧ ની વિમા પોલીસી તથા નિ. ૭/૪૧ વાળી મારૂતિ વેગેનાર કાર નં. એમ.એચ.

૦૪. એચ. એન.૫૦૭૧ની આર.સી. બુકની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજો છે જે ઓળખી બતાવું છું જે રજુ અનુક્રમે દા.આંક – ૧૫૬ થી ૧૬૭

**(૨૬.૩૪)** મને નિ. ૭/૨૯ વાળું આરોપી ફહીમના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ તથા નિ. ૭/૩૦ વાળું આરોપી ફહીમના રેશનકાર્ડ ની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજો છે જે ઓળખી બતાવું છું જે રજુ અનુક્રમે દા.આંક – ૧૬૮ અને ૧૬૯

**(૨૬.૩૫)** મને નિ. ૭/૪૨ વાળી આરોપી ફહીમના પિતાની બેંક ઓફ બરોડાની પાસબુકની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજ છે જે ઓળખી બતાવું છું જે રજુ દા.આંક – ૧૭૦

**(૨૬.૩૬)** મને નિ. ૭/૪૩ વાળું લાઈટબિલની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે આરોપી ફહીમના પિતાના ઘરના વિજળી બીલની ઝેરોક્ષ નકલ છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજ છે જે ઓળખી બતાવું છું જે રજુ દા. આંક – ૧૭૧

**(૨૬.૩૭)** મને નિ. ૭/ ૪૪ વાળું મારુતિ વેગેનાર કાર નં. એમ.એચ. ૦૪. એચ. એન. ૫૦૭૧ નું ફોર્મ નં. ૩૦ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજ છે જે ઓળખી બતાવું છું જે રજુ દા. આંક – ૧૭૨

**(૨૬.૩૮)** મને નિ. ૭/૪૫ વાળું આરોપી ઈમરાનના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે મેળવેલ દસ્તાવેજ છે જે ઓળખી બતાવું છું જે રજુ દા.આંક – ૧૭૩

**(૨૬.૩૯)** મને નિ. ૭/૪૬ વાળી મેડીકલ યાદી બતાવવામાં આવે છે જે મેં આરોપીઓ ફહીમ તથા ઈમરાનનું મેડીકલ કરાવવા માટે સરકારી હોસ્પીટલ વાપી ને કરેલ યાદીની સ્થળપ્રત છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા.આંક–૧૭૪

**(૨૬.૪૦)** મને નિ. ૭/૪૮ વાળી મેડીકલ યાદી બતાવવામાં આવે છે જે મેં આરોપી ફહીમને સરકારી હોસ્પીટલ લુધીયાના ખાતે મેડીકલ કરાવવા માટે

સરકારી હોસ્પીટલ લુધીયાના ને કરેલ યાદીની સ્થળપ્રત છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૭૫

**(૨૬.૪૧)** મને નિ. ૭/૪૭ તથા નિ. ૭/૪૯ થી નિ. ૭/૫૧ તથા નિ. ૭/૫૩ થી નિ. ૭/૫૫ તથા નિ. ૭/૫૮ તથા નિ. ૭/૫૯ વાળી યાદીઓ બતાવવામાં આવે છે જે કોલ ડીટેઈલ માટે નોડલ ઓફીસરને કરેલ યાદીઓ છે જેમાં મારી સહીઓ છે જે મારી સહીઓ હું ઓળખી બતાવું છું જે રજુ અનુક્રમે દા. આંક– ૧૭૬ થી ૧૮૪

**(૨૬.૪૨)** મને નિ. ૭/૫૨ રીપોર્ટ બતાવવામાં આવે છે જે આરોપી નિતીનના ગુગલ એકાઉન્ટ તથા લોકેશન તથા મોબાઈલ નંબરની માહીતી મેળવી આપવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ યાદી છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા.આંક–૧૮૫

**(૨૬.૪૩)** મને નિ. ૭/૫૬ રીપોર્ટ બતાવવામાં આવે છે જે આરોપી નિતીનની તપાસ માટે મુંબઈ સતારા મુકામે જવા મંજુરી આપવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૮૬

**(૨૬.૪૪)** મને નિ. ૭/૬૧ વાળા ફોટોગ્રાફસ બતાવવામાં આવે છે જે એ.ટી.એસ.ના કર્મચારી ધ્વારા રેઈડ દરમ્યાન મોબાઈલમાં લેવામાં આવેલ ફોટોગ્રાફની પ્રિન્ટ લીધેલ તે કુલ–૮ ફોટોગ્રાફસ છે જે મેં તપાસના કામે મેળવેલ તે જ છે.

એ.પી.પી. શ્રી તરફે ઉપરોકત ફોટોગ્રાફસને પોલીસે તપાસ દરમ્યાન એ.ટી.એસ.ના પોલીસ કર્મચારી ઓએ પોતાના મોબાઈલમાંથી ફોટોગ્રાફસ લીધેલા અને તેની પ્રિન્ટ તપાસ દરમ્યાન ત.ક.અધિકારીએ મેળવેલ હોવાથી આંક આપવા રજુઆત કરેલ છે. તેઓ વધુમાં જણાવે છે કે રેડીંગ અધિકારીશ્રી સી.આર. જાદવ ધ્વારા ઉલટ તપાસમાં પણ તે હકીકત જણાવવામાં આવેલ છે તેથી આંક આપવા રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી બી.એ.તુંવરનાઓ પોતાનો વાંધો

હોવાનું જણાવે છે અને તેઓના કારણોમાં જણાવે છે કે ત.ક.અધિકારીશ્રી એમ.કે.ઝાલાને આ ફોટોગ્રાફ્સ કોણે કયારે લીધેલ તેની જાત માહીતી નથી તેથી પુરતો પુરાવો ન હોય આંક આપવા સામે વાંધો જણાવેલ છે.

કોર્ટ તારણ:- ત.ક.અધિકારીએ તપાસ દરમ્યાન પુરાવાઓ મેળવવાના હોય છે હાલના સાહેદએ ત.ક.અધિકારી છે અને તેમણે આ ગુનાની તપાસ દરમ્યાન તે ફોટોગ્રાફ્સ રેડીંગ પાર્ટીના અધિકારી પાસેથી મેળવેલા છે. ગુનાની તપાસ દરમ્યાન ગુનાને સંબંધિત માહીતી મેળવવા માટે જે પુરાવાઓ મેળવેલા હોય તે પુરાવાઓ તેઓ અદાલત સમક્ષ રજુ કરી શકે છે. ઉપરોકત ફોટોગ્રાફ્સ નકલો આરોપીઓને અગાઉ પુરી પાડવામાં આવેલ છે તે બાબતે રેડીંગ અધિકારીને પણ અગાઉ પ્રશ્નો પુછેલ છે તેથી તે ફોટોગ્રાફ્સને આંક આપવા યોગ્ય જણાતું હોય બચાવપક્ષનો વાંધો નામંજુર કરી સંયુકત રીતે તમામ ફોટોગ્રાફ્સને આંક-૧૮૭આપવામાં આવે છે.

**(૨૬.૪૫)** મને નિ. ૭/૬૫ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે રાજ્ય બહાર તપાસમાં જવા માટે મંજુરી આપવા પોલીસ અધિક્ષકશ્રીને કરેલ રીપોર્ટ છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક-૧૮૮

**(૨૬.૪૬)** મને નિ. ૭/૭૩ વાળી કોલ ડીટેઈલ મેળવવા માટે નોડલ ઓફીસરને કરેલ યાદી છે જે મે તૈયાર કરેલ છે તેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા.આંક-૧૮૯

**(૨૬.૪૭)** મને આંક-૫૦ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે બે પંચોની હાજરીમાં મારી રૂબરૂમાં આરોપી ઈમરાનના ઘરની જડતી કરતા મોબાઈલ કબજે લેતું કરેલ પંચનામું છે જેમાં પંચોએ મારી હાજરીમાં સહીઓ કરેલ તથા તેમાં રૂબરૂ તરીકે મારી સહી છે જે સહીઓ હું ઓળખી બતાવું છું.

**(૨૬.૪૮)** મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૬ વાળો મોબાઈલ બતાવવામાં આવે છે જે મેં આંક-૫૦ ના પંચનામાની વિગતે ઈમરાનના ઘરની જડતી દરમ્યાન કબજે કરેલ તે જ મોબાઈલ છે જે હું ઓળખી બતાવું છું.

**(૨૬.૪૯)** મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૭ વાળું લાઈટ બિલ જે નિ. ૭/૬ થી રજુ કરેલ છે તે બતાવવામાં આવે છે જે મેં આંક– ૫૦ ના પંચનામાની વિગતે ઈમરાનના ઘરની જડતી દરમ્યાન કબજે કરેલ તે જ લાઈટબીલ છે જે હું ઓળખી બતાવું છું. જે રજુ કા.દા.આંક–૧૯૦

**(૨૬.૫૦)** આરોપીઓ આજરોજ ઝુમ એપ્લીકેશન ધ્વારા જેલમાંથી વર્ચ્યુઅલ રીતે હાજર છે તે વિડીયો કોન્ફરન્સીંગથી બતાવતાં તેઓને જોઈને ઓળખી બતાવું છું. બચાવપક્ષે ઓળખ અંગે કોઈ તકરાર નથી. આરોપી ફહીમ વિરૂધ્ધ કલમ ૮૨ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે તે ફરાર છે જો હાજર હોય તો તેને ઓળખી શકું તેમ જણાવે છે. આરોપી સમીર અહેમદ શેખ વચગાળાના જામીન ઉપર મુકત છે તેને પણ સાહેદ જો આરોપી હાજર હોય તો ઓળખી શકું તેમ જણાવે છે. સમીરની ઓળખ અંગે બચાવપક્ષે કોઈ તકરાર નથી.

**(૨૬.૫૧) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** મેં આ ગુનાની તપાસ કઈ તારીખ સુધી કરેલ તે હું મારી કેસ ડાયરી જોઈને જણાવી શકું. મેં મારી તપાસ દરમ્યાન મેળેલ દસ્તાવેજી પુરાવા તથા જવાબો વિ. ની તારીખ સહીતની વિગતની કોઈ ફેરીસ્ત બનાવેલ નથી. હું આજરોજ જુબાની આપવા આવેલ ત્યારે તપાસના કાગળો મેં જોયેલ. તપાસના કાગળો જોઈને આવી કોઈ ફેરીસ્ત છે કે કેમ તે જણાવવાનું કહેતાં હું તપાસના કાગળો જોઈને જણાવું છું કે તે અનુક્રમ નં. ૧ થી અનુક્રમ નં. ૧૮૦ સુધીના તપાસના કાગળોનો કમવાર તથા તારીખ સહીતનો ઉલ્લેખ કરેલ છે. આ કેસ કાગળોની ફેરીસ્ત જોઈને જણાવું છું કે આ ફેરીસ્ત ઉપર પાના નંબર ૨૨ થી ૨૭ એમ કુલ આગળ પાછળ થઈ ૬ પેજની ફેરીસ્ત છે અને તેના અંતે ત.ક.અમલદાર પી.આઈ. એસ.ઓ.જી. શ્રી ડી.આર.ગઢવીની સહી છે. આ ફેરીસ્ત જોઈને જણાવું છું કે આ ફેરીસ્તમાં વચ્ચેના ભાગે મારી તપાસ વિગત દર્શાવી શકાય તેવી મારી સહી નથી કે તારીખ નથી.

**(૨૬.૫૨)** આ ગુનાના કામે એસ.ઓ.જી. ઈ.ચા. પી.આઈ. તરીકે મેં તથા

પી.આઈ. શ્રી ડી.આર.ગઢવીએ તપાસ કરેલ છે તે સિવાય બીજા કોઈ અધિકારીએ તપાસ કરેલ નથી.

**(૨૬.૫૩)** એસ.ઓ.જી. કચેરીમાં હું બનાવના બે માસ પહેલાંથી ફરજ બજાવતો હતો. અમારી એસ.ઓ.જી. કચેરીમાં ગુપ્ત બાતમી રજીસ્ટ્રર, આવક જાવક રજીસ્ટ્રર, ગુપ્ત જાવક રજીસ્ટ્રર, અધિકારીઓ તથા કર્મચારીઓનું હાજરી પત્રક, બે મોટર વાહનોની લોગબુકો વિગેરે નિભાવવામાં આવતા હતા. આ સિવાયના અન્ય રજીસ્ટ્રરો પણ નિભાવવામાં આવતા હતા હાલ તે યાદ નથી. અમારી આ કચેરીમાં આવતા જતા ટેલીફોનીક મેસેજ નોંધવાનું રજીસ્ટ્રર નિભાવવામાં આવતું હતું. એ વાત ખરી છે કે અમારી એસ.ઓ.જી. કચેરી બહારથી કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી કે ત્રાહીત વ્યકિત કોઈ ગુનાની કે ગુના સંબંધીત ટેલીફોનીક વાતચીત કરે તો તેની નોંધ ટેલીફોન રજીસ્ટ્રરમાં કરવામાં આવતી હતી અને કરવામાં આવે છે. એ વાત ખરી છે કે અમારી એસ.ઓ.જી. કચેરીમાંથી મહત્વની ગુના સંબંધે વાતચીત કરવામાં આવતી તો તેની નોંધ પણ ટેલીફોન રજીસ્ટ્રરમાં કરવામાં આવતી હતી. એ વાત ખરી છે કે ગુના સંબંધે કોઈ પણ પત્ર વ્યવહાર કરવામાં આવતો તો તેની સ્થળપ્રત પણ રાખવામાં આવતી હતી. એ વાત ખરી છે કે તેવા ગુનાની ગુનાના નંબર સહીત ફાઈલ પણ નિભાવવામાં આવતી હતી. એ વાત ખરી છે કે મહત્વનો પત્રવ્યવહાર કરવામાં આવે તો તેનો જાવક નંબર તેમજ તેવો કોઈ પત્ર આવે તો તે મળ્યા બદલનો શેરા સહીત આવક રજીસ્ટ્રરમાં નોંધવામાં આવતો હતો.

**(૨૬.૫૪)** એ વાત ખરી છે કે ચાર્જશીટના સાહેદ નં. ૯–એ.એસ.આઈ. કાન્તીલાલ તેમજ, સાહેદ નં. ૧૦– એ.એસ.આઈ. સિકંદરખાન તથા સાહેદ નં. ૧૧–અ.પો.કો. ઘેમરભાઈ તથા સાહેદ નં. ૧૨–ડ્રાઈવર પો.કો. દલજીભાઈ તે કર્મચારી સિવાય અમારી કચેરીમાં બીજા પોલીસ કર્મચારીઓ ફરજ નિભાવતા હતા. એ વાત ખરી છે કે એસ.ઓ.જી. કચેરીમાં જે બે ગાડીઓ હતી તેના ડ્રાઈવરો જે તે ગાડીની સમય, સ્થળ અને કી.મી. સહીતની વિગતો ગાડી લઈ જનાર/કર્મચારીના પરામર્શમાં નોંધ કરી તેમાં જે

તે અધિકારી/કર્મચારીની સહી લે છે અને તેની સહી કરે છે. તે લોગબુકની એક નકલ એમ.ટી. શાખા માં મોકલવામાં આવે છે.

**(૨૬.૫૫)** જોરાવર પેલેસમાં ડી.એસ.પી. કચેરીના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર એસ.ઓ.જી. કચેરી આવેલ છે. એ વાત ખરી છે કે પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન અમારી ઓફીસથી આશરે ત્રણેક કી.મી. દુર પશ્ચીમ મોઢે આબુરોડ હાઈવે ઉપર આવેલ છે. અમીરગઢ પોલીસ સ્ટેશન પાલનપુર થી આશરે ૪૫ કી.મી. દુર હાઈવે રોડની બાજુમાં આવેલ છે. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનથી પશ્ચીમ તરફ હાઈવે છોડીને અમીરગઢ ગામ આવે છે. અમીરગઢ પોલીસ સ્ટેશનથી અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ આશરે ત્રણ થી પાંચ કી.મી. આબુરોડ તરફ આવેલ છે. એ વાત ખરી છે કે અમીરગઢથી આવતાં પાલનપુર તરફ ખીમાણા ટોલપ્લાઝા આવેલ છે. એ વાત ખરી છે કે આબુ રોડ તરફ થી કોઈ વાહન પાલનપુર તરફ આવે તો આ ખીમાણા ટોલપ્લાઝા ઉપર તેની નિયત ફી ભરવા માટે ગાડી/વાહન ઉભું રાખવું પડે. એ વાત ખરી છે કે આ ટોલપ્લાઝા ઉપર ફી ભર્યા બાદ વાહન પાલનપુર તરફ આવી શકે છે. એ વાત ખરી છે કે આ ટોલટેક્ષ રોકડમાં ચુકવવામાં આવે તો તેની પહોંચ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે પાલનપુરથી આબુ રોડ જતાં પણ આવું જ ટોલટેક્ષ આવેલ છે. હું આ ટોલપ્લાઝા વાળા વિસ્તારથી પરીચીત છું અને તેની સ્થળ સ્થીતીથી હું વાકેફ છું. એ વાત ખરી છે કે સદરહું ટોલપ્લાઝા થી આબુ તરફ તથા પાલનપુર તરફ હાઈવે થી બંને બાજુ મોટા તથા નાના વાહનો ઉભા રહી શકે તેવી જગ્યા આવેલ છે.

**(૨૬.૫૬)** આ ટોલપ્લાઝાથી મહાકાલ હોટલ એક કે બે કી.મી. દુર પાલનપુર તરફ આવેલ હતી. એ વાત ખરી છે કે મહાકાલ હોટલ ઉપરથી પાલનપુર એસ.ઓ.જી. ઓફીસમાં આવતાં પહેલાં આર.ટી.ઓ. સર્કલ પહેલાં પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન આવેલ છે. એ વાત ખરી છે કે પા. તા. પો.સ્ટે. ના પશ્ચિમ ભાગે આગળ કમ્પાઉન્ડ બંધ જગ્યા છે.

**(૨૬.૫૭)** મે પોલીસ સ્ટેશન જાતે જઈ આ ગુનાની તપાસ સંભાળેલી. એ

વાત ખરી છે કે આં ક–૧૪૪ વાળા સુચિપત્રમાં મે તપાસ સંભાળ્યા અંગેનો કોઈ સમય તારીખ અંગેનો કોઈ શેરો કરેલો નથી. એ વાત ખરી છે કે મે તપાસ સંભાળી ત્યારે તેની સાથે કયા કયા કાગળો તપાસમા મળેલા તેની કોઈ વિગત સુચીપત્રમાં કે અન્ય કોઈ કાગળોમાં કરવામાં આવેલ નથી.

**(૨૬.૫૮)** એ વાત ખરી છે કે મે આ ગુનાની તપાસ સંભાળેલ ત્યારે મે પી.એસ.ઓ. પાસ કોઈ મુદ્દામાલ જોયેલ નથી કે પી.એસ.ઓ.એ મને કોઈ મુદ્દામાલ બતાવેલ નથી. એ વાત ખરી છે કે પી.એસ.ઓ.એ મને જે કોઈ કાગળો આપેલા તેની કોઈ યાદી/ફેરીસ્ટ આપેલા નહી. સાહેદ જણાવે છે કે કેશના કાગળો આપેલા હતા.

**(૨૬.૫૯)** મે આરોપીઓને ફહીમ તથા સમીરને તા. ૧૪/૧૦/૨૦ ના રોજ એસ.ઓ.જી.કચેરીએ અટક કરેલા. ઉપરોકત બંને આરોપીઓને અટક કર્યા તે પહેલા એસ.ઓ.જી. કચેરીએ કેવી રીતે આવેલા હતા તેના જવાબમાં જણાવુ છું કે મે મારી ઓફીસની ગાડી પા.તા.પો.સ્ટે. માં મોકલી અમારી એસ.ઓ.જી. ની કચેરીએ બોલાવેલા. તેઓના ચહેરા નિશાન પત્રક મે ભરેલા. અમો અમારી કચેરીમાં ચહેરા નિશાન પત્રક અંગેનુ રજીસ્ટર નિભાવતા નથી.

**(૨૬.૬૦)** એસ.ઓ.જી. કચેરીમાં આરોપીઓને લાવવા માટે પા.તા. પો.સ્ટે. ના પી.એસ.ઓ. ને આરોપીઓને લોક અપ માંથી આપવા માટે કોઈ યાદી પાઠવેલ છે કે કેમ તે મને યાદ નથી. તે દિવસે રાત્રે ૨૨:૦૦ સુધી અમારી કચેરીમાં રાખવામાં આવેલા. મે આરોપીઓને તે દિવસે પ્રથમ વાર જોયેલા. મે મારી ઓફીસમાં હતા તે દરમિયાન આ આરોપીઓનુ શરીરસ્થિતીનુ પંચનામુ કરેલુ નહી. બંને આરોપીઓની પુછપરછ કરેલી.

**(૨૬.૬૧)** આરોપી નં. ૨ સમીર ઔરંગાબાદનો હતો તેવુ જણાવેલુ. આરોપી નં. ૧ ફહીમ મુંબઈનો હતો તેવુ જણાવેલુ. એ વાત ખરી નથી કે આરોપી નં. ૨ સમીરે તેની પુછપરછ દરમિયાન મને આરોપી નં. ૧ ફહીમ તેના કોઈ સગાની સારવાર માટે ઔરંગાબાદ આવેલાનું જણાવેલું. એ વાત ખરી છે કે આરોપી નં. ૨ સમીરે આરોપી નં. ૧ ફહીમ તેના સગા છે તેવી

હકિકત જણાવેલી.

**(૨૬.૬૨)** એ વાત ખરી છે કે આરોપી નં.૧ ફહીમ ભાડાની ટેકસી ચલાવતો હતો તેવુ મારી તપાસ દરમિયાન ખુલેલુ. એ વાત ખરી નથી કે સમીરે મને એવુ પણ જણાવેલુ કે ફહીમ ઔરંગાબાદ હતો ત્યારે તેણે અજમેરની વર્ધી આવેલી હોવાથી લાંબી વર્ધી ના કારણે ફહીમે સાથે આવવા માટે સમીરને જણાવેલુ. એ વાત ખરી નથી કે સમીરે ઉપરોકત કારણોસર ફહીમ સાથે ઔરંગાબાદથી ટ્રાવેલ્સ બસમાં મુંબઈ આવેલાનુ તેમજ ત્યાંથી તેની ગાડીમાં વર્ધી માટે અજમેર ગયેલ હતો તેવુ જણાવેલું. એ વાત ખરી નથી કે ફહીમે પણ તેની પુછપરછ દરમિયાન આ જ હકિકતો જણાવેલી.

**(૨૬.૬૩)** મને માર્ક–૭/૨૨ નુ કવર તથા તેમાંથી નીકળેલ નંબર ૧૦૦૪ ની ગેલેક્ષી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ટીકીટ બતાવવામાં આવે છે. એ વાત ખરી છે કે સદરહું કવર તથા ટીકીટ ઉપર ન્યુ ગેલેક્ષી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ ઔરંગાબાદ એવા નામ તથા સરનામા તથા મો.નં. વિગેરે વિગતો છપાયેલી છે. એ વાત ખરી છે કે તે ટીકીટ જોઈને હું કહું છુ કે ફહીમ ટુર ટુ મુંબઈ, જર્ની તા. ૭/૧૦/૨૦૨૦, સીટ નં–૨૩ તથા રૂા. ૬૦૦/– ટીકીટમાં દર્શાવેલ છે. એ વાત ખરી નથી કે આ માર્ક–૭/૨૨ વાળુ કવર તથા ટીકીટ ફહીમે તે દિવસે તેની પુછપરછ દરમિયાન મને આપેલી. મારુ કહેવુ છે કે માર્ક–૭/૨૨ વાળુ કવર તથા ટીકીટ મને મે તપાસ સંભાળી ત્યારે તપાસના કાગળોની સાથે તેમાથી મળેલી. માર્ક–૭/૨૨ (કવર તથા ટીકીટ સંયુકત) ને આ કામે રજુ દાખલ આંક–૧૯૨ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક–૧૯૨ વાળા કવરની પાછળ "ઔરંગાબાદ થી મુંબઈ આવેલ ટીકીટ" તેવુ લખેલુ છે. એ વાત ખરી નથી કે ફહીમના કહેવાથી " ઔરંગાબાદ થી મુંબઈ આવેલ ટીકીટ" તેવુ મે લખેલ છે. સદરહું આંક–૧૯૨ વાળા કવર ઉપર જે "૪૨ છે તે ફેરીસ્ટનો સીરીયલ નંબર લખેલ છે. આંક–૧૯૨ વાળુ કવર તપાસના કાગળોની સાથે તેમાંથી મળેલા તેવુ જણાવે છે તે પા.તા.પો.સ્ટે. ના પી.એસ.ઓ. તરફથી જે કાગળો મળેલા તેની સાથે મળેલાનુ જણાવેલ છે. એ

વાત ખરી છે કે તપાસની ફેરીસ્ટની અનુક્રમ નં."૪૨ " માં આ કવરની વિગત દર્શાવેલ છે તેની સામે તા. ૧૪/૧૦/૨૦ લખેલ છે. મે તપાસના કાગળો પૈકી ફરીયાદ, પંચનામુ, સુચિપત્ર તેમજ પી.આઈ.શ્રી. જાદવએ ગુનો રજીસ્ટર કરવા મોકલેલ રીપોર્ટ વિગેરે રેડની કાર્યવાહી દરમિયાનના કાગળો મને મળેલા તે મે વાંચેલા. એ વાત ખરી છે કે તે તમામ કાગળોમાં ટીકીટનો કોઈ ઉલ્લેખ કરેલો નથી.

**(૨૬.૬૪)** એ વાત ખરી નથી કે સમીરે પણ તે જ દિવસે મને આજ પ્રકારની ટીકીટ તથા કવર સાથે આપેલી.

**(૨૬.૬૫)** એ વાત ખરી નથી કે ફહીમ તથા સમીર બંનેની પ્રથમ દિવસની પુછપરછ દરમિયાન તેમણે ઉપરોકત હકિકત જણાવેલી હોવા છતા તેમજ આ ટીકીટ રજુ કરેલ હોવા છતા ખોટી રીતે ઈન્કાર કરુ છું.

**(૨૬.૬૬)** એ વાત ખરી છે કે આરોપીઓની અટક કર્યા અંગેની એફ.ટી.પી. મેસેજની કોપી ડી.ઈ. લીસ્ટ સાથે અદાલતમાં રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે એફ.ટી.પી. મેસેજ પા.તા. પો.સ્ટે.ને મે કરેલો હતો. એ વાત ખરી નથી કે એફ.ટી.પી. મેસેજ પા.તા.પો.સ્ટે.માં કરેલ હોવાની હકિકત ખોટી જણાવુ છુ.

**(૨૬.૬૭)** આ ગુનાની સૌ પ્રથમ જાણ મને તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રાત્રીના ૨૦:૩૦ કલાક આસપાસ થયેલી. હું તે પહેલા એસ.ઓ.જી.કચેરીએ કયારે આવેલો તે સમય મને અત્યારે યાદ નથી. મને આ તપાસ મળી તે પહેલા ઓફીસમાં આવ્યો ત્યારે મારી કચેરીના એસ.ઓ.જી.ના રેડીંગ પાર્ટીના ચાર સભ્યો મને ઓફીસમા મળેલા નહી.

**(૨૬.૬૮)** એ.ટી.એસ. કચેરીના શ્રી જાદવ સાહેબ બાતમી આધારે કયારે નિકળેલા તેની જાણ મને નથી. શ્રી. જાદવ તથા અન્ય પોલીસ કર્મચારીઓ એસ.ઓ.જી.કચેરીએ સવારે આવેલા તેવી જાણ મને થયેલી નહી. આ કેસની કાર્યવાહી માટે એસ.ઓ.જી.કચેરીના સિકંદર ખાન વિગેરેના ઓને ગાડી સાથે નિકળેલા તેની મને જાણ થયેલી કે કેમ તે મને હાલ યાદ નથી.

**(૨૬.૬૯)** એ વાત ખરી છે કે એસ.ઓ.જી. કચેરીના કોઈ પણ કર્મચારી એન.ડી.પી.એસ. એકટની લગતી રેઈડની કાર્યવાહીમાં જાય ત્યારે ઈન્ચાર્જ અધિકારી તરીકે મને જાણ કરે.

**(૨૬.૭૦)** અન્ય કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી એન.ડી.પી.એસ.ની લગતી કામગીરી કરવા જાય અને અમારી કચેરીના કોઈ કર્મચારીની મદદની જરૂર હોય ત્યારે કચેરીએ આવીને જાણ કરે.

**(૨૬.૭૧)** એ વાત ખરી નથી કે શ્રી જાદવ સાહેબ આ કેસની કાર્યવાહી કરવા માટે અમારી ઓફીસમાં આવી કર્મચારીઓની મદદ માંગેલ હોય અને તેની કોઈ લેખિત નોંધ હોય તેવો કોઈ લેખિત દસ્તાવેજ અમારી ઓફીસમાં નથી. મારુ કહેવુ છે કે લોગબુક મા તેની નોંધ છે. એ વાત ખરી છે કે સિકંદરખાન વિગેરે જે ગાડી લઈને ગયેલા તે ગાડીની લોગ બુક આ કામે દસ્તાવેજી પુરાવા તરીકે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે સિકંદરખાન વિગેરે એસ.ઓ.જી. ની કચેરીમાં તે દિવસે કયારે હાજર થયેલા અને કયારે આ કામ માટે રવાના થયેલા અને કયારે પરત આવેલા તેની અમારી કચેરીની કોઈ નોંધનો દસ્તાવેજી પુરાવા તરીકે આ કામે સામેલ રાખેલ નથી. સિકંદરખાન વિગેરે મારી પરવાનગી વગર રેઈડમાં ગયેલા તે બાબતે મે તેમનો કોઈ ખુલાસો લીધેલો નહી.

**(૨૬.૭૨)** આરોપીઓની કોવીડ-૧૯ ની ચકાસણી કરાવવાની કાર્યવાહી શ્રી. જાદવ સાહેબે કરાવેલી.

**(૨૬.૭૩)** શ્રી જાદવ સાહેબે આરોપીઓને કોવીડ-૧૯ ની ચકાસણી બાદ તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ રાત્રીના ૨૦:૩૦ કલાકે પા.તા.પો.સ્ટે. ખાતે સોપેલા તેવુ અમારી તપાસના કાગળો ઉપરથી જણાવુ છું.

**(૨૬.૭૪)** જાદવ સાહેબ અમારી કચેરીએ રેઈડ બાદ આવેલા કે કેમ તે મને યાદ નથી. પરંતુ તેમની સાથેના કર્મચારીઓ અને અધિકારીઓ આવેલા પરંતુ ચોકકસ કેટલા સમયે આવેલા તે સમય યાદ નથી.

**(૨૬.૭૫)** રેઈડ બાદ જાદવ સાહેબ અમદાવાદ જવા રવાના થયા ત્યારે

એસ.ઓ.જી. કચેરીએ આવેલા કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં જણાવુ છું કે, તે મને અત્યારે યાદ નથી.

**(૨૬.૭૬)** એ વાત ખરી નથી કે રેઈડ બાદ પા.તા.પો.સ્ટે. માં ગયા બાદ શ્રી જાદવ સાહેબની ટીમના કોઈ અધિકારીકે કર્મચારી મારી કચેરીએ આવેલા જ નથી. એ વાત ખરી નથી કે એ.ટી.એસ.કચેરીના અધિકારી કે કર્મચારીના મે કોઈ આ કામે નિવેદનો નોંધેલા નથી.

**(૨૬.૭૭)** એ વાત ખરી છે કે ત્રિવેદી સાહેબનુ વધારાનુ કોઈ નિવેદન લીધેલ નથી.

**(૨૬.૭૮)** એ વાત ખરી છે કે આંક–૧૨૪ વાળી પંચો મોકલવાની યાદી અંગે તેમજ પંચો મોકલવા અંગે મેં ટી.ડી.ઓ. ઓફીસ પાલનપુર મુકામે જઈને કોઈ તપાસ કરેલ નથી તેમજ તેની અસલ પ્રત કે તેની નકલ મેળવેલ નથી. સાહેદ જણાવે છે કે તેની સ્થળપ્રત રજુ કરેલ છે. એ વાત ખરી છે કે આંક–૧૨૪ વાળી સ્થળપ્રત મને તપાસના કાગળો સાથે મળેલી. એ વાત ખરી છે કે ટી.ડી.ઓ. કચેરીમાંથી કોઈ આંક–૧૨૪ વાળી યાદીની સર્ટી. નકલ મેળવેલ નથી. એ વાત ખરી છે કે મેં ટી.ડી.ઓ. કચેરીના અધિકારી કે કોઈ કર્મચારીનું પંચો મોકલવા બાબતે કોઈ નિવેદન લીધેલ નથી. આંક – ૧૨૪ વાળી યાદીમાં પંચોની સહીઓ બાબતે પંચોની કોઈ પુછપરછ કરેલ નથી.

**(૨૬.૭૯)** મને આંક–૧૫૦ વાળો ફેકસ મેસેજ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે તે મે પોલીસ અધિક્ષકની ઓફીસમાંથી મેળવેલ છે. એ વાત ખરી છે કે આંક –૧૫૦ ના દરેક પાના ઉપર નીચે આ મળ્યા બદલની મારી સહી કરેલ છે તેમાં કોઈ સમય કે તારીખ લખેલ નથી. એ વાત ખરી છે કે આ આંક–૧૫૦ વાળો ફેકસ મેસેજ પોલીસ અધિક્ષકની કચેરીથી કરેલ છે.

**(૨૬.૮૦)** મને એ બાબતની જાણ નથી કે શ્રી સી.આર.જાદવ આ કેસની રેઈડ બાબતે એસ.પી.શ્રી બ.કાં. ને મળેલા કે કેમ. એ વાત ખરી છે કે મેં આ કેસ સંબંધે એસ.પી. સાહેબને સંબોધીને તા.૧૩/૧૦/૨૦ ના રોજ કોઈ પત્ર પાઠવેલ નથી.

**(૨૬.૮૧)** એ વાત ખરી છે કે આરોપીઓને અટકાયત મેમા સિવાય તેના ધરપકડના કારણોની જાણ લેખિતમાં કરેલ નથી. આરોપીઓને અટક કર્યા બાદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપવા હું જાતે ગયેલ નહી પરંતુ અમારી કચેરીના સ્ટાફના માણસો ગયેલા.

**(૨૬.૮૨)** એ વાત ખરી છે કે આંક–૧૫૪ વાળા પત્રમાં કયા પી.એસ.ઓ. ની સહી છે તેની મને ખબર નથી કે મેં તે બાબતે કોઈનું નિવેદન પણ લીધેલ નથી.

**(૨૬.૮૩)** એસ.ઓ.જી.ની ગાડીમાં વનરાજભાઈ તથા ભગવાનભાઈ મુદ્દામાલ એફ.એસ.એલ.માં સોંપવા માટે ગયેલા. એ વાત ખરી છે કે તેઓ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનથી મુદ્દામાલ આપવા રવાના થયા ત્યારે હું પાલનપુર તાલુકા પો.સ્ટે. હાજર ન હતો. તેઓએ મુદ્દામાલ આપી આવ્યા બાદ પાવતી મને સોંપેલ. એ વાત ખરી છે કે મુદ્દામાલ પાવતી સ્વીકાર્યા બાબતે તે પાવતીમાં કોઈ શેરો કરેલ નથી.

**(૨૬.૮૪)** આંક–૧૫૩ વાળી રવાનગી નોંધ ઉપર અમારી કચેરીનો જાવક નં. ૫૮૦/૨૦, તા. ૧૪/૧૦/૨૦૨૦ લખાયેલ છે. એ વાત ખરી છે કે આ પ્રિન્ટ પણ તા. ૧૪/૧૦ /૨૦૨૦ ની છે. એ વાત ખરી છે કે આંક–૧૫૩ ના પાના નંબર–૫ ઉપર મારી સહી છે. એ વાત ખરી છે કે તે સહીની નીચે કોઈ લખાણ નથી, તેના પાછળના ભાગે ડી.એફ.એસ. ગાંધીનગર ને મુદ્દામાલ ચકાસણી માટે લખ્યાનો ઉલ્લેખ કરેલ છે તે તા. ૧૪/૧૦/૨૦૨૦ ના રોજ ક.૧૨:૦૦ વાગ્યે લખાયેલ છે અને તેની નીચે મારી સહી છે. મદદનીશ પો.અધિક્ષક નાઓની સત્તાના પ્રમાણ પત્રમાં સહી છે તેઓની કચેરી તે સમયે અમારી કચેરીએથી આશરે બે ત્રણ કી.મી. દુર પાલનપુર શહેરના પુર્વ પોલીસ સ્ટેશન પાસે આવેલ હતી અને હાલ પણ ત્યાં જ છે. એ વાત ખરી છે કે આંક–૧૫૪ વાળી યાદીમાં આ રવાનગી નોંધ બિડાણ તરીકે કે વિગત તરીકે ઉલ્લેખ કરેલ નથી.

**(૨૬.૮૫)** વનરાજભાઈ મુદ્દમાલ આપવા માટે એસ.ઓ.જી. કચેરીની

સેકન્ડ મોબાઈલ ગાડી નંબર–૨(બે) લઈ ગયેલ. તે ગાડીનો નંબર હાલ મને યાદ નથી. અમારી કચેરીની બીજી ગાડી પાલનપુર મુકામે હતી.

**(૨૬.૮૬)** જાદવ સાહેબનો ફોન આવ્યા બાદ ઈમરાનનો કબજો લેવા માટે એસ.ઓ.જી. કચેરીની સેકન્ડ મોબાઈલ ગાડી નંબર–૨(બે) ગયેલ. એ વાત ખરી છે કે તે દિવસે ઈમરાનનો કબજો લઈ આવ્યા તે વખતે જે કાગળો લઈ આવ્યા તે કાગળોનું કોઈ ફેરીસ્ત બનાવેલ ન હતું. એ વાત ખરી છે કે પી.આઈ.શ્રી સી.આર.જાદવનો ફોન આવ્યા બાદ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા માટે વનરાજભાઈ તથા ભગવાનભાઈને મોકલેલા. સાહેદ જણાવે છે કે તેમને મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા માટે મોકલવાના જ હતા અને તે દરમ્યાન એ.ટી.એસ. કચેરીમાંથી શ્રી જાદવનો ફોન આવતાં તેઓને આરોપીને સંભાળી લાવવા માટે સુચના પણ કરેલી. મેં આરોપી ઈમરાનને લેવા જવા માટે મંજુરી મેળવેલ જે સરતપાસમાં જણાવેલ છે તે મંજુરી મેં ટેલીફોનીક વાતચીત કરી મેળવેલી. એ વાત ખરી છે કે વનરાજભાઈ તથા ભગવાનભાઈએ તમામ કાગળો મને આપેલા.

સવાલ:– આંક–૧૫૩ વાળી રવાનગી નોંધ સોંપવામાં આવેલ હોય અને તે મળ્યા બાબતની શેરા સાથેની રવાનગી નોંધ તમને પરત મળેલ નથી તે બાબતે તમારે શું કહેવું છે?

જવાબ:– રવાનગી નોંધ ડી.એફ.એસ. કચેરી ગાંધીનગર ખાતે જમા થાય છે અને તે મળ્યા બદલ અન્ય પહોંચ આપવામાં આવે છે. જે આ કામે આંક–૧૪૭ થી રજુ છે. ત્યાં જે રવાનગી નોંધ આપીએ છીએ તે શેરા સાથે પરત આવતી નથી.

**(૨૬.૮૭)** મુદ્દામાલ લઈ જનાર ભગવાનભાઈને રવાનગી નોંધ સિવાય કોઈ ફોરવર્ડીંગ પત્ર આપેલ કે કેમ તે હાલ મને યાદ નથી. ભગવાનભાઈએ મને ડી.એફ.એસ. દ્વારા આપવામાં આવેલ પાવતી સિવાયના અન્ય કોઈ ડી.એફ.એસ.ના કાગળો આપેલ નહી. એ વાત ખરી નથી કે મુદ્દામાલ રવાનગી નોંધ તૈયાર કરવા બાબતે મને કોઈ જાત માહીતી નથી.

**(૨૬.૮૮)** એ વાત ખરી નથી કે અમદાવાદ એ.ટી.એસ. તરફથી આરોપી ઈમરાનને અટક કર્યા બાબતે જે કાગળો મોકલ્યા તે વંચાણે લેતાં તેને આ ગુનામાં અટક કરવા પુરતો કોઈ પુરાવો મળી આવેલ નહી.

**(૨૬.૮૯)** આરોપી સમીરને આ ગુનાના કામે કોર્ટમાં રજુ કર્યા બાદ આ ગુનાના કામે તપાસ અર્થે કયાંય બહારગામ લઈ ગયેલ નહી. એ વાત ખરી નથી કે તપાસના સંપુર્ણ કાગળો વંચાણે લેતાં આરોપી સમીરે કોઈ ગુનો કરેલ હોય તેવા કોઈ પુરાવા વાળા કાગળો મને મળેલ નહી. એ વાત ખરી નથી કે સમીરને ખોટી રીતે અટક કરેલ છે.

**(૨૬.૯૦)** મને તપાસના જે કાગળો મળેલ તે વંચાણે લેતાં સમીરનો મોબાઈલ નંબર ૮૬૦૦૮ ૮૬૩ ૫૨ હતો.

**(૨૬.૯૧)** એ વાત ખરી છે કે મને વજન કરનાર મહાશય ઈકબાલ સત્તારે વજન કરતી વખતે અલગથી કોઈ કાચુ ટાંચણ (અલગ કાગળ ઉપર કાચી નોંધ)કરેલ હોય તેવા કોઈ કાગળો તપાસમાં મળેલ નથી. એ વાત ખરી છે કે મને એફ.એસ.એલ. અધિકારી શ્રી ડી.એમ.પટેલ સાહેબે પરીક્ષણ કરતી વખતે અલગથી કોઈ કાચુ ટાંચણ (અલગ કાગળ ઉપર કાચી નોંધ)કરેલ હોય તેવા કોઈ કાગળો તપાસમાં મળેલ નથી. એ વાત ખરી છે કે મે વજન કરનાર મહાશય ઈકબાલ સત્તારને કે એફ.એસ.એલ. અધિકારી શ્રી ડી.એમ.પટેલ સાહેબને તેઓએ અલગ કાગળ ઉપર કોઈ કાચી નોંધ કરેલ છે કે કેમ તે બાબતે કોઈ પુછપરછ કરેલ નથી.

**(૨૬.૯૨)** તપાસના કાગળો મળેલા તેમાં મેસર્સ કાઝી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ લખેલા ગાડીના કાગળો મળેલા. સાહેદ જણાવે છે કે સદરહું કાગળોમાં વેચાણ દસ્તાવેજ પણ મળેલો. જે આંક-૧૬૨ થી રજુ છે. એ વાત ખરી છે કે તે કાગળોમાં કાઝી ફૈયાજુદ્દીનના દિકરા કાઝી મોહયુદ્દીન ની આધાર કાર્ડની નકલ હતી. એ વાત ખરી છે કે વેગેનઆર ગાડી નં. એમ.એચ. ૦૪. એચ.એન.૫૦૭૧ વાળી ટેકસી પાર્સીંગની હતી. તે ગાડી ઉપર હાયર પર્ચેજની લોન પણ હતી. એ વાત ખરી નથી કે તે ગાડી ફહીમે અન્ય પેસેન્જરો લઈને

અજમેર ભાડે લઈ ગયેલાનુ જણાવેલુ. એ વાત ખરી નથી કે સમીરને તે લાંબી મુસાફરી હોવાથી સાથે લઈ ગયેલાનુ તપાસમાં ખુલેલુ.

**(૨૬.૯૩)** એ વાત ખરી છે કે મુંબઈથી ગાડી આગળ ગઈ અને પરત આવી તે દરમિયાન જે ટોલનાકાઓ પરથી પસાર થયેલ હોય તેનો કોઈ પુરાવો કે સી.સી.ટી.વી.ફુટેજ મેળવેલો નથી.

**(૨૬.૯૪)** આંક–૧૮૭ વાળા ફોટોગ્રાફસ કોની પાસેથી મેળવેલા તે નામ મને યાદ નથી અને કયારે મેળવેલા તે સમય યાદ નથી. એ વાત ખરી છે કે આંક–૧૮૭ વાળા ફોટોગ્રાફસની પ્રિન્ટ કોણે કઢાવી તે મને યાદ નથી. આંક–૧૮૭ વાળા ફોટોગ્રાફસ જે પ્લાસ્ટીકના કવરમાં છે તે કવર રંગોલી સ્ટુડીયો પાલનપુરનુ છે. જેનુ એડ્રેસ ગીતાંજલી કોમ્પલેક્ષ–પાલનપુર એવુ લખેલુ છે. આ ફોટોગ્રાફસની પ્રિન્ટ કોણે કઢાવી તે બાબતે રંગોલી સ્ટુડીયો પાલનપુર ખાતે જઈ તપાસ કરેલ નથી.

**(૨૬.૯૫)** એ વાત ખરી છે કે એ.ટી.એસ.કચેરીના દસ્તાવેજો જે રજુ થયેલ છે તેની ખરી નકલ કોણે કઢાવી અને કોણે રજુ કરેલ તેની મને જાત માહીતી નથી.

**(૨૬.૯૬)** એ વાત ખરી છે કે આંક– ૧૨૫ નો રીપોર્ટ જોઈને જણાવુ છું કે તે નીચે બ્લેક પેનથી કરેલો શેરો તથા હિમાંશુ શુકલા ડી.આઈ.જી. એ.ટી.એસ. એવુ લખાણ છે તે કોણે અને કયારે લખેલ છે તેની મે તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે તેમાં જે સહી કરેલી છે તે સહી કોણે કરેલી છે તે મે તે ઓફીસે જઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે ઉપરોકત શેરા નીચે કોઈ તારીખ કે સમય લખેલો નથી. એ વાત ખરી છે કે આંક–૧૨૫ વાળો રીપોર્ટ ડી.આઈ.જી. હિમાંશુ શુકલાને બતાવીને તેમનુ નિવેદન નોંધેલુ નથી. એ વાત ખરી છે કે આંક–૧૨૬ વાળો રીપોર્ટ ના.પો.મહાનિરીક્ષકની કચેરીને કોણે મળેલો તેનો કોઈ શેરો નથી કે તે અંગે મે કોઈ તે કચેરીમાં જઈ કોઈ તપાસ કરેલી નથી.

**(૨૬.૯૭)** એ વાત ખરી છે કે આરોપી ઈમરાનના ઘરે તેના પત્ની ઉપરાંત

બીજા કુટુંબીજનો હતા. તેના કુટુંબીજનોના નિવેદનો નોંધેલા નથી. એ વાત ખરી નથી કે પુરાવો ઉભો કરવા માટે ખોટુ પંચનામુ કરેલુ છે.એ વાત ખરી નથી કે મે ઈમરાનનો મોબાઈલ ખોટી રીતે તપાસના કામે કબજે લીધેલ છે. એ વાત ખરી નથી કે ઈમરાન વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં તેને ખોટી રીતે અટક કરેલ છે.

**(૨૬.૯૮)** એ વાત ખરી છે કે થેલાના બીજા ભાગે હાથ વડે કાળી માર્કર પેનથી દા–૧ ગુજરાત સત્યનારાયણ બાલકીશન અમીરગઢ વિગેરે લખાણનો ઉલ્લેખ છે તે બાબતે અમીરગઢ ખાતે જઈ તપાસ કરેલ નથી.

**(૨૬.૯૯)** એ વાત ખરી નથી કે આ કેસમાં સંડોવાયેલ ગાડીને અમીરગઢ ચેક પોસ્ટ ઉપર પેસેન્જરો સાથે અટકાવવામાં આવેલાનુ મને જાણવા મળેલુ. એ વાત ખરી નથી કે સદરહું ગાડીમાં જે પેસેન્જરો હતા અને ગાડીમાથી મળેલ મુદ્દામાલ પેસેન્જરોનો હોવાનું પણ જાણવા મળેલુ. એ વાત ખરી નથી કે અમીરગઢ ચેક પોસ્ટના પોલીસ કર્મચારીઓએ જે પેસેન્જરો પાસેથી મોટી રકમ મેળવી તેઓને છોડી મુકેલાનુ પણ જાણવા મળેલુ. એ વાત ખરી નથી કે ગાડી તથા ફહીમ બેગ અને સમીર આ મુદ્દામાલ બાબતે કઈ જાણતા નહી હોવાનુ તેઓએ અમીરગઢ ચેક પોસ્ટના કર્મચારીઓને જણાવેલુ. એ વાત ખરી નથી કે તેઓની પાસેથી મોટી રકમ માગી ચેકપોસ્ટમાં બેસાડી રાખેલાનુ પણ મને જાણવા મળેલુ. એ વાત ખરી નથી કે તેઓ બંને પાસે જે કોઈ રકમ હતી તે રકમ ચેકપોસ્ટના કર્મચારીઓએ લઈ લીધેલી. એ વાત ખરી નથી કે પેસેન્જરોનો મુદ્દામાલ અમીરગઢ ચેકપોસ્ટ ઉપર પેસેન્જરોનો આ કેસવાળો મુદ્દામાલ તે ચેકપોસ્ટના કર્મચારીઓએ લઈ છુપાવી દીધેલો. એ વાત ખરી નથી કે મોડા રાત્રે બંને આરોપીઓને ચેકપોસ્ટ ઉપર માર મારેલો અને પૈસા મેળવવા માટે જબરદસ્થી કરેલી. એ વાત ખરી નથી કે તેઓ બંને પાસે પૈસાની વ્યવસ્થા કરાવી મોડી રાત્રે બંનેને મુકત કરેલા. એ વાત ખરી નથી કે સદરહુ હકિકતની એસ.ઓ.જી.ના કર્મચારીઓને જાણ થયેલી. એ વાત ખરી નથી કે પાલનપુર તરફ બંને આરોપીઓ તેમની ગાડીમાં આવતા હતા ત્યારે

મહાકાલ હોટલ પાસે એસ.ઓ.જી.ના કર્મચારીઓએ આ ગાડીને અટકાવી બંનેને પકડી લીધેલા. એ વાત ખરી નથી કે ઉપરોકત હકિકત જણાવવા માટે એસ.ઓ.જી.ના કર્મચારીઓએ માર મારેલો અને મહાકાલ હોટલની પાછળ બંને આરોપીઓને ગોંધી રાખેલા. એ વાત ખરી નથી કે આ હકિકતની મને પણ જાણ થયેલી. એ વાત ખરી નથી કે એસ.ઓ.જી.ના કર્મચારીઓએ પણ આરોપીઓના સગા મારફતે મોટી રકમ મેળવેલી. એ વાત ખરી નથી કે ત્યારબાદ એસ.ઓ.જી.કચેરીમાં લાવીને મારી જાણમાં તેઓને અટકાવી રાખેલા. એ વાત ખરી નથી કે પોલીસ કર્મચારીઓના બચાવ સારૂ એ.ટી.એસ. કચેરીમાં જાદવ સાહેબને આ હકિકતથી વાકેફ કરેલા અને પાલનપુર બોલાવેલા. એ વાત ખરી નથી કે તેઓએ એસ.ઓ.જી. કચેરીના કર્મચારીઓ સાથે બંને આરોપીઓ તથા ગાડી લઈ મહાકાલ હોટલ આગળ ગયેલા. એ વાત ખરી નથી કે પોલીસ કર્મચારીઓ પાસે બંને જણાને બેસાડી રાખી અમીરગઢ ચેક પોસ્ટ ઉપરથી આ કેસનો મુદ્દામાલ જાદવ સાહેબ તથા તેમના માણસો લઈ આવેલા. એ વાત ખરી નથી કે પોલીસ સ્ટાફના માણસોનો બચાવ કરવા સારૂ શ્રી જાદવ સાહેબ વિગેરેના મેળાપીપણામા અમારી કચેરીના પોલીસ કર્મચારીઓ, પંચો વિગેરે બોલાવવાનુ અને ખોટો કેસ કરવાની કાર્યવાહી કરેલી. એ વાત ખરી નથી કે આરોપીઓની રજુઆતો માન્યા સિવાય બંને આરોપીઓને આ કેસમાં ખોટી રીતે સંડોવી દીધેલ છે. એ વાત ખરી નથી કે મે પણ તૈયાર કાગળો આધારે આ કેસની ખોટી કાર્યવાહી કરેલ કરાવેલ છે. એ વાત ખરી નથી કે જાદવ સાહેબને બાતમી મળ્યાની હકિકત વિગેરે દસ્તાવેજો આ કેસના સમર્થનમાં ખોટી રીતે ઉપજાવેલ છે. એ વાત ખરી નથી કે મે આ કેસમાં તટસ્થ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે બંને આરોપીઓની ખોટી રીતે અટક કરેલ છે. એ વાત ખરી નથી કે મે આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે કેસને અનુરૂપ મે ખોટી જુબાની આપેલ છે.

**(૨૬.૧૦૦)** એ વાત ખરી છે કે તપાસ દરમિયાન ફરીયાદ પક્ષના કેસને જે

સાક્ષીઓ ફરીયાદના કેસને સમર્થન કરતા હોય તેમને વીટનેશ લીસ્ટમાં દર્શાવવામાં આવે છે. એ વાત ખરી છે તપાસ દરમિયાન જે દસ્તાવેજો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા હોય તેવા દસ્તાવેજો ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવતા હોય છે. એ વાત ખરી છે કે સને-૨૦૨૦ ઓકટોમ્બરની ૧૫ મી તારીખથી ૨૮ તારીખ સુધીની તપાસ મારી પાસે હતી. એ વાત ખરી છે કે મારી તપાસના સમય દરમિયાન જે કાગળો જનરેટ થયેલા તે મારી તપાસ દરમિયાન થયેલા. એ વાત ખરી નથી કે મારી સરતપાસના પેરા નં. ૧૮ મા દર્શાવેલા પોલીસ સ્ટેશનમાં જઈ યાદી આપેલાની હકિકતો હું ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે મારી સરતપાસના પેરા નં. ૧૮ માં જે શાકમાર્કેટના સી.સી.ટી.વી. ફુટેજ તથા રજીસ્ટર ચેક કરવા તેમજ શાકમાર્કેટના સેક્રેટરીને કોઈ લેખિત યાદી આપેલાની હકિકત ખોટી જણાવુ છું. એ વાત ખરી છે કે શાકમાર્કેટના સી.સી.ટી.વી. ફુટેજ મે આ કામે રજુ કરેલ નથી. સાહેદ જણાવે છે કે સી.સી.ટી.વી. ફુટેજ મળી શકેલ ન હોવાથી રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગગનદીપસિંગનુ કોઈ નિવેદન નોંધેલુ નથી. એ વાત ખરી નથી કે શાકમાર્કેટ કમીટીના સેક્રેટરી રવિશેર ઈન્દુશેરનાઓનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે ગેટ રજીસ્ટરની નોંધણીનો કોઈ ઉતારો મેળવેલો નથી. એ વાત ખરી નથી કે મે અજયકુમાર દેવીદયાલજી નાઓનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે અજયકુમાર દેવીદયાલજી નાઓની શાકમાર્કેટમાં કોઈ દુકાન આવેલી હોય કે પેઢી આવેલી હોય તેવો દસ્તાવેજી પુરાવો મે તપાસના કામે મેળવેલો નથી. મે ટ્રક નં.જે.કે.૦૩.બી.૮૪૫૨ ના માલીકનુ નિવેદન નોંધેલુ નથી. એ વાત ખરી છે કે આરોપી આરીફ લોનનો કબજો લઈને પાલનપુર આવ્યો તેની સાથે જે કાગળો લઈને આવેલો તેની કોઈ ફેરીસ્ટ બનાવેલી નહી. આરોપીની સોપણી શ્રી ડી.આર.ગઢવીને કરેલ તેની નોંધ કચેરીના કોઈ રજીસ્ટરે કરેલી નથી. એ વાત ખરી નથી કે આરોપીનો કોઈ ફોટો મને સહ આરોપીએ બતાવેલ નથી. એ વાત ખરી નથી કે મે મારી તપાસ પુર્ણ કરવા માટે આરોપીની સદરહું ગુનામાં ખોટી સંડોવણી

કરેલી છે. એ વાત ખરી નથી કે તપાસના કામે આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો મળેલો નથી. એ વાત ખરી નથી કે હું કહુ છું તે રીતે લુધિયાણા કે જમ્મુ કશ્મીર તપાસ કરવા ગયેલાની હકિકત ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે કેસના અનુરૂપ હું ખોટી જુબાની આપુ છું.

**(૨૬.૧૦૦)** ઉપરકોત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.

**(૨૬.૧૦૧)** એ વાત ખરી નથી કે બાન્દ્રા પોલીસ સ્ટેશન માથી કોઈ યાદી મને આપવામા આવેલી નથી. એ વાત ખરી નથી કે સરતપાસના પેરા નં. ૨૪ માં જણાવુ છુ તેવા કોઈ આજુબાજુના સાક્ષીઓના નિવેદનો નોંધેલ નથી. એ વાત ખરી નથી કે બાન્દ્રા પોલીસ સ્ટેશનમા તપાસની મદદ માટે કોઈ રીપોર્ટ આપેલો નથી. એ વાત ખરી નથી કે સરતપાસના પેરા નં. ૧૫ મા હું જણાવુ છુ તે રીતે આરોપી અબ્દુલ કયુમના ઘરે હુ તપાસ કરવા ગયેલ નથી તેમજ તેમના મોટાભાઈનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી અબ્દુલ કયુમ વિરુધ્ધ કોઈ જ પુરાવો મળેલ નથી. એ વાત ખરી નથી કે હુ કેસના અનુરૂપ ખોટી જુબાની આપુ છું.

**(૨૭)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક. ૧૯૪ થી સાહેદ નં. ૧૧ ત.ક.અ. દિલીપકુમાર રામસિંહ ગઢવીને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૭.૧)** હું તા. ૨૮/૧૧/૨૦૨૦ ના રોજ બ.કાં. એસ.ઓ.જી. પી.આઈ. તરીકે હાજર હતો તે સમયે પી.એસ.આઈ. શ્રી એમ.કે.ઝાલા રજા ઉપર જતાં અમોએ સદરહું ગુનાની તપાસ અમોએ સંભાળી લીધેલ.

**(૨૭.૨)** ત્યારબાદ અમોએ ઉપરોકત ગુનામાં આરોપીઓ નીતીન શિવાજી ચીકને, અબ્દુલકયુમ ઉર્ફે નટો ઉર્ફે નટવર ઉર્ફે મનોવર સ.ઓ. અકબરભાઈ શેખ તથા મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ મજીદ જાતે લોન નાઓ આ ગુનાના કામે નાશતા ફરતા હોય સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટની જરૂરીયાત હોય તે મેળવવા કાર્યવાહી કરેલ.

**(૨૭.૩)** તેમજ આરોપીઓ ફહીમ સ.ઓ. અઝીમ, સમીર સ.ઓ. અહેમદ અને ઈમરાન ઉર્ફે ઈમો સ.ઓ. સલીમભાઈ મલેક નાઓ વિરુધ્ધમાં પુરતા પુરાવા પડતા હોય તેઓની વિરૂધ્ધ ચાર્જશીટ ભરી નામ. કોર્ટમાં મોકલી આપેલ.

**(૨૭.૪)** ત્યારબાદ નીતીન શિવાજી ચીકને, અબ્દુલકયુમ ઉર્ફે નટો ઉર્ફે નટવર ઉર્ફે મનોવર સ.ઓ. અકબરભાઈ શેખ તથા મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ મજીદ જાતે લોન નાઓના સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ મળતાં તેઓને નાશતા ફરતા જાહેર કરવા માટે ડી.જી.પી./જી.પી.જી. માં પ્રસિધ્ધ કરવા માટે પોલીસ અધિ. પાલનપુરનાઓને રીપોર્ટ લખી વોરંટની નકલો સાથે મોકલી આપેલ.

**(૨૭.૫)** ત્યારબાદ આ કામના નાશતા ફરતા આરોપી મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ મજીદ લોન, રહે. ૯૭, સેમથન પો. બઝાડા, જી. અનંતનાગ (જમ્મુ કશ્મીર) વાળા ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય અને અવાર નવાર લુધીયાણા મુકામે આવતો હોઈ તેઓના અગાઉના મોબાઈલ નંબર–૯૧૪૯૬ ૩૯૯૯૬ અને આધાર કાર્ડ નંબર –૮૦૬૭ ૨૩૦૪ ૦૧૪૦ ના આધારે તેઓનો નવો મોબાઈલ નંબર–૬૦૦૬૩ ૦૪૦૭૩ ટ્રેસ થતાં અને તે નંબરનું લોકેશન અને મુવમેન્ટ ચેક કરતાં તેમનું લોકેશન અવાર નવાર પઠાણકોટ મુકામે આવતું હોવાથી પી.એસ. આઈ. શ્રી એમ.કે.ઝાલાને નાશતા ફરતા આરોપીઓ પકડવાની ઝુંબેશ ચાલતી હોય સદરહું આરોપીને પકડવા સુચના કરેલ.

**(૨૭.૬)** ત્યારબાદ પી.એસ.આઈ.શ્રી એમ.કે.ઝાલાને ઉપરોકત નંબરની લોકેશન વાળી જગ્યાએ પોલીસના માણસો સાથે ખાનગી કારમાં રવાના કરેલ અને તે બાબતે પોલીસ અધિ.શ્રીની મૌખિક મંજુરી મેળવેલ તેમજ તે બાબતે આઈ.જી.પી. સાહેબશ્રી બોર્ડર રેન્જને મંજુરી મેળવવા માટે રીપોર્ટ મોકલેલ. ત્યારબાદ પી.એસ.આઈ. શ્રી એમ.કે.ઝાલા, હે.કો. વનરાજસિંહ, હે.કો. અલ્પેશકુમાર તથા પો.કો. હસમુખદાનનાઓને ખાનગી

વાહનમાં જમ્મુ કશ્મીર તથા આરોપીની લોકેશન વાળી જગ્યાએ જવા પોલીસ અધિ.શ્રીની સહી વાળા ઓથોરીટી પત્ર સાથે જરૂરી સુચનાઓ આપી રવાના કરેલ. ત્યારબાદ પી.એસ.આઈ.શ્રી એમ.કે.ઝાલાએ સદરહું આરોપી મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ મજીદ લોન, રહે.૯૭, સેમથન પો. બઝાડા, જી.અનંતનાગ (જમ્મુ કશ્મીર) વાળાને જમ્મુ મુકામેથી ઝડપી લીધેલ અને આરોપી મળ્યા બાદ જે તે પોલીસ સ્ટેશનમાં યાદી આપી સદરહું આરોપીને પાલનપુર મુકામે લઈ આવેલ.

**(૨૭.૭)** આરોપી મુખત્યાર આરીફ સ.ઓ. અબ્દુલ મજીદ લોન, રહે. ૯૭, સેમથન પો. બઝાડા, જી.અનંતનાગ (જમ્મુ કશ્મીર) વાળાને પાલનપુર લાવ્યા બાદ તેનો કોવિડ–૧૯ નો ટેસ્ટ કરાવ્યા બાદ તેનો રીપોર્ટ નેગેટીવ આવ્યેથી આરોપીને એસ.ઓ.જી. કચેરીએ લઈ આવેલ. ત્યારબાદ અમોએ આરોપીની પુછપરછ કરેલ. તેની પુછપરછ કર્યા બાદ આરોપીનું શરીરસ્થીતીનું પંચનામું તેમજ સદરહું આરોપી પાસેથી વિવો કંપનીનો ૧૯૦૬ મોડલનો મોબાઈલ જેમાં જીયો કં પનીનું સીમ કાર્ડ જેનો નંબર ૬૦૦૬૩ ૦૪૦૭૩ વાળું વિગેરે કબજે કરતું પંચોની હાજરીમાં પંચનામું કરી લીધેલ અને પંચોની મારી હાજરીમાં સહીઓ લીધેલ અને રૂબરૂ તરીકે મેં સહી કરેલ.

**(૨૭.૮)** ત્યારબાદ સદરહું આરોપીનું આ ગુનાના કામે તા. ૬/૨/૨૦૨૧ ના ક.૧૬:૩૦ વાગ્યે અટક કરી તેને અટક કર્યાની જાણ તેના ભાઈ મુખતાર રહેમદ સ.ઓ. અબ્દુલ માજીદ લોનનાઓને કરેલ. ત્યારબાદ આરોપીની પુછપરછ કરી આરોપીને રીમાન્ડ મેળવવા માટે નામ. કોર્ટમાં રજુ કરેલ.

**(૨૭.૯)** ત્યારબાદ નામ. કોર્ટમાંથી તા. ૯/૨/૨૧ ના ક. ૧૫:૦૦ સુધીના રીમાન્ડ મંજુર કરતાં આરોપીને રીમાન્ડ ઉપર સંભાળી લીધેલ. જે રીમાન્ડ દરમ્યાન આરોપીની પુછપરછ કરેલ અને સદરહું ગુનાની તપાસ કરેલ.આરોપીના રીમાન્ડ પુર્ણ થતાં જયુડી. કસ્ટડીમાં મોકલી આપેલ.

**(૨૭.૧૦)** ત્યારબાદ આરોપીઓના મોબાઈલ નંબરોના સી.ડી.આર.

ફોર્મની હકીકત તેમજ તેમની કોલ ડીટેઈલ મંગાવવા માટે તજવીજ કરેલ અને જે તે કંપનીના નોડલ ઓફીસરો પાસેથી માહીતી તેમજ પુરાવા ધારા ની કલમ ૬૫–બી મુજબના સર્ટી. મેળવવા કાર્યવાહી કરેલ અને તે માહીતી અને સર્ટી. આવતાં તપાસમાં સામેલ રાખેલ.

**(૨૭.૧૧)** ત્યારબાદ આરોપી અશરફ સ.ઓ. મહંમદ રમજાન લોન,રહે.બોનપુરા, સેમથાન, તા.બઝારા, જી. અનંતનાગ (જમ્મુ કશ્મીર) મોબાઈલ નં. ૯૭૯૭૧૩૪૪૨૮ તથા આરોપી નિશાર રહે.સિકાબ, સરકારી હોસ્પીટલની પાછળના ભાગે બેઝહારા, જી. અનંતનાગ, (જમ્મુ કશ્મીર) મોબાઈલ નં. ૮૭૧૩૦ ૭૧૬૯૪ આ ગુનાના કામે નાશતા ફરતા હોય તેઓના સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ મેળવવા જરૂરી કાર્યવાહી કરેલી.

**(૨૭.૧૨)** ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતાં તેઓની વિરૂધ્ધ પુરવણી ચાર્જશીટ કરી નામ.કોર્ટમાં મોકલી આપેલ.

**(૨૭.૧૩)** મને નિ. ૭/૬૦ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે એફ.એસ.એલ. માં સર્ટી. મોકલી આપવા એફ.એસ.એલ. અધિકારીને કરેલ રીપોર્ટની સ્થળપ્રત છે જેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક–૧૯૫

**(૨૭.૧૪)** મને કાઈમ નિ. ૭/૬૨ વાળો નોડલ ઓફીસર સાયબર પાલનપુરનાઓએ અમોને ઈમેઈલની માહીતી માટે કરેલ રીપોર્ટ બતાવવામાં આવે છે જે મને તપાસમાં મળેલ તે જ છે જે હું ઓળખી બતાવું છું જે રજુ દા. આંક –૧૯૬

**(૨૭.૧૫)** મને નિ. ૭/૬૩ તથા નિ. ૭/૬૪ વાળા સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ બતાવવામાં આવે છે જે મેં ચીફ જયુડી. મેજી. સાહેબશ્રી તરફથી અમોને મળેલ વોરંટ છે જે મેં તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે હું ઓળખી બતાવું છું જે અનુક મે રજુ દા. આંક – ૧૯૭ તથા ૧૯૮

**(૨૭.૧૬)** મને આંક–૧૩૯ વાળું પંચનામું બતાવવામાં આવે છે જે મેં બે પંચોની હાજરીમાં મારી રૂબરૂ આરોપી આરીફ અહેમદ અબ્દુલમજીદ લોન

પાસેથી મોબાઈલ વિવો કંપનીનો ૧૯૦૬ મોડેલ વાળો કબજે કરતું પંચનામું છે જેમાં રૂબરૂતરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું.

**(૨૭.૧૭)** મને નિ.૭/૬૭ વાળું આરીફના આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે જે મેં આરોપી પાસેથી મેળવેલ તે જ છે. એ.પી.પીશ્રી તરફે રજુઆત છે કે આરોપી પાસેથી તે આધાકાર્ડની ઝેરોક્ષ નકલ મળેલ હોવાથી તેને આંક આપવો જોઈએ. આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.બિહારીની રજુઆત છે કે સદરહું દસ્તાવેજ એ ઝેરોક્ષ નકલ હોવાથી તેને આંક આપી શકાય નહી આંક આપવા સામે તેનો વાંધો છે.

કોર્ટ તારણ:- આરોપી પાસેથી પોલીસે તેની ગુના સંબંધે પુછપરછ દરમ્યાન પંચોની હાજરીમાં મેળવેલ હોવાથી તેનું પુરાવાકીય મુલ્યાંકન દલીલોના તબકકે નકકી કરવામાં આવશે તે દસ્તાવેજ પંચોની હાજરીમાં આરોપી પાસેથી કબજે કરેલ હોવાથી તેને આંક આપવો યોગ્ય જણાય છે. જે કામે રજુ દા. આંક -૧૯૯.

**(૨૭.૧૭)** મને નિ.૭/૬૯ વાળી આરોપી આરીફની જમ્મુ એન્ડ કાશ્મીર બેંક ની ખાતાની પાસબુક તથા નિ.૭/૭૦ વાળું આરોપી આરીફના ડ્રાઇવિંગ લાયસન્સની નકલ તથા નિ.૭/૭૧ વાળું આરોપી આરીફ સાથે થયેલ વોટસએપ ચેટસ મેસેજની નકલ બતાવવામાં આવે છે જે મેં આરોપીના કબજે કરેલ મોબાઈલમાંથી પ્રિન્ટ કાઢાવી તપાસના કામે સામેલ રાખેલ તે જ છે.એ.પી.પી.શ્રી તરફે સદરહું દસ્તાવેજોને આંક આપવા રજુઆત કરેલ છે અને તેઓએ તેઓની રજુઆતમાં જણાવે છે કે આ દસ્તાવેજો તે આરીફે આરોપી અશરફને વોટસ એપ ચેટ ધ્વારા આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, જમ્મુ કાશ્મીર બેંકની પાસબુક તથા તેની બં ને વચ્ચે થયેલ ચેટની આરીફ પાસેથી કબજે કરેલ મોબાઈલમાંથી પ્રિન્ટ કાઢી તપાસના કામે સામેલ રાખેલ છે તેથી આ દસ્તાવેજોને આંક આપવા જરૂરી છે અને તેને આંક આપવા રજુઆત કરેલ છે.

આરોપી તર્ફે વિ.વ.શ્રી એ.એ.બિહારી તર્ફે સદરહું દસ્તાવેજોને

આંક આપવા સામે વાંધો છે અને તેઓ જણાવે છે કે સદરહું તમામ દસ્તાવેજો ઝેરોક્ષ કોપી છે. વોટસએપ ચેટ એ ઈલેકટ્રોનીક પુરાવો છે અને તે ભા.પુ.ધારા મુજબ તે બાબતે કોઈ સર્ટી. મેળવેલ ન હોય તેને આંક આપી શકાય નહી તેવું જણાવી આંકે આપવા સામે વાંધો જણાવેલ છે.

કોર્ટ તારણઃ- આ કામે ત.ક. અધિકારીએ તપાસ દરમ્યાન મોબાઈલ પણ કબજે કરેલ છે અને કબજે કરેલ મોબાઈલમાંથી જ તે પુરાવાઓ તરીકે પ્રિન્ટ કાઢી રજુ કરેલ છે. કબજે કરેલ મોબાઈલ પ્રાથમિક પુરાવા તરીકે અદાલતમાં સદહું મોબાઈલ ઉપલબ્ધ છે તે દલીલો સમયે પ્રાથમિક પુરાવા ચેક કરાવી શકે છે, આમ પ્રાથમીક પુરાવો પણ મોબાઈલ ચેક કરવા સારૂ ઉપલબ્ધ હોવાથી સરળતા ખાતર તે વોટસએપ ચેટની તેમજ દસ્તાવેજોની નકલો રજુ કરેલ હોવાથી તેને આંક આપવો યોગ્ય જણાય છે. જેથી સદરહું દસ્તાવેજો અનુક્રમે રજુ દા. આંક-૨૦૩ થી ૨૦૫

**(૨૭.૧૮)** મને નિ.૭/૭૨ વાળો અટક મેમો બતાવવામાં આવે છે તે આરોપી આરીફને અટક કરતી વખતે મેં તૈયાર કરેલ અટક મેમો છે તેમાં મારી સહી છે જે મારી સહી હું ઓળખી બતાવું છું જે રજુ દા.આંક-૨૦૬

**(૨૭.૧૯)** મને નિ.૭/૭૪ થી નિ.૭/૭૬ વાળા દસ્તાવેજો બતાવવામાં આવે છે જે નોડલ ઓફીસ એરટેલ કંપની, વોડાફોન આડીયા કંપની તથા રીલાયન્સ જીયો ઈન્ફો. કંપની ને આરોપીઓની કોલ ડીટેઈલ તથા ભા.પુ.ધારા ની કલમ ૬૫બી(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ મેળવવા કરેલ યાદીઓ છે તેમાં મારી તથા મારા નોડલ અધિકારીશ્રી આર.કે.પટેલ સાહેબની સહીઓ છે જે સહીઓ હું ઓળખી બતાવું છું જે રજુ અનુક્રમે દા. આંક-૨૦૭ થી ૨૦૯

**(૨૭.૨૦)** મને નિ.૭/૭૭ વાળો એફ.એસ.એલ. નો પત્ર તથા નિ.૭/૭૮ વાળો એફ.એસ.એલ. નો રીપોર્ટ તથા નિ.૭/૭૯ વાળો એફ.એસ.એલ. નો નાર્કોટીકસ ડીપાર્ટમેન્ટ નો રીપોર્ટ બતાવવામાં આવે છે જે મને તપાસના કામે મળેલ અને તે તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ

અનુક્રમે દા. આંક–૨૧૦ થી ૨૧૨

**(૨૭.૨૧)** મને નિ.૭/૮૦ વાળી આરોપી નિતીનના મોબાઈલની માહીતી તથા નિ.૭/૮૧ વાળી આરોપી ફહીમના મોબાઈલ નંબર ૭૩૦૪૭ ૮૮૮૬૩ ની કોલ ડીટેઈલ તથા નિ.૭/૮૨ વાળી આરોપી ઈમરાનના મોબાઈલ નં.૯૮૬૭૭ ૬૯૪૬૯ ની કોલ ડીટેઈલ તથા નિ.૭/૮૩ વાળી આરોપી અબ્દુલના મોબાઈલ નં .૮૯૭૬૮ ૩૨૫૨૯ ની કોલ ડીટેઈલ તથા નિ.૭/૮૪ વાળી આરોપી આરીફના મોબાઈલ નં.૯૧૪૯૬ ૩૯૯૯૬ ની કોલ ડીટેઈલ તથા નિ.૭/૮૫ વાળી આરોપી આરીફના મોબાઈલ નં.૮૭૧૩૦ ૭૧૬૯૪ ની કોલ ડીટેઈલ તથા નિ.૭/૮૬ વાળી આરોપી નીતીનના મોબાઈલ નં.૭૭૭૦૦ ૯૧૦૦૩ ની કોલ ડીટેઈલ બતાવવામાં આવે છે જે તપાસ દરમ્યાન મેળવેલ તે જ છે. એ.પી.પી.શ્રી તરફે સદરહું દસ્તાવેજોને આંક આપવા રજુઆત કરેલ છે અને તેઓએ તેઓની રજુઆતમાં જણાવે છે કે આ દસ્તાવેજો જે તે જીલ્લા નોડલ અધિકારી મારફત યાદી કરી સદરહું કોલ ડીટેઈલ મેળવવામાં આવેલ છે અને ત્યારબાદ તેને તપાસમાં સામેલ રાખેલ છે તેથી તેને આંક આપવા રજુઆત કરેલ છે.

આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.એ.તુંવર તર્ફે સદરહું દસ્તાવેજોને આંક આપવા સામે વાંધો છે અને તેઓ જણાવે છે કે સદરહું તમામ દસ્તાવેજો બાબતે કોઈ અધિકૃત અધિકારીનો શેરો નથી કે ડીઝીટલ સહી પણ કરેલ નથી અને સદરહું કાગળો કયા તપાસ કરનાર અમલદારે કયારે મેળવેલ છે તે બાબતે પણ કોઈ શેરો કરેલ નથી કે જે તે કંપનીનું કોઈ શીલ કે સિકકો નથી.તેમજ તે દસ્તાવેજો કઈ તારીખે જનરેટ કરેલ છે તે બાબતે કોઈ ઉલ્લેખ નથી તેથી તેને આંક આપી શકાય નહી તેવું જણાવી આંકે આપવા સામે વાંધો જણાવેલ છે.

કોર્ટ તારણ:– આ કામે ત.ક. અધિકારીએ તપાસ દરમ્યાન આરોપીઓના મોબાઈલની કોલ ડીટેઈલ્સ મેળવવા માટે નોડલ ઓફીસર દ્વારા જે તે કંપની ને માહીતી પુરી પાડવા માટે પત્ર લખેલાનું અને તે પત્રના

આધારે જે તે કંપની એ માહીતી પુરી પાડેલાનું જણાઈ આવે છે તે કોલ ડીટેઈલ્સની સાથે જે તે કંપની પાસેથી ભારતીય પુરાવા ધારાની કલમ ૬૫બી અન્વયેનું સર્ટી. પણ મેળવેલ છે તેથી તે ઈલેકટ્રોનીક પુરાવાની નકલો હોવાથી અને કાયદા મુજબ જરૂરી સર્ટી. પણ મેળવેલ હોવાથી તેમને તપાસના કામે પત્રના આધારે તે વિગતો કંપની એ પુરી પાડેલ હોવાથી રજુ કરેલ દસ્તાવેજોને આંક આપવા યોગ્ય જણાય છે જેથી સદરહું દસ્તાવેજો અનુક્રમે રજુ દા. આંક– ૨૧૩ થી ૨૧૯

**(૨૭.૨૨)** મને નિ. ૯૯/૧ વાળું એરટેલ કંપની ધ્વારા ભારતીય પુરાવા ધારા ની કલમ ૬૫બી મુજબનું સર્ટી. મોકલી આપવા કરેલ પત્ર છે જે અમારા નોડલ ઓફીસરને મળેલ તે જ છે જે મેં તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દા. આંક–૨૨૦

**(૨૭.૨૩)** મને નિ. ૯૯/૨ વાળું એરટેલ કંપની ધ્વારા ભારતીય પુરાવા ધારા ની કલમ ૬૫બી મુજબનું સર્ટીફીકેટ મોકલી આપેલ જે મેં તપાસના કાગળોમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દા. આંક –૨૨૧

**(૨૭.૨૪)** મને નિ. ૯૯/૩ વાળું એરટેલ કંપનીનું નવું સીમ કાર્ડ મેળવવા આરોપીના પિતા અજિમ બેગે ભરેલ ફોર્મ તથા નિ. ૯૯/૪ વાળું તે ફોર્મ સાથે રજુ કરેલ અજિમ બેગના આધારકાર્ડની નકલ છે તે મેં તપાસ દરમ્યાન મેળવી તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દા. આંક–૨૨૨ તથા ૨૨૩

**(૨૭.૨૫)** મને નિ. ૯૯/૫ વાળું મોબાઈલ નં. ૭૩૦૪૭ ૮૮૮૬૩ ની તા. ૯/૧૦/૨૦૨૦ થી તા. ૧૧/૧૦/૨૦૨૦ સુધીની કોલ ડીટેઈલ છે જે મેં તપાસના કામે મેળવેલ તે જ છે.જે રજુ દા. આંક –૨૨૪

**(૨૭.૨૬)** મને નિ. ૯૯/૬ વાળું એરટેલ કંપનીનું સીમ કાર્ડ મેળવવા આરોપી ઈમરાન મલીકે ભરેલ ફોર્મ તથા નિ. ૯૯/૭ વાળી તે ફોર્મ સાથે રજુ કરેલ આધારકાર્ડની નકલ છે તે મેં તપાસ દરમ્યાન મેળવી તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દા. આંક –૨૨૫ તથા ૨૨૬

**(૨૭.૨૭)** મને નિ. ૯૯/૮ વાળું એરટેલ કંપનીનું સીમ કાર્ડ મેળવવા આરોપી નીતીન શિવાજી ચીકનેએ ભરેલ ફોર્મ છે તે મેં તપાસ દરમ્યાન મેળવી તપાસમાં સામેલ રાખેલ તે જ છે જે રજુ દા. આંક –૨૨૭

**(૨૭.૨૮)** મને નિ. ૯૯/૯ વાળી મોબાઈલ નં. ૭૭૭૦૦ ૯૧૦૦૩ ની તા. ૦૯/૧૦/૨૦૨૦ થી તા. ૧૧/૧૦/૨૦૨૦ સુધીની કોલ ડીટેઈલ છે જે મેં તપાસના કામે મેળવેલા તે જ છે.જે રજુ દા. આંક –૨૨૮

**(૨૭.૨૯)** મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૫૮ વાળો એક વિવો કંપનીનો મોબાઈલ ફોન બતાવવામાં આવે છે જે બે પંચોની હાજરીમાં આરોપી આરીફ અહેમદ પાસેથી પંચનામાની વિગતે કબજે કરેલ તે જ છે જે હું ઓળખી બતાવું છું.

**(૨૭.૩૦)** આરોપીઓ આજરોજ ઝુમ એપ્લીકેશન ધ્વારા જેલમાંથી વર્ચ્યુઅલ રીતે હાજર છે તે વિડીયો કોન્ફરન્સીંગથી બતાવતાં તેઓને જોઈને ઓળખી બતાવું છું. બચાવપક્ષે ઓળખ અંગે કોઈ તકરાર નથી. આરોપી ફહીમ વિરૂધ્ધ કલમ ૮૨ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે તે ફરાર છે જો હાજર હોય તો તેને ઓળખી શકું તેમ જણાવે છે. આરોપી સમીર અહેમદ શેખ તથા અબ્દુલ કયુમ વચગાળાના જામીન ઉપર મુકત છે તેને પણ સાહેદ જો આરોપી હાજર હોય તો ઓળખી શકું તેમ જણાવે છે. સમીર તથા અબ્દુલ કયુમની ઓળખ અંગે બચાવપક્ષે કોઈ તકરાર નથી.

**(૨૭.૩૧) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** તા. ૨૮/૧૧/૨૦૨૦ પહેલાં હું રજા ઉપર હતો કે કેમ તે મને યાદ નથી. કેસ ડાયરી જોઈને હું કહી શકું કે નહી તે બાબતે મને પુછતાં હું જણાવું છું કે કેસ ડાયરીમાં અમારી રજાઓ બાબતે ઉલ્લેખ કરતા ન હોવાથી કેસ ડાયરીમાં તેની નોંધ હોય નહી અને તે જોઈને પણ જણાવી શકું નહી. આ ગુનાની ફરીયાદ દાખલ થયેલાનું મને કયારે જાણવા મળેલ તે સમય ચોકકસ મને યાદ નથી. તા. ૨૮/૧૧/૨૦૨૦ પહેલાં હું રજા ઉપર હતો કે કેમ તે પણ મને હાલ ખબર નથી. ૨૦૨૦ માં મારા તાબા નીચે ઝાલા સાહેબ સિવાય અન્ય કોઈ

પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા કે કેમ તે મને યાદ નથી. આ કેસની તપાસ તા. ૨૮/૧૧/૨૦૨૦ પહેલાં શ્રી ઝાલા કરતા હતા તેની મને ખબર હતી. તે કયારથી તપાસ કરતા હતા તે ચોકકસ તારીખ હું કહી શકું નહી.

**(૨૭.૩૨)** એ વાત ખરી છે કે મને તપાસ મળ્યા બાદ આરોપીઓ ફહીમ, સમીર, તથા ઈમરાન વિરૂધ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. મને આ ગુનાની તપાસ મળી તે વખતે અગાઉ જે તપાસ થયેલ તેના કાગળો મળેલા. મને તા. ૨૮/૧૧/૨૦૨૦ ના પહેલાની શ્રી ઝાલાએ કરેલ તપાસના તમામ કાગળો તેમની ફેરીસ્ત સાથે મળેલા. ઉપરોકત ત્રણેય આરોપીઓ વિરુધ્ધના ચાર્જશીટ પહેલાની તપાસમાં એફ.એસ.એલ. માં સર્ટી. મેળવવા માટે મેં પત્ર પાઠવેલ તે સિવાય આ ત્રણ આરોપીઓ વિરૂધ્ધ મેં કોઈ વધુ તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા નહી હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

**(૨૭.૩૩)** એ વાત ખરી છે કે શ્રી ઝાલાની તપાસમાં આરોપીઓને અટક કરેલ તેના અટકાયત મેમા સિવાય અન્ય કોઈ આ ત્રણેય આરોપીઓને તેઓને અટક કરેલાના કારણો દર્શાવતો કોઈ કાગળ તપાસ દરમ્યાન મળેલ નથી. મેં શ્રી ઝાલાની આરોપીઓને અટકના કારણો જણાવેલ ન હોવા બાબતે તેઓની કોઈ સ્પષ્ટતા માંગેલ નથી. તેઓની કેમ સ્પષ્ટતા માંગેલ નહી તેવા સવાલના જવાબમાં જણાવું છું કે ૧૦ વર્ષની સજાની જોગવાઈ હોય તેથી મેં કોઈ સ્પષ્ટતા માંગેલ નહી. એ વાત ખરી છે કે અટકમેમોને જે સગાસંબંધીઓને ટેલીફોનીક જાણ કરેલ છે તેઓની રૂબરૂ જઈને તેઓને ખરેખર જાણ કરેલ છે કે કેમ તે બાબતે કોઈ પુછપરછ કરી હકીકત મેળવેલ નથી.

**(૨૭.૩૪)** મેં તા. ૧૩/૧૦/૨૦૨૦ થી તા. ૧૫/૧૦/૨૦૨૦ દરમ્યાન એ.ટી.એસ. કચેરીએ નીભાવવામાં આવતી સ્ટેશન ડાયરીની તપાસ કરેલ નહી કારણ કે તે મને જરૂરી જણાયેલ નહી. સાહેદ જણાવે છે કે ગુનો

પાલનપુરમાં બનેલ હોવાથી તેની કોઈ જરૂરીયાત નથી. મને તપાસના કાગળો ઉપર જાણવા મળેલ કે શ્રી સી.આર.જાદવનાઓએ તથા તેમની ટીમના સભ્યોએ તા. ૧૩/૧૦/૨૦ ના રોજ પાલનપુર ખાતે આવી રેડ કરેલ હતી અને તેઓ તા. ૧૪/૧૦/૨૦ ના રોજ પરત ગયેલા તેની જાણ થયેલી. મને એ હકીકત હાલ યાદ નથી કે તેઓએ ઉપરોકત ત્રણેય દિવસોની સ્ટેશન ડાયરીઓની નકલ આ ગુનાના કામે મોકલેલ હતી કે કેમ. એ વાત ખરી છે કે તેઓએ મોકલેલ હોય તો તે તપાસના કાગળોમાં હોય.

**(૨૭.૩૫)** એ વાત ખરી છે કે મેં અમદાવાદ એ.ટી.એસ. કચેરીએ જઈ ઉપરોકત ત્રણ દિવસ દરમ્યાન ફરજ બજાવનાર પી.એસ.ઓ. ના નિવેદનો નોંધેલ નથી. એ વાત ખરી છે કે મેં જાદવ સાહેબના કે અન્ય કોઈ અધિકારીના કે રેડીંગ પાર્ટીના કોઈ સભ્યોના રૂબરૂ જઈ કોઈ નિવેદન લીધેલ નથી. મેં એસ.ઓ.જી. કચેરીના રેડમાં ગયેલા પોલીસ કર્મચારીઓના નિવેદનો લીધેલ નથી.

**(૨૭.૩૬)** એ વાત ખરી નથી કે મને તપાસમાં એવું જાણવા મળેલ કે આરોપી ફહીમ બેગની ગાડીમાં પેસેન્જરો હતા તેમની પાસેથી કહેવાતો મુદ્દામાલ મળેલ હોવાનું તેમજ અમીરગઢ ચેકપોસ્ટના પોલીસ કર્મચારીઓએ મોટી રકમ મેળવી તે પેસેન્જરો ને જવા દીધેલાનું તેમજ તે પેસેન્જરો પાસેથી મળેલ મુદ્દામાલ જથ્થો અમીરગઢ ચેકપોસ્ટના કર્મચારીઓએ ચેકપોસ્ટમાં છુપાવેલાનું મને જાણવા મળેલ. એ વાત ખરી નથી કે સદરહું હકીકતની જાણ અમારી એસ.ઓ.જી. કચેરીએ થયેલી. એ વાત ખરી નથી કે આરોપી ફહીમ બેગ તથા સમીરને અમીરગઢ ચેકપોસ્ટ ઉપરથી મુકત કર્યા બાદ અમારા એસ.ઓ.જી. ઓફીસના કર્મચારીઓએ રસ્તામાં અટકાવેલાનું તેમજ તેઓને માર મારેલાની તેમજ એસ.ઓ.જી. કચેરીમાં લાવીને ગાંધી રાખેલાની પણ મને જાણ થયેલી. એ વાત ખરી નથી કે અમીરગઢ તથા એસ.ઓ.જી. કચેરીના પોલીસ કર્મચારીઓના બચાવ સારૂ એ.ટી.એસ. કચેરીના જાદવ સાહેબને જાણ કરેલાની હકીકત પણ મને જાણવા મળેલી. એ વાત ખરી નથી

કે એ.ટી.એસ. કચેરીના જાદવ સાહેબ વિગેરેએ એસ.ઓ.જી. કચેરી પાલનપુર ખાતે આવી કર્મચારીઓના સાથ સહકારથી મહાકાલ હોટલ ઉપર ગયેલાનું અને અમીરગઢ ચેક પોસ્ટ ઉપર જઈ જાદવ સાહેબ વિગેરેએ ત્યાં છુપાવી રાખેલ ચરસનો જથ્થો એક થેલામાં ભરીને મહાકાલ હોટલ આગળ લાવેલાનું તેમજ બંને જણાના કબજામાંથી આ ચરસનો જથ્થો મળી આવેલ હોવાનું રેકર્ડ ઉપર ખોટું બતાવી ખોટો કેસ કરેલ હોવાનું પણ મને જાણવા મળેલ. એ વાત ખરી નથી કે તેથી જ મેં મારી ઓફીસમાં રેકર્ડેથી ટેલીફોન રજીસ્ટ્રર તેમજ નોકરી રજીસ્ટ્રર તેમજ ગાડીના ડી–ફોર્મ વિગેરે રેકર્ડ કબજે લેવાનું ટાળેલ છે. એ વાત ખરી નથી કે ખોટો કેસ કરેલ હોવાથી અને તે મુજબ શ્રી ઝાલાએ ખોટી તપાસ કરેલ હોવાની હકીકત હું જાણતો હોવા છતાં હકીકત જાણતાં મેં સદરહું ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ કોઈ વધુ તપાસ કરેલ નથી.

**(૨૭.૩૭)** અમારી એસ.ઓ.જી. કચેરીમાં આવક જાવક રજીસ્ટ્રર નિભાવવામાં આવે છે પરંતુ એક જ આવક જાવક રજીસ્ટ્રર નિભાવવામાં આવે છે કે કેમ તે હું ચોકકસ કહી શકું નહી. એ વાત ખરી નથી કે શ્રી ઝાલા સાહેબે ખોટી તપાસ કરેલ હોવાથી તેઓએ ૧૦૦/૨૦૨૦ નંબરના જાવકથી પત્રવ્યવહાર કરેલ હોવાનું જાણવા મળેલ. મને આંક–૧૫૪ બતાવવામાં આવે છે જે તે શ્રી ઝાલાએ પી.એસ.આઈ. શ્રી પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનને લખેલ પત્ર છે તેમાં એસ.ઓ.જી. જાવક નંબર ૧૦૦/૨૦૨૦, તા. ૧૪/૧૦/૨૦૨૦ છે. મને આંક–૧૫૩ વાળી રવાનગી નોંધ તથા આંક–૧૫૨ વાળો નોડલ ઓફીસરને લખેલ પત્ર બતાવવામાં આવે છે તેમાં શ્રી ઝાલાની સહીઓ છે તેના અનુક્રમે જાવક નં. ૫૮૦ તથા ૫૮૧ લખેલ છે.

**(૨૭.૩૮)** એ વાત ખરી છે કે તા. ૧૫/૧૨/૨૦૨૦ ના રોજ ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ તેની સાથે મુદ્દામાલ પાવતી નામ. કોર્ટમાં મોકલી આપેલ. એ વાત ખરી છે કે આરોપી નં. ૧ તથા ૨ ના મુદ્દામાલ તરીકે કબજે લીધેલ મોબાઈલ શીલબંધ ડબ્બામાં હોવાનું મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ છે. અત્યારે હું કહી શકું નહી કે તપાસમાં મળેલ પંચનામામાં

ઉપરોકત આરોપીઓ પાસેથી કબજે લીધેલ મોબાઈલ તેને ડબ્બામાં શીલ કરેલાનો ઉલ્લેખ છે કે કેમ. એ હકીકત પણ જણાવા મળેલ નથી કે આરોપી નં. ૩ ઈમરાનનો મોબાઈલ પંચનામા દરમ્યાન શીલબંધ રીતે કબજે લેવાનું કે આ કેસના કામે રજુ કરેલાનો ઉલ્લેખ કરેલ કે કેમ.

**(૨૭.૩૯)** એવું જરૂરી નથી કે કોઈ પણ મોબાઈલને નરી આંખે બહારની બાજુથી જોતાં તેના 1 આઈ.એમ.ઈ.આઈ. નંબર કે મોબાઈલ નંબરની માહીતી મળી શકે નહી. એ વાત ખરી નથી કે હું સાચી હકીકત જાણતો હોવા છતાં ખોટો ખુલાસો કરું છું. એ વાત ખરી છે કે આ ગુનાના કામે કોઈ પણ મુદ્દામાલ મોબાઈલ એફ.એસ.એલ. માં તેની અંદરની ચકાસણી માટે મોકલવામાં આવેલ નથી.

**(૨૭.૪૦)** એ વાત ખરી છે કે હું જાતે આ ગુના સંબંધે લુધીયાણા, જમ્મુ કશ્મીર વિગેરે સ્થળોએ તપાસ કરવા ગયેલ નથી.

**(૨૭.૪૧)** એ વાત ખરી છે કે મોબાઈલ બંધ સ્થિતીમાં હોય ત્યારે તેનો આઈ.એમ.ઈ.આઈ. નંબર સ્કીન ઉપર જોઈ શકાય નહી. એ વાત હું ચોકકસ કહી શકુ નહી કે મોબાઈલનો આઈ.એમ.ઈ.આઈ. નંબર કોડ દ્વારા જ જાણી શકાય. એ વાત ખરી છે કે મોબાઈલ ચાલુ કરીને સ્ક્રીન ઉપર *#06# નંબરો નાંખીને જાણીને શકાય છે. એ વાત ખરી નથી કે મોબાઈલ ચાલુ હાલતમાં હોય ત્યારે *#06# નંબરો નાખ્યા સિવાય આઈ.એમ.ઈ.આઈ. નંબર જાણી શકાય નહી. એ વાત ખરી છે કે માત્ર સીમ કાર્ડ નંબર જોવાથી મોબાઈલ નંબર જાણી શકાય નહી. એ વાત હું ચોકકસ જણાવી શકુ નહી કે જયા સુધી કોઈ નંબર ડાયલ ન કરે અથવા અન્ય ફોન ઉપર ફોન ન કરે ત્યા સુધી તે મોબાઈલનો નંબર જાણી શકાય નહીં. એ વાત ખરી નથી કે હું ઈરાદા પુર્વક સાચો જવાબ આપવાનું ટાળું છું.

**(૨૭.૪૨)** એ વાત ખરી છે કે તા. ૦૬/૦૨/૨૦૨૧ ના રોજ આરોપી અબ્દુલ કયુમ લોનને શ્રી ઝાલા સાહેબે મને સોપ્યો ત્યારે તેનુ ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, બેન્ક પાસબુકની નકલ, વ્હોટસએપ મેસેજની હાર્ડ

કોપી મને આપેલી નહી. સદરહું આંક–૧૯૯, ૨૦૩, ૨૦૪ તથા ૨૦૫ વાળા દસ્તાવેજોની પ્રિન્ટ કોણે કઢાવી તે વ્યકિતનુ નામ મને યાદ નથી. મારા સ્ટાફ માંથી કોઈ કર્મચારીએ કઢાવેલી. એ વાત ખરી છે કે આંક–૧૯૯ વાળી આધાર કાર્ડની ઝેરોક્ષ આરોપી પાસેથી કબજે લીધેલી નથી. એ વાત ખરી નથી કે આંક–૧૩૯ વાળુ પંચનામુ મે તથા ઝાલા સાહેબે તૈયાર કરી પાછળથી પંચોની સહીઓ મેળવેલી છે.

**(૨૭.૪૩)** મને આંક–૨૧૦ બતાવવામાં આવે છે તે જોઈને જણાવું છું કે, જે એફ.એસ.એલ. ના પત્રમાં નીચે રીપોર્ટ મળ્યા બાબતે રાઈટર હેડની સહી છે તથા તા. ૧૯/૧/૨૧ ની લખેલી છે. આ રીપોર્ટ મને કયારે મળેલો તે મને અત્યારે યાદ નથી. મને તપાસ દરમિયાન આંક–૨૧૦ ના કોલમ ૪ માં લખાવ્યા મુજબના સીલ તથા પંચનામુ રાઈટર હેડ પાસેથી મળેલા કેમ તે મને અત્યારે યાદ નથી. એ વાત ખરી નથી કે એફ.એસ.એલ. માંથી સીલ તથા પંચનામુ આવેલ પરંતુ મળેલ સીલ કુલ–૧૭ સેમ્પલના સીલ પરત મળેલાં પરંતુ ફરીયાદ પક્ષના કેસની હકિકતથી વિપરીત હોય મુદ્દામાલમાં રજુ કરાવેલ નથી કે નામ. કોર્ટમાં રજુ કરાવેલ નથી.

**(૨૭.૩૧)** એ વાત ખરી છે કે મે એ.ટી.એસ.ના પોલીસ કર્મચારી જયદેવસિંહ ઈશ્વરસિંહ ચાવડાનું એ.ટી.એસ. કચેરી તરફથી આવેલા દસ્તાવેજો બતાવી તેઓનુ નિવેદન નોંધેલ નથી.

**(૨૭.૪૪)** એ વાત ખરી છે કે ઈન્વેન્ટરી બાદ બાકી વધેલો કબજે લેવાયેલ મુદ્દામાલ તથા સેમ્પલો જજ સાહેબશ્રીની રૂબરૂ ઈન્વેન્ટરી થયા બાદ જે તે પોલીસ સ્ટેશનમાં રાઈટર હેડ સમક્ષ પરત જાય છે.

**(૨૭.૪૫)** મુદ્દામાલ સ્થળ ઉપર કબજે લીધેલો ત્યારે જે પંચોની સ્લિપો મુદ્દામાલમાં રાખવામાં આવેલી ત્યારબાદ તે મુદ્દામાલ ઈન્વેન્ટરી માટે મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ રજુ થયેલ અને બાકી વધેલો મુદ્દામાલ તથા સેમ્પલો જે તે પોલીસ સ્ટેશનના રાઈટર હેડ સમક્ષ પરત આવેલ તે પંચ સ્લિપો જે મુદ્દામાલ કબજે કરતી વખતે મુકવામાં આવેલી તે પંચ સ્લિપો

બાબતે મે તપાસ કરેલી કે કેમ તે મને અત્યારે યાદ નથી. એ વાત ખરી છે કે આ બાબતે તપાસ કરવા માટે પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને પત્ર પાઠવવો પડે છે. એ વાત ખરી છે કે થાણા અધિકારીને જો કોઈ પત્ર કરેલો હોય તે પત્ર તપાસના કાગળોમાં સામેલ રાખેલ હોય છે.

સવાલ:– તમે જો પંચ સ્લિપો બાબતે તપાસ કરેલ હોય અને થાણા અધિકારીને એવો કોઈ પત્ર કરેલ હોય તો તે પત્ર તપાસના કામે સામેલ રાખેલ હોય તેમ જણાવેલ છે તેથી તમે આ બાબતે કોઈ તપાસ કરેલી નથી કે થાણા અધિકારીને એવો કોઈ પત્ર લખેલ નથી તે બાબતે તમારે શું કહેવું છે? જવાબ:– તા. ૦૯/૦૩/૨૧ પછી અમોએ ઉપરોકત બાબતે કોઈ કાર્યવાહી કરેલી નથી.

**(૨૭.૪૬)** તા. ૦૯/૦૩/૨૦૨૧ પછી ગુનાની તપાસ કોને સોંપેલી તે મને યાદ નથી. આ કામે ચાર્જશીટ થયા બાદ જે આરોપી વોન્ટેડ હતો તેની તપાસ મારા બાદ મારો ચાર્જ લેનાર અધિકારીને સોંપવામાં આવેલ.

**(૨૭.૪૭)** એ વાત ખરી છે કે ઈન્વેન્ટરી થઈ ગયા બાદ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી પાસેથી વધેલા મુદ્દામાલ નાશ કરવાની પરવાનગી મેજીસ્ટ્રેટ સાહેબશ્રી પાસેથી મળ્યા બાદ તેનો નાશ કરવામાં આવે છે. તે મુદ્દામાલનો નાશ એન.સી.બી. ની ગાઈડ લાઈન મુજબ કરવામાં આવે છે. એન.ડી. પી.એસ. નો મુદ્દામાલ નાશ કરવા માટે કમીટીની રચના કરવામાં આવે છે. નાશ કરવામાં આવતો હોય તે મુદ્દામાલનું રોજકામ તથા પંચનામું કરવામાં આવે છે. હું આંક–૯૮ જોઈને જણાવું છું કે તે કાર્યવાહીની કમીટીમાં હું સભ્ય હતો અને સભ્ય તરીકે મારી પણ સહી છે. જે એન.ડી.પી.એસ. નો મુદ્દામાલ નાશ કરવામાં આવેલો તે મુદ્દામાલ નાશ અંગેનું સર્ટીફીકેટ તૈયાર કરવામાં આવે છે. એ વાત ખરી છે કે આ ગુનામાં ઈન્વેન્ટરી બાદનો મુદ્દામાલ માર્ક એ.૪ થી કયુ.૪ તથા એફ.એસ.એલ.સેમ્પલ માર્ક એ.૧ થી કયુ.૧ તથા રીઝર્વ સેમ્પલ એ.૨ થી કયુ. ૨ બીજા પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. ના મુદ્દામાલ ભેગા કરી નાશ કરવામાં આવેલો. મુદ્દામાલ

નાશ કરતા પહેલાં નાશ કરવામાં આવતા મુદ્દામાલની રેકર્ડ સાથે ચકાસણી કરવામાં આવે છે. એ વાત ખરી છે કે આંક–૯૮ માં પંચ સ્લિપો બાબતનો કોઈ ઉલ્લેખ કરેલો નથી.

**(૨૭.૪૮)** એ વાત ખરી નથી કે મેં કોઈ તટસ્થ તપાસ કરેલી નથી. એ વાત ખરી નથી કે પોલીસ કર્મચારીઓને બચાવવા સારૂ ખોટી તપાસ કરેલી છે. એ વાત ખરી નથી કે કેસને અનુરૂપ ખોટી જુબાની આપુ છું.

**(૨૭.૪૯) આરોપી નં. ૩ તરફે ઉપરોકત ઉલટતપાસ એડોપ્ટ કરેલ છે.**

**(૨૭. ૫૦)** વધુમાં ઉલટ તપાસ કરેલ છે કે, એ વાત ખરી છે કે આરોપી નં. ૩ પાસેથી કબજે બતાવેલો મોબાઈલ મુદ્દામાલ આર્ટી. નં. ૫૬ નુ બીલ બોક્ષ કે મોબાઈલની માલીકી દર્શાવતો કોઈ દસ્તાવેજ કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે આર્ટી. નં. ૫૬ વાળો મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ મોબાઈલ પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલો હોય તેવું બનેલુ નથી.

**(૨૭.૫૧)** એ વાત ખરી છે કે આ કામે જે સી.ડી.આર. જે કબજે લીધેલ છે તે ટેલીકોમ કં પનીના અધિકારીના કોઈ નિવેદન આ કામે નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે સી.ડી.આર.જનરેટ કોણે કર્યો તેનુ મે કોઈ નિવેદન નોંધેલુ નથી.

સવાલ:– સી.ડી.આર. જ્યારે પ્રથમ વખત જનરેટ કર્યા ત્યારે તેની જે હેશવેલ્યુ હતી અને પ્રિન્ટ આઉટ રજુ કરી તેની હેશવેલ્યુ એકજ હતી તે બાબતે તમે કોઈ તપાસ કરેલી નથી તે બાબતે તમારે શુ કહેવું છે?

જવાબ:– સી.ડી.આર. જે કંપની તરફથી મોકલવામાં આવે તે ઈ.મેઈલ મારફતે મોકલવમાં આવે છે. હેશવેલ્યુ એ ઓડીયો તથા વિડીયો ફાઈલની હોય છે. પ્રિન્ટ આઉટની કોઈ હેશવેલ્યુ હોતી નથી.

**(૨૭.૫૨)** હેશવેલ્યુ શુ હોય છે. તેની મને કોઈ ટેકનિકલ માહીતી નથી.

સવાલ:– માંગેલ સી.ડી.આર. કઈ તારીખે જનરેટ થયાં તે તમો જણાવી શકો?

જવાબ:– માંગેલ સી.ડી.આર. કઈ તારીખે જનરેટ થયા તે બાબતે હું જણાવી શકુ નહી. જે તે કંપનીના નોડલ ઓફીસર જણાવી શકે.

સવાલ:– ટેલીકોમ કંપનીના જે કોમ્પ્યુટરમાં જે સી.ડી.આર.જનરેટ કરવામાં આવેલા તે સમયે તે કોમ્પ્યુટરનુ મોડલ નંબર, ટ્રેડનેમ, મેન્યુફેકચરીંગ ડેટ, કંપનીએ કંઈ તારીખથી ઉપયોગમાં લીધેલુ તથા તે વખતે સી.ડી.આર.જનરેટ કરેલ તે સમયે તેની હાર્ડવેર તથા સોફટવેર કંડીશન કેવી હતી તેની કોઈ તપાસ કરવામાં આવેલી કે નહીં તે બાબતે તમારે શું કહેવું છે ?

જવાબ:– ઉપરોકત એન.ડી.પી.એસ. જેવા ગુનાની તપાસોમાં જે તે કંપનીના નોડલ ઓફીસર તરફથી આપવામાં આવતી સી.ડી.આર. ડીટેલ મહત્વની હોય છે. તે સી.ડી.આર. કંપનીના કયા કોમ્પ્યુટર માંથી જનરેટ કરવામાં આવેલ હોય છે તેમજ તે કંપનીના હાર્ડવેર તથા સોફટવેર કંડીશન કેવી હતી તે તપાસના કામે જરૂરી ન હોય તે બાબતે તપાસ કરેલી નથી.

**(૨૭.૫૩)** એ વાત ખરી છે કે સી.ડી.આર. લીધા ત્યારે સી.ડી.આર. જનરેટ કરનાર ઓપરેટર તથા તેના ઈન્ચાર્જ અધિકારી કોણ હતા તે બાબતે તપાસ કરી નિવેદન નોંધેલ નથી.

**(૨૭.૫૪)** એ વાત ખરી છે કે આંક–૨૨૭ માં ઈશ્યુ કરનાર ઓથોરાઈઝડ પર્સનની સહી ઈશ્યુઈંગ ઓથોરીટી વાળા કોલમમાં તેની સહી કે સીકકો નથી. સાહેદ જણાવે છે કે આંક–૨૨૭ વાળા ફોર્મની નીચે ઓથોરાઈઝડ પર્સનના સહી તથા સીકકો કરેલા છે.

સવાલ:–આંક–૨૨૭ માં જે સીકકો મારેલો છે તે વ્યકિતનુ કોઈ નિવેદન લઈ ખરાઈ કરવામાં આવેલી નથી તે બાબતે તમો શું કહેવા માંગો છો?

જવાબ:–આંક–૨૨૭ એ એરટેલ કંપનીના અધિકૃત નોડલ ઓફીસરશ્રીએ આ મોબાઈલ નંબર કયા વ્યકિતને ઈશ્યુ કરવામાં આવેલ તે બાબતનુ સી.એ.એફ. (કસ્ટમર એપ્લીકેશન ફોર્મ) તે ઈસમના ફોટોગ્રાફ તેમજ આધાર નંબર સાથે અમોને પુરુ પાડેલુ હોય ફોર્મમાં સિકકો મારેલ એજન્સીના જવાબની તપાસના કામે કોઈ જરૂરીયાત જણાયેલ નહી તેથી તેમનુ નિવેદન

નોંધેલુ નથી.

**(૨૭.૫૫)** એ વાત ખરી નથી કે મે આ બાબતે એટલા માટે ખરાઈ કે તપાસ કરેલી નથી કે આરોપી વિરુધ્ધ કોઈ પુરાવો મળી આવેલ ન હતો. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં નામ. કોર્ટમાં આરોપીની કેસમાં ખોટી સંડોવણી કરવામાં આવેલી છે.

**(૨૭.૫૬) આરોપીઓ નં. ૪ અને ૫ તરફે ઉપરોકત ઉલટ તપાસ એડોપ્ટ કરેલ છે.**

**(૨૭.૫૭)** વધુમાં ઉલટ તપાસમાં પુછેલ છે કે, એ વાત ખરી છે કે આંક–૧૩૯ વાળા પંચનામામાં આંક–૧૯૯, ૨૦૩, ૨૦૪ તથા ૨૦૫ વાળા દસ્તાવેજોનો ઉલ્લેખ નથી. એ વાત ખરી છે કે આંક–૧૯૯, ૨૦૩, ૨૦૪ તથા ૨૦૫ વાળા દસ્તાવેજોમાં મારી કે પંચોની સહીઓ નથી. એ વાત ખરી છે કે આંક–૧૯૯, ૨૦૩, ૨૦૪ તથા ૨૦૫ વાળા દસ્તાવેજોનુ અલગથી કોઈ સીઝર લીસ્ટ બનાવેલું નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ તરીકે કબજે કરેલ આર્ટી. નં. ૫૮ વાળો આરીફ પાસેથી કબજે કરેલો મોબાઈલ તપાસ અર્થે એફ.એસ.એલ. માં મોકલેલ નથી. એ વાત ખરી છે કે આંક–૧૩૯ વાળા પંચનામા દરમિયાન કબજે કરેલ મોબાઈલ કોની માલીકીનો છે તે નકકી કરવા તેના કોઈ બીલ કે દસ્તાવેજો કબજે કરેલ નથી.

**(૨૭.૫૮)** એ વાત ખરી છે કે ઈનબીલ્ટ બેટરી વાળા મોબાઈલની સ્કીન ચાલુ કર્યા સિવાય તે મોબાઈલનો આઈ.એમ.ઈ.આઈ. નંબર જોઈ શકાય નહી.

**(૨૭.૫૯)** એ વાત ખરી છે કે આંક–૧૩૯ વાળા પંચનામામાં જે મોબાઈલ નંબર દર્શાવેલ છે તે મોબાઈલ નંબર કોના નામે રજીસ્ટર થયેલો છે તે બાબતે કોઈ તપાસ કરેલી નથી.

**(૨૭.૬૦)** એ વાત ખરી છે કે આરોપીની અટક કર્યા બાદ તેના અટક મેમા સિવાય તેની ધરપકડ ના કારણો લેખિતમાં આપેલા હોય તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીની ખોટી રીતે અટક

કરી ખોટી રીતે સંડોવણી કરેલી છે. એ વાત ખરી નથી કે હું કહું છું તેવા કોઈ પંચનામા દરમિયાન આરોપી પાસેથી કોઈ મોબાઈલ કે કોઈ દસ્તાવેજો કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે હું સરતપાસમાં જણાવું છું તે રીતે આરોપીના મોબાઈલની કોઈ કોલ ડીટેલ મેળવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને એક બીજાની સાથે સાંકળવા ખોટા પુરાવા ઉભા કરેલ છે. એ વાત ખરી નથી કે હું સરતપાસમાં જણાવું છું તેવી કોઈ તપાસ મે આ કામે કરેલ નથી.

**(૨૮)** તદઉપરાંત ફરીયાદપક્ષ તરફે આંક– ૨૩૩ થી સાહેદ નં. ૧૨ ત.ક.અ. જયપાલસિંહ જીલુભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,

**(૨૮.૧)** તા. ૨૭/૦૧/૨૦૨૩ ના રોજ હું પો.સબ.ઈન્સ. તરીકે પાલનપુર તાલુકા પો.સ્ટે. ખાતે મારી ફરજ બજાવતો હતો તે દરમિયાન પા.તા. પો.સ્ટે. ગુ.ર.નં. ૭૧૪/૨૦૨૦, એન.ડી.પી.એસ. એકટની કલમ– ૮(સી) વિ મુજબના ગુનાના કામના આરોપી અબ્દુલ કયુમ ઉર્ફે મુનાવર ઉર્ફે નટવર અકબર શેખ, રહે . પ્લોટ નં. ૧, શાસ્ત્રી નગર, સમીર બસસ્ટેન્ડની બાજુમાં, બાન્દ્રા, મુંબઈ વાળાઓને પી.એસ.આઈ. જી.આર. ભરવાડ, કાઈમ બ્રાંચ અમદાવાદ વાળાઓએ તા. ૨૭/૧/૨૩ ના રોજ કલાક–૧૭:૩૦ વાગ્યે ડી.સી.બી.પો.સ્ટે. સ્ટે. .૦૭/૨૩, સી.આર.પી.સી.કલમ – ૪૧(૧) (એ) મુજબ પકડી બે પંચોની હાજરીમાં તેની શરીરસ્થિતીનુ પંચનામુ કરી પાલનપુર તાલુકા પો.સ્ટે. ટેલીફોનીક વર્ધી લખાવી જાણ કરેલ.

**(૨૮.૨)** ત્યારબાદ પા.તા. પો.સ્ટે. ના પોલીસ કર્મીઓ દ્વારા અમદાવાદ કાઈમ બ્રાંચ ખાતેથી આરોપીને પા.તા. પો.સ્ટે. લાવી પી.એસ.ઓ. દ્વારા અમોને તપાસ સંભાળી લેવાનું કહેતાં અમોએ તપાસ સંભાળી લઈ આરોપીનો કબજો સંભાળેલ તથા અમદાવાદ ક્રાઈમ બ્રાંચ માંથી આવેલ સાધનીક કાગળો મેળવેલ.

**(૨૮.૩)** ત્યારબાદ તા. ૨૮/૧/૨૩ ના રોજ કલાક–૧૨:૦૦ વાગ્યે આરોપીની ધોરણસર અટક કરેલ.

**(૨૮.૪)** આરોપીની પુછપરછ કરી તેનુ નિવેદન લખી લીધેલુ. ત્યારબાદ તા. ૨૯/૧/૨૦૨૩ ના રોજ નામ. કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવેલા. ત્યારબાદ અમોને થરા ખાતેનો બંદોબસ્ત હોવાથી પી.આઈ. સાહેબશ્રીની સુચના મુજબ આગળની તપાસ તથા આરોપીની કસ્ટડી બીટ જમાદાર પ્રવિણભાઈ નાઓને સોંપેલી.

**(૨૮.૫)** ત્યારબાદ તા. ૭/૨/૨૦૨૩ ના રોજ બીટ જમાદાર પ્રવિણભાઈ પાસેથી આ ગુનાની તપાસ અમોએ સંભાળેલી. મને મળેલા તેમજ આ ગુનાને લગતી અગાઉ થયેલ તપાસના કાગળો ધ્યાને લીધેલા.

**(૨૮.૬)** ત્યારબાદ તા. ૨૩/૩/૨૩ ના રોજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાઓ હોય તેમની વિરુધ્ધ અદાલતમાં ચાર્જશીટ કરેલુ.

**(૨૮.૭)** મને નિ. ૫/૧ વાળો રીપોર્ટ બતાવવામાં આવે છે જે પો.સબ.ઈ. ક્રાઈમ બ્રાંચ શ્રી જી.આર.ભરવાડનાઓએ ચાર્જ અમલદાર શ્રી અમદાવાદ ડી.સી.બી.પોલીસ સ્ટેશન અમદાવાદ શહેરને આરોપી મળી આવ્યા બાદ કરેલ રીપોર્ટ છે જે આરોપીની કસ્ટડીની સાથે મને મળેલ તે તે જ છે. જેને આ કામે રજુ દાખલ આંક–૨૩૪ આપવામાં આવે છે.

**(૨૮.૮)** મને નિ. ૫/૨ વાળુ પંચનામું બતાવવામાં આવે છે જે પો.સબ.ઈ. ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શ્રી જી.આર.ભરવાડનાઓએ બે પંચોની હાજરીમાં આરોપી અબ્દુલ કયુમ શેખનુ શરીરસ્થિતીનુ કરેલ પંચનામુ છે. જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે તેઓની સહી છે. જે આરોપીની કસ્ટડીની સાથે મને કાગળો મળેલ તેમાં પંચનામુ હતુ તે તે જ છે. જેને આ કામે રજુ દાખલ આંક–૨૩૫ આપવામાં આવે છે.

**(૨૮.૯)** મને નિ. ૫/૩ વાળી ટેલીફોન વર્ધી બતાવવામાં આવે છે જે પો.સબ.ઈ. ક્રાઈમ બ્રાંચ અમદાવાદ દ્વારા પા.તા. પો.સ્ટે. ને આ ગુનાના આરોપી મળી આવ્યા અંગેની વર્ધી નોંધાવેલ જે આરોપીની કસ્ટડીની સાથે

મને મળેલ તે જ છે. જેને આ કામે રજુ દાખલ આં ક–૨૩૬ આપવામાં આવે છે.

**(૨૮.૧૦)** મને નિ. ૫/૪ વાળુ આરોપીની આધારકાર્ડની ઝેરોક્ષ નકલ મને બતાવવામાં આવે છે. જે આરોપીની કસ્ટડીની સાથે મને મળેલ તે જ છે. જેને આ કામે રજુ દાખલ આંક–૨૩૭ આપવામાં આવે છે.

**(૨૮.૧૧)** મને નિ.૫/૫ વાળા આરોપીના પાનકાર્ડની ઝેરોક્ષ નકલ મને બતાવવામાં આવે છે. જે આરોપીની કસ્ટડીની સાથે મને મળેલ તે જ છે. જેને આ કામે રજુ દાખલ આં ક–૨૩૮ આપવામાં આવે છે.

**(૨૮.૧૨)** આરોપીઓ આજરોજ ઝુમ એપ્લીકેશન ધ્વારા જેલમાંથી વર્ચ્યુઅલ રીતે હાજર છે. આરોપી અબ્દુલ કયુમ વચગાળાના જામીન ઉપર મુકત છે તેને પણ સાહેદ જો આરોપી હાજર હોય તો ઓળખી શકું તેમ જણાવે છે. અબ્દુલ કયુમની ઓળખ અં ગે બચાવપક્ષે કોઈ તકરાર નથી.

**(૨૮.૧૩)** એન. ડી. પી. એસ. કેસ નં. ૧૦–૨૦ ના આરોપી નં. ૨ તરફે ઉલટતપાસ નથી.

**(૨૮.૧૪)** એન. ડી. પી. એસ. કેસ નં. ૧૦–૨૦ ના આરોપી નં. ૩ તરફે ઉલટતપાસ નથી.

**(૨૮.૧૫)** એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨–૨૧ ના આરોપી તરફે ઉલટતપાસ નથી.

**(૨૮.૧૬)** એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨–૨૩ ના આરોપી તરફે ઉલટતપાસ પ્રોક્ષી વકીલ દ્રારા કરવામાં આવેલ છે.

**(૨૮.૧૭) બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ કે,** એ વાત ખરી છે કે આરોપી અબ્દુલ કયુમને અમદાવાદથી લાવી મને તપાસ સોંપેલી તે અંગેનો કોઈ લેખિત તપાસ કરવા બાબતનો રીપોર્ટ મળેલ નથી.

**(૨૮.૧૮)** એ વાત ખરી છે કે અમદાવાદ કાઈમ બ્રાંચ તરફથી જે કાગળો મળેલા તે સાથે કોઈ ફેરીસ્ટ મળેલી નહી.

**(૨૮.૧૯)** એ વાત ખરી છે કે આંક–૨૩૪ વાળો રીપોર્ટ પા.તા.

પો.સ્ટે.ને. મળેલ હોય તેવો તેમાં કોઈ શેરો જણાય આવતો નથી.

**(૨૮.૨૦)** એ વાત ખરી છે કે મને જે કાઈમ બ્રાંચ તરફથી જે કાગળો મળેલા તેમાં પો.કો. ભાવેશભાઈ તથા હેડ.કો. હિતેન્દ્રસિંહને મળેલ બાતમી સંદર્ભેનુ અલગથી કોઈ રેકર્ડ મળેલ નહી.

**(૨૮.૨૧)** એ વાત ખરી છે કે આંક–૨૩૫ વાળુ પંચનામુ મારી રૂબરૂ થયેલુ નથી. એ વાત ખરી છે કે મે આંક–૨૩૫ વાળા પંચનામાના પંચોનુ કોઈ નિવેદન નોંધેલુ નથી. એ વાત ખરી છે કે આંક–૨૩૫ વાળુ પંચનામું પી.એસ.આઈ. શ્રી જી.આર.ભરવાડ રૂબરૂનુ છે તેમનુ પણ મે નિવેદન નોંધેલુ નથી.

**(૨૮.૨૨)** એ વાત ખરી છે કે આંક–૨૩૬ વાળી ટેલીફોન વર્ધીમાં કયા પી.એસ.ઓ. ની સહી છે તે હું હાલ કહીં શકુ નહી. એ વાત ખરી છે કે આંક–૨૩૬ વાળા જે કોઈ પી.એસ.ઓ. હોય તેમનુ તપાસ સમયે કોઈ નિવેદન નોંધેલુ નથી.

**(૨૮.૨૩)** એ વાત ખરી નથી કે આંક–૨૩૭ તથા આંક–૨૩૮ વાળા આધાર કાર્ડ તથા પાનકાર્ડ પા.તા.પો.સ્ટે. ખાતે આરોપીને લાવ્યા બાદ કબજે કરેલા.

**(૨૮.૨૪)** એ વાત ખરી નથી કે મારી તપાસમાં આરોપી અબ્દુલ કયુમને તેના ઘરેથી પકડી લાવેલા તેવુ મારી તપાસમાં ખુલેલુ. એ વાત ખરી નથી કે આરોપી અબ્દુલ કયુમને પંચનામામાં જણાવ્યા મુજબ કબુલાતના નિવેદનના આધારે ખોટી રીતે અટક કરેલ છે.

**(૨૮.૨૫)** એ વાત ખરી છે કે પા.તા.પો.સ્ટે. ખાતે આરોપીને લાવ્યા બાદ આરોપીની શરીરસ્થિતીનું પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતા પુરાવાઓ ના હોય તેમની વિરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

**(૨૯)** હવે ઉપરોકત મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઈ મુદ્દા નં. ૨ ની હકિકતો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે કે કેમ ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવેતો, હાલના કામે

કબજે કરવામાં આવેલ ગેરકાયદેસરનો જથ્થો હાલના કામના આરોપી નં. ૧ અને ૨ ના કબજા ભોગવટા વાળી મારૂતી વેગનઆર કાર નં. એમએચ. ૦૪. એચએન. ૫૦૭૧ માંથી કબજે કરવામાં આવેલ હતો તેવુ ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે. સદર બાબતે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેતો, ફરીયાદી પો. ઈન્સ. શ્રી એમ. એસ. ત્રીવેદીને આંક – ૯૧ થી તથા જેઓને હાલના કામની બાતમી મળેલ તેવા પો. ઈન્સ. શ્રી સી.આર.જાદવનાઓને આંક–૧૧૧ થી તપાસવામાં આવેલ છે. તેઓની સરતપાસ જોવામાં આવેતો હાલના આરોપીઓ નં. ૧ અને ૨ ના નામ, વાહન નંબર અને કલર જોગ તથા સમય અને સ્થળ સહિતની બાતમી પો. ઈન્સ. શ્રી સી. આર. જાદવનાઓને મળતા તેઓએ સદર બાતમીની હકિકત કાગળમાં લખી લઈ, ગુપ્ત બાતમી રજીસ્ટરમાં નોંધ કરેલ અને એ.ટી.એસ. ના ડી.આઈ.જી. ના બંગલે જઈ બાતમી અંગેની જાણ કરેલ અને તેઓએ રેઈડ કરવાની સુચના કરતા તેઓ એ.ટી.એસ. કચેરીએ આવેલ અને ત્યારબાદ ફરીયાદી તથા અન્ય પોલીસ અધિકારીઓને સદર બાબતની જાણ કરેલ અને જરુરી સાધન સામગ્રી સાથે રવાના થયેલ અને તે બાબતની સ્ટે. ડાયરીમાં નોંધ કરેલ અને પાલનપુર આવી એસ.ઓ.જી. પોલીસ, પાલનપુર પાસે મદદની માંગણી કરેલ અને પોલીસ સાહેદો તથા સરકારી વાહનો સાથે તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ ગયેલ અને બે પંચોની માંગણી કરતા પંચોની ફાળવણી કરવામાં આવેલ. ત્યારબાદ પંચોને બાતમી હકિકતની જાણ કરી, અરસ પરસ ઝડતી વિગેરે કાર્યવાહી કરી પ્રાથમીક પંચનામુ કરવામાં આવેલ અને ત્યારબાદ તેઓ બાતમી મુજબ વાહનની રાહ જોતા હોટલ મહાકાલ પાસે આવીને ઉભા રહેલ અને ત્યારબાદ બાતમી વાળી ગાડી આવતા તેને રોકવામાં આવેલ અને તેમાં ડ્રાઈવર સીટ અને તેની બાજુમાં બેઠેલ ઈસમનું નામ ઠામ પુછવામાં આવેલ અને સદર બંન્ને ઈસમોને બાતમી હકિકતની હિન્દી ભાષામાં જાણ કરવામાં આવેલ અને કલમ – ૫૦ મુજબના અધિકારની વિગતવાર સમઝ કરવામાં આવેલ અને આરોપીઓ નં. ૧ અને ૨ નાઓએ તેમના કબજાની કાર તથા

તેમની અંગઝડતી કોઇ અન્ય ગેઝેટેડ ઓફીસર મારફતે કરાવવી નથી તેમ જણાવતા, પંચો રુબરુ ગાડીની તપાસ કરતા પાછળની સીટમાં એક સફેલ મીળીયાનો થેલો મળેલ જેમાંથી હાલનો મુદ્દામાલ મળી આવેલ અને ત્યારબાદ અન્ય સરસામાન તથા રોકડ વિગેરે મળેલ તેની વિગતવાર નોંધ કરવામાં આવેલ અને એફ. એસ. એલ. અધિકારી દ્વારા સ્થળ પરીક્ષણ, વજન, પંચનામું તથા સીઝર મેમો વિગેરે બાબતે વિગતવાર હકિકતો જણાવેલ છે. ફરીયાદીએ સદર બાબતે ફરીયાદ કરેલ અને બંન્ને સાહેદોએ ફરીયાદ, પંચનામા તથા અન્ય સબંધીત દસ્તાવેજી પુરાવાઓની હકિકતોને પણ સર્મથન કરતો પુરાવો રજુ રાખેલ છે અને આરોપીઓ તથા મુદ્દામાલને પણ ઓળખી બતાવેલ છે. સદર સાહેદોનો પુરાવો સમગ્રપણે જોતા તેઓએ પોતાની સોગંદઉપરની સરતપાસમાં ફરીયાદપક્ષને સંપુર્ણ સર્મથન કરતો પુરાવો રજુ રાખેલ છે.

**(૨૯.૧)** ત્યારબાદ પંચસાહેદ નરેશભાઇ ચેલાભાઇ કોરોટને ફરીયાદપક્ષે આંક – ૨૯ થી તપાસવામાં આવેલ છે તેઓની સરતપાસ જોવામાં આવેતો, તેઓ તાલુકા પંચાયત, પાલનપુર ખાતે હિસાબનીશ તરીકે તથા તેમની ઓફીસમાં વિસ્તરણ અધિકારી તરીકે મુળચંદભાઇ ભીખાભાઇ પરમાર હતા. તેઓ બંન્નેને તાલુકા વિકાસ અધિકારીએ પંચ તરીકે રેડમાં જવા જણાવેલ અને તે વખતે પો. ઇન્સ. જાદવનાઓએ બાતમી હકિકતની જાણ કરતા તેઓ પંચ તરીકે રહેવા સંમત થયેલ અને એકબીજાની ઓળખ, અરસ પરસ ઝડતી તથા પ્રાથમીક પંચનામું કરી મહાકાલ હોટલ જગ્યાએ ગયેલ અને ત્યાં તેમની હાજરીમાં વાહનને અટકાવી તેમાં બેઠેલ ઇસમોના નામ ઠામ પુછવામાં આવેલ તથા આરોપીઓ નં. ૧ અને ૨ તથા વાહનની અંગઝડતી કરવામાં આવેલ અને તે અગાઉ આરોપીઓને તેઓના અધિકારો બાબતે હિન્દી ભાષામાં જાણ કરવામાં આવેલ વિગેરે બાબતે વિગતવાર પુરાવો આપેલ છે અને આરોપીઓ નં. ૧ અને ૨ ના કબજા ભોગવટા વાળી કારમાંથી હાલના કામનો મુદ્દામાલ મળી આવેલ અને વાહનમાંથી અન્ય બેગ, કપડા તથા આરોપીઓની

અંગઝડતીમાંથી મોબાઈલ તથા રોકડા વિગેરે મળેલાની હકિકત પણ જણાવેલ છે. વધુમાં એફ. એસ. એલ. સ્થળ પરીક્ષણ તથા મુદ્દામાલના વજનને લગતો વિગતવાર પુરાવો પણ રજુ રાખેલ છે અને સીઝર મેમા બાબતે પણ પુરાવો રજુ રાખેલ છે અને તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક – ૬૧ વાળા પંચનામામાં પંચ નં. ૨ તરીકે પોતાની તથા તેમની હાજરીમાં પંચ નં. ૧ મુળચંદભાઇ ભીખાભાઇ પરમારનાઓએ સહિ કરેલ જે ઓળખી બતાવેલ છે. તેમની રુબરુ કરવામાં આવેલ તમામ કાર્યવાહી સબંધેના તમામ દસ્તાવેજો, મુદ્દામાલ તથા આરોપીઓને પણ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદનો પુરાવો જોવામાં આવેતો તેઓ એક સરકારી કર્મચારી છે અને હાલના કામે સ્વતંત્ર સાહેદ છે તેઓએ પણ પોતાની સોગંદઉપરની સરતપાસમાં ફરીયાદપક્ષને સંપુર્ણ સર્મથન કરતો પુરાવો રજુ રાખેલ છે.

(૩૦) હવે, હાલના કામે બચાવપક્ષ દ્રારા ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા બંન્ને તપાસ કરનાર અધિકારીઓની ઉલટ તપાસ અને તે આધારે કબજા બાબતે જે દલીલો કરેલ છે તે સમગ્રપણે વંચાણે લેવામાં આવેતો ફરીયાદીની જુબાની આંક – ૯૧ લગત કરવામાં આવેલ ઉલટ તપાસ પેરા નં. (૪૪), રેડીંગ ઓફીસર સી. આર. જાદવની જુબાની આંક – ૧૧૧ લગત કરવામાં આવેલ ઉલટ તપાસ પેરા નં. (૧૧૫) તથા ત. ક. અધિકારી ની જુબાની આંક – ૧૪૯ લગત કરવામાં આવેલ ઉલટ તપાસ પેરા નં. (૬૧), (૬૨) તથા (૯૯) જોવામાં આવેતો, આરોપી નં. ૧ નાઓ આરોપી નં. ૨ ના સગા થતા હોવાનું અને આરોપી નં. ૧ ભાડાની ટેક્ષી ચલાવતો હોવાનું તથા તેઓને લાંબી વર્ધી મળેલ હોય આરોપી નં. ૨ ને સાથે આવવાનું જણાવતા બંન્ને આરોપીઓ ટ્રાવેલ્સ બસમાં ઔરંગાબાદથી મુંબઇ આવેલ અને ત્યાંથી વર્ધી માટે અજમેર ગયેલ અને અજમેરથી મુંબઇ જનાર અજાણ્યા પેસેન્જરોને લઇને નિકળેલ અને તે પેસેન્જરો સહિત તા. ૧૩–૧૦–૨૦૨૦

પહેલા આરોપીઓ નં. ૧ અને ૨ ને અમીરગઢ ચેકપોસ્ટે અટકાવેલ અને તેઓને માર મારેલ અને ગોંધી રાખેલ તથા અજાણ્યા પેસેન્જરો પાસેથી મોટી રકમ લઇ જવા દિધેલ અને આરોપી નં. ૧ અને ૨ પાસે પૈસાની વ્યવસ્થા કરાવી મોડી રાત્રે છોડી મુકેલ અને તે જથ્થો રાખી લીધેલ. સદર બાબતની જાણ એસ.ઓ.જી. પાલનપુરને થતા તેઓએ આરોપીઓ નં. ૧ અને ૨ ને માર મારેલ અને હોટલ મહાકાલ પાછળ ગોંધી રાખેલ અને એસ.ઓ.જી. ના કર્મચારીઓએ પણ આરોપીઓના સગા મારફતે મોટી રકમ મેળવેલી અને ત્યારબાદ પોલીસ કર્મચારીઓના બચાવ સારુ એ.ટી.એસ. ના જાદવ સાહેબને જાણ કરી પાલનપુર બોલાવેલા અને આ કેસનો મુદ્દામાલ જાદવ સાહેબ તથા તેમના માણસો અમીરગઢ ચેક પોસ્ટ થી લઇ આવી ખોટી રેડની કાર્યવાહી ઉભી કરેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે, પરંતુ ફરીયાદીની ઉલટ તપાસ પેરા નં. (૪૪) જોતા ૧૩ તારીખ પહેલા બિનવારસી મુદ્દામાલ અમીરગઢ પોલીસે કબજે લીધેલ અને તે દિવસે આરોપી નં. ૧ તથા ૨ ને અમીરગઢ પોલીસે શકમંદ તરીકે પકડી લીધેલ અને અમીરગઢ ચેકપોસ્ટ ઉપર ગોંધી રાખીને અને તેમના સબંધીઓને બોલાવી અઘટીત માંગણી કરેલ અને ગેરકાયદેસર રકમ મેળવેલી અને તા. ૧૨–૧૦–૨૦૨૦ ના રોજ બંન્નેને મુકત કરેલ અને તે બાબતની એસ. ઓ. જી. પાલનપુર કચેરીમાં જાણ થતા અને અમીરગઢ ચેકપોસ્ટ તથા એસ.ઓ.જી. પાલનપુરના કર્મચારીઓ તથા અધિકારીઓ ઉપર નાણાંકીય આક્ષેપો ન થાય તે સારુ એ.ટી.એસ. કચેરીએ જાદવ સાહેબનો સંપર્ક કરી ખોટી રેડની કાર્યવાહી બતાવ્યાનો બચાવ લીધેલ છે. આમ બચાવપક્ષ દ્વારા રેડીંગ ઓફીસર, ત. ક. અધિકારી અને ફરીયાદીની ઉલટ તપાસમાં જે બચાવો લેવાનો પ્રયત્ન કરેલ છે તે બચાવો સૌપ્રથમ તો સ્વયં વિરોધાભાષી છે અને આરોપીઓ નં. ૧ અને ૨ ને ખરેખર અમીરગઢ પો.સ્ટે. કે અમીરગઢ ચેકપોસ્ટ ના અધિકારીઓએ પકડેલ, જો ખરેખર પકડેલ તો કઇ તારીખે અને કેટલા વાગે પકડેલ તથા તે સમયે તેમની સાથે અન્ય પેસેન્જરો હતા કે તેઓ બંન્ને જણાને શંકાના આધારે પકડેલ, હાલનો મુદ્દામાલ

અન્ય પેસેન્જરો પાસેથી પકડાયેલ કે બિનવારસી પકડાયેલ વિગેરે બાબતે ઘણા બધા અગત્યના અને મહત્વના વિરોધાભાષો રેકર્ડ ઉપર સ્પષ્ટપણે તરી આવે છે. આરોપીઓ નં. ૧ અને ૨ ને અમીરગઢ તથા પાલનપુર ખાતે કેટલો સમય ગોંધી રાખવામાં આવેલ હતા અને તેમના કયા સગાને બોલાવી કેટલી રકમની માંગણી કરેલ અને ખરેખર કેટલી રકમ કયા પોલીસ કર્મચારીને કોણે અને કેવી રીતે ચુકવેલી તેવી પણ કોઇ સ્પષ્ટ હકિકતો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે આરોપીઓના સગા કે જેણે આવી અઘટીત રકમ આપેલ હોય તેમને પણ બચાવના સાહેદ તરીકે તપાસેલ નથી.

(૩૦.૧) વધુમાં ત. ક. અધિકારીની ઉલટ તપાસમાં રજુ રખાવેલ આંક – ૧૯૨ વાળી ટીકીટ જોતા આરોપીઓ નં. ૧ અને ૨ તા. ૦૭–૧૦–૨૦૨૦ થી સાથે હોવાનું જણાય છે અને લાંબી વર્ધી હોય તે કારણે આરોપી નં. ૨ ને સાથે લીધેલ તે રીતે જોતા તેઓ પણ સહચાલક(Co–driver) હોવાનું જણાય છે અને પાછલી સીટમાં શું પડેલ હતુ તે આટલા દિવસો સુધી ખબર ન હોય તે પણ માની શકાય તેમ નથી. અજાણ્યા પેસેન્જરો કોણ હતા, કેટલા હતા તેમના કોઇ નામ, નંબર કે અન્ય વિગતો પણ જણાવેલ નથી. અજમેર થી મુંબઇ સુધીની સવારી બેસાડેલ હોય અને અજમેર થી અમીરગઢ ચેકપોસ્ટ સુધીની મુસાફરી દરમ્યાન તેઓના નામ, મોબાઇલ નંબર, સંખ્યા કે અન્ય કોઇ વિગતો ખબર ન હોય તેવુ પણ માની શકાય નહી.

(૩૦.૨) વધુમાં આરોપી નં. ૧ અને ૨ ને અમીરગઢ પોલીસ કે અમીરગઢ ચેકપોસ્ટ ખાતે ગોંધી રાખી માર મારેલ હોય અને પૈસા મેળવેલ હોય અને ત્યારબાદ એસ.ઓ.જી. પાલનપુર દ્રારા તેઓને મહાકાલ હોટલ પાછળ ગોંધી રાખેલ અને પૈસા પડાવેલ હોય તો તે બાબતની કોઇ ફરીયાદ કોઇ પણ આરોપીઓ દ્રારા જયારે તેઓને સદર ગુનાના કામે અદાલત સમક્ષ રજુ કરેલ ત્યારે કરી શકયા હોય પણ તે સમયે પણ આવી કોઇ ફરીયાદ કરેલ નથી કે ત્યારબાદ તેઓ જયારે જયુ. કસ્ટડીમાં ગયેલ અને તેમના સગા તથા વકીલ શ્રી નો સંપર્ક થયેલ તે સમયે પણ આવી રજુઆત અને ફરીયાદ કરી શકયા

હોત, પરંતુ આવી કોઇ ફરીયાદ કે રજુઆત કરેલ હોય તેવી કોઇ હકિકત પણ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આરોપીઓ નં. ૧ અને ૨ ને બે અલગ અલગ જગ્યાએ અલગ અલગ પોલીસ દ્વારા માર મારવામાં આવેલ હોય તો તેઓને શરીરે ચોકકસપણે નાની–મોટી ઇજાઓ થયેલ હોય, પરંતુ તેઓને કોઇ ઇજા થયેલ તેવી કોઇ હકિકત પણ બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

(૩૦.૩) આરોપીઓ સદર વાહનમાં તા. ૦૭–૧૦–૨૦૨૦ થી સાથે હતા તો કઇ તારીખે મુંબઇથી નિકળેલ, કઇ તારીખે અજમેર પહોંચેલ અને કઇ તારીખે અજમેર થી કહેવાતા અજાણ્યા પેસેન્જરોને લઇને નિકળેલ તે તમામ વિગતો તેમને ખબર જ હોય અને કઇ તારીખે અમીરગઢ પોલીસે કે ચેકપોસ્ટ વાળાએ પકડેલ તે પણ ખબર જ હોય તેમ છતા તેવી સ્પષ્ટ હકિકતો જણાવવાને બદલે મોઘમ તા. ૧૩/૧૦ પહેલા એ રીતે બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. આરોપીઓને જો ખરેખર અગાઉથી અમીરગઢ મુકામે અને ત્યારબાદ મહાકાલ હોટલે ગોંધી રાખવામાં આવેલ હોત અને તેમના સગા મારફતે પૈસા મંગાવેલ હોત તો પોતાની કોલ ડિટેઇલ અને લોકેશનની વિગતો આધારે પણ સદર હકિકત ખુબજ સરળતાથી સાબીત કરી શકયા હોત કે આરોપીઓ પોતે પણ સદર બાબતે સોગંદઉપર જુબાની આપી શકયા હોત, પરંતુ આપેલ નથી અને આરોપી નં. ૨ એ પોતાના વિશેષ નિવેદનમાં જે હકિકતો જણાવેલ છે તે પણ ઉપરોકત બચાવોથી વિરોધાભાષી જણાય છે અને બિનવારસી મુદ્દામાલ મળેલ અને તેઓને બંન્નેને શંકાના આધારે રોકેલ હોવાની વિગતોને પણ સર્મથન મળતુ નથી, ઉલ્ટાનું સદર વિશેષ નિવેદનની હકિકતો જોતા આરોપી નં. ૧ અને ૨ સાથે ડ્રાયવર તરીકે હોવાનું અને તેમના કબજા હવાલાવાળી ગાડીમાં હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હોવાનું પણ જણાઇ આવે છે. આમ આરોપીઓ તરફે લીધેલ ઉપરોકત કોઇ પણ બચાવ એક સામાન્ય બુધ્ધીગમ્ય વ્યકતિ માને તે રીતનો જણાઇ આવતો નથી અને સદર મુજબના બચાવો પાછળના વિચાર તરીકે કાયદાકીય

સલાહ આધારે ઉપજાવી કાઢેલ હોવાનું જણાય છે. આમ સમગ્ર હકિકતો એક સાથે વંચાણે લેતા બનાવ સમયે હાલના આરોપીઓ નં. ૧ અને ૨ બાતમી વાળી ગાડીમાં ચાલક અને સહ–ચાલક તરીકે બેઠેલ હોવાનું અને તેઓના કબજા ભોગવટા વાળી ગાડીમાંથી સદર મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું ફરીયાદપક્ષે રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી જણાય આવે છે.

**(૩૧)** વધુમાં કબજા બાબતે આરોપીઓ તરફે જે અલગ અલગ ચુકાદાઓ રજુ રાખેલ તે વંચાણે લેતા તેમાં, સદર મુજબના ગુના બાબતે કોન્સીયસ પઝેશન બાબતે નામદાર સુપ્રિમકોર્ટના અલગ અલગ ચુકાદાઓની છણાવટ કરવામાં આવેલ છે, પરંતુ તે કેસની હકિકતો અને સંજોગો તથા હાલના કેસની હકિકતો અને સંજોગો અલગ છે. હાલના કામે જે વાહનમાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તે આરોપીઓ નં. ૧ અને ૨ ના કબજા હવાલા વાળુ હોવાનું અને તેમાં તેઓ ચાલક અને સહ ચાલક તરીકે સાથે હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે. સદર વાહન જાહેર વાહન નહી પણ ખાનગી વાહન હોવાની હકિકત પણ સ્પષ્ટ છે. આરોપીઓ તરફે રજુ રાખેલ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન ક્રિ. અપીલ નં. ૧૩૯૩–૨૦૧૦, ફે. તા. ૧૭–૦૪–૨૦૧૫ નો વંચાણે લેવામાં આવેતો પેરા નં. (૧૫) માં નામદાર સુપ્રિમકોર્ટના ધરમપાલસીંગ વિ. સ્ટેટ ઓફ પંજાબનો ચુકાદો રીફર કરવામાં આવેલ છે જે ચુકાદો વંચાણે લેવામાં આવેતો તે કેસમાં કારની ડીકકીમાંથી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય આરોપીઓ કે જેમાં ડ્રાઈવર અને તેમની સાથે હાજર આરોપીઓનું કોન્સીયસ પઝેશન માનવામાં આવેલ હતુ અને નામદાર પંજાબ હાઈકોર્ટના સજાના હુકમ સામેની આરોપીઓની અપીલ રદ કરવામાં આવેલ હતી અને ચુકાદાના પેરા નં. (૧૦) માં નીચે મુજબ ઠરાવેલ હતુ.

**10.** Now, referring to the decision of this Court in the case of

Avtar Singh (supra), the same is clearly distinguishable. In the said case, according to the prosecution itself, the vehicle loaded with bags of poppy husk was a truck and when it was stopped one person sitting in the cabin and another person sitting in the back of the truck fled away. The accused in the said case were not the only occupants and in the said background this Court held that they cannot be presumed to be in the possession of the goods and it is quite probable that one of those who fled away could have been the custodian thereof. However, in the present case the vehicle in question is not a transport vehicle and, therefore, the test applied in the case of public transport vehicles in which several persons travel cannot be applied in the facts of the present case. Similarly, in the case of Sorabkhan Gandhkhan Pathan(supra) the contraband was recovered from an autorickshaw and in the absence of specific case that the accused had knowledge of carrying the contraband, only on the ground that he was travelling in an autorickshaw, possession cannot be inferred. For the reasons aforesaid this case is of no assistance to the appellants.

આમ, ઉપરોકત ચુકાદામાં નોંધેલ તારણ તથા હાલના કેસની હકિકત જોતા હાલના કેસમાં પણ જે મુદ્દામાલનો જથ્થો મળેલ છે તે ખાનગી કારમાંથી મળેલ છે. આરોપીઓ તરફે લીધેલ બચાવ મુજબ પણ તેઓ સદર કારમાં મુંબઇ થી અજમેર અને અજમેર થી પરત મુંબઇ સુધી મુસાફરી કરતા હોવાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે. હાલના કેસમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીઓના કોન્સીયસ પઝેશનમાંથી મળેલ હોવાની પાયાની હકિકતો ફરીયાદપક્ષે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ હોય

સદર કાયદામાં કરવામાં આવેલ કલમ – ૩૫ અને ૫૪ મુજબના અનુમાનો પણ આરોપીઓની વિરુધ્ધમાં કરવાને પાત્ર થાય છે અને તે અનુમાનોનું ખંડન કરતો કોઈ માનવા લાયક પુરાવો પણ બચાવપક્ષે રજુ રાખી શકેલ નથી. આમ, હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીઓ નં. ૧ અને ૨ ના સંયુકત કબજા હવાલાવાળી ગાડીમાંથી મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષ રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે.

(૩૨) વધુમાં આરોપીઓ તરફે ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ તથા તેઓની લેખીત દલીલોમાં ધી એન.ડી.પી.એસ. એકટની કલમ – ૪૨ ના ભંગ બાબતે ભારપુર્વક દલીલો કરેલ છે અને તેના સર્મથનમાં ચુકાદાઓ પણ રજુ રાખેલ છે. જે ચુકાદાઓ માનસર વંચાણે લેવામાં આવેલ છે. સદર બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવેતો એ. ટી. એસ. માં પી. આઇ. તરીકે ફરજ બજાવતા શ્રી સી. આર. જાદવને આંક – ૧૧૧ થી તપાસેલ છે. તેઓને હાલના કામની બાતમી મળતા તેઓએ લખી લીધેલ હતી, જે હાલના કામે આંક – ૧૩૩ થી રજુ છે. સદર બાતમીની નોંધ તેઓએ બાતમી રજીસ્ટરમાં સવારે ૦૬–૦૦ કલાકે કરેલ જેની ખરી નકલ હાલના કામે આંક – ૧૩૪ થી રજુ છે. સદર બાતમી હકિકતની ઉપરી અધિકારી એવા ડી. આઇ. જી. એ.ટી.એસ. નાઓ શ્રી હિમાંશુ શુકલાને જાણ કરતો પત્ર હાલના કામે આંક – ૧૨૫ થી રજુ છે. સદર મુજબની હકિકતો જોતા સદર કાયદાની કલમ – ૪૨(૨) માં જણાવ્યા મુજબ પો. ઈન્સ. એ.ટી.એસ. શ્રી સી.આર. જાદવનાઓને મળેલ બાતમીની તેઓએ નોંધ પણ કરેલ છે અને પોતાના ઉપરી અધિકારીને તે બાબતની તેમના બંગલે જઇ જાણ કરી તે બાબતની સહિ પણ લેવામાં આવેલ છે. સદર બાબતે બચાવપક્ષ દ્વારા રજુ રાખેલ ચુકાદાઓ અને કરવામાં આવેલ દલીલો બાબતે ચર્ચા કરવામાં આવે તો, બચાવપક્ષે રજુ રાખેલ કેસની હકિકત અને સંજોગો તથા હાલના કેસની હકિકત અને સંજોગો એકબીજાથી તદ્દન અલગ છે. બચાવપક્ષે રજુ રાખેલ

ચુકાદાઓની હકિકત જોવામાં આવે તો તેમાં જેમને માહિતી આપવામાં આવેલ તેવા ઉપરી અધિકારીને તપાસવામાં આવેલ ન હતા અને સદર ટપાલ લઈ જનાર મેસેન્જરને પણ તપાસવામાં આવેલ ન હતા તથા અન્ય ચુકાદામાં ખાનગી બાતમી ઉપરી અધિકારીને મોકલવામાં આવેલ હતી કે કેમ અને તેઓને મળેલ હતી કે કેમ તે બાબતે કોઈ તપાસ કરેલ ન હતી તથા અન્ય ચુકાદામાં બાતમી ઉપરી અધિકારીને મોકલવામાં જ આવેલ ન હતી, જેથી જે તે કેસમાં કલમ – ૪૨(૨) નો ભંગ થયેલ હોવાનું માનેલ હતુ, પરંતુ હાલના કેસમાં જોવામાં આવેતો ફરીયાદી તથા સદર ખાનગી બાતમી જેઓને મળેલ હતી તેવા પો. ઈન્સ. સી.આર.જાદવની જુબાની જોવામાં આવેતો સ્પષ્ટપણે જણાવેલ છે કે, સી. આર. જાદવને બાતમી મળતા તેઓએ લખી લીધેલ હતી અને જાતે એ.ટી.એસ. ના ડી.આઈ.જી. શ્રી ના બંગલે જઈ બાતમી અંગેની લેખીતમાં જાણ કરેલ હતી અને સદર હકિકત ફરીયાદમાં પણ સ્પષ્ટ જણાઈ આવે છે. જેથી હાલના કામે મળેલ બાતમી લખી લેવામાં આવેલ હોવાનું અને તે બાતમીની જાણ ઉપરી અધિકારીને કરવામાં આવેલ હોવાની હકિકતો ફરીયાદપક્ષે રજુ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ હોય, બચાવપક્ષે રજુ રાખેલ ચુકાદાઓ પણ બચાવપક્ષને મદદકર્તા જણાઈ આવતા નથી.

**(૩૩)** વધુમાં બચાવપક્ષે મુદ્દામાલના કબજા બાબતે જે લેખીત દલીલોમાં તકરાર લીધેલ છે તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, પેજ નં. (૩૦) માં જણાવેલ સાહેદોને તપાસેલ નથી તથા પી.એસ.ઓ. ને તપાસેલ નથી તેવી દલીલ કરેલ છે, પરંતુ રેકર્ડ જોતા ફરીયાપક્ષે આંક – ૧૪૩ થી સાહેદ ભુમીકાબેન પ્રહલાદભાઈ પટેલ કે જેઓ બનાવના દિવસ તા. ૧૩–૧૦–૨૦૨૦ ના રોજ પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તેમને તપાસેલ છે. વધુમાં સદર દલીલ કલમ – ૪૨ ના ભંગ બાબતે કરેલ હોય તેમાં તોલાટ, હોટલ મહાકાલના ભાગીદાર અને મુદ્દામાલ સંભાળનારનો કોઈ રોલ નથી કે

તેમને તપાસવા જરુર નથી અને એ.ટી.એસ. ના ડી.આઇ.જી. તથા અન્ય પોલીસ સાહેદો ન તપાસવાના કારણે પણ સદર મળેલ બાતમી હકિકત જેઓને મળેલ તેઓએ લખી લીધેલ હોવા બાબતે અને ઉપરી અધિકારીને જાણ કરેલ હોવા બાબતે કોઇ શંકા ઉભી થતી નથી અને તે બંન્ને હકિકતો ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરેલ હોય બચાવપક્ષની સદર દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૩.૧)** વધુમાં સદર દસ્તાવેજો ડી લીસ્ટ સાથે નહિ, પરંતુ પાછળ થી રજુ કરેલ હોય તે બાબતે શંકા હોવાની દલીલ કરેલ છે, પરંતુ સદર બાબતે વિ. એ. પી. પી. શ્રી તરફે ખુલાસો કરતા જણાવેલ છે કે અગાઉના એ. પી. પી. શ્રી દ્વારા શરતચુકથી રજુ કરવાના રહી ગયેલ અને તહોમતનામું ફરમાવતા પહેલા રજુ કરેલ છે અને જે તે વખતે તપાસના દસ્તાવેજો છે અને ત. ક. અધિકારીએ તપાસના કામે મેળવેલ છે. જે બાબતે રેકર્ડ જોતા આંક – ૨૪ નું લીસ્ટ તા. ૨૨–૦૩–૨૦૨૨ ના રોજ રજુ થયેલ છે અને તહોમતનામું તા. ૧૩–૧૦–૨૦૨૧ તથા પુરવણી ચાર્જશીટનું તહોમતનામુ તા. ૨૭–૦૪–૨૦૨૩ ના રોજ ફરમાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષનો પુરાવો તા. ૨૫–૦૪–૨૦૨૨ ના રોજ શરુ થયેલ છે તે રીતે જોતા ફરીયાદપક્ષનો પુરાવો શરુ થયા અગાઉ સદર દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ હોવાનું જણાય છે અને તે દસ્તાવેજો વિલંબથી આપવાના કારણે બચાવપક્ષના બચાવના હકકે કોઇ આડઅસર થયેલ હોય તેવુ પણ જણાઇ આવતુ નથી. વધુમાં રેકર્ડ જોતા સદરહું બાતમીની લેખીતમાં નોંધ કર્યાની તથા ઉપરી અધિકારી એવા એ.ટી.એસ. ના ડી.આઇ.જી. ના બંગલે જઇ રુબરુ જાણ કરેલ હોવાની હકિકત ફરીયાદના તબકકે થી પ્રથમ દિવસ થી જ રેકર્ડ ઉપર હોય સદર દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૩.૨)** વધુમાં એવી પણ તકરાર લીધેલ છે કે, કયા માધ્યમથી બાતમી મળેલ તેનો સ્પષ્ટ પુરાવો આપેલ નથી. સદર બાબતે ચર્ચા કરવામાં આવે તો આવી બાતમી ખાનગી રાહે જ મળતી હોય છે અને તે બાતમી કયા

માધ્યમથી મળેલ તેવી હકિકત જાહેર કરવાથી બાતમીદારના જીવને જોખમ થાય અને પુરાવા અધિનિયમની કલમ – ૧૨૫ જોતા પણ આવી માહિતી કયા માધ્યમથી મળેલ તે જણાવવા કોઇ પણ પોલીસ અધિકારીને ફરજ પાડી શકાય નહી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઇ હોવા છતા આવી દલીલ કરવામાં આવેલ તે હાસ્યાસ્પદ જણાય છે અને માત્ર લેવા ખાતર તકરાર લીધેલ હોય તેવુ જણાય છે.

**(૩૩.૩)** વધુમાં આંક – ૧૩૩ માં એન્ટ્રી નંબર તથા બાતમી રજીસ્ટરના પાના નંબરનો ઉલ્લેખ નથી તેવી તકરાર લીધેલ છે, પરંતુ સદર બાતમી હકિકત કાયદા મુજબ મળેથી તરત લખી લેવાની જોગવાઇ હોય અને ત્યારબાદ તેની નોંધ બાતમી રજીસ્ટરે કરવામાં આવતી હોય સ્વભાવીકપણે જે બાતમી પ્રથમ લેખીતમાં નોંધવામાં આવેલ હોય તેમાં બાતમી રજીસ્ટરનો નંબર કે એન્ટ્રી નંબર ન હોય. જેથી સદર દલીલ પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૩૩.૪)** વધુમાં ખરી નકલ કઇ તારીખે કરેલ, પોલીસ સાહેદો તે દિવસે નોકરી ઉપર હતા કે નહી, ઉપરી અધિકારીના બંગલાનું અંતર વિગેરે બાબતે દલીલો કરેલ છે, પરંતુ તે પૈકી કોઇ પણ દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી અને રેકર્ડ જોતા ફરીયાદપક્ષે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી હાલના કામે પો. ઇન્સ. સી.આર.જાદવને બાતમી મળતા તરત તે લખી લીધેલ હોવાનું અને જાતે ઉપરી અધિકારીના ઘરે જઇ તેમને જાણ કરેલ હોવાની અને તે રીતે સદર કાયદાની કલમ – ૪૨ માં કરવામાં આવેલ આદેશાત્મક જોગવાઇઓનું સંપુર્ણપણે પાલન કરેલ હોવાનું પુરવાર કરેલ હોય બચાવપક્ષની આવી કોઇ પણ દલીલો પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાઇ આવતી નથી.

**(૩૪)** વધુમાં બચાવપક્ષે ભારપુર્વક દલીલ કરવામાં આવેલ છે કે, હાલના કામે ફરીયાદપક્ષે મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી યોગ્ય રીતે પુરવાર

કરી શકેલ નથી. સદર બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવેતો ફરીયાદી પો. ઇન્સ. શ્રી એમ.એસ.ત્રીવેદી તથા રેડીંગ પાર્ટીમાં હાજર એવા પો. ઇન્સ. શ્રી સી.આર.જાદવ કે જેઓને હાલના કામની બાતમી મળેલ હતી તેઓનો પુરાવો જોવામાં આવેતો બાતમી મળતા તેની લેખીત નોંધ, ઉપરી અધિકારીને જાણ, બાકીના એ.ટી.એસ. કચેરીના સ્ટાફને બાતમી હકિકતથી વાકેફ કરી, જરુરી સાધન સામગ્રી સાથે સરકારી વાહનમાં નિકળેલ અને તે બાબતની સ્ટે. ડાયરીમાં નોંધ કરેલ તથા પાલનપુર એસ.ઓ.જી. કચેરી ખાતે પોલીસની મદદ લઈ અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પાલનપુર તાલુકા વિકાસ અધિકારીની કચેરીએ જઇ બે પંચો મેળવેલ અને તેઓને બાતમી હકિકતથી વાકેફ કરેલ, પરસ્પર અંગઝડતી, પ્રાથમીક પંચનામું કરી બે સરકારી વાહનોમાં હોટલ મહાકાલ વાળી જગ્યાએ ઉભા રહેલ અને બાતમી વાળું વાહન આવતા તેને રોકેલ અને તેમાં ચાલક અને તેની બાજુમાં બેઠેલ ઇસમોના નામ ઠામ પુછી કાયદેસર કાર્યવાહી કરેલ અને વાહનની પાછળની શીટમાંથી હાલના કામનો મુદ્દામાલ મળી આવેલ અને ત્યારબાદ એફ. એસ. એલ. સ્થળ પરીક્ષણ, તોલમાપ વિગેરે કાર્યવાહી કરી પંચનામાની વિગતે કબજે કરેલ હોવા બાબતે વિગતવાર પુરાવો આપેલ છે. સદર મુજબની હકિકતોને ફરીયાદ તથા પંચનામાની વિગતોથી પણ સર્મથન મળે છે. વધુમાં પો. ઇન્સ. શ્રી સી.આર.જાદવનો પુરાવો જોતા તેઓએ કબજે કરેલ મુદ્દામાલ બાબતનો સીઝર મેમો આંક – ૬૬ વાળો પણ તૈયાર કરેલ અને તેમાં પંચો તથા આરોપીઓની પણ સહિઓ કરાવેલી. ત્યારબાદ આરોપીઓ તથા મુદ્દામાલ સાથે પાલનપુર તાલુકા પો. સ્ટે. ગયેલ જયાં કબજે કરેલ મુદ્દામાલ, પંચનામું તથા સાધનીક કાગળો તેમજ આરોપીઓને સોંપવામાં આવેલ અને તે બાબતનો રીપોર્ટ કરેલ જે આંક – ૧૨૬ થી રજુ રાખેલ છે. સદર આંક – ૬૬ તથા આંક – ૧૨૬ ના દસ્તાવેજોથી પણ સદર બાબતને સર્મથન મળે છે.

**(૩૪.૧)** વધુમાં સદર બાબતે પંચસાહેદનો પુરાવો જોવામાં આવેતો

તેઓએ પણ પોતાની સોગંદઉપરની જુબાનીમાં પ્રાથમીક પંચનામા તથા બાતમી મુજબ સ્થળ ઉભા રહેલ અને બાતમી વાળુ વાહન આવતા તેને રોકી તેમાં બેઠેલ ઈસમોના નામ ઠામ તથા તેઓને હિન્દી ભાષામાં તેમના હકક બાબતે તથા ઝડતી બાબતેના કરવામાં આવેલ ઠરાવોની સમઝ કરવામાં આવેલ અને તેઓની હાજરીમાં ગાડીની ઝડતી કરતા પાછળની શીટમાંથી હાલના કામનો મુદ્ધામાલ મળી આવેલ અને આરોપીઓની અંગઝડતી કરતા મોબાઈલ તથા રુપીયા મળેલ જે તમામ મુદ્ધામાલ પંચનામાની વિગતે તેમની હાજરીમાં કબજે કરેલ હોવા બાબતે પુરાવો રજુ રાખેલ છે.

**(૩૪.૨)** વધુમાં સદર બાબતે બનાવ સમયે પી. એસ. ઓ. તરીકે ફરજ બજાવતા ભુમીકાબેન પ્રહલાદભાઈ પટેલને આંક – ૧૪૩ થી તપાસવામાં આવેલ છે તેઓનો પુરાવો જોવામાં આવેતો, તેઓને શ્રી સી.આર.જાદવના લેખીત હુકમ સાથે ફરીયાદ, પંચનામું, ઠરાવો, સીઝરમેમો તથા એફ.એસ.એલ. પ્રમાણપત્ર તથા મુદ્ધામાલ સોંપવામાં આવેલ અને તેઓએ ફરીયાદ દાખલ કરેલ અને મુદ્ધામાલ સોંપતા જે તે સ્થિતીમાં મુદ્ધામાલ પાલનપુર તાલુકાના રાઈટર હેડ કોન્સ. શ્રી ઝાફરખાનને સોંપેલ હોવાની વિગતોને સર્મથન કરતો પુરાવો રજુ રાખેલ છે. સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા તેઓને સોંપવામાં આવેલ મુદ્ધામાલ ઉપર કોઈ સીલ કરેલ ન હતુ તેનો ખુલાસો કરતા જણાવેલ છે કે જાદવ સાહેબે આપેલ મુદ્ધામાલ સીલ કરેલ હતા તેથી કરેલ નહી. વધુમાં ઉલટ તપાસ જોતા રાઈટર હેડે મુદ્ધામાલ મળ્યા બદલ કોઈ સહિ કે શેરો કરેલ ન હોવાનું કબુલ કરેલ છે, પરંતુ હાલના કામે મુદ્ધામાલની ઈન્વેન્ટરી કરવામાં આવેલ તે આંક–૬૮ નો રીપોર્ટ જોતા સદર મુદ્ધામાલ સીલબંધ હાલતમાં સદર રાઈટર હેટ ઝાફરખાન દ્વારા વિ. ચીફ જયુ. મેજી. પાલનપુરનાઓ સમક્ષ રજુ રાખેલ હતો અને તે વખતે પી.એસ.આઈ. બી.આર.પટેલ પણ હાજર હતા અને સદર રીપોર્ટના પેરા નં. (૩) જોતા ઈન્વેન્ટરી રીપોર્ટ તૈયાર કરતી વખતે સદર ગુનાના કામે મુદ્ધામાલ સીઝર પંચનામું, મુદ્ધામાલ પાવતી તથા મુદ્ધામાલ

રજીસ્ટરે કરવામાં આવેલ એન્ટ્રી વંચાણે લેતા સદર ગુનાના કામે પોલીસ મુદ્દામાલ પાવતી નં. ૧૫૬–૨૦૨૦ માં મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ ના પેટાક્રમાંક નં. ૧, ૪, ૭, ૧૦, ૧૩, ૧૬, ૧૯, ૨૨, ૨૫, ૨૮, ૩૧, ૩૪, ૩૭, ૪૦, ૪૩, ૪૬, ૪૯ માં દર્શાવ્યા મુજબ દરેક મુદ્દામાલને શીલબંધ પ્લાસ્ટીક પારદર્શક ડબ્બામાં ભરેલ જેના ઉપર ઉપરોકત વિગતે સીલ કરેલ અને અનુક્રમે માર્ક એ થી માર્ક કયુ સુધીના આપેલ હોવાનું જણાવેલ છે. આમ સદર મુજબની હકિકત જોતા સદર ઇન્વેન્ટરીની કાર્યવાહી તા. ૨૯–૦૬–૨૦૨૧ ના રોજ થયેલ તે દિવસે પણ સદર મુદ્દામાલ સીલબંધ હાલતમાં રાઇટર હેડ ઝાફરખાનની કસ્ટડીમાં મુદ્દામાલ પાવતી તથા પંચનામા મુજબનો હતો. સદર બાબતને બચાવપક્ષે પડકારેલ નથી કે તેનું કોઇ ખંડન પણ કરેલ નથી અને સદર કાર્યવાહી તત્કાલીન ચીફ જયુ. મેજી, પાલનપુર સમક્ષ થયેલ હોય તેને ન માનવા કોઈ કારણ પણ નથી.

**(૩૪.૩)** વધુમાં સદર બાબતે પોલીસ સાહેદ ભગવાનભાઇ રાજસંગભાઇ કે જેઓ સદર મુદ્દામાલ એફ. એસ. એલ. તપાસણી માટે લઇને ગયેલ હતા તેમને આંક – ૧૪૬ થી તપાસેલ છે તેમનો પુરાવો જોતા તેઓએ તા. ૧૫–૧૦–૨૦૨૦ ના રોજ પાલનપુર તાલુકા પો.સ્ટે. ના રાઇટર હેડ ઝાફરખાન હયાતાન પાસેથી સદર મુદ્દામાલ તેઓએ ગણી લીધેલ તથા રવાનગી નોંધ મેળવેલ અને તે વખતે તેની ઉપર પો. ઇન્સ. એ.ટી.એસ. જી.એસ. અમદાવાદના અંગ્રેજી માર્કાનું સીલ હતુ અને તેઓ સરકારી વાહનમાં રવાના થયેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ. કચેરીએ સુપ્રત કરી તેની પાવતી મેળવેલ જે હાલના કામે આંક – ૧૪૭ થી રજુ રાખેલ છે. સદર આંક – ૧૪૭ વાળો દસ્તાવેજ જોતા પણ તા. ૧૫–૧૦–૨૦૨૦ ના રોજ હાલના કામના મુદ્દામાલના ૧૭ નંગ સીલ બંધ પેકેટો એફ.એસ.એલ. કચેરીને મળેલ હોવાનું અને મુદ્દામાલ જમા કરાવનાર તરીકે સદર સાહેદ ભગવાનભાઇ રાજસંગભાઇ હોવાનું જણાઇ આવે છે. સદર સાહેદની બચાવપક્ષે વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે, પરંતુ સદર મુદ્દામાલ સીલબંધ હાલતમાં રાઇટર હેડ

ઝાફરખાન પાસે હોવાનું અને તેમની પાસેથી સીલબંધ હાલતમાં મેળવી તે જ સ્થિતીમાં તે જ દિવસે એફ.એસ.એલ. કચેરીએ પહોંચાડેલ હોવા બાબતે ફરીયાદપક્ષના પુરાવા પ્રત્યે શંકા ઉભી કરે તેવી કોઇ બચાવપક્ષને ફળદાયી હકિકત રેકર્ડ ઉપર જણાઇ આવતી નથી.

**(૩૪.૪)** આમ, સદર બાબતે ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો તથા બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ જોતા આરોપી નં. ૧ અને ૨ પાસેથી જે મુદ્દામાલ પો. ઇન્સ. એ.ટી.એસ. જી.એસ. અમદાવાદના અંગ્રેજી માર્કાના સીલ સાથે કબજે કરેલ તે તેઓએ સીલ બંધ હાલતમાં પી. એસ. ઓ. ને સોંપેલ અને તે જ હાલતમાં પી. એસ. ઓ. એ રાઇટર હેડને સોંપેલ અને રાઇટર હેડે સદર મુદ્દામાલ સાહેદ ભગવાનભાઇ મારફતે આંક – ૧૪૭ વાળી રવાનગી નોંધ સાથે એફ. એસ. એલ. ખાતે મોકલેલ જે આંક – ૨૧૧ ના એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ સીલ અકબંધ તથા નમુના મુજબના " POLICE INSPECTOR ATS G.S. AHMEDABAD " ના હતા. સદર તમામ હકિકત એક સાથે વંચાણે લેતા સદર કામે મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી તથા સીલ બાબતે જે કોઇ ઉલટ તપાસ અને દલીલ કરેલ છે તે ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. આમ સમગ્રપણે ચર્ચા કરવામાં આવેતો ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ આધારે હાલના કામે મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી તથા તેના પરના સીલ યોગ્ય અને અકબંધ હોવા બાબતે શંકાથી પર પુરાવો રજુ રાખી સદર હકિકત પુરવાર કરેલ હોવાનું જણાય છે.

**(૩૫)** વધુમાં બચાવપક્ષ દ્વારા સ્ટેન્ડીંગ ઓર્ડર નં. ૧/૧૯૮૮ તથા ૧/૧૯૮૯ નો ભંગ થયેલ હોવાનું અને કલમ – ૫૨(એ) ના પાલનમાં વિલંબ અને ભંગ થયેલ હોવા બાબતે દલીલ કરેલ છે અને તેના સર્મથનમાં ચુકાદાઓ પણ રજુ રાખેલ છે. સદર બાબતે વધુ ચર્ચા કરતા અગાઉ નામદાર સુપ્રિમકોર્ટના ભરત આંબલે વિ. સ્ટેટ ઓફ છત્તીસગઢનો ચુકાદો વંચાણે

લેવામાં આવેતો ધી એન. ડી. પી. એસ. એક્ટની કલમ – પર(એ) બાબતે નામદાર સુપ્રિમકોર્ટના અગાઉના ચુકાદાઓની વિગતવાર છણાવટ કરીને પેરા નં. (૫૦) માં જે આખરી તારણ નોંધવામાં આવેલ છે તે નીચે મુજબ છે.

50. We summarize our final conclusion as under: –

(I) Although Section 52A is primarily for the disposal and destruction of seized contraband in a safe manner yet it extends beyond the immediate context of drug disposal, as it serves a broader purpose of also introducing procedural safeguards in the treatment of narcotics substance after seizure inasmuch as it provides for the preparation of inventories, taking of photographs of the seized substances and drawing samples there from in the presence and with the certification of a magistrate. Mere drawing of samples in presence of a gazetted officer would not constitute sufficient compliance of the mandate under Section 52A sub-section (2) of the NDPS Act.

(II) Although, there is no mandate that the drawing of samples from the seized substance must take place at the time of seizure as held in Mohanlal (supra), yet we are of the opinion that the process of inventorying, photographing and drawing samples of the seized substance shall as far as possible, take place in the presence of the accused, though the same may not be done at the very spot of seizure.

(III) Any inventory, photographs or samples of seized substance prepared in substantial compliance of the procedure prescribed under Section 52A of the NDPS Act and the Rules / Standing Order(s) thereunder would have to be mandatorily treated as

primary evidence as per Section 52A sub-section (4) of the NDPS Act, irrespective of whether the substance in original is actually produced before the court or not.

(IV) The procedure prescribed by the Standing Order(s) / Rules in terms of Section 52A of the NDPS Act is only intended to guide the officers and to see that a fair procedure is adopted by the officer in-charge of the investigation, and as such what is required is substantial compliance of the procedure laid therein.

(V) Mere non-compliance of the procedure under Section 52A or the Standing Order(s) / Rules thereunder will not be fatal to the trial unless there are discrepancies in the physical evidence rendering the prosecution's case doubtful, which may not have been there had such compliance been done. Courts should take a holistic and cumulative view of the discrepancies that may exist in the evidence adduced by the prosecution and appreciate the same more carefully keeping in mind the procedural lapses.

(VI) If the other material on record adduced by the prosecution, oral or documentary inspires confidence and satisfies the court as regards the recovery as-well as conscious possession of the contraband from the accused persons, then even in such cases, the courts can without hesitation proceed to hold the accused guilty notwithstanding any procedural defect in terms of Section 52A of the NDPS Act.

(VII) Non-compliance or delayed compliance of the said provision or rules thereunder may lead the court to drawing an adverse inference against the prosecution, however no hard and

fast rule can be laid down as to when such inference may be drawn, and it would all depend on the peculiar facts and circumstances of each case.

(VIII) Where there has been lapse on the part of the police in either following the procedure laid down in Section 52A of the NDPS Act or the prosecution in proving the same, it will not be appropriate for the court to resort to the statutory presumption of commission of an offence from the possession of illicit material under Section 54 of the NDPS Act, unless the court is otherwise satisfied as regards the seizure or recovery of such material from the accused persons from the other material on record.

(IX) The initial burden will lie on the accused to first lay the foundational facts to show that there was non-compliance of Section 52A, either by leading evidence of its own or by relying upon the evidence of the prosecution, and the standard required would only be preponderance of probabilities.

(X) Once the foundational facts laid indicate non-compliance of Section 52A of the NDPS Act, the onus would thereafter be on the prosecution to prove by cogent evidence that either (i) there was substantial compliance with the mandate of Section 52A of the NDPS Act OR (ii) satisfy the court that such non-compliance does not affect its case against the accused, and the standard of proof required would be beyond a reasonable doubt.

હવે ઉપરોક્ત મુજબના નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા નોંધેલ તારણો ધ્યાને લઈ હાલના કામે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરવામાં આવેતો

ઉપરોકત પેરાઓમાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર હાલના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીઓ નં. ૧ અને ૨ ના કબજા ભોગવટાવાળી ખાનગી કારમાંથી બાતમી આધારે રેઈડ દરમ્યાન પંચો રુબરુ કબજે કરવામાં આવેલ હોવાની વિગતો, સદર મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી અંગેની વિગતો તથા કબજે કર્યાથી તેને એફ. એસ. એલ. કચેરી સુધી પહોંચતા તેના સીલ અકબંધ હોવાની વિગતો પણ ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરેલ છે ત્યારે બચાવપક્ષની દલીલ મુજબ કલમ – પ૨(એ)ના પાલનમાં વિલંબ હોવાનું તથા સ્ટેન્ડીંગ ઓર્ડરનો ભંગ થતો હોવાનું માની લેવામાં આવેતો પણ ઉપરોકત નોંધેલ ચુકાદાના તારણ નં. (૪) થી (૬) વંચાણે લેતો તેનો ઈરાદો માત્ર યોગ્ય કાર્યવાહી માટે માર્ગદર્શન પુરુ પાડવાનો છે અને જો ફરીયાદપક્ષ અન્ય પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરી શકે ત્યારે સદર પ્રક્રિયાગત ક્ષતિઓ બાબતે અદાલતો દ્વારા સર્વગ્રાહી(holistic) અને એકત્રીત (cumulative) દ્રષ્ટ્રીકોણ લેવો જોઇએ તથા ફરીયાદપક્ષ દ્વારા રજુ રખાયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ પ્રતિબંધીત વસ્તુઓની રીકવરી અને પ્રત્યક્ષ કબજા બાબતે વિશ્વાસ પ્રેરે તેવા અને સંતોષકારક હોય ત્યારે કલમ – પ૨(એ) મુજબની કોઇ ખામી જણાઇ આવે તેવા સંજોગોમાં પણ અદાલતો કોઈ પણ જાતના સંકોચ વિના આરોપીને તકસીરવાન ઠરાવી શકે તેમ ઠરાવેલ હોય, હાલના કામે બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ સદરહું બચાવો પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

**(૩૬)** વધુમાં બચાવપક્ષ દ્વારા આરોપીઓ પાસેથી સ્થળ ઉપર કબજે કરેલ મુદ્દામાલ રજુ થયેલ નથી અને ઇન્વેન્ટરી પછીનો મુદ્દામાલ ઓળખી બતાવેલ છે અને મુદ્દામાલ નાશ કર્યાનો આધાર રજુ થયેલ નથી તેવી દલીલ કરેલ હોય તે બાબતે ચર્ચા કરવામાં આવેતો હાલના કામે કબજે કરેલ મુદ્દામાલ આરોપીઓ નં. ૧ અને ૨ ના હવાલાવાળી ગાડીમાંથી કબજે કરેલ

હોવા બાબતે કોઈ તકરાર નથી અને તેમાંથી એફ.એસ.એલ. માટેનો નમુનો માર્ક એ–૧ થી માર્ક કયુ–૧ અને રીઝર્વ નમુનો માર્ક એ–૨ થી માર્ક કયુ–૨ મુજબનો લેવામાં આવેલ અને બાકીનો નમુનો વધેલ તેને માર્ક એ થી માર્ક કયુ સુધીનો આપવામાં આવેલ હતો. જે માર્ક એ થી માર્ક કયુ સુધીના નમુના સીલબંધ હાલતમાં ઈન્વેન્ટરી માટે તત્કાલીન વિ. ચીફ જયુ. મેજી. પાલનપુર સમક્ષ ખોલવામાં આવેલ અને તેમાંથી જે નમુનો લેવામાં આવેલ તેને માર્ક એ–૩ થી માર્ક કયુ–૩ તથા બાકીના મુદ્દામાલને માર્ક એ–૪ થી માર્ક કયુ–૪ સુધી આપવામાં આવેલ હતુ. ત્યારબાદ ઈન્વેન્ટરી થયા બાદ નિયમ મુજબ નિકાલ કરવામાં આવેલ હતો. સદર બાબતે ત. ક. અધિકારી શ્રી ડી. આર. રાઠવાની જુબાની આંક – ૧૯૪ લગત બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ પેરા નં. (૪૭) વંચાણે લેવામાં આવેતો ઈન્વેન્ટરી થયા બાદ વધેલ મુદ્દામાલ તથા એફ.એસ.એલ. નમુનો અને રીઝર્વ નમુનાઓ એન.સી.બી. ની ગાઈડલાઈન તથા મેજીસ્ટ્રેટ શ્રી ની પરવાનગી લઈ નાશ કરવામાં આવેલ હોવાની અને તે કમીટીના સદર ત. ક. અધિકારી સભ્ય હોવાની હકિકત પણ રેકર્ડ ઉપર આવેલ હોય સદર મુદ્દામાલ સાહેદોને બતાવી શકેલ નથી, પરંતુ જે મુદ્દામાલ સાહેદોને બતાવવામાં આવેલ છે તે મુદ્દામાલ પણ હાલના આરોપીઓ નં. ૧ અને ૨ પાસેથી જ કબજે કરવામાં આવેલ હતો તે જ છે. સદર બાબતે આંક – ૯૮ થી રાઈટર હેડ જાફરખાન હયાતખાન દ્વારા જે મુદ્દામાલ બાબતે ખુલાસો રજુ રાખેલ છે તે વંચાણે લેવામાં આવેતો ઉપરી અધિકારીની સુચના મુજબ, કમીટી રુબરુ નાશ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને મુદ્દામાલ નાશ કર્યા બાબતનું પ્રમાણપત્ર, રોજકામ તથા પંચનામું પણ રજુ રાખેલ છે. આ તબકકે સદર બાબતે નામદાર સુપ્રિમકોર્ટના ભરત આંબેલાના ચુકાદામાં આપેલ તારણો કે જે ઉપરોકત નોંધેલ છે તેના અનુક્રમ નં. (૩) જોતા કલમ – પ૨(એ) મુજબની કાર્યવાહી, ફોટા વિગેરેને ફરજીયાત પણે પ્રાથમીક પુરાવા તરીકે ગ્રાહય રાખવાના રહેશે, ભલે ઓરીજીનલ મુદ્દામાલ રજુ થયેલ હોય કે નહી, તે મુજબ જોતા મુદ્દામાલ માર્ક

એ–૩ થી માર્ક કયુ–૩ સીવાયનો રજુ ન રાખવાના કારણે ફરીયાદપક્ષના કેસના મુળમાં હાલના કેસની હકિકત અને સંજોગો જોતા કોઈ ઘા થતો હોય કે ફરીયાદપક્ષના કેસ પ્રત્યે શંકા ઉભી થતી હોય તેમ જણાઈ આવતુ નથી. વધુમાં પંચસાહેદોની જુબાનીમાં જે કાપલીઓ રજુ થયેલ છે તેમાં તેઓની સહિઓ ન હોય તે પણ સ્વભાવીક છે કારણ કે સદર નમુનો એ–૩ થી કયુ–૩ મુજબનો ઈન્વેન્ટરી પછીનો વધેલો છે અને તેના પંચસાહેદો અલગ હોય મુદ્દામાલ કબજે કર્યા સમયના પંચસાહેદોની સહી તેમાં ન હોય અને તપાસેલ પંચસાહેદ તથા અન્ય પંચસાહેદની સહિ વાળી કાપલીઓ આંક – ૨૧૧ મુજબ એફ.એસ.એલ. કચેરીએ સીલ બંધ મુદ્દામાલ સાથે સીલની નીચેથી મળેલ હોવાનું જણાય છે. આમ, ઉપરોકત મુજબની હકિકત તથા સંજોગો જોતા બચાવપક્ષની સદર દલીલ પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી.

(૩૭) વધુમાં બચાવપક્ષ દ્વારા એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, હાલના કામે આરોપીઓ નં. ૧ અને ૨ નો કોરોના ટેસ્ટ રાત્રે ૦૧–૩૦ કલાકે થયેલ છે અને એ.ટી.એસ. ની ગાડી રાત્રે ૦૨–૦૦ કલાકે અમદાવાદ પહોંચી જાય છે જે કાર્યવાહી બાબતે શંકા ઉભી કરે છે, પરંતુ સદર બાબતે પો. ઈન્સ. શ્રી સી.આર.જાદવ તથા પી. એસ. ઓ. તરીકે તપાસેલ સાહેદ આંક – ૧૪૩ નો પુરાવો જોતા રેઈડની કાર્યવાહી બાદ પો. ઈન્સ. સી.આર.જાદવે આરોપીઓ, સાધનીક કાગળો સાથે મુદ્દામાલનો કબજો પી.એસ.ઓ. ને સોંપેલ હોવાનું જણાય છે અને પી.એસ.ઓ. ની ઉલટ તપાસ પેરા નં. (૨૧) જોતા તેઓએ આરોપીઓનો કબજો સંભાળ્યા બાદ તાલુકા પો. સ્ટે. ના લોકઅપમાં રાખવા માટે સુચના આપેલી. તે દિવસે રાત્રે મેં બંન્નેનો કોરોના ટેસ્ટ કરાવી બંન્નેની કસ્ટડી ત. ક. અધિકારીને સોંપેલી. વધુમાં સદર બાબતે ત. ક. અધિકારી એમ.કે.ઝાલા ની જુબાની આંક – ૧૪૯ લગત કરવામાં આવેલ ઉલટ તપાસ પેરા નં. (૭૩) જોતા આરોપીઓની કોવીડ – ૧૯ ની ચકાસણી બાદ તા. ૧૩–૧૦–૨૦૨૦ ના રોજ રાત્રીના ૨૦–૩૦ કલાકે

પાલનપુર તાલુકા પો.સ્ટે. ખાતે સોંપેલા તેવુ અમારી તપાસના કાગળો ઉપરથી જણાવુ છુ. આમ સદર મુજબની હકિકત જોતા કલાક ૨૦–૩૦ વાગ્યે આરોપીઓનો કબજો સુપ્રત કરેલ હોય તો ત્યાંથી અમદાવાદનું અંતર તથા જમવા વિગેરેનો સમય જોતા રાત્રે ૦૨–૦૦ કલાકે વાહન અમદાવાદ પહોંચે તે સ્વભાવીક છે અને તેના કારણે ફરીયાદપક્ષના કેસ કે કાર્યવાહી ઉપર કોઇ શંકા ઉભી થતી નથી કે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ દલીલ પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી. વધુમાં સમગ્ર રેકર્ડ જોતા, આરોપીઓ નં. ૧ અને ૨ ની સાથે કોઇ પણ પોલીસ કર્મચારી/અધિકારીને અગાઉથી કોઇ અણબનાવ કે દુશ્મનાવટ હોય કે અન્ય કોઇ પણ પ્રકારે કોઇ તકરાર હોય તેવી પણ કોઇ હકિકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી અન્ય જે નાના–નાના બચાવો લેવાનો પ્રયત્ન કરેલ છે તે પણ હાલના કેસની હકિકત અને સંજોગો જોતા તથા ફરીયાદપક્ષ દ્વારા રેઇડ, રીકવરી, ચેઇન ઓફ કસ્ટડી વિગેરે શંકાથી પર પુરવાર કરેલ હોય તે પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતા નથી.

(૩૮) હવે, હાલના કામે આરોપી નં. ૩ થી ૫ નાઓએ હાલના આરોપી નં. ૧ અને ૨ ને હાલનો ગુનો આચરવામાં મદદગારી કરેલ હોવાનો આક્ષેપ હોય તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવા સાથે ચર્ચા કરવામાં આવેતો, મુખ્યત્વે તેઓને પકડાયેલ આરોપી નં. ૧ અને ૨ ના કબુલાત સ્વરુપના નિવેદનના આધારે અટક કરવામાં આવેલ છે તથા આરોપીઓની કોલ ડિટેઇલના પુરાવા આધારે તેઓ હાલના ગુનાના કામે સંકળાયેલ હોવાની ફરીયાદપક્ષે દલીલ કરેલ છે, પરંતુ સદર બાબતે ફરીયાદપક્ષે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવા બાબતે ચર્ચા કરવામાં આવે તો કોઇ પણ સાહેદના મૌખીક પુરાવામાં હાલના આરોપીઓ નં. ૩ થી ૫ નાઓ સ્થળ ઉપરથી પકડાયેલ હોય કે તેમની પાસેથી કોઇ મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઇ હકિકત જણાઇ આવેલ નથી. આરોપીઓ નં. ૧ અને ૨ ની અટક બાદ તેમના

નિવેદનમાં આરોપીઓ નં. ૩ થી ૫ ના રોલની હકિકત ખુલવા પામેલ હતી અને તે આધારે તેઓને હાલના કામે અટક કરવામાં આવેલ હતા, પરંતુ સદર બાબતે આરોપીઓ નં. ૩ થી ૫ તરફે રજુ રાખેલ નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા તુફાનસીંગ વિ. સ્ટેટ ઓફ તામીલનાડુનો વંચાણે લેવામાં આવેતો તેમાં ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને લેતા સદર નિવેદનના આધારે આરોપીઓ નં. ૩ થી ૫ ને હાલના કામે સંડોવી શકાય તેમ નથી અને તે ચુકાદાઓ બચાવપક્ષને મદદકર્તા જણાઇ આવે છે.

(૩૯) વધુમાં ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીઓ નં. ૩ અને ૫ તથા નાસતા ફરતા આરોપી નિતીન શીવાજીનાઓએ હાલના આરોપીઓ નં. ૧ અને ૨ ને હાલના કામનો ચરસ લેવા સારુ લુધીયાણા ખાતે મોકલેલ હતો અને આરોપી નં. ૪ એ લુધીયાણા(પંજાબ) સબજી મંડી ખાતે તા. ૧૧–૧૦–૨૦૨૦ ના રોજ આરોપીઓ નં. ૧ અને ૨ ને આપેલ હતો. સદર બાબતે બચાવપક્ષે ઉલટ તપાસ અને દલીલોમાં લીધેલ તકરાર મુજબ સૌપ્રથમ આરોપી નં. ૪ બાબતે ચર્ચા કરવામાં આવેતો તેઓએ સદર કહેવાતો મુદ્દામાલ કયાંથી મેળવેલ અને કયા વાહનમાં, કઇ તારીખે અને કયા રસ્તેથી લુધીયાણા ખાતે પહોંચેલ તેવો કોઇ સ્પષ્ટ પુરાવો ફરીયાદપક્ષ રજુ રાખી શકેલ નથી. ત. ક. અધિકારી શ્રી એમ. કે. ઝાલાની ઉલટ તપાસ જોતા લુધીયાણા ખાતે શાકમાર્કેટ ખાતે જઇ ટ્રક નં. જેકે ૦૩ બી ૮૪૫૨ ની માહિતી મેળવવા સીસીટીવી ફુટેજ તથા રજીસ્ટરો પણ ચેક કરેલ અને ઓપરેટર ગગનદિપ તથા શાક માર્કેટ કમીટીના સેક્રેટરી રવીશેર ઇન્દ્રશેર નાઓનું નિવેદન લીધેલ અને ગેટ રજીસ્ટરની નોંધણીની નકલ પણ મેળવેલ, પરંતુ તેવા કોઇ સીસી ટીવી ફુટેજ, સાહેદોના નિવેદનો કે ગેટ રજીસ્ટરની નકલ પણ હાલના કામે ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ સદર કામનો મુદ્દામાલનો જથ્થો આરોપી નં. ૪ સદર ટ્રકમાં જમ્મુથી લુધીયાણા લઇ ગયેલ અને તેના માલીકને રુબરુ મળી નિવેદન લીધેલ અને તેઓએ સદર ટ્રકના

ડ્રાઈવર હાલના આરોપી નં. ૪ હોવાનું જણાવેલ પણ તેઓને પણ હાલના કામે સાહેદ તરીકે તપાસેલ નથી. જમ્મુ થી લુધીયાણા સુધી ઘણા બધા ટોલ ટેક્ષ તથા સીસી ટીવી કુટેજ મળી શકે તેવી જગ્યાઓ તથા ડીઝલ ભરાવેલ હોય તેવી જગ્યાએથી હાલના આરોપી નં. ૪ સદર ટ્રક લઇને નિકળેલ હોય તેવો કોઇ પુરાવો પણ મેળવવામાં આવેલ નથી. વધુમાં રેકર્ડ જોતા આરોપીઓ નં. ૧ થી ૫ નાઓની વચ્ચે કયારેય કોઇ નાણાંકીય લેવડ દેવડ થયેલ હોય તેવી પણ કોઇ હકિકત કે પુરાવો ફરીયાદપક્ષ રજુ રાખી શકેલ નથી. ફરીયાદપક્ષે આરોપીઓની કોલ ડિટેઇલ અને કસ્ટમર આઇ.ડી. ફોર્મે વિગેરે રજુ રાખેલ છે, પરંતુ આરોપીઓ નં. ૪ અને ૫ તરફે રજુ રાખેલ ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ માત્ર કોલ ડિટેઇલ આધારે રીલેવન્ટ સમયે આરોપીઓ એક બીજાના ફોનથી સંપર્કમાં હોવા માત્ર થી તેઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તે મુજબ હાલના કેસમાં પણ આરોપીઓ નં. ૧ અને ૨ સાથે આરોપીઓ નં. ૩ થી ૫ નો ટેલીફોનીક સંપર્ક માની લેવામાં આવેતો પણ અન્ય કોઇ સર્મથનકારી પુરાવો રજુ થયેલ ન હોય સદર ચુકાદાઓ બચાવપક્ષને મદદકર્તા જણાઇ આવે છે.

(૪૦) આમ, ઉપરોકત પેરાઓમાં વિગતે કરેલ ચર્ચા તથા જણાવેલ કારણોસર હાલના કામે આરોપીઓ નં. ૧ અને ૨ ના કબજા હવાલાવાળી ખાનગી કારમાંથી હાલના કામનો ગેરકાયદેસરનો માદક પર્દાથ વાળો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું તથા હાલના કામે મુદ્દામાલની ચેઇન ઓફ કસ્ટડી પણ ફરીયાદપક્ષે યોગ્ય રીતે પુરવાર કરેલ છે તથા આરોપી નં. ૨ તરફે લેવામાં આવેલ બચાવો પણ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાઇ આવેલ નથી અને તેઓ પુરતો કેસ ફરીયાદપક્ષે શંકાથી પર પુરવાર કરેલ છે અને તેઓની વિરુધ્ધ સદર કાયદાની કલમ – ૩૫ તથા કલમ – ૫૪ માં જણાવ્યા મુજબના અનુમાનો પણ કરવાના થાય અને તે અનુમાનોનું ખંડન કરતો કોઇ પુરાવો પણ બચાવપક્ષ રજુ રાખી શકેલ નથી, પરંતુ આરોપી નં. ૩ થી ૫

સામેનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નીષ્ફળ નિવડેલ છે.

**(૭૧)** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ ના **આરોપી નં. ૩ ઈમરાન ઉર્ફે ઈમો સલીમભાઈ મલેક (શેખ) તથા** સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૨/૨૦૨૧ ના **આરોપી નં. ૪ આરીફ એહમદ ઉર્ફે મુખત્યાર આરીફ અબ્દુલ મજીદ ગુલામમહંમદ લોન તથા** સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૨/૨૦૨૩ ના **આરોપી નં. ૫ અબ્દુલકયુમ ઉર્ફે મુનાવર ઉર્ફે નટવર અકબર શેખ** નાઓ વિરૂદ્ધનું તહોમતનામું ફરીયાદપક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય તેઓને ધી એન. ડી. પી. એસ. એકટની કલમ– ૮(સી), ૨૦ (બી) (૨)(સી), ૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે **ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે** અને તે રીતે મુદ્દા નં. ૨ નો જવાબ અંશત: નકારમાં આપવામાં આવે છે.

**(૭૧.૧)** તેમજ સ્પેશયલ (એન. ડી. પી. એસ.)કેસ નં.૧૦ /૨૦૨૦ના આરોપી નં. ૧ ફહીમ અજીમ બેગ તા. ૨૧/૧૧/૨૦૨૩ ના રોજ વચગાળાના જામીન ઉપર મુકત થયા બાદ પરત ફરેલ ન હોવાથી અને તેઓ વિરૂધ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ ૨૯૯ મુજબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ હોય તેઓ ભવિષ્યમાં મળી આવ્યેથી તેમની વિરૂધ્ધ અલગથી એફ. એસ.ના સ્ટેજ (તબકકા)થી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

**(૭૨)** સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ના **આરોપી નં. ૨ સમીર એહમદ શેખ** નાઓને આંક.૧૨ના તહોમતનામાં અનુસાર નાર્કોટિકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એકટની કલમ– ૮(સી), ૨૦ (બી)(૨)(સી), ૨૯ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે **ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવવામાં આવે છે.** આ કામે આરોપી નં. ૨ સમીર અહેમદ શેખ નાઓને સજા કરતાં પહેલાં, ફરિયાદપક્ષ તથા

બચાવપક્ષને સાંભળવા જરૂરી હોય તેમજ આરોપીને પણ સજા અંગે સાંભળવા જરૂરી હોય, સબબ, સજા અંગે સાંભળવા માટે ચુકાદો મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા. ૦૭/૦૭/૨૦૨૬

**(ધર્મેન્દ્ર સુખવાસીભાઇ શ્રીવાસ્તવ)**
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર.
**કોડ નં.જી.જે.–૦૦૮૧૯**

**સજા અંગે સાંભળ્યા :–**

(૪૩) આ કેસમાં સજા અંગે આરોપીને પૂછતાં, આરોપીએ એવી રજૂઆત કરેલી છે કે, તેને નાની દીકરી છે, ઘરમાં કોઈ જવાબદાર વ્યકિત નથી જેથી ઓછી સજા કરી છોડી દો, તેમ જણાવેલ છે.

(૪૪) વિ. એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત ધ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપી વિરૂધ્ધ એન. ડી. પી. એસ. એકટ અન્વયેનો ગુનો પુરવાર થયેલ છે, જે જથ્થો કબજે કરવામાં આવેલ છે તે ખૂબ જ મોટી માત્રામાં છે. સદર ગુનો ગંભીર પ્રકારનો અને દેશના યુવાધનને બરબાદ કરનાર હોય આવા કિસ્સામાં મહત્મ સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(૪૫) આરોપી તરફે વિ. વકીલ શ્રી બી. એ. તુંવર ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, બનાવ સમયે આરોપીની ઉંમર ૨૪ વર્ષની હતી. તેને એક દીકરી, પત્ની તથા માતા છે. તેમણે તેની જરૂરીયાત છે. ગરીબ વ્યકિત છે. આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી અને આરોપીના પરિવારને તેની જરૂર છે. આરોપી સિવાય તેના પરિવારની દેખરેખ કરવા માટે કોઈ નથી તેથી આરોપીને સજા કરવામાં આવે તો તેના પરિવારને ભોગવવાના સમય ગાળામાં ભરણપોષણ કરવું અશક્ય બને તેમ છે. વધુમાં આરોપી તરફે રજૂઆત છે કે કાયદાનો હેતુ ગુનેગારનો નાશ કરવાનું નથી પરંતુ તેને સુધરવાની તક આપવાનો છે, આરોપી ઘણા લાંબા સમયથી જેલમાં છે તથા તે દરમિયાન આરોપીના પરિવારને ભોગવવામાં આવેલ માનસિક યાતના વિગેરે ધ્યાને લઈ આરોપીને જેટલો સમય કસ્ટડીમાં રહેલ હોય તેટલો સમયની સજા કરવી જોઈએ. આરોપી ગરીબ માણસ છે અને મોટી રકમનો દંડ ભરી શકે તેમ નથી અને હળવામાં હળવી રકમનો દંડ કરવો જોઈએ તેવી રજૂઆત કરેલ છે.

(૪૬) બંને પક્ષોની દલીલો તથા સમગ્ર રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લીધો. આ કામે ખાનગી બાતમી આધારે તા. ૧૩/૧૦/૨૦૨૦ ના રોજ ૧૩–૨૦ વાગ્યાના સુમારે પોલીસ કર્મચારીઓ, પંચો તથા રેડિંગ પાર્ટીના અધિકારીઓ આબુરોડ રોડ ઉપર આવેલ ટોલટેક્ષના નાકા પહેલાં જમણી તરફ વળી હોટલ મહાકાલ આગળ વોચમાં હતા તે દરમ્યાન મારૂતી વેગનઆર કાર નં. એમએચ. ૦૪. એચએન. ૫૦૭૧ માં આરોપી નં. ૧ ફહીમ સ/ઓ અઝીમ બેગ કાર ચાલક તથા તેની બાજુની સીટમાં બેઠલ હાલના આરોપી નં. ૨ સમીર સ/ઓ અહેમદ શેખ નાઓ વગર પાસ પરમીટનો ગે.કા. નો માદક પદાર્થ ચરસ ૧૬.૭૫૩ કિ.ગ્રા. કિં. રૂા. ૧,૦૦,૫૧,૮૦૦/– નો રાખી પસાર થતાં રેઇડ દરમ્યાન મળી આવેલા છે. જપ્ત થયેલ મુદ્દામાલ ચરસનો જથ્થો નિર્વિવાદપણે કોમર્શિયલ ક્વોન્ટિટીનો હોવાથી ગુનો ગંભીર સ્વરૂપનો છે. માદક પદાર્થોની હેરફેર સમાજ, યુવા પેઢી તથા રાષ્ટ્રહિતને ગંભીર અસર કરતી હોવાથી આવા ગુનાઓ પ્રત્યે કડક અભિગમ અપનાવવો જરૂરી બને છે. કેસની હકીકતો, આરોપીની ભૂમિકા, ગુનાની ગંભીરતા, કાયદાની જોગવાઈઓ તથા સજા અંગેના તમામ સંબંધિત પરિબળો ધ્યાનમાં લેતાં આરોપીને નીચે મુજબની સજા તથા દંડ કરવો ન્યાયોચિત અને યોગ્ય જણાય છે. તેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ : : –**

(૧) સ્પેશયલ (એન. ડી. પી. એસ.)કેસ નં. ૧૦/૨૦૨૦ ના આરોપી નં. ૨ સમીર અહેમદ શેખ નાઓને ધી એન. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૨૦ (બી)(૨)(સી), ૨૯ મુજબના સજાને પાત્ર ગુનાના કામે ૨૦ (વીસ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો તથા આરોપીને રૂા. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા બે લાખ પુરા)નો દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ભરપાઈ ન કરે તો વધુ ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિ. પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ સ્પેશયલ (એન. ડી. પી. એસ.)કેસ નં.૧૦ /૨૦૨૦ના આરોપી નં. ૨ સમીર અહેમદ શેખ નાઓએ કાચા કામના કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૬૩ મુજબ સ્પેશયલ (એન. ડી. પી. એસ.)કેસ નં.૧૦/૨૦૨૦ ના આરોપી નં. ૨ સમીર એહમદ શેખ નાઓને આ ચૂકાદાની નકલ વિના મુલ્યે આપવી.

(૪) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ માદક પદાર્થ ચરસનો જથ્થો તથા તેના સેમ્પલો અંગે સ્પે.(એન. ડી. પી. એસ.) કેસ નંબર ૧૦/૨૦૨૦ ના આરોપી નં.૧ ફહીમ અજમી બેગ વિરૂધ્ધ કેસ ચલાવવાનો બાકી હોવાથી હાલના તબકકે કોઇ જ હુકમ કરવામાં આવેલ નથી.

(૫) ક્રિ. પ્રો. કોડની કલમ ૪૫૨ મુજબ આ ગુના કામે કબ્જે લેવાયેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની મારૂતી વેગનઆર કાર નં. એમએચ. ૦૪. એચએન. ૫૦૭૧ અંગે સ્પે.(એન. ડી. પી. એસ.) કેસ નંબર ૧૦/૨૦૨૦ ના આરોપી નં.૧ ફહીમ અજમી બેગ વિરૂધ્ધ કેસ ચલાવવાનો બાકી હોવાથી હાલના તબકકે કોઇ જ હુકમ કરવામાં આવેલ નથી.

(૬) ક્રિ. પ્રો. કોડની કલમ ૪૩૭(એ) અન્વયે સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૧૦/૨૦૨૦ ના આરોપી નં. ૩ ઇમરાન ઉર્ફે ઇમો સલીમભાઇ મલેક (શેખ) તથા સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૨/૨૦૨૧ ના આરોપી નં. ૪ આરીફ એહમદ ઉર્ફે મુખત્યાર આરીફ અબ્દુલ મજીદ ગુલામમહંમદ લોન તથા સ્પે. (એન. ડી. પી. એસ.) કેસ નં. ૨/૨૦૨૩ ના આરોપી નં. ૫ અબ્દુલકયુમ ઉર્ફે મુનાવર ઉર્ફે નટવર અકબર શેખ નાઓએ

અપીલ કોર્ટમાં હાજર રહેવા સંબંધે રૂા.૩૦,૦૦૦/– જામીન તથા જાત–મુચરકા રજૂ કરવા, જે છ માસ સુધી અમલમાં રહેશે.

(૭) ક્રિ. પ્રો. કોડની કલમ ૩૬૫ અન્વયે સદર ચુકાદાની એક નકલ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠાને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) સ્પેશયલ (એન. ડી. પી. એસ.)કેસ નં. ૧૦/૨૦૨૦ ના આરોપી નં. ૨ સમીર એહમદ શેખ નાઓનું સજા વોરંટ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સજા વોરંટ ભરી સંબંધિત જેલ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) સદર ચુકાદો અસલ સ્પે. એન.ડી.પી.એસ. કેસ નં. ૧૦/૨૦૨૦ ની ફાઈલ સાથે રાખવો તથા તેની એક ખરી નકલ સ્પે. એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨/૨૦૨૧ તથા સ્પે. એન. ડી. પી. એસ. કેસ નં. ૦૨/૨૦૨૩ ની કેસ ફાઈલ સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

મુ.પાલનપુર.
તા. ૦૭/૦૭/૨૦૨૬

**(ધર્મેન્દ્ર સુખવાસીભાઇ શ્રીવાસ્તવ)**
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર.
**કોડ નં.જી.જે.–૦૦૮૧૯**